Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પ્રેમયોગ

પુસ્તક : બીજું

શ્રીમદ્ ભગવદ્ગીતા અધ્યાય ૩ : ૪ : ૫ : પરના
પરમાનંદસ્વરૂપ શ્રી ચંપકભાઈના

પ્રવચનો

શ્રી પરમાનંદ પ્રકાશન મંદિર
મુંબઈ-૧૯.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્રી રામ જય રામ....કરવું એ જ માત્ર ભજન નથી. એ તો સેવાનું પ્રથમ પગથિયું છે.... સર્વ ચરાચરમાં જે કંઇ વ્યાપ્ત છે તેમાં હું–પરમાત્મા જ રમણ કરી રહ્યો છું એમ સમજી જે તાદાત્મ્ય ભાવથી સેવા કરે; જે જનતાને જનાર્દન સમજીને સેવા કરે; જે જગત તે જ જગદીશ એમ માનીને સેવા કરે તે પોતે જ "જગદીશ" બની જાય છે.

—પરમાનંદ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

।।ૐ।।

સ્વામી અખંડાનંદગિરિ ને

શ્રી વરુભાઈ ગાંધી તરફથી

સપ્રેમ ભેટ -

મુંબઈ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પ્રેમ યોગ

પુસ્તક : બીજું

શ્રીમદ્ ભગવદ્ગીતા અધ્યાય ૩ : ૪ : ૫ : પરનાં
પરમાનંદસ્વરૂપ શ્રી ચંપકભાઈનાં
પ્રવચનો

શ્રી પરમાનંદ પ્રકાશન મંદિર
૭૬, શાંતિનિકેતન, વિન્સેંટ રોડ,
માટુંગા, મુંબઈ—૧૯.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

* પ્રથમ આવૃત્તિ :
ડિસેંબર, ૧૯૬૧

* કિંમત : રૂપિયા ૩–૫૦ ન. પૈસા

* : પ્રકાશક :
શ્રી પરમાનંદ પ્રકાશન મંદિર વતી,
શ્રી રસિકલાલ હ. ભટ્ટ એમ. એ; બી. ટી.

* સર્વ હક્ક પ્રકાશન સંસ્થાને સ્વાધિન

* મુદ્રક :
શ્રી. યશવંતલાલ ચુનીલાલ ભુટાલા
ધી યશવંત પ્રિન્ટિંગ પ્રેસ
સ્ટેશનરોડ, પ્રાંતિજ. જિ. સાબરકાંઠા.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સર્વવ્યાપી નારાયણ



Love and Blessings

~Narayana

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અખંડ બ્રહ્માંડ ઘેરીને
ઊભો નિત્યે ચરાચરે
પામવા ભેદ હું તેનો
નમું એ ગુરુદેવને

એવા

પ્રેમસ્વરૂપ

પૂજ્ય

શ્રી

નારાયણ

ને

ચરણે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

❁ શ્રી પરમાનંદ પ્રકાશન મંદિરનાં અન્ય પ્રકાશનો ❁

* પ્રેમયોગ (ગીતા અધ્યાય : ૧૫) સીલકમાં નથી
* સ્થિતપ્રજ્ઞદર્શન ઔર ભજન (હિંદીમાં)
* પરમાનંદ પત્રો (બીજી આવૃત્તિ)
* પરમાનંદ વાર્તાલાપ
* પ્રેમયોગ (ગીતા અધ્યાય ૧-૨)
* પરમાનંદ-વાણી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સંપાદકનું નિવેદન

પરમાનંદસ્વરૂપ શ્રી ચંપકભાઈની બોલવાની વૃત્તિ જ નહિ; મૌન સ્થિતિ જ એમને વધારે પ્રિય. સત્સંગીઓના આગ્રહને વશ થઈને શ્રી ચંપકભાઈએ બોલવાનું શરૂ કર્યું ત્યારે એ જ્ઞાનગંગાને ઝીલવા માટેની અમારી શક્તિ જ ન હતી એ સ્પષ્ટ થઈ ગયું. એમની પરમ આનંદ આપનારી મધુર વાણીને અમે ત્રુટક ત્રુટક વાક્યોમાં જેટલું લખી શકાય એટલું લખીને ઝીલવા લાગ્યા. પ્રથમ તો આ સત્સંગની નોંધ ભક્તજનોના સ્વાધ્યાય પૂરતી જ હતી. પૂ. નારાયણ સ્વામીની મહાસમાધિ પછી અમે ગીતાના પંદરમા અધ્યાયનું પ્રવચન પુસ્તકાકારે બહાર પાડ્યું. જનતા જનાર્દને એને આવકાર્યું. ગીતાનો પંદરમો અધ્યાય 'પ્રેમયોગ' બહાર પાડ્યા પછી 'શ્રી પરમાનંદ-પ્રકાશન મંદિર'ની યોજના થઈ, જે આ પુસ્તકની પાછળ આપવામાં આવી છે, અને અમે એક પછી એક પુસ્તકો છપાવીને બહાર પાડવા લાગ્યા. આજ સુધીમાં નીચેનાં પુસ્તકો અમે જનતા સમક્ષ મૂક્યાં છે:

૧. પ્રેમયોગ—ગીતાના પંદરમા અધ્યાય પરનું પ્રવચન.

૨. સ્થિતપ્રજ્ઞદર્શન ઔર ભજન (હિંદીમાં)

૩. પરમાનંદ પત્રો.

૪. પરમાનંદ વાર્તાલાપ

૫. પ્રેમયોગ—ગીતા અધ્યાય ૧–૨. પરના પ્રવચનો.

૬. પરમાનંદ—વાણી.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્રી ચંપકભાઈએ ગીતાના નિરનિરાળા દૃષ્ટિબિંદુને પ્રેમના એક જ કેન્દ્ર ઉપર એકત્રિત કર્યા છે. તેમનો સંદેશ એક જ છે અને તે 'પ્રેમ'. ગીતાના અધ્યાયે અધ્યાયે તેમણે ભગવત્પ્રેમનો સંદેશો આપ્યો છે માટે તો ગીતાને 'પ્રેમયોગ' એવું નામ અપાયું છે.

જેણે પરમપ્રેમ પ્રાપ્ત કર્યો છે તેના હાથમાં ગીતાનું રહસ્ય છે. જેના હૃદયના તારે તારે કૃષ્ણનું નામ બજી રહ્યું છે તેની વાણીમાં ગીતાનું બળ છે. શ્રી નારાયણના ચરણકમળમાંથી પ્રકટેલી ભક્તિરૂપી ગંગાની ધારા જેના હૃદયમાં સમાઈ છે એ જ રાધા રૂપે ઉન્મત્ત બની કૃષ્ણના સાથે અભેદ થઈ કૃષ્ણની જ વાણી વહાવી છે. પરમ પ્રેમમાં પોતાપણું વિલીન કરીને એ જ પ્રેમનો સંદેશ આપે છે.

એ કહે છે કે ગીતાના પાને પાને પ્રેમની વાત છે, ગીતાના શબ્દે શબ્દે અર્જુન પર શ્રી કૃષ્ણનો પ્રેમ વરસી રહ્યો છે. ગીતાના અક્ષરે અક્ષરે સદ્ગુરુનો શિષ્ય પરનો પ્રેમ અંકિત છે. ગીતાનું હાર્દ છે પ્રેમ. ગીતા એટલે જ પ્રેમગાન– જો ભગવાન પર પ્રેમ નથી તો જ્ઞાન, ભક્તિ, કર્મ, યોગ બધું યે નકામું છે. જો ભગવાન પર પ્રેમ છે તો યોગ પણ તે જ કરાવશે, ભક્તિદાન પણ તે જ આપશે.

ગીતામાં કોઇ જુદા જુદા યોગ નથી. કર્મયોગ, જ્ઞાનયોગ, ભક્તિયોગ .... આ બધા યોગો "પ્રેમયોગના" જ જુદા જુદા પાસા છે. પ્રેમથી જ આ બધા યોગ આપોઆપ થઇ જાય છે. પ્રેમની એક ચિનગારીમાંથી મહાન દાવાનળ પ્રકટે છે. એ દાવાનળમાં જન્મોજન્મના પાપ બળીને ભસ્મ થઇ જાય છે.—એ જ્ઞાનાગ્નિમાં, પ્રેમાગ્નિમાં તમામ કર્મોના ઢગલા રાખના ઢગલા બની જાય છે; ત્રિગુણાત્મક પ્રકૃતિ અને અહંકાર બધું ય ત્યાં ભસ્મીભૂત થાય છે; બ્રહ્મને માપવા જતી માયા (મા – માપવું, યા – જવું) ત્યાં હોળિકાની માફક પોતે જ બળી જાય છે; જીવભાવીનું જીવપણું ત્યાં ભડભડી ઊઠે છે અને સોઽहं કહેવા માટેનો અન્યભાવ પણ નાશ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પામતાં સહજ મૌન સ્થિતિ પ્રાપ્ત થાય છે. આવો છે એ પ્રેમાગ્નિ. અગ્નિમાં તો દાહકતા છે; સર્વસ્વ સ્વાહા કરનાર પ્રેમાગ્નિમાં દાહકતા નથી, શિતળતા છે. પ્રેમ એજ અગ્નિ. પ્રેમાગ્નિ એ જ પ્રેમ. પ્રેમ એ પ્રેમ જ.

ગીતા સાધનમાર્ગ પર જનારને દોરનાર ગ્રન્થ છે. નરમાંથી નારાયણ થવાનો પ્રયત્ન કરનાર પોતાની મુશ્કેલીઓના ઉકેલ માટે દૃષ્ટાઓની વાણીને બહુ મહત્ત્વની ગણે છે. જીવભાવમાંથી શિવભાવ પ્રાપ્ત કરવા જનાર વ્યક્તિને વ્યાસ જેવા સમર્થ ઋષિની વાણી પર ઘણો વિશ્વાસ હોય એ સ્વાભાવિક છે. શંકરાચાર્યથી માંડીને અત્યાર સુધીના અનેક આચાર્યોએ પોતાનું જીવનદર્શન વ્યક્ત કરવા માટે ગીતાનો જ ઉપયોગ કર્યો છે, અને અદ્દ્ભુત વાત તો એ છે કે વિવિધ અને કયારેક વિરોધી ભાસતા મતો પણ ગીતાના આધારે જ પ્રતિષ્ઠા પામ્યા છે. એક સત્યને બ્રાહ્મણોએ એટલે કે બ્રહ્મતત્ત્વના જ્ઞાતાઓએ, આચાર્યોએ જુદી જુદી રીતે વર્ણવ્યું છે; પણ એ વર્ણનોમાં પણ એક જ વાણીનો આધાર છે. વળી ગીતામાં જ ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું છે કે જ્યાં જ્યાં વિશેષ તેજ, વિશેષ જ્ઞાન કે વિશેષ શક્તિ દેખાય ત્યાં ત્યાં મારી જ વિભૂતિને જ તું જો. ભગવાન શ્રીકૃષ્ણની વાણી તેમની જ અનેક વિભૂતિઓ દ્વારા સ્પષ્ટ થતી ગઈ છે. ગીતાના અનેક ભાષાન્તરો હોવાથી શબ્દાર્થનું જ્ઞાન પ્રાપ્ત કરવું એ બહુ અઘરું નથી, કારણ કે એ તો પાંડિત્યની વાત થઈ. આપણે તો ગીતાનું રહસ્ય પ્રાપ્ત કરવું છે. અને ગીતાનું રહસ્ય છે પ્રેમ.

જેના હૃદયમાં આવા પ્રેમની તાલાવેલી જાગી છે એવો સાધક જ્યારે કોઈ સદ્દ્ગુરુ પાસે જાય ત્યારે સદ્દ્ગુરુ તેનાથી શું છુપાવે? સદ્દ્ગુરુ તો અગાસીએ ચડીને (સહજ સ્થિતિમાં આવીને) શિષ્યને બૂમો મારે છે કે આવો, આવો, તમે બધા કયાં ગયા? ગુરુ સંસારના

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

રણક્ષેત્ર મધ્યે આવીને ઊભા રહે છે. એના હૃદયમાં પોતા પ્રત્યે પ્રેમ પ્રકટાવીને તેના ઘોડાની (ઇન્દ્રિય રૂપી અશ્વો) લગામ પકડી લે છે. પછી કહે છે કે બોલ, હવે તારે જે કહેવું હોય તે કહે. સદ્‌ગુરુ જાણે છે કે સંસારનો બળ્યો જળ્યો આ શિષ્ય શું બોલશે. પહેલાં તો શિષ્ય પોતાનું દુઃખ ગાવા લાગે છે. તે પોતાના રોગ, તમામ લક્ષણો સહિત જણાવે છે માટે તો 'વિષાદયોગ' શરૂ થાય છે.

હે મધુસૂદન! જેને મેં મારા ગણ્યા છે તે બધા જ મારી સાથે લડવા ઊભા થયા છે. આ રણક્ષેત્રમાં મારા જ કાકા, મામા, દાદા, ગુરુ, સાળા બધા જ ઊભા છે; મારા મિત્રો પણ તેમાં જ છે, કોઈ બાકી નથી. હું તેઓને કેમ મારીશ? મારીને ય શો ફાયદો? એથી પ્રાપ્ત થનારું રાજ્ય પણ શા કામનું?

અર્જુન સરળ છે! આ વાણીમાં તે પોતાનું મન જ વર્ણવી રહ્યો છે. સાધક આવી રૂપક–સમી વાતમાં પોતાની મનસ્થિતિ ગુરુ આગળ વર્ણવે છે. હે ગુરુદાય! આ મારા મનની સો સો વૃત્તિઓ મને દમી રહી છે. જેના વગર મને ચાલે તેમ નથી તેવી તમે ભલે ભયંકર કહો, પણ મને તો ગમતી એવી કામનાઓમાંથી કેમ નીકળાય? તમે તો વારંવાર આંત્મસ્થિતિંની–અદ્‌ભુત રાજ્યની–સ્વરૂપ સ્થિતિની વાત કરો છો પણ હું ત્યાં કદી નહિ પહોંચી શકું. મારું જે થવાનું હોય તે થાય, મને મરવા દો. હું રખડીશ, રઝડીશ પણ જેના સુખની મને કલ્પના પણ નથી આવતી એવી સ્વરૂપ સ્થિતિને માટે ત્યાગની વાત ના કરશો.

આસુરી સંપત્તિથી ત્રાહિં ત્રાહિ પોકારી ગયેલ અર્જુનના મનમાં મુક્તિની પ્રબળ જિજ્ઞાસા છે અને બીજી બાજુ ત્રિગુણમાં આસક્તિને લીધે કૌરવોરૂપી તમોગુણને મારવામાં તે અટકી જાય છે. આવરણોમાં આસક્તિને લીધે ધર્મની વ્યાખ્યા પણ પોતાની જ રીતે તે કરવા લાગે છે. જીવની આવી વિષાદમય સ્થિતિ છે. પરન્તુ પૂર્વના કોઈ સુકર્મના

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

બળે તે સદ્દગુરુની પીછાન કરી શક્યો છે. અલબત્ત, બહુ જ થોડે અંશે. બાળક માને પૂર્ણપણે ઓળખે એવું કેમ કહેવાય? છતાં તે જાણે છે કે આ મારી મા છે. બસ, આવી જ રીતે શિષ્ય સદ્દગુરુને પીછાની લે છે. અર્જુન કહે છે કે હું તમારે શરણે છું. **शिष्यस्तेऽहं शाधि मां त्वां प्रपन्नम्**—અને ત્યાંથી ગીતાની શરૂઆત થઈ.

અત્યાર સુધી તો ગુરુ હસતા તાલ જોતા હતા, વર્ષોની તપસ્યાથી મેળવેલ નિશ્ચય પળવારમાં સરી જાય છે. અર્જુને ગાંડિવ ફેંકી દીધું. તેનો નિશ્ચય ઢીલો થઇ ગયો. તેનું બળ ઓસરી ગયું. કામનારૂપી ભીષ્મને સામે જોઇને તેના ગાત્ર ઢીલા થઇ ગયા છે. આંખમાં આંસુ આવી ગયાં છે. પરન્તુ હૃષીકેશ તો હર્ષિત વદને નિહાળી રહ્યા છે. તેઓ કહેવા લાગ્યા:

હે અર્જુન! કાયરતા ક્યાં બતાવે છે? કૌરવોને–તારી વૃત્તિઓને મારવામાં આટલી દુર્બળતા શાને? ઊઠ! ઊભો થા! ગાંડિવ રૂપી દૃઢ નિશ્ચયબળ તને સત્ય માર્ગે લઇ જશે. **उत्तिष्ठ, प्राप्य वरान्निबोधत** એ ઉપનિષદની ગર્જના શરૂ થઈ. ઊઠ, તારે જે પ્રાપ્ત કરવાનું છે તે સ્વરાજ્ય મેળવ. ગાંડિવ ઉપાડ. નિશ્ચય કર. **तुका म्हणे निश्चयाचे बळ**— તુકારામ કહે છે કે નિશ્ચયના બળ આગળ સર્વ કંઈ પ્રાપ્ય છે.

અર્જુનને તો કંઈ સમજ પડતી નથી. તે તો લમણે હાથ દઈને બેઠો છે.

ભગવાન તો આગળ બોલ્યે જ જાય છે. હે પરંતપ, આત્મા અને દેહના સંબંધ જાણ્યા વિના તને કશું ય નહિ સમજાય. તું તો દેહભાવમાં વીંટળાઈ ગયો છે. તું તો અવિનાશી આત્મા છો. આત્માનો તો ત્રણે કાળમાં નાશ નથી—જો કાળ હોય તો. અરે દેહમાં માનતો હોય તો એ દૃષ્ટિએ જો, તો પણ સત્ય સમજાશે કે બાલ્યાવસ્થામાં, યૌવનાવસ્થા કે વૃદ્ધાવસ્થામાં એ ત્રણે કાળમાં તું તો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

છો જ, કિન્તુ દેહ જ રૂપ બદલે છે. આત્મારૂપ તું આ દેહમાં ત્રણે કાળે એક ને અવિચ્છિન્ન અજર, અમર, અવિનાશી છો. અવિનાશી આત્માને વળી વાસના કેવી? તેને વળી મન શું? વિકારરહિત એવા આત્માંને તું વૃત્તિઓથી, વાસનાઓથી આચ્છાદિત મન દ્વારા શું પામી શકીશ? તું નાસવાની વાત કરે છે પણ જઈશ ક્યાં? ઈન્દ્રિયના વિષય સાથેના સંબંધથી પ્રાપ્ત થનાર સુખદુઃખો તો દેહ ભાવની પેદાશ છે; એ તો તારી સાથે જ રહેશે. જ્યાંસુધી દેહભાવ છે ત્યાં સુધી, હે ભારત, સહન કર્યે જ છુટકો. વળી તને સત્ શું અને અસત્ એનું સાચું જ્ઞાન પણ નથી. તું તો ભૂસાને ધાન્ય ગણે છે. દેહને તથા દેહના સગાંવ્હાલાને સત્ ગણે છે, સ્વભાવથી નાશવંત શરીરને તું મારું માની બેઠો છે. અનિત્યમાં તારી નિત્ય બુદ્ધિ છે અને નિત્યને, કર્તૃત્વરહિત, ઉપાધિરહિત એવા આત્મતત્ત્વને તું જાણતો નથી.

જો કે કશું ઉત્પન્ન જ થયું નથી, સર્વત્ર સમરૂપ આત્મતત્ત્વ જ વ્યાપ્ત છે, હે ગુડાકેશ, તને આ બધું ગળે ન ઉતરે અને તું ઉત્પત્તિ, લય અને સ્થિતિમાં માનતો હો તો એ રીતે વિચાર કર— કે જેની ઉત્પત્તિ તેનો નાશ તો અવશ્ય જ. એમાં પણ શોક કરવાનું રહેતું નથી. વૃત્તિઓના નાશથી કે દેહભાવના નાશથી અથવા જેમાં જેમાં તારો દેહભાવ વીંટળાયેલો છે તેઓના નાશથી તને કશું ય નુકસાન થવાનું નથી.

આવરણયુક્ત મનથી કરેલ તારી સ્વધર્મની વ્યાખ્યા એ શુદ્ધ વ્યાખ્યા નથી– તું તો દેહના ધર્મોને તારા ધર્મો માને છે. જે શરીર ઘસાઈને નાશ પામે છે એ શરીર ધર્મ તે શું તારો સ્વધર્મ છે? જન્મ મરણ એ શું તારો ધર્મ છે? એ તો શરીરનો ધર્મ છે. દેહની ઉત્પત્તિનું કારણ કર્મ છે. કર્મ ભોગવી લેવા માટે દેહ છે, ચૈતન્યને જડ બાંધે નહિ– ચૈતન્ય આત્મા જડમાં—કર્મમાં બંધાયો છે એમ તું માને છે; એ માન્યતા જડ ઘાલીને બેઠી છે માટે કર્મ-

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માંથી છૂટવાનો રસ્તો બતાવવો પડે છે. ફળની ઈચ્છા છોડી દે કે તરત જ તને જ્ઞાન થશે કે તું પોતે જ ફળસ્વરૂપ છો–પછી દેહ દેહનું કર્યા કરશે. આ છે સ્થિર બુદ્ધિનું લક્ષણ.

સ્થિર બુદ્ધિની વાત આવી કે અર્જુન બોલી ઊઠ્યો કે હે ભગવાન! તમે અત્યાર સુધી જે સ્થિતિની વાત કરી એવી સ્થિતિ-વાળો પુરુષ ઓળખાય શી રીતે?

અર્જુનનો આ પ્રશ્ન બહુ જ જરૂરી હતો. તે વિના ભગવાન સ્થિતપ્રજ્ઞનું વર્ણન શી રીતે કરે? પોતાનું વર્ણન પોતે શી રીતે કરે? પોતાની સ્થિતિ હવે ભગવાન વર્ણવવા લાગ્યા.

સ્થિતપ્રજ્ઞ થવા માટે અર્જુન એક ચિત્તે તે સાંભળે છે.

હે અર્જુન! સ્થિતપ્રજ્ઞને વાસના નથી હોતી, તેને સુખ દુઃખ હર્ષશોકના વિકારો સતાવતા નથી. તેની ઇન્દ્રિયો વિષયોની સાથે સંબંધ ધરાવતી નથી. તેને કામક્રોધના આવેગો હેરાન કરતા નથી. તે ભોગનો ભોગ થતો નથી. તે જ સાચો ભોગ ભોગવે છે. બળવાન પુરુષના મનને પણ ખેંચી જાય એવી ઈન્દ્રિઓને સતત અભ્યાસથી તેણે વશ કરી છે.

અર્જુન વિચારે છે કે મારે આ કેમ કરવું? ત્યાં તો અંતર્યામિ ગુરુ હસીને કહે છે કે **युक्त आसीत मत्परः**—મારામાં તું પરાયણ થઈશ તો તારી પણ એ સ્થિતિ થશે. તું મારું ધ્યાન ધર. વિષયોનું ધ્યાન કરીશ તો ઉત્કટ એવી વિષયેચ્છા મહાન ખળભળાટ મચાવશે. તારી બુદ્ધિ ભ્રમિત થઈ જશે અને તું બધું યે ગુમાવી બેસીશ. જો તારે અંતઃકરણની પ્રસન્નતા મેળવવી હોય તો ઇન્દ્રિયોને અંકુશમાં લાવવી પડશે. પછી તને આ બ્રાહ્મી સ્થિતિ પ્રાપ્ત થશે

આ બ્રાહ્મી સ્થિતિમાં તો કોઈ કર્મ જ નથી. તેના સર્વ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કર્મ છૂટી જાય છે. આત્મસ્વરૂપમાં તો કર્મ પણ નથી, કર્તા પણ નથી; કશુંય નથી. એ છે સચ્ચિદાનંદમય સ્થિતિ, સહજ સ્થિતિ.

આટલી વાત આવી ત્યાં અર્જુનને કર્મ છોડી દેવાનું બહાનું મળી ગયું. તેણે પ્રશ્ન પૂછ્યો કે હે ભગવાન! આત્મસ્વરૂપમાં જ્યારે કર્મ જ નથી, કર્તા નથી, તો કર્મ શું કામ કરવું? જ્યાં જડ કર્મ નથી, જ્યાં કર્તૃત્વભાવ જ નથી એવી સ્થિતિ પ્રાપ્ત કરવા માટે કર્મ શું કામ કરવું? અત્યારે જ કર્મ છોડું કે મારી એ જ સ્થિતિ થઈ એમ ગણાય ને?!

બસ! અહીંથી જ હવે ત્રીજો અધ્યાય શરૂ થયો. ....

રસિકલાલ હ. ભટ્ટ
એમ એ; બી. ટી.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પ્રસ્તાવના

"આત્મા, સોઽહં, સચ્ચિદાનંદોઽહમ્" ઈત્યાદિના સુંદર પ્રવચનો સાંભળીને અથવા વાંચીને અર્જુનની માફક આપણને પણ એમ જ થાય છે કે કર્મ શા માટે કરવાં. આત્મામાં તો કોઈ કર્મ નથી અને વળી કર્મયોગ કરતાં તો જ્ઞાનયોગ શ્રેષ્ઠ છે.

આ સાંભળીને કૃષ્ણ તો આશ્ચર્ય ચકિત થઈ જાય છે. એમને એમ થાય છે કે "મારા જ શબ્દોથી મને આ જુઠો પાડે છે!" તેઓ કહે છે કે જ્ઞાનયોગ કર્મયોગ કરતાં શ્રેષ્ઠ છે, એ વાત સાચી છે પણ જ્ઞાન તો કર્મને અંતે આવે છે, કર્મયોગની પરાકાષ્ઠાનું નામ જ્ઞાન છે. કર્મોનો ક્ષય થતાંની સાથે જ જ્ઞાન પ્રાપ્ત થાય છે.

હવે આ કર્મો કોણ કરાવે છે?—પ્રારબ્ધ. પ્રારબ્ધ એટલે આ શરીર. શરીરને તો પૂર્વે ઇચ્છેલી બધી વાસનાઓ ભોગવવી જ પડશે. કર્મો નહિ કરવા હોય તોપણ પ્રકૃતિનો સ્વભાવ છે કે તે જીવની પાસે પરાણે કર્મો કરાવશે. **निग्रहः किं करिष्यति !**

કર્મો છોડવાં પડતાં નથી, જ્ઞાન થતાની સાથે જ આપો આપ છૂટી જાય છે, કર્મ છોડી દેવાં એ તો કર્મબંધન છે. આ કર્મ-બંધનમાંથી છુટવું હોય તો જૂનાં કર્મો અનાસક્ત-પણે પ્રસન્નતા-પૂર્વક ભોગવી લેવાં અને નવાં કર્મો બાંધવાં નહિ. આમ તો દરેક કર્મને બંધન છે પણ ઈશ્વરાર્પણ બુદ્ધિથી થયેલાં કર્મોને બંધન નથી; પછી તે ગમે તેટલું ઘોર કર્મ કેમ ન હોય? કર્તાપણાનો ભાવ ન હોય, ફ્લાસક્તિ ન હોય, ઈશ્વરાર્પણ બુદ્ધિ હોય, પછી ભલે તે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

યોગી હોય, ગૃહસ્થાશ્રમી હોય, અરે, ડાકુ અને લૂંટારાઓ પણ બ્રહ્મનિષ્ઠ થઈ ગયા છે.

છેવટ પોતાને જાણવું એ જ સાચું કર્મ છે. પોતાના સ્વરૂપને જાણ્યા સિવાયનાં બીજાં બધાં કર્મો અકર્મો છે, માટે કર્મ કરીને બ્રહ્માર્પણ કરતા જાઓ. જ્યારે કર્મોનું બ્રહ્માર્પણ થશે ત્યારે જ્ઞાન પ્રાપ્ત થશે. અર્જુનમાંથી કૃષ્ણ થવાશે; નરમાંથી નારાયણ થવાશે.

નિષ્કામભાવે કરેલું કર્મ ભજન જ છે; એ જ સાચો ધર્મ છે.

" પ્રેમયોગ ' માં કર્મ વિષે પરમાનંદસ્વરૂપ શ્રી ચંપકભાઇ કહે છે કે

" ઇશ્વરાર્પણબુદ્ધિથી કર્મ કરવાં એ ભગવાનની પ્રાપ્તિ માટે સહેલામાં સહેલો યજ્ઞ છે. ભગવાનના એકે એક નામે એકે એક યજ્ઞ થાય, નામયજ્ઞ નિષ્કામભાવે શરૂ કરો. એ યજ્ઞના આચરણથી ગુરુ વિના પણ જ્ઞાન થઇ જાય. અન્ય યજ્ઞોમાં તો ગુરુ પાસે જવાની પણ જરુર પડે, કોઇ પણ સ્ત્રી હોય, પુરુષ હોય, બાલક હોય–ગમે તે હોય પણ કર્તાપણાના ભાવ વિના નામસ્મરણ કર્યા કરો; તેનું ફલ ભગવાન જ છે, આનું નામ જ ' પ્રેમયોગ ' ભક્તિયોગ અથવા કર્મયોગ. "

હવે જો નામયજ્ઞ પણ ન બનતો હોય તો કોઇ પણ સંતને પકડો એટલે તમારું કામ થઇ જશે. સંત મળ્યા પછી શાસ્ત્રો વાંચવાની ભાંજગડ મટી જાય છે કારણ કે સંત પોતે જ એક સજીવ, હાલતુંચાલતું, હરતુંફરતું, ખાતુંપીતું શાસ્ત્ર છે. શાસ્ત્રવચનથી કોઇ સંત થતો નથી. પણ સંતના વચનો એ સ્વયં શાસ્ત્ર જ છે. શાસ્ત્ર એટલે તો નિર્ગુણજ્ઞાન જ્યારે સંત તો મૂર્તિમંત સગુણ જ્ઞાનસ્વરૂપ છે. શાસ્ત્રોની કડાકૂટમાં પડવાથી સત્‌વસ્તુ બાજુ પર મૂકાઈ જાય છે. વેદાંતવાચનથી વાંકા થવાય છે અને પુરાણના વાચનથી પસ્તાવો થાય છે, પણ સંતમિલનથી પરમાનંદસ્વરૂપ થવાય છે. એનું કારણ શું ? સંત આપણી વિખરાયેલી વૃત્તિને વૈકુંઠમાં પહોંચાડે છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ભક્તિ અથવા પ્રેમનો મર્મ શાસ્ત્રમાં નહિ પણ સંતમાં છે. શાસ્ત્રોને શાસ્ત્રનું અભિમાન હોય છે. જ્યારે સંતને ભગવાનનું અભિમાન હોય છે. સંતના રોમેરોમથી પ્રેમ નીતરતો હોય છે જ્યારે શાસ્ત્રીના રોમેરોમથી અભિમાનની દુર્ગંધ આવતી હોય છે. એ વાત સાચી છે કે:

"પોથી પઢ પોપટ ભયો, પંડિત ભયો ન કોય,
ઢાઈ અક્ષર પ્રેમ કે, પઢે સો પંડિત હોય."

અને

"સંત દર્શકો ચાલિયે, તજી માયા અભિમાન,
જ્યાં જ્યાં પૈર આગે બઢે ત્યાં ત્યાં યજ્ઞ સમાન."

આશા જ નહિ પણ પૂર્ણ વિશ્વાસ છે કે 'પ્રેમયોગ'ની પ્રેમાગ્નિથી સૌના પરિતાપોની ભસ્મ થઈ જાય અને શીતળતાનો અનુભવ થાય; સદ્ગુરુ કૃપાથી સર્વ દુઃખોનું નિવારણ થાય અને શાંતિ અનુભવે.

सर्वत्र सुखिनः सन्तु सर्वे सन्तु निरामयाः ।
सर्वे भद्राणि पश्यन्तु, मा कश्चिद्दुःखमाप्नुयात् ॥

કુ. સુધા રાઠી
બી. એ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પરમાનંદસ્વરૂપ શ્રી ચંપકભાઈ



: ભજનાનંદ :

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અધ્યાય ત્રીજો

કર્મયોગ

अर्जुन उवाच

ज्यायसी चेत्कर्मणस्ते मता बुद्धिर्जनार्दन ।
तत्किं कर्मणि घोरे मां नियोजयसि केशव ॥ १ ॥

व्यामिश्रेणेव वाक्येन बुद्धिं मोहयसीव मे ।
तदेकं वद निश्चित्य येन श्रेयोऽहमाप्नुयाम् ॥ २ ॥

અર્જુન બોલ્યો, હે જનાર્દન ! 'કર્મયોગ કરતાં બુદ્ધિયોગ શ્રેષ્ઠ છે,' એવો જ જ્યારે તમારો મત છે, તો પછી હે કેશવ, મને આ હિંસક કર્મમાં શા માટે પ્રવૃત્ત કરો છો. (૧) તમે જાણે કાંઈ ગૂંચવણભર્યું બોલીને મારા મનમાં ભ્રમ ઉત્પન્ન કરો છો; એટલા માટે એક નિશ્ચિત વાત કહો, કે જે દ્વારા હું મારું કલ્યાણ સાધી લઉં. (૨)

અર્જુન ભગવાનને પૂછે છે કે હે મધુસૂદન ! તમે સ્થિતપ્રજ્ઞના લક્ષણોમાં કહ્યું કે આત્મજ્ઞાનીની બુદ્ધિ સ્થિર થઈ જાય છે. આત્મજ્ઞાનીનાં સર્વ કર્મો ખલાસ થઈ જાય છે. આવા પુરુષને કોઈ કર્મો રહેતાં નથી; તો પછી હે ભગવાન ! જો આમ જ હોય તો મને શું કામ કર્મો કરવાનું કહો છો ? આ ઘોરયુદ્ધમાં તો પાપ જ થાય છે. મને શા માટે લડાઈ કરવાનું તમે કહો છો ? તત્ત્વજ્ઞાનીને, બ્રહ્મજ્ઞાનીને કર્મો નહીં કરવાના એવું જ જો હોય તો આ યુદ્ધકર્મ મારી પાસે શા માટે કરાવો છો ? મારું બલિદાન શા માટે આપો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

છો ? આત્મસ્વરૂપમાં કર્તા અને કર્મ જેવું કશુંયે નથી તો મને કર્મજાળમાં શા માટે ફસાવો છો ? મને જે નિશ્ચિત હોય તે જ કહો.

અર્જુન કંઈ કાચો નહોતો. તેને છૂટવાની એક બારી મળી ગઈ. ખરેખર, અર્જુનનો પ્રશ્ન સરસ છે; વિચારવા જેવો છે. બીજા અધ્યાયમાં આત્મસ્વરૂપનું સુન્દર વર્ણન વાંચ્યા પછી ઘણાંયને એમ થઈ જાય કે હવે શું બાકી રહ્યું છે.

અર્જુન કહે છે કે હે ભગવાન! યુદ્ધરૂપી આ ઘોર પાપકર્મમાં મને શા માટે પ્રેરો છો? મને તો સીધા સાદા શબ્દો જોઈએ. જો બ્રહ્મમાં કર્મ જ નથી તો મને આ કર્મ કરવાનું શા માટે કહો છો?

ભગવાન તો સ્તબ્ધ થઈ ગયા. ભગવાન વિચારમાં પડી ગયા કે હવે જીવાત્માને શો જવાબ આપવો? જ્ઞાનીના બધાં કર્મો છૂટી જાય છે. જ્ઞાનીને જ્યારે કર્મો રહેતાં જ નથી ત્યારે અર્જુન કહે છે કે મારે શા માટે ધનુષ્યબાણ લઈને લડવું; શા માટે આ બધાં કર્મો કરવાં? અધ્યાય બીજાના ભક્તિથી ભરપૂર એવા બોંતેર શ્લોક સાંભળ્યા છતાં, શ્રોતા ઉપર વક્તાની અસર ન થઈ. હવે વક્તાએ બીજી રીતે શ્રોતાઓને એ બોધ કરવો જોઈએ. શ્રોતાઓને બીજી રીતે સમજાવવા જોઈએ. ભગવાન પણ અર્જુનને હવે જરા જૂદી રીતે સમજાવશે. વિષયો ભોગવતો હોય છતાં પણ બ્રહ્મજ્ઞાની પ્રસન્ન કેમ દેખાય છે, એવો પ્રશ્ન પણ અર્જુનના મનમાં હશે. ભગવાન તો કહે છે કે એ પણ હું કહી ગયો છું, છતાં જ્યારે અર્જુન હવે સીધી વાત કરવાનું કહે છે ત્યારે તે જ વાત ભગવાન બીજી રીતે કહે છે.

અહીંથી હવે કર્મયોગની શરૂઆત થાય છે.

श्रीभगवानुवाच

लोकेऽस्मिन्द्विधा निष्ठा पुरा प्रोक्ता मयानघ ।
ज्ञानयोगेन सांख्यानां कर्मयोगेन योगिनाम् ॥ ३ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્રી ભગવાન બોલ્યા : હે નિષ્પાપ અર્જુન! સૃષ્ટિના આરંભમાં જ મેં આ લોકમાં આચરવા યોગ્ય બે પ્રકારના માર્ગો બતાવ્યા છે; સાંખ્યોને (વિચાર કરનારાઓને) જ્ઞાનયોગ અને યોગીઓને (કર્મ કરનારાઓને) કર્મયોગ. (૩)

હે અર્જુન! તું તો નિષ્પાપ છો, પણ તારા મનમાં મોહ ભરેલો છે તેથી તને કશું સમજાતું નથી. વિષયોમાં તું આસક્ત છો તેથી તને ભ્રમ થયો છે.

અર્જુનને ભ્રમ થયો છે હજી તેને બ્રહ્મજ્ઞાન થયું નથી, તેથી જ આ પ્રશ્ન ઊભો થયો છે. ભગવાને બીજા અધ્યાયમાં સ્થિતપ્રજ્ઞ પુરુષની, પાકા ઘડાની વાત કહી દીધી. અર્જુન તો હજી કાચો છે. તેથી તો ભગવાને બીજા અધ્યાયમાં વિષયોને કેમ કાઢવા એ પણ સ્પષ્ટ કરી દીધું હતું. અર્જુને એ લક્ષમાં ન લીધું અને પાકા ઘડાની વાત ગ્રહણ કરી લીધી. 'જ્ઞાનીને કોઈપણ કર્મ નથી'—એટલા શબ્દો અર્જુને પકડી લીધા.

હવે શ્રી ભગવાન તેને કહે છે કે હે અર્જુન! તને ક્યાં જ્ઞાન થયું છે? તું તો જ્ઞાનની ખાલી ખોટી ખોટી વાતો કરે છે. જ્ઞાન એટલે શું? તે ક્યારે મળે? જ્ઞાન તો કર્મયોગને અંતે જ આવે છે. કર્મયોગની પરાકાષ્ઠા તે જ્ઞાન. **तत्त्वमसि**–"તે તું જ છો," એ કંઈ વાણીની વાત નથી. એ તો જ્ઞાનની સાતમી ભૂમિકા છે. એ સ્થિતિ સુધી ન પહોંચાય ત્યાં સુધી તો કર્મો કરવાં જ પડશે. કોઈ તો એ સ્થિતિ ઉપર આવી ગયો હોય તો પણ કર્મ કરતો હોય છે.

કર્મો બે પ્રકારનાં હોય છે, સકામ કર્મો અને નિષ્કામ કર્મો. સકામ કર્મો એટલે કે કામનાવાળાં કર્મો, ઇચ્છાવાળા કર્મો અને નિષ્કામ કર્મો એટલે ઇચ્છા વગરનાં કર્મો. આ કર્મો કોણ કરાવે છે? પ્રારબ્ધ જ. પ્રારબ્ધ એટલે આ શરીર જ. શરીરને તો પૂર્વે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ઇચ્છેલી બધી વાસનાઓ ભોગવવી જ પડશે. શરીરને તો બધાં જ કર્મોનું આચરણ કરવું પડશે. આ કર્મોનો ક્ષય થાય કેવી રીતે? અનાસક્તિપૂર્વક કર્મ કર્યે જ જાઓ, ભોગવીને છૂટી જાઓ. અનાસક્તિથી ભોગવો; આસક્તિથી નહિ. ખાવાની ઇચ્છા, ઊંઘવાની ઇચ્છા એ બધું ધીમે ધીમે ભજનથી છૂટી જશે. અનાસક્તિપણે સંસાર ભોગવો. આ સંસાર, બૈરી, છોકરાં, નોકરી—આ બધાં તમારાં જ કર્મો છે. આજે એ આપણાં જ કર્મો આપણી સામે આવીને ઊભાં રહ્યાં છે. જૂનાં કર્મો ભોગવો. અનાસક્તપણે ભોગવીને છૂટી જાઓ, નવાં કર્મો બાંધવા નહિ. નવાં કર્મો કોણ નહિ બાંધે? જે અનાસક્ત છે, તે જ. નિષ્કામપણે કાર્ય કરે છે તે નવું કર્મ નથી બાંધતો. જે નિષ્કામ થઈને કર્મો કરે છે તેનાં કર્મોનો ક્ષય થઈ જાય છે. તેની પૂર્વની વાસનાઓનો ક્ષય થઈ જાય છે. જેની વાસનાઓનો ક્ષય થયો તેને પછી શરીર કેવું? તે તો પાકો ઘડો થઈ ગયો. તેને વારે વારે આ ઘડો (શરીર) ન મળે. આપણને તો સ્ત્રી, પુત્ર વગેરેમાં આસક્તિ છે.આપણી આ આસક્તિ વારંવાર જન્મ લેવરાવે. ભગવાન પર આસક્તિ રાખો તો જ અનાસકત થવાય. દાનપૂણ્ય વગેરે કર્મોની અસક્તિ પણ જન્મમરણમાં ખેંચી જશે.

ભગવાન પર પ્રેમ રાખ, તો જ તું અનાસક્ત થઈશ. ભગવાન પર આસક્તિ એ જ ખરી અનાસક્તિ છે. અનાસકત થવું તો બહુ મુશ્કેલ છે. આ કેમ થાય? આ બધાં આવરણો કેમ દૂર થાય? ભગવાન આવરણો ખેંચી લે ત્યારે જ ને? આપણને તો એ પણ ગમતું નથી. વેપારમાં પચાસ હજારની ખોટ આવી તો પણ વળી નવો વેપાર શરૂ કરશે—એમાં આસક્તિ છે તેથી જ ને! બૈરી મરી ગઈ તો બીજી બૈરી કરશે—એમાં આસક્ત છે માટે જ ને! આસક્તિ ન હોય તો શું કરે? વેપારમાં ખોટ આવે કે બૈરી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મરી જાય તો તે નરસૈંયાની જેમ ગાશે, 'ભલું થયું ભાંગી જંજાળ સુખે ભજશું શ્રી ગોપાળ.' આમ અનાસક્ત થઈને કાર્યો કરે તે જ સાચી સેવા કરી શકે. બીજા બધા તો ખાલી ફાંફા છે.

જ્યાં સુધી તું વિષયોમાં રમણ કરે છે ત્યાં સુધી તું પરમાનંદ-સ્વરૂપ ક્યાંથી થઈ શકે? તું હજી તે છે જ નહિ. તારે કાર્યો કરવાં જ પડશે. કર્મ કરતા કરતા જ જ્ઞાન થાય. જે કર્મ ન કરે તે તો મૂઢ છે. કર્મના બંધનમાંથી તો ગુરુ જ છોડાવી શકે. વિવેકાનંદના કર્મો શ્રી રામકૃષ્ણ પરમહંસે કપાવી નાખ્યાં. લગ્ન કે સંસાર કશુંય વિવેકાનંદને ન રહ્યું.

ગુરુકૃપાથી, ભક્તિથી જ અનાસક્તિયોગ સુલભ છે. રામનું શરણ રાખો. તું મારું શરણ લઈ લે તો આગળ જઈશ, નહિ તો કંચન અને કામિનીમાં ફસાઇ જવાનો. બહારથી અનાસક્તિનો ડોળ રાખે અને અંતરમાં કામનાના કીડા કોરી ખાતા હોય એ શા કામનું? વાસનાના મૂળમાં જ ઘા કરો તો જ વાસનાનો ક્ષય થશે. જ્યાં વાસનાનો ક્ષય થયો કે તે પરમાનંદસ્વરૂપ થઈ ગયો.

અર્જુન ભગવાનની આ વાત સાંભળીને ઠંડો થઈને રથમાં બેસી ગયો.

न कर्मणामनारम्भान्नैष्कर्म्यं पुरुषोऽश्नुते ।
न च संन्यसनादेव सिद्धिं समधिगच्छति ॥ ४ ॥

કર્મનું આચરણ ન કરવાથી પુરુષને નિષ્કર્મતા (કર્મશૂન્યત્વ) પ્રાપ્ત થતી નથી, તેમજ કેવળ (જ્ઞાનરહિત) કર્મ સંન્યાસથી પણ તેને એ સિદ્ધિ પ્રાપ્ત થતી નથી. (૪)

હે અર્જુન! સ્થિતપ્રજ્ઞને કર્મ નથી એમ સાંભળીને તું જો કર્મ છોડીશ તો ઉપાધિ વધશે. તું કર્મનું આચરણ નહિ કરે અને બહારથી કર્મો છોડી દઈશ તો પણ મનમાં વિષયોનું સ્મરણ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ચાલ્યા જ કરશે. તું એમ માને છે કે હું તને વિષયના સ્મરણની છૂટ આપીશ ? એ કેમ બને ? કર્મ તો કરવા જ પડશે. પ્રારબ્ધના ભોગ ભોગવ્યે જ છૂટકો. જો, મારે પણ પ્રારબ્ધના ભોગ ભોગવવા પડે છે.

હે અર્જુન ! બહારથી કર્મ છોડીને સંન્યાસી થઈ જઈશ તો પણ જ્ઞાન થઈ જવાનું નથી કાળાં કપડાં પહેરનાર કે ધોળાં કપડાં પહેરનાર અજ્ઞાની અને ભગવાં કપડાં પહેરનાર જ્ઞાની, એવું કશુંય નથી. ભક્ત કોણ ? જ્ઞાની કોણ ?—એનાં લક્ષણો તો હું આગળ કહી ગયો. ફરી પાછી એની એ રામાયણ શરૂ થઈ !

કોઈ મહાત્મા એમ કહે કે "સબ કામધંધા મૈંને છોડ દિયા, અબ તો મૈં ભગવાનકા ભજન કરતા હું'—પણ આ તો ભ્રમણા છે. કર્મ કોણ છોડે ? એમ કેમ કહી શકાય કે 'મેં કર્મ છોડી દીધું છે' ! કોઈ માણસ કર્મનું આચરણ ન કરે તેથી તે નિષ્કામ કરે છે કે તે અનાસક્ત છે એમ નહિ કહેવાય. બહારનું કાર્ય છોડીને અંદરથી કાર્ય કરવું, મનથી એ કાર્ય કરવું તે તો મહા ભયંકર પાપ છે. કેવળ જ્ઞાનરહિત સંન્યાસથી એ બ્રાહ્મી સ્થિતિ પ્રાપ્ત થતી નથી. હે અર્જુન ! તારે આવા બહારના સંન્યાસી થવાની જરૂર નથી. એ સંન્યાસ શા કામનો ? ઘર છોડીને આશ્રમ કે મઠ બાંધવા, શિષ્યો કરવાં—આ બધું તો અજ્ઞાન છે. 'આ મારા શિષ્યો છે,'—એમ જે બોલે તે તો અજ્ઞાની છે. આ દોસ્તો છોડીને બીજા દોસ્તો પકડ્યા. તેથી શું ફેર પડ્યો ? કામનાનો કીડો જ્યાં સતાવતો જ હોય ત્યાં બહારના સંન્યાસીથી શું ફેર પડ્યો ?

ભગવાન તો અર્જુનને એ જ સમજાવે છે કે કામનાના કીડાથી દૂર રહેજે. (૪)

न हि कश्चित्क्षणमपि जातु तिष्ठत्यकर्मकृत् ।
कार्यते ह्यवशः कर्म सर्वः प्रकृतिजैर्गुणैः ॥ ५ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કારણ કે કોઇ પણ પ્રાણી કર્મ કર્યા સિવાય એક પળ પણ સ્વસ્થ રહી શકતો નથી. પ્રકૃતિમાંથી ઉત્પન્ન થયેલા સત્યવાદી ગુણો પરતંત્ર એવા સર્વ પાસે કર્મો કરાવે છે. (૫)

હે અર્જુન! તારાથી એક પળ પણ સ્વસ્થ રહેવાતું નથી. જ્યાં સુધી ખાવુંપીવું, હરવુંફરવું વગેરેમાં મન હોય ત્યાં સુધી મારામાં ધ્યાન ક્યાંથી સ્થિર થાય? "મેં આ કર્યું, હું આ કામ કરું છું. હું તે કામ કરું છું"– આવું "મેં મેં હું હું" ચાલતું હોય ત્યાં ઇશ્વર ક્યાંથી મળે? દેહાભિમાન હોય ત્યાં સુધી ભગવાનની પ્રાપ્તિ ક્યાંથી થાય? ડાહ્યો માણસ કદી એમ નહિ કહે કે 'મેં કર્મ છોડી દીધાં છે.' તે તો કર્મનો ક્ષય કરતો જાય છે અને નવાં કર્મ બાંધતો નથી. તે ભક્તિ કરતો જાય છે કે જેથી ફરી જન્મ ન મળે અને બ્રાહ્મી સ્થિતિ પ્રાપ્ત થાય. અનાસક્તિથી કર્મો કરે એવો પુરુષ જ્યાં જાય ત્યાં બધાંને નમસ્કાર કર્યા કરે. પોતાને જે કંઈ મળે તે બીજાને આપી દે. તે તો આવરણ ઓછાં કરતો જાય. ઘરમાં સ્ત્રી ગમે તેમ બોલે તો પણ આવો પુરુષ કશુંય નહિ બોલે, છોકરો ગમે તેમ બોલે તો પણ તે કશુંય નહિ કહે. કર્મો તો સહુને કરવાનાં જ છે. બળાત્કારથી હું કર્મો કરાવીશ જ. જ્યાં સુધી શરીર છે ત્યાં સુધી કર્મો છે જ.

સત્વાદિ ગુણોવાળું આ શરીર તે જ પ્રકૃતિ. જ્યાં સુધી એમાં ભાવ છે ત્યાં સુધી તું પરતંત્ર છો. સાતમી ભૂમિકામાં જ્ઞાની અકર્તા થઈ જાય. ત્યાં તો પગ પણ હલાવવાની સ્ફૂર્તિ નથી હોતી. ચોવીસ કલાક પણ આ સ્થિતિમાં રહેવું બહુ મુશ્કેલ છે. આ ભૂમિકામાં શરીર ટકી શકતું નથી; બહુ બહુ તો ત્રણ દિવસ, સાત દિવસ કે એકવીસ દિવસ શરીર ટકે. કોઈ વળી બળવાન કે સશક્ત હોય તો શરીર વધારે દિવસ ટકાવી શકે. જ્ઞાની પુરુષો તો શરીરને ટકાવવાનો પ્રયત્ન કરશે જ નહિ. મહાત્મા ગાંધીજીનું મૃત્યુ તો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વિચિત્ર સંજોગોમાં થયું. શ્રી રમણ મહર્ષિ તો જીવન્મુક્ત નહિ પણ વિદેહમુક્ત સ્થિતિમાં જ હતા. તેમણે તો જીવતાં જ દેહને મારી નાખેલો. જનક તો વિદેહમુક્ત હતા. આવા પુરુષો કર્મ કરતા હોય છે પણ અનાસક્તિથી. આ માટે તો તુકારામ કહે છે કેઃ 'ન કો બ્રહ્મસ્થિતિ ન કો આત્મભાવ.' સમાધિમાં જવું એ એમને મન નકામી વસ્તુ લાગે છે. એક વાર ભલે સમાધિમાં જઈ આવે પણ ત્યાં ભજનાનંદ નથી. તેમને તો ભજનનો આનંદ જોઈએ. એ જ કર્મયોગ છે. આવા કર્મયોગમાં જ ખરો આનંદ છે. મારો ભક્ત કદી આળસુ ન હોય. પેલી સ્થિતિ—વિદેહમુક્ત અવસ્થા પણ ઉત્તમ છે. તે આ રીતે કે જીવન્મુક્તની પણ એ સ્થિતિ તો થવાની જ છે. પણ તે કર્મયોગનું આચરણ તો કરવાનો જ. શરીર એટલે જ પ્રારબ્ધ. પ્રારબ્ધ એટલે જ કર્મ. કર્મ તો ભોગવ્યે જ છૂટકો, પણ અનાસક્તિપૂર્વક ભોગવો. એક હાથમાં કર્મ અને બીજા હાથમાં હરિ—આમ જે રહે તે જ જીતી શકશે. આ વાત તને હું એક વાર તો સમજાવી ગયો પણ તું ન સમજ્યો. તેથી તો મારે ફરીવાર આ પીંજણ કરવી પડી. (૫)

कर्मेन्द्रियाणि संयम्य य आस्ते मनसा स्मरन् ।
इन्द्रियार्थान्विमूढात्मा मिथ्याचारः स उच्यते ॥ ६ ॥

જે મહામૂર્ખ કર્મેન્દ્રિયોનો સંયમ કરીને વિષયોનું ચિંતન કર્યા કરે છે તે દાંભિક–દુરાચારી કહેવાય છે. (૬)

ઉપર–ઉપરથી કર્મેન્દ્રિયોનો સંયમ કરે પણ મનમાં બાસુંદી અને શીખંડ ખાવાની ઇચ્છા હોય તો વાસના પ્રબળ થવાની જ. પછી ભક્તિ ક્યાંથી થાય? જે બહારથી કર્મેન્દ્રિયોનો સંયમ કરે પણ મનમાં વિષયોનું ધ્યાન ધરે એ તો બગભગત કહેવાય. અહીં નિંદા–ટીકાનો ભાવ નથી, પણ સમજવા પૂરતું આ કહેવું પડે છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ઉપરથી કર્મેન્દ્રિયોનો સંયમ કરે પણ મનમાં તો વિષયોનું ધ્યાન ધરતા હોય એવા મહાત્માઓ તો બગભગતો જેવા છે, ગીધ જેવા છે. ગીધ ઊંચો ઊડે પણ નજર તો વિષ્ટા ઉપર. બગલા ધ્યાન ધરે પણ નજર તો માછલા ઉપર.

અર્જુન સમજે તે માટે ભગવાને આવા સાદાં દષ્ટાન્તો આપ્યાં છે. કોઈ કહે કે 'હમને તો સબ કર્મ છોડ દિયા;' પણ તેઓનું ધ્યાન તો બગલાની જેમ માછલા પર હોય છે. શેઠ કે મારું કંઈક આપે તે પર જ તેમનું ધ્યાન હોય છે. કોઈ બંગલો બંધાવી આપે, કોઈ આશ્રમ બાંધી આપે એવું એવું તેમનું ધ્યાન હોય છે. તેમના અંતરમાં તો આવી ભૌતિક પદાર્થોની ભાવનાઓ ભરી છે. બગલો જેમ માછલી હડપ કરીને ગળી જાય, એવા છે આ બગભગતો. અર્જુન અવનવી દલીલો કરે, અવનવા મહાત્માઓમાં ફસાય તે પહેલાં જ ભગવાન સમજાવી દે છે કે આ બધા જીવો તો મહામૂર્ખ છે.

અર્જુનને બહાર નીકળવાની એક એક બારી ભગવાન બંધ કરતા જાય છે. હવે અર્જુન છટકી નહિ શકે. (૬)

यस्त्विन्द्रियाणि मनसा नियम्यारभतेऽर्जुन ।
कर्मेन्द्रियैः कर्मयोगमसक्तः स विशिष्यते ॥ ७ ॥

પરન્તુ હે અર્જુન! જે મનુષ્ય મન વડે ઈન્દ્રિયોનું નિયમન કરીને આસક્તિ ન રાખતાં કર્મેન્દ્રિયદ્વારા કર્મયોગનું આચરણ કરે છે, તે જ શ્રેષ્ઠ પુરુષ છે. (૭)

હે અર્જુન! જે મન વડે ઇન્દ્રિયોને અંકુશમાં રાખે, જે આસક્તિ રાખે નહિ અને કર્મેન્દ્રિયોવડે કર્મયોગનું આચરણ કરે તે જ શ્રેષ્ઠ પુરુષ છે.

ભગવાને અર્જુનને અહીં અનાસક્તિયોગ દર્શાવ્યો છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

હે અર્જુન! તારે કર્મો તો કરવાનાં જ પણ નોકરની જેમ. નોકર જેમ શેઠનું કામ કરે તેમ તારે કર્મો કરવાના છે. શેઠનું કામ કરે તેમાં નોકરને રાગદ્વેષ શો? જે રાગદ્વેષ વગર બધાં કામો કરે અને જેનું ચિત્ત ભગવાનમાં હોય તે જ શ્રેષ્ઠ પુરુષ છે. તું આ પ્રમાણે બધાં કર્મો કરે તો જ તું શ્રેષ્ઠ પુરુષ થઈશ. પછી તારે રંગ બદલવાની કે ભગવાં પહેરવાની કંઈ જરૂર નથી.

એ ચાર શિષ્યો કરીને, તેમને સાથે લઈને મહાત્મા બેઠા હોય. મહાત્મા તો સમાધિમાં બેસે. કોઈની સાથે વાતચીત પણ નહિ કરે. ભોળા ભક્તો આવે, તેમને દર્શન પણ ન થાય. મહાત્મા તો અંદર સમાધિમાં બેઠા હોય ને! બે, ત્રણ દિવસે ભક્તોને મહાત્માનો ભેટો થાય. શિષ્યોનું અને મહાત્માનું કામ થઈ જાય. ભેટસોગાદની જ વાતો થાય. આ બધું તને કહેવું પડે છે. તને મારે ખોટા આચરણવાળા માણસોથી બંચાવવો છે. મારે તને ડોળઘાલુ મહાત્મા નથી બનાવવો.

પશુ, પંખી, જીવ, જંતુ, માણસ—સર્વમાં, ચરાચરમાં જે સર્વત્ર ભગવાનને જ જુએ તે જ અનાસક્તિયોગ આચરી શકે. ઇન્દ્રિયોની વાસનાનો ક્ષય ભગવાનની ભક્તિથી આપોઆપ થઈ જાય છે. જે સર્વત્ર ભગવાનને જ જુએ છે, તે જ કર્મયોગનું સાચું આચરણ કરી શકે. હે અર્જુન! ભાગીને તું ક્યાં જઈશ? ભાગવાથી કશું વળવાનું નથી. હું બળાત્કારે તારી પાસે યુદ્ધ કરાવીશ, કર્મ કરાવીશ.

ભગવાનના આ વચનો સાંભળીને અર્જુન બોલી ઊઠયો કે ભલે ત્યારે, હું યુદ્ધ કરીશ.

અનાસક્તિપૂર્વક યુદ્ધ કર. હે અર્જુન, યુદ્ધ કર, પણ ક્યાંય આસક્તિ રાખવાની નથી. કર્મ કર પણ આસક્તિ વગર. છોકરો જન્મ્યો તોય ઠીક, મરી ગયો તો પણ ઠીક—નહિ સુખ કે નહિ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

દુ:ખ. કર્મયોગીનું આચરણ તો આવું હોય. આવા પુરુષને શ્રોત્રિય કે બ્રહ્મનિષ્ઠના લેબલ લાગતા નથી. આવા કર્મયોગીઓ તો ઘણાય થઈ ગયા. આજે પણ ઘણાય છે. એકનાથ આવા કર્મયોગી હતા. ચોરી કરવા આવનાર ચોરને પણ તેમણે સગવડતા કરી આપી. એકનાથે પોતાની પત્ની ગિરિજાબાઈને કહ્યું કે 'છોકરાઓ આવ્યા છે તેમને જમાડો." આવા કર્મયોગીને ત્યાં મારે શીખંડિયો થઈને બાર વર્ષ સુધી પાણી ભરવું પડયું. આવાને ત્યાં તો હું દાસ બની જાઉં છું. શ્રી રમણ મહર્ષિના આશ્રમમાં ચોર આવ્યા ત્યારે પોતાના શિષ્યોને કહ્યું કે 'આ ચોર દીવો માગે છે તમે ફાનસ પેટાવી દો.'

જે આ પ્રમાણે આચરણ કરે તે જ શ્રેષ્ઠ પુરુષ છે. આપણે બોલશું કે 'અમે બૈરાછોકરાંની સેવા કરીએ છીએ. અમે આ બધાને જ્ઞાન આપીએ છીએ.' જ્ઞાની આવું કશું ય બોલતો નથી. અહીં તો કોઈ શિષ્ય નથી કે કોઈ ગુરુ નથી. જે બગલા (જેવા મહાત્મા) છે તે જ કહેશે કે 'આ મારા શિષ્યો.' આવા ગુરુઓને ચરણસ્પર્શ, હાર, ભેટ, સોગાદ બધુંય જોઈએ. આ તો અજ્ઞાનનું કારણ છે. નરસિંહ મહેતાએ તો સ્પષ્ટ કહ્યું છે કે "આ છે પરપંચ સહુ પેટ ભરવા તણા."

ભગવાને તો અહીં સાદી ભાષામાં કહી દીધું છે કે આવો શ્રેષ્ઠ પુરુષ દોડધામ કરતો નથી.

વિઠુ મહાર, સેના નાઈ, શબરી ભીલડી—આ બધાં ભક્તોએ કેવું વર્તન કરેલું? શબરીથી માંડીને તુકારામ સુધી સર્વ ભક્તો ભગવાનની જ વાતો કરે છે; ઉપદેશ માટે નહિ પણ ભગવાનના ગુણાનુવાદ માટે. આ ગુરુ અને આ શિષ્ય—આવા શિષ્યગુરુના ભાવ પણ કાઢી નાખવાના છે. ગુરુ એટલે ભોમિયો. પૈસા માટે ગુરુ થાય તે તો પાપી છે. ભક્તને ભગવાન સિવાય બીજો કોઈ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આશ્રય નથી. તેને કોઈ યુગ નથી. તેને કોઈ કાળ નથી. ભક્ત કદી પાછી પાની કરતો નથી. જે કંઈ આવી પડે તે સર્વ કર્મ ભક્ત કર્યા કરે છે. અનાસક્તિથી કામ કરતા રહે અને ભજન કર્યા કરે તે બધા મહાત્મા જ છે. પછી ભલે તે બાળક હોય તો પણ મહાત્મા. નિશાળનું લેસન કરે અને ભજન કરે એવા બાળક પણ મહાત્મા. દંભીને માટે તો રૌરવ નરક તૈયાર છે. જન્મમરણરૂપી રૌરવ નરકમાં તે પડેલો જ છે.

માટે હે અર્જુન! તું અનાસક્તિપૂર્વક યુદ્ધ કર. (૭)

नियतं कुरु कर्म त्वं कर्म ज्यायो ह्यकर्मणः ।
शरीरयात्रापि च ते न प्रसिद्ध्येदकर्मणः ॥ ८ ॥

તું વિહિત કર્મો આચર. કર્મ ન કરવાં કરતાં કર્મ કરવાં એ જ શ્રેયસ્કર છે. કર્મ કર્યા સિવાય તારા શરીરનો નિર્વાહ સુદ્ધા થશે નહિ. (૮)

ભગવાને તો સ્પષ્ટ કહી દીધું કે કર્મો ન કરવાં કરતાં કર્મ કરવાં એ શ્રેયસ્કર છે. અહીં ક્યાંય દીક્ષા કે સંન્યાસની વાત આવતી નથી.

હે અર્જુન! તું વિહિત કર્મોનું આચરણ કર. વિહિત કર્મો કયા? જે કર્મોને શાસ્ત્રનો આધાર છે તે બધાં વિહિત કર્મો કહેવાય. શરીરના કાર્યો તો કરવાનાં જ છે. તદુપરાંત યજ્ઞ, દાન, તપ વગેરે બધુંય વિધિપુરઃસર કરવું જ જોઈએ.

જ્ઞાનીને કર્મ નથી એ વાત પણ ખરી છે. ભગવાન તો મોઢું જોઈને આ ઉપદેશ આપે છે.

જ્યાં સુધી પરિપક્વ અવસ્થા આવે નહિ ત્યાં સુધી તો કર્મ કરવાં જ પડશે. કર્મ છોડીને ભાગવું એ તો ગાંડાઈ છે. જ્યાં સુધી બૈરાંછોકરાં માટે મોહ છે, ત્યાં સુધી તો કર્મો કરવાં જ પડશે. પ્રારબ્ધના કર્મોનો શું બળાત્કારે ત્યાગ કરી શકાશે? જ્યોતિષશાસ્ત્રે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પણ સ્પષ્ટ ના કહી છે. કર્મો કર્યે જ છૂટકો; બીજો છૂટકો જ નહિ ને? કર્મનો ક્ષય કેવી રીતે થાય? જ્યાં સુધી આ બધું–સાંસારિક પદાર્થો–યાદ આવે છે ત્યાં સુધી તો કર્મ કરવા જ પડશે. આ બધું યાદ આવે છે, એ દેખાડે છે કે હજી તમે અજ્ઞાનીની દશામાં છો. જ્ઞાનની ભૂમિકા પર આવશો ત્યારે તો હું જ તમારા કર્મો છોડાવી દઈશ. તમને તો હજી બૈરાંછોકરાંનો મોહ છે. છોકરાંના લગ્ન કરવાનો મોહ છે. તે મોહ કર્મોનું આચરણ કરવા માટે ભલે પ્રેરે પણ તમે અનાસક્તિપૂર્વક એ કર્મો કરો.

'હું કર્મ નહિ કરું' એમ જબરદસ્તી કરીને જે કર્મ છોડે તે મહામૂર્ખ છે. સમદૃષ્ટિવાળાની તો અહીં વાત જ નથી.

* * *

અહીં બધા બેઠાં છે, તે અર્જુન છે. તેમને માટે આ વાત હું કહું છું. કર્મ કરો. પણ અનાસક્તિપૂર્વક કર્મ કરો.

જે બોલવાનું હશે તે આ રેડિયો બોલે છે. હું તો મારો આ પાર્ટ ભજવું છું. તમને લોકોને ઉપદેશ આપવાનો મારો કોઈ હેતુ નથી. તમારી સામે મારે મારો પાઠ બોલી જવાનો છે. મારે મારો પાઠ પાકો કરવાનો છે. મારી સામે ભગવાન જ બાપ તરીકે બેઠો છે. તે મને મારો પાઠ પાકો કરાવે છે. હું કાંઈ જ્ઞાની નથી, ગુરુ નથી. ઉપદેશ આપ્યો અપાતો નથી. આ તો બધું આપોઆપ જ થાય છે. સર્વત્ર "હું" જ છું, પછી શું?

ભજનમાં સૌની વચ્ચે હું બેસું છું. બીજા બધાંની દૃષ્ટિ મારા ઉપર હોય છે, કારણ કે મારું પતન ન થાય.

મેં આખી ગીતા તો કદી વાંચી નથી. હું તો ગીતાનો પાઠ કરું છું. વીસા સુધી આંક આવડી ગયા પછી ગણિતની વાત થાય.

* * *

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

એકનાથ મહારાજે તો કહ્યું છે કે શ્રી હરિની કૃપા થાય તો બધાં પાપોનો ક્ષય થાય.

एका जनार्दनी भोग प्रारब्धाचा ।
हरिकृपे त्याचा नाश आहे ॥

વિહિત કર્મોનું આચરણ કર્યા સિવાય તો તારું શરીર પણ તું નહિ નિભાવી શકે. જો દેહનું ભાન છે તો વિહિત કર્મો કરવાં જ પડશે; માટે કર્મો કરો પણ નિષ્કામભાવે કરો.

જીવને આ ભાવ ખૂંચે છે; શિવે આ જ ભાવ પકડી રાખ્યો છે. અર્જુનને આ ભાવ ખૂંચે છે. ભગવાને જ આ ભાવ પકડી રાખ્યો છે.

यज्ञार्थात्कर्मणोऽन्यत्र लोकोऽयं कर्मबन्धनः ।
तदर्थं कर्म कौन्तेय मुक्तसङ्गः समाचर ॥ ९ ॥

सहयज्ञाः प्रजाः सृष्ट्वा पुरोवाच प्रजापतिः ।
अनेन प्रसविष्यध्वमेष वोऽस्त्विष्टकामधुक् ॥ १० ॥

હે અર્જુન! ઇશ્વરાર્પણ બુદ્ધિ વિના ફળની ઇચ્છાથી કરેલા કર્મોથી તો જીવ ઊલટો બંધનમાં પડે છે; માટે કર્તાપણાનું અભિમાન છોડીને ઇશ્વરાર્પણ બુદ્ધિથી જ તું કર્મ કર. સૃષ્ટિના પ્રારંભમાં યજ્ઞની સાથે પ્રજાને ઉત્પન્ન કરીને બ્રહ્મદેવ તેમના પ્રત્યે બોલ્યાઃ તમે સ્વધર્મરૂપી યજ્ઞથી ધર્માચરણ કરો; એટલે એ યજ્ઞ તમારા ઇચ્છિત મનોરથ પૂર્ણ કરશે. (૯–૧૦)

ઇશ્વરાર્પણ કર્યા વિનાના કર્મોથી જીવ ગૂંચવણમાં પડે છે અને કર્મો તેને બંધન કરે છે. હે અર્જુન! તારે ગભરાવાની જરાય જરૂર નથી. કર્મો કરવાં પણ ઇશ્વરને અર્પણ કરી દેવા. ઇશ્વરાર્પણ વિનાના કર્મો બંધનકારક છે. ઇશ્વરાર્પણ કરેલાં કર્મો બંધન કરતાં નથી. કર્મ ઇશ્વરને અર્પણ નહિ કરો તો જન્મમરણનું ફળ બાંધશો.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આપણે તો બોલીયે કે 'હું નહિ હોઉં તો મારા કુટુંબનું શું ? હું નહિ હોઉં તો ગીતા કોણ સંભળાવશે ? હું નહિ હોઉં તો ભજન કોણ કરશે ? આવા કર્તાપણાના ભાવો જેનામાં હોય તે અજ્ઞાની છે.

ભગવાન શબ્દોને ઊલટાવીને, પલટાવીને વારંવાર એકનું એક કહે છે કે જેથી અર્જુન પર કંઈ અસર થાય અને તે ગાંડિવ લઈને લડવા ઊભો થાય. આગળ બીજા અધ્યાયમાં સ્વધર્મનો અર્થ ભગવાન સમજાવી ગયા. અહીં સ્વધર્મરૂપી યજ્ઞની વાત કહે છે.

પચ્ચીસ માણસોનું કુટુંબ હોય તો પણ બધાંની સેવા કરવી. કર્તાપણાનો ભાવ કાઢી નાખીને ઇશ્વરાર્પણ બુદ્ધિથી બધાની સેવા કર. બીજા ઘણાં મોઢાં છે તે બધાંને ખવરાવો. તારો મોહ ત્યારે જ દૂર થશે. તું તારી ફરજ બજાવ અને કર્તાપણાનો ભાવ કાઢી નાખ. પૂર્વે બ્રહ્માએ પણ આમ જ કહ્યું છે.

કર્મના આચરણમાં પાછી પાની કરવી એ તો અધર્મ છે. પાછી પાની કરવી ન પડે માટે કર્તાપણાનો ભાવ કાઢી નાખ અને ઇશ્વરાર્પણ બુદ્ધિથી કર્મ કર, પછી પીછેહઠનો વખત જ નહિ આવે. જે સ્વધર્મનું આચરણ કરે તે ભક્ત છે. તે પ્રમાણે ન કરે તે ગધેડો.

ભગવાન અર્જુનને આડકતરી રીતે ભક્ત થવાનું જ કહે છે.

કર્મમાં આસક્તિ રાખીશ તો પણ બંધન થશે. કર્મમાંથી પીછેહઠ કરીશ તો પણ બંધન થશે. આ બન્ને રીતે તું પોતાને કર્મોમાં બાંધીશ. આમ તો તું રાડારાડ કરે છે કે બંધન છે, બંધન છે; પણ બંધન ક્યાં છે અને શાથી થયું તે તો વિચાર કર. ઘણા માણસો તો પૈસે ટકે ખુવાર થઈ જાય કે ઘરમાં કંકાસ થાય કે ઘર છોડીને સાધુ થઈ જાય. આવી રીતે શું સ્થિતપ્રજ્ઞ થવાય ? ભગવાં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પહેરે, દાઢીમૂછ વધારે, તિલક કરે કે ગળામાં માળા પહેરે – એમ કંઈ સ્થિતપ્રજ્ઞ થવાય? સ્થિતપ્રજ્ઞમાં આવું કશું હોતું નથી.

કર્મો ભોગવવામાં જે પાછી પાની કરતો નથી તે જ અભય છે, તે જ જ્ઞાની છે. તેને જ હું મળું છું. તે જ બ્રહ્મજ્ઞાની છે અને તે જ ભક્ત છે. આ મારો ગજ છે. તું તેનાથી માપી જો. ચળકે તેટલું બધું સોનું એમ ન સમજીશ. ઉજળું એટલું દૂધ છે એમ ન માનીશ. નકલી સોનું પણ એ રૂપિયે તોલો મળે છે તે અહીં નથી.

શ્રેષ્ઠ પુરુષ કોણ? હવે બધાંએ પોતે પોતાની મેળે જ સમજી જવાનું છે. ઘરમાં બેસીને જ આ બધું કરવાનું છે. "બહાર" કશું નથી; જે છે તે "અંદર" જ છે—ઘરમાં જ છે. સાધુ થઈશ તો ભિક્ષા માગવાની અને ઝાડ તળે સૂવાનું છે. કર્મનો બોજો છોડીને જો કોઈ ભાગી જાય તો તે સહન કરી શકશે નહિ; તેનું પતન થવાનું જ. મારા ભક્તની તો હું રક્ષા કરું છું. જે કામ આવ્યું તે કરી લેવાનું. બધાં કર્મો કરવાનાં. બૈરીને હોસ્પિટલમાં મૂકવા જવું પડે તો જવું. કોઈ મરી જાય તો બાળી આવવું... બધાં કર્મો કર્યે જ જવાં. કોઈ વ્યક્તિને વળી એવો ભાવ આવે કે આવાં કાર્યો કંઈ થાય? પણ આ ખોટો ભાવ છે.

સ્થિતપ્રજ્ઞના લક્ષણો વર્ણવતી વખતે તો ભગવાને ઘણા ભારે શબ્દો વાપર્યા હતા, પણ અહીં તો સીધા સાદા શબ્દોમાં 'વિહિત' કર્મો કરવાનું કહે છે.

સ્વધર્મમાંથી છટકવું, સ્વધર્મમાંથી પાછી પાની કરવી એનું પરિણામ તો કર્મબંધન છે. જન્મો લેવા પડશે. કોઈ માન આપે, કોઈ અપમાન કરે; આ બન્ને જેને મન સમાન છે, તે છૂટો છે. ફૂલનો હાર અને ખાસડાનો હાર બન્ને તેને મન સરખા છે. આવો પુરુષ શ્રેષ્ઠ ગણાય. આવા માણસને કર્મયોગી ગણવો. તે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

યજ્ઞ જ કરી રહ્યો છે અને તે યજ્ઞનું ફળ તે હું જ—ભગવાન જ. ભગવાન આ યજ્ઞનું ફળ–મોટામાં મોટું ફળ. આ સાચી વાત છે અને તે કહેવી જ પડશે. રાંધવું, પાણી ભરવું, છોકરાં સાચવવા, ઘરનાં બધાં કામકાજ કરવાં–આ બધાં કર્મો જ છે ને! આપણા શરીરને દાસ બનાવીને આ કર્મો કરવાં–આ જ ખરો યજ્ઞ છે. આપણી આજુબાજુના બધા લોકોની સેવા કરવી તેનું નામ યજ્ઞ, તેનું નામ પૂજા. આ બધાં કર્મો ક્યારે છૂટે! ભક્તિથી જ. બધાંનું મૂળ જ ભકિત છે. બધાંનું મથાળું પણ ભક્તિ જ. કોઈની સેવા કરવી, કોઈના કામમાં ઉપયોગી થવું તે પણ ભકિત જ છે. ભૂખ્યાંને ખવડાવો તેનું નામ યજ્ઞ. મારી મૂર્તિને મોટા થાળ ધરાવીને પોતે ખાય તેમાં હું સંતોષાતો નથી. હું સગુણરૂપે ભૂખ્યાંદૂખ્યાંને રૂપે આવું છું ત્યારે ખવડાવતા નથી અને મૂર્તિને ખવરાવે ત્યાં શું થાય? આ તો મને ગમતું જ નથી. બપોરે ભૂખ્યાંને બોલાવીને ખાવા આપે તે જ યજ્ઞ કરે છે અને તે જ કર્મયોગી છે.

મહાભારતમાં એક નોળિયાની વાત આવે છે.

પાંડવોએ રાજસૂય યજ્ઞ કર્યો, યજ્ઞમાં તો ઘણાં માણસો જમે. યજ્ઞ વખતે જમેલા લોકોની એંઠી પતરાળીઓમાં એક નોળિયો આવીને આળોટવા લાગ્યો. આ નોળિયો અર્ધો સોનાનો હતો. યુધિષ્ઠિરે આ આશ્ચર્ય જોયું. તેમણે શ્રીકૃષ્ણને પૂછ્યું કે આમ કેમ? આ નોળિયો અર્ધો સોના જેવો કેમ? વળી અહીં કેમ આળોટતો હશે? શ્રી કૃષ્ણે પાણીની અંજલિ લઈને નોળિયા પર છાંટી. નોળિયાને વાચા આવી અને તે બોલવા લાગ્યો, 'હે યુધિષ્ઠિર રાજા! આ તારો યજ્ઞ સાચો યજ્ઞ નથી;' યુધિષ્ઠિર તો આશ્ચર્ય-ચકિત થઈ ગયા. ત્યાં તો નોળિયો બોલ્યો, 'હે રાજન, પૂર્વે એક ગરીબ બ્રાહ્મણ હતો. તે એક ઝૂંપડીમાં રહેતો હતો. બપોરનો વખત હતો. જમવાની વેળા થઈ. ઘરમાં તો એક ટંકનું અનાજ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

હતું. ગરીબ બ્રાહ્મણ પોતાની પત્ની અને બાળકોને માટે ટંક-પૂરતું માંડ લાવી શકે. જમવા બેસે ત્યાં તો ઝૂંપડી આગળ એક ભૂખ્યો માણસ આવી ચડ્યો. તે ગરીબ બ્રાહ્મણે તેને હેતથી જમાડ્યો. પોતાનો ભાગ, પત્નીનો ભાગ, અરે, બાળકનો ભાગ પણ આ ભૂખ્યાને ખવરાવી દીધો. એ ભૂખ્યો જ્યાં જમ્યો હતો ત્યાં તેની એંઠી પતરાળીમાં હું આળોટ્યો અને મારું અર્ધું અંગ સોનાનું થઈ ગયું. જમાડતી વખતે એ બ્રાહ્મણમાં કર્તાપણાનો ભાવ નહોતો. તેનું એ રોટલાનું દાન પણ તારા યજ્ઞ કરતાં મોટું હતું."

નોળિયો યુધિષ્ઠિરના યજ્ઞ વખતે આવીને આળોટ્યો પણ સોનાનો ન થયો. રાજસૂય યજ્ઞ એ નિષ્કામ કર્મ નહોતું. કરોડો માણસોને ખવરાવો પણ કર્તાપણાનો ભાવ હોય તો બધું નકામું. કેટલાકને પોતે મોક્ષ માટે કાર્ય કરે તેમાં પણ અભિમાન હોય છે. જે કર્તાપણાનો ભાવ કાઢી નાખે તેને તો હું જ મળી જાઉં છું; ભગવાન જ તેને મળે છે. મોક્ષ તો તેને માટે નીચી વસ્તુ છે. બે રોટલા આપીને એ હાથ ધોઈ નાખો. કર્તાપણાનું અભિમાન કાઢી નાખો. બાકી લાખની મૂડીમાંથી દશહજાર આપ્યે શું વળે? અને તે પણ હું આપું છું એ ભાવ સાથે!

કોઈ વળી ઘરમાં બોલે કે 'તમને બધાંને મારાથી ખવડાવી શકાશે નહિ'– આ ભાવ પણ ખોટો જ છે. બધાંથી કંટાળીને કહે કે 'હું હવે સાધુ થઈ જઈશ.' આ પણ ખોટું જ છે. ભગવાન તો ચોખ્ખું કહે છે કે પહેલાં તું કર્મનું આચરણ કર; પછી સાધુ બનવાની વાત કર. તે તો આગળ ઉપર થઈ રહેશે. (૧૦)

देवान्भावयतानेन ते देवा भावयन्तु वः।
परस्परं भावयन्तः श्रेयः परमवाप्स्यथ ॥ ११ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આ સ્વધર્મ રૂપી યજ્ઞ વડે તમે દેવોની આરાધના કરો; એટલે દેવો તમારા પર પ્રસન્ન થશે અને આ પ્રમાણે પરસ્પરને પ્રસન્ન કરી તમારું ઉત્તમ કલ્યાણ સાધી શકશો. (૧૧)

સ્વધર્મરૂપી યજ્ઞ કરવા માંડચો કે બધા દેવો પ્રસન્ન થઈ જશે. વિહિત કર્મો કરો પછી કોઈને દેવ થઈ જવાની ઇચ્છા હશે તો તે પણ ફળશે. જે કોઈ સકામ ભાવથી પણ વિહિત કર્મો કરશે, તેની જે કંઈ ઇચ્છા હશે તે જરૂર ફળશે. હનુમાનની, રામની, કૃષ્ણની, કોઈપણ દેવની ભક્તિ છોકરા માટે કરો, બૈરા માટે કરો કે પૈસા માટે કરો પણ સ્વધર્મ આચરીને કરો તો તે ફળશે. ઊંદરને અંદર લેવા માટે ઊંદરિયામાં જેમ રોટલી વળગાડીએ તેમ ભગવાન ભક્તને પહેલાં તો સકામ કાર્યો કરવાનું કહે છે, પછી તો નિષ્કામ-કર્મની જ વાત કહેશે.

ભગવાન ભક્તને માટે ધીમે ધીમે એક એક પગથિયું કેટલા નીચે આવે છે તે તો જુઓ! પહેલાં સ્થિતપ્રજ્ઞની વાત કહી, પછી નિષ્કામકર્મની વાત કહી. હવે સકામકર્મની વાત કરે છે. અર્જુનને ઊંચે લઈ જવા માટે ભગવાન કેટલા નીચે આવીને સમજાવે છે! (૧૧)

इष्टान्भोगान्हि वो देवा दास्यन्ते यज्ञभाविताः ।
तैर्दत्तानप्रदायैभ्यो यो भुङ्क्ते स्तेन एव सः ॥ १२ ॥

યજ્ઞથી પૂજાયેલા દેવો સંતુષ્ટ થઈને તમને તમારા ઇચ્છિત ભોગો આપશે. દેવતાઓએ આપેલા ભોગો પાછા તેમને જ અર્પણ કર્યા વિના પોતે જ જે ભોગવે છે, તેને ચોર સમજવો. (૧૨)

યજ્ઞ કોને કહેવાય અને યજ્ઞ કેમ કરવો એ તો તને સમજાવ્યું છે. આવી રીતે જે કોઈ યજ્ઞ કરશે. તેની બધી ઇચ્છા પૂર્ણ થશે. એ યજ્ઞનું જે કંઈ ફળ મળે તે વહેંચતા આવો. સકામભક્તિથી જે મળ્યું એ બધાંને વહેંચી દેવું જોઈએ. જે નથી વહેંચતો તે તો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ચોર. જે તમને મળ્યું છે તેમાંથી વહેંચવા માટે રૂપિયે પાવલી તો કાઢો. રામરક્ષાના પાઠથી પુત્રની પ્રાપ્તિ થઈ તો પુત્ર દેવને અર્પણ કરો. તેને ભક્તિમાર્ગે વાળો. જેની પાસેથી જે મેળવો તે તેને જ અર્પણ કરી દેવું. આમ કરશે તો ઉંદર રોટલીમાં નહિ ફસાય, જીવ સકામ ભક્તિમાં નહિ ફસાય. પછી તો ઉંદરને રોટલી ખાવાનો પણ ભાવ રહેશે નહિ. ભગવાન અહીં કેટલી બાંધછોડ કરે છે! ભગવાન અહીં કેટલું કોમ્પ્રોમાઈઝ (Compromise-સમાધાન) કરે છે. દેવોને પ્રસન્ન કરીને સકામ કર્મો કરો પણ તેનું ફળ તેને જ અર્પણ કરો. ઇશ્વરાર્પણ બુદ્ધિ રાખો. (૧૨)

यज्ञशिष्टाशिनः सन्तो मुच्यन्ते सर्वकिल्बिषैः ।
भुञ्जते ते त्वघं पापा ये पचन्त्यात्मकारणात् ॥ १३ ॥

યજ્ઞનો અવશિષ્ટ પ્રસાદ જેઓ ગ્રહણ કરે છે, તે શ્રેષ્ઠ પુરુષો સર્વ પાપોથી મુક્ત થાય છે, વળી જે પુરુષો પોતાને માટે જ અન્ન રાંધીને ખાય છે તેઓ તો પાતકનું જ ભક્ષણ કરે છે. (૧૩)

સ્વધર્મના પાલનથી જ સાચો આનંદ આવે છે. આ આનંદ છેવટ મુક્તિ અપાવે છે. જે સ્વધર્મનું આચરણ કરતો નથી તે પાપી જ છે. પોતે એકલો પેટ ભરે છે તેની તેને સમજણ પડે જ છે. અને તે સ્વધર્મ આચરતો નથી, એટલું તે જાણે છે. માટે હે અર્જુન! તું રાજ્ય જરૂર મેળવ. તે મેળવવા માટે તું યુદ્ધ કર. જીતી લઈને પાછું એ ઇશ્વરાર્પણ કરી દે.

કોઈ તમાચો મારે, ઇશ્વરાર્પણ કર. કોઈ હાર પહેરાવે, ઇશ્વરાર્પણ કર. તમાચો મારે ત્યારે માથું નીચું રાખ. હાર પહેરાવે ત્યારે માથું ઊંચું રાખ. બોલ્યા વિના જે મળે તે લે અને સ્વધર્મ આચર. જે સ્વધર્મથી ભાગે તે કાયર છે. તું આવું આચરણ કરીશ તો શ્રેષ્ઠ થઈ જઈશ. જે પોતાનાં કર્મો ઇશ્વરાર્પણ નથી કરતો તે તો પાતકી છે, તે નારકી છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સાચું કહીએ તો ગીતા અહીં જ પૂરી થઈ ગઈ છે.

હવે તો ભગવાન અને અર્જુન સત્સંગ કરે છે. ભગવાન અર્જુનને કહે છે કે મારે પણ પાઠ થશે. અત્યારે તો આ સ્વધર્મ-પાલનરૂપી યજ્ઞની વાત સાંભળ. આગળ ઉપર બ્રહ્મસંન્યાસ, કર્મ-સંન્યાસ જે કંઈ હશે તો થઈ રહેશે. (૧૩)

अन्नाद्भवन्ति भूतानि पर्जन्यादन्नसंभवः ।
यज्ञाद्भवति पर्जन्यो यज्ञः कर्मसमुद्भवः ॥ १४ ॥

कर्म ब्रह्मोद्भवं विद्धि ब्रह्माक्षरसमुद्भवम् ।
तस्मात्सर्वगतं ब्रह्म नित्यं यज्ञे प्रतिष्ठितम् ॥ १५ ॥

અન્નથી પ્રાણીઓની ઉત્પત્તિ થાય છે અને અન્ન વરસાદથી ઉત્પન્ન થાય છે. યજ્ઞ કરવાથી વરસાદ વરસે છે અને યજ્ઞની ઉત્પત્તિ કર્મથી છે. કર્મ વેદમાંથી ઉત્પન્ન થાય છે અને વેદની ઉત્પત્તિ પરમેશ્વરમાંથી છે એમ તું જાણ. એટલે સર્વગત જે વેદ, સર્વધર્મરૂપી યજ્ઞમાં નિરંતર વાસ કરે છે. (૧૪-૧૫)

ભગવાન હવે બધું છૂટું પાડીને સમજાવે છે. શરીર અન્નથી ઉત્પન્ન થાય છે. અન્ન વરસાદથી ઉત્પન્ન થાય છે. વરસાદ યજ્ઞથી એટલે કે વિહિત કર્મથી વરસે છે. સ્વધર્મના કાર્યોથી વરસાદ વરસે છે અને વરસાદ થાય એટલે જીવો ખાધેપીધે સુખી થાય છે.

આજે આપણે ત્યાં સ્વધર્મની મોટી મોટી વાતો થાય છે જ્યારે પશ્ચિમના દેશોમાં સ્વધર્મનું આચરણ થાય છે, વાતો નહિ. આપણી પ્રજા આજે સત્ત્વહીન થઈ છે. ચારે બાજુ ધર્મને બદલે દંભ વધી ગયો છે, એટલે ઊંચા કેમ અવાય? ગીતામાં ધર્મના બધા લક્ષણો કહ્યા છે, તે ઉપરથી વિચારો કે આપણે ત્યાં આજે કેટલું સ્વધર્મનું આચરણે થાય છે! મહાત્માજી બાવન લાખ બાવાઓની વિરુદ્ધ બોલતા તે શું અમસ્તું જ? જ્યાં ધર્મની સમજણ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અપાતી નથી એવા મઠોને કે આશ્રમોને શું કરવા છે? જેઓ પ્રજાને ધર્મની સાચી સમજણ આપતા નથી ને આળસને જ પોષે છે એવા કહેવાતા સાધુઓનું કામ પણ શું છે? મોટી મોટી કુંડી બનાવીને તેમાં ઘી હોમવાથી વરસાદ નહિ વરસે. ઋષિમુનિઓ સ્વધર્મરૂપી યજ્ઞો કરતા–આવા યજ્ઞો નહિ. ક્ષત્રિયથી યુદ્ધસમયે ઘરમાં ન બેસાય. તે તો લડવા નીકળી જ પડશે. આચરણ કરવું તેનું નામ ધર્મ. આ બધાનું મૂળ તો કર્મ જ છે. આ સૃષ્ટિની લીલા (cycle) ચાલે છે તે કર્મથી જ. નિત્યમાં તો કંઈ નથી. તે તો અકર્તા છે. જ્યાં સુધી દેહભાવ છે, જ્યાં સુધી મન દેહભાવમાં છે, ત્યાં સુધી કર્મો કરો તો જ યજ્ઞ થયો ગણાય. યજ્ઞથી વરસાદની અને વરસાદથી અન્ન ઉત્પત્તિ છે. નિત્યમાં લીલા છે જ નહિ. ત્યાં તો કશુંયે નથી. દેહ લઈને બેઠા છો, ખેતર લઈને બેઠા છો તો ખેતી કરવી પડશે, કામ કરવું પડશે. ઘણાં લોકો અહીં જ પાછી પાની કરે છે. દેહભાવીના મૂળમાં યજ્ઞ છે જ માટે કર્મ કરવા જ પડે.

કર્મ વેદમાંથી ઉત્પન્ન થયાં છે. વેદ એટલે શું? વેદ એટલે ભગવાનની વાણી. સમાધિભાવમાંથી બોલાય તે જ વેદ.

હે અર્જુન! મારી વાણી તે એ જ. એ જ મારા મુખની વાણી. વિહિત–કર્મ વેદમાંથી ઉત્પન્ન થયા છે અને વેદ મારામાંથી ઉત્પન્ન થયા છે. આ લીલાનું મૂળ તો હું જ છું. લીલા એટલે એક્ટિંગ–(Acting–અભિનય.) જે કોઈ પોતે પોતાની રીતે કાર્ય કરી જાય તે જ શ્રેષ્ઠ પુરુષ છે. લીલા પણ ક્યાં છે? નિત્યમાં જ લીલા છે. લીલામાં મારો જ વાસ છે. હું તેનાથી જુદો નથી. આનું નામ લીલા. આ મૂળ સમજી જા. પેલી બાજુથી મૂળને જો; તોય સમજી જઈશ. લીલા સમજ કે નિત્ય સમજ. લાડુ ગમે ત્યાંથી ખાઓ–કિનારી પરથી ખાઓ કે વચ્ચેથી ખાઓ–આનંદ તો બધેય આવે. આ સમજો અને કાર્યો કરો.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કર્મરૂપી પક્ષીની બન્ને પાંખો ભગવાન બતાવી દે છે. (૧૫)

एवं प्रवर्तितं चक्रं नानुवर्तयतीह यः ।
अघायुरिन्द्रियारामो मोघं पार्थ स जीवति ॥ १६ ॥

હે પાર્થ ! આ પ્રકારે ચાલુ રહેલા ચક્રને અનુસરી જે મનુષ્ય આ જગતમાં વર્તતો નથી, તેનું જીવન વ્યર્થ છે. તે ઇન્દ્રિયલંપટ પાતકી પોતાનું આયુષ્ય વૃથા જ ગુમાવે છે. (૧૬)

હે અર્જુન ! આ ચક્રમાંથી છૂટવાનો પ્રયત્ન નહિ કર. આ નાટકનો રચનાર હું જ છું એ સમજ. આમાંથી છુટવાનો પ્રયત્ન તું શા માટે કરે છે? એમાં તો તું દુરાચારી, વિષય–લંપટ અને પાપી ગણાઈશ. આથી વધારે તને શું કહેવું? આ નાટકમાં તારે લીલા કરવાની છે. તારે જે પાર્ટ (Part–ભાગ) ભજવવાનો છે તે પૂરેપૂરો ભજવ. તમારે જે લીલા કરવાની છે, તે કરવી જ પડશે. તમે આ પ્રમાણે લીલા કરવાનું માગેલું છે. તમે માગેલો પાર્ટ જ તમને આપ્યો છે. હવે એ ભજવવો જ રહ્યો. એ પ્રમાણે લીલા કરવી, કર્મ કરવા. કર્મરૂપી પક્ષી તે હું જ. તમે આ બાજુથી કે તે બાજુથી મને જ પામશો. આ જડ અને ચેતન જગત, તેમાં તમારી લીલા કરો. નિષ્કામ–કર્મ કરો; નિષ્કામ નહિ તો સકામ કર્મ કરો. છેવટ તો તું "હું" થઈ જઈશ; પછી કંઈ નહિ રહે. માલિક થઈ ગયા પછી નાટકમાં પાઠ નથી લેવો પડતો પણ પહેલાં તો પાઠ લેવો જ પડે છે. પાઠ લેવો એટલે કર્મ કરવાં. કર્મ કર; લીલા કર. તેની પાછળ તો હું જ બેઠો છું, એ તું કેમ સમજતો નથી? તારામાં જે ચેતન છે તે હું જ છું— આટલું સમજી જા. જ્યાં સુધી તું ઘાટી છો ત્યાં સુધી તો વાસણ માંજવા પડશે. જ્યાં સુધી તું દેહધારી છે, ત્યાં સુધી તો કામ કરવા જ પડશે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અર્જુનને માટે કદાચ ભગવાને ઘાટી એ શબ્દ નહિ વાપર્યો હોય, સિપાહી કહ્યો હશે.

જો ઘાટી ભૂખનો માર્યો, પેટ ખાતર કામ કરવા આવે અને કામ જોઈને જ ભાગી જાય તે શા કામનું? કર્મ જ હું છું, કર્મોના મૂળમાં હું જ છું-કર્મ જ ભગવાન છે, કર્મના મૂળમાં ભગવાન જ છે એમ સમજીને નિષ્કામભાવે તું કર્મ કર.

* * * *

જુઓ તો આ પણ એક નાટક જ થાય છે. મારે પાઠ ભજવવાનો આવ્યો છે. ગીતાનો પાઠ કરવો એ મારો પાઠ છે. (પાઠ = Reading — વાચન, પાઠ = Part, નાટકમાં મળેલો ભાગ). પ્રેક્ષકો જોઈને કહેશે કે પાઠ બરાબર કરું છું કે નહિ. પાઠમાં જો ભૂલ થાય તો પ્રેક્ષકોએ કહેવું જ જોઈએ. તમે લોકો સવાલ પૂછો છો! ના, ના, તમે જ સમજાવો છો. તમે તો પાઠ લેનાર છો. પાઠ લેનાર તો વધારે હોંશિયાર હોવો જોઈએ ને! પાઠ લેનાર કોણ હોય? માસ્તર (Master — ગુરુ). તમે બધા માસ્ટર જ છો—પરમાત્મા જ છો. પછી શું? પ્રેક્ષકોએ સજાગ રહેવું જ જોઈએ.

* * * *

પેલી અવધૂતની વાત તો સાંભળી છે ને!

અવધૂતનો સ્વાંગ સજેલ એક મહાત્મા એક ગામમાં આવ્યા. મહાત્માનું વર્તન એવું કે અવધૂત અવસ્થામાં હોય એમ જ લાગે; બાળકભાવમાં હોય તેવું જ લાગે જ્ઞાનની સાતમી ભૂમિકામાં જાણે કે ન હોય! લોકો તો તેમના દર્શને આવે. મહાત્માની પાસે ફળ-ફૂલ, મેવામીઠાઈ, પેંડાબરફી બધુંય મૂકે. મહાત્મા તો કશું ય ખાય જ નહિ. હા, કોઈ જો તેમના મોઢામાં મૂકે તો ખાય. બાળકભાવમાં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ખરા ને! લોકો તો તેમના દર્શને ઉમટ્યા. બૈરાંઓ તો શણગાર સજીને દર્શન કરવા આવે. કોઈ કોઈ તો મહાત્માને ખવરાવે પણ ખરા. મહાત્માની ખ્યાતિ તો વધવા લાગી. ગામમાં રાજારાણીએ પણ મહાત્માની ખ્યાતિ સાંભળી. રાણી પણ ઉત્તમોત્તમ સાડી પહેરી સાથે દાસીઓ લઈને મહાત્માની પાસે આવી. દાસીઓના હાથમાં મેવામીઠાઈના થાળ હતા. રાણીએ ગીતાનું વાચન કરેલું. ઉપર–ઉપરનું વાચન નહિ પણ ઊંડો અભ્યાસ અને સમજણ બન્ને તેનામાં હતા. રાણી ખરેખર વિદ્વાન હતી. રાણી આવી ત્યારે મહાત્મા તો બાળકભાવમાં હોય એવા ઢોંગમાં જ વર્તતા હતા. તેઓ તો રાણીના ખોળામાં જઈને બેઠા. બેઠા એટલું તો નહિ પણ ખોળામાં વિષ્ટા પણ કરી. મહાત્મા તો અવધૂત ખરા ને! વળી બાળકભાવમાં હતા તેથી આમ જ વર્તે ને! રાણી તો વિદ્વાન હતી. તેણે કશોય વિરોધ ન કર્યો. તેણે હસતાં હસતાં જ મીઠાઈના થાળમાંથી એક પેંડો ઉપાડયો; વિષ્ટામાં બોળીને મહાત્માના મુખમાં મૂકવા તૈયાર થઈ. જ્યાં મહાત્માએ એ પેંડો જોયો કે તરત જ તેમણે મુખ ફેરવ્યું. રાણી સમજી ગઈ કે આને તો હજી ભેદભાવ રહ્યો છે. આ અવધૂત ન હોય. વિષ્ટામાં અને પેંડામાં ભેદ હોય તે અવધૂત શાનો? આ તો હજી દેહભાવી છે, ઢોંગી છે. એનું બહારનું આચરણ જ મહાત્મા જેવું છે. જેવું મહાત્માએ મોઢું ફેરવ્યું કે તરત રાણીએ ઉપાડીને એક લાફો માર્યો. જ્ઞાનની સાતમી ભૂમિકાને બદલે આ અવધૂત તો અજ્ઞાનની સાતમી ભૂમિકામાં હશે!

હે અર્જુન! તું આવો સમજુ પ્રેક્ષક થા, રાણીની જેવો. તારે મહાત્મા જેવા ઢોંગી થવાનું નથી ઢોંગીઓનો તો સાથ પણ છોડવો જ જોઈએ. ત્યારે પ્રશ્ન થશે કે આપણે રહેવું કઈ રીતે? વર્તવું કઈ રીતે?

વિહિત કર્મો તો કરવાં જ પડશે તો પછી "જૈસે રાખ હું વૈસે હી રહું." હું જેમ રાખું તેમ રહો. 'રામ રાખે તેમ રહીએ રે.'

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આવા ભજન તો તમે ગાઓ છો પણ તે ભાવ જીવનમાં ઉતારો. કોઈ જાતનું અભિમાન ન રાખો જે છોડી દેવાનું છે તે હું જ છોડાવી દઈશ. જેને જેમ છોડાવવો હશે તેમ છોડાવી દઈશ. તમે તો નિત્ય નિયમ મુજબ ભજન કરો, ભક્તિ કરો અને વિહિત કર્મોનું આચરણ કરો, પછી બીજા જન્મમાં તો મારું નામ સાંભળતાં જ સમાધિ થશે; પણ પહેલાં આચરણ તો કરવું જ પડશે.

રામાયણ જેવા ગ્રંથો આપણને વિહિત કર્મોનું આચરણ જ શીખવે છે. યોગવસિષ્ઠ રામાયણમાં વસિષ્ઠ અને રામનો સંવાદ વાંચ્યો છે? રામના લગ્ન થયા તે પહેલાં તેમને એક વખત વિષાદ થયો હતો. તેમને બધાં કર્મો પ્રત્યે કંટાળો આવી ગયો. તેઓ શૂનમૂન ચિત્તે એકબાજુ બેસી રહેતા. આવી અવસ્થા થઈ ત્યારે ગુરુ વસિષ્ઠે તેમને જ્ઞાન આપ્યું. તેઓ બ્રહ્મજ્ઞાની થયા. બ્રહ્મજ્ઞાની થયા પછી સીતા માટે શું કામ વનેવન રડતા રડતા ભટકતા હતા! બ્રહ્મજ્ઞાની થયા પછી શા માટે રાવણની જોડે લડયા હશે! બ્રહ્મજ્ઞાન તો પહેલાં થયું અને લગ્ન પછી થયા. રામ જ્યારે કર્મોથી ભાગતા હતા ત્યારે વસિષ્ઠની સલાહથી આ કરવું જ પડયું ને! હે અર્જુન! મને રામાવતારમાં વસિષ્ઠે જે સમજાવ્યું તે જ હું તને સમજાવું છું. રામ બ્રહ્મજ્ઞાની હતા. તેમને ન હતી દાઢી કે નહોતો મુગટ, રાજ્ય કરવાનું આવ્યું ત્યાર રાજ્ય પણ કર્યું અને જંગલમાં જવાનું આવ્યું તો જંગલમાં પણ ગયા. યોગવસિષ્ઠ રામાયણ સમજવું બહુ મુશ્કેલ છે. તે તો નિત્યનો સંવાદ છે. હે અર્જુન! જો હું પણ તારો રથ હાંકું છું. આ કર્મ હું કરું છું ને! રામે પણ કર્મો કર્યા. સગુણબ્રહ્મ એવા રામે પણ કર્મો કર્યાં તો પછી મનુષ્યને માટે તે કર્મ કરવાં જ રહ્યાં. નરમાંથી નારાયણ થવું હોય તો વિહિત કર્મોનું આચરણ કરો.

તમે ભજન કરો છો પણ ભજનમાં તમારું વર્તન કેવું

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

હોય છે તે જરા વિચારો. હજી બે કલાક ન થાય ત્યાં તો ભજન બંધ કરો છો. નિત્યની વાતોમાં તો કાળ ન હોય. ભજનમાં અને ભક્તિમાં તમારું ધ્યાન તો ઘડિયાળ પર હોય છે. સંન્યાસી હોય તો પણ કહેશે કે 'ટાઈમ બહુત હો ગયા.' તેની પાસે પણ ઘડિયાળ હોય છે. ભજનભક્તિમાં જે ભાગભાગ કર્યા કરે તે બધા અજ્ઞાની જ છે. આવા લોકો પોતે તો ભજન ન કરે પણ બીજાનું ભજન પણ બંધ કરાવે. જેને ભગવાનની પ્રાપ્તિ થઈ ગઈ છે, તે શું એમ બોલે કે 'બહુત હો ગયા.' 'હવે અમારે કશું કરવાની જરૂર નથી'—આમ માનવું એ તો મોટી ભૂલ છે. રામકૃષ્ણ પરમહંસને જેમ ભગવાનનું નામ સાંભળતા જ સમાધિ થઈ જતી; એવું થવું જોઈએ. એવી સ્થિતિ એ જ ઉત્તમ સ્થિતિ.

આવી સ્થિતિ પ્રાપ્ત કરવા માટે મનને સ્થિર કરવાનું છે. અંતરની સ્થિતપ્રજ્ઞતા કરવાની છે. બહારથી એટલે શરીરથી સ્થિર થાય પણ વિહિત કર્મો નહિ કરે તેને તો તમાચા જ પડે. પેલા મહાત્માના ગાલ પર જેમ રાણીના હાથના તમાચા પડચા તેમ તમાચા જ પડશે. જે મહાત્માઓ રામને માટે રડતા નથી તે ભક્તિ કરતા નથી. સાધકને માટે તો બહુ મુશ્કેલીઓ છે. તેણે કુશળ રહેવું જોઈએ. ભક્તે તો સિંહની પેઠે રહેવું જોઈએ, ખોટા દંભી સાધુઓના સત્સંગથી તેણે ચેતવું જોઈએ. ઊંડા ઉતરીને જોવું જ જોઈએ આપણે તો ઊંડા ઉતરતા જ નથી. પછી શું થાય?

કર્મો છોડવાં પડતાં નથી. તે તો આપેઆપ છૂટી જાય છે. તુકારામ અને નરસિંહના કર્મો આપોઆપ છૂટી ગયાં, નરસિંહના બાપનું શ્રાદ્ધ હતું અને તેઓ ઘી લેવા ગયા. ત્યાં ઘી ઘીને ઠેકાણે રહ્યું અને તેઓ તો ભજનમાં બેસી ગયા. ભક્તિ તો સતતં કરવી જોઈએ. ભક્તિ કાયમ ચાલુ જ રહેવી જોઈએ. તુકારામ પણ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

એમને એમ ભક્તિમાં જ બેસી રહેતા. આવા ભક્તોની ભક્તિ જ્યાં સતત ચાલુ હોય ત્યાં બાહ્ય પૂજા પણ ક્યાં રહે? રમણ મહર્ષિ શાંત ચિત્તે બેસી રહેતા પણ તેમની ભક્તિ તો સતત ચાલુ જ રહેતી. હાથ પણ નહો'તા ચલાવતા; પણ તેથી શું? (૧૬)

यस्त्वात्मरतिरेव स्यादात्मतृप्तश्च मानवः ।
आत्मन्येव च संतुष्टस्तस्य कार्यं न विद्यते । १७ ।

વળી જે આત્મામાં રમમાણ થએલો છે તથા જે આત્મસુખથી તૃપ્ત થયેલો કોઈને આત્માનંદથી જ તુષ્ટ છે, તેના માટે કાંઈપણ કર્તવ્ય કર્મ બચતું નથી. (૧૭)

શ્રી રામકૃષ્ણ પરમહંસને અને શ્રી રમણ મહર્ષિને પોતાના શરીરનું પણ ભાન નહોતું રહેતું. આત્મામાંથી જ આનંદના ઊભરા આવતા અને શરીરમાંથી પણ એ આનંદના ઊભરા દેખાતા. તેમાંથી બહાર નીકળે તો કર્મ કરે ને! દેહભાવમાં આવે તો કર્મ કરે ને! ભગવદ્‌મય વિચારોમાં જે ચાલી ગયો તેની ચોવીસે કલાક આવી જ સ્થિતિ રહે છે. ભક્તિ કરતાં કરતાં તેઓનાં કર્મો ખરી પડ્યાં. તમે નાનપણમાં મોઈદાંડિયે રમતા, હવે નથી રમતાં. નાનપણના કર્મો મોટપણે આપોઆપ છૂટી ગયાં. કર્મો આ રીતે છૂટી જાય. પ્રેમનો ઝરો આત્મામાં જ છે. આનંદ આત્મામાં જ છે. દેહ તેની મસ્તીમાં રહે છે. આનું નામ બ્રાહ્મભાવ. આવા પુરુષો ક્યારેક સાતમી ભૂમિકામાં પણ હોય અને ક્યારેક પહેલી ભૂમિકા હોય એવું પણ દેખાય. ત્યાં શું છે? આત્મામાં ઊઠતા આનંદના ઊભરા; અને એમાં જ તન્મયતા. એ આનંદ જ અવર્ણનીય છે; અકથ્ય છે. તેનું વર્ણન હું કરું કેવી રીતે?

મારા ભક્ત પાસે તો નિરંતર મારી જ વાતો હોય. આવા ભક્તોને હે અર્જુન! તારે ઓળખી લેવા. તેમની પાસે તો બધા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આવે શેઠિયાઓ પણ આવે, સ્ત્રીઓ પણ આવે. એટલું જોઈ લે જે કે કંચન અને કામિનીની વચ્ચે તેઓ ફસાયા તો નથીને ! કીર્તિના ફંદમાં જેઓ ફસેલા હોય તેવા લોકોને પણ બરાબર જોઈ લેવા. જેમની પાસે નિરંતર મારી જ વાત હોય તેમને પણ સમજી લેવા. મારા કહ્યા પ્રમાણે તેઓ ન હોય તો તેને છોડી દેજે.

ભક્તિ કરતા કરતા સિદ્ધિઓ પણ આવે, પરન્તુ ભક્ત કદી તેનો ઉપયોગ ન જ કરે. તે એટલો ચતુર હોય છે કે શું સાચું અને શું ખોટું તે તરત જ તેના ખ્યાલમાં આવી જાય છે. તે તો સહજ ભાવમાં, સમાધિભાવમાં જ હોય છે. તેના મુખમાંથી અવાજ ન નીકળતો હોય પણ તેના હૃદયમાં તો આપોઆપ રામરામ થયા જ કરતું હોય છે. જ્યારે બીજાઓ તો મોટેથી ધૂન બોલે પણ અંતરમાં કાંઈ બીજું જ હોય. વગર પ્રયત્ને અંતરમાં રામ રામ ચાલ્યા કરતું હોય તે સહજ-સમાધિ છે. આવો પુરુષ જ્યારે ધૂન કરે ત્યારે વિધર્મીઓ પણ સાથે ધૂન કરવા લાગશે. પરેલમાં અમારા માળામાં પાડોશમાં એક ખ્રિસ્તી બાઈ રહેતી. તે બાઈ; નારાયણ નારાયણ ૐ ૐ ૐ નારાયણ નારાયણ ૐ ૐ ૐ એ ધૂન બોલતી. આપણને તો દશ માળા ફેરવતાં પણ કંટાળો આવે. અરે, તેમાં પણ સત્તરસો વિચારો આવશે. જ્યારે અહીં ભજન તો સહજ ભાવે થયા કરે. આવી સ્થિતિ પ્રાપ્ત કરવી હોય તો નિષ્કામભાવે કર્મો કર્યે જ જાઓ. ભજનના પાવરફૂલ (શક્તિશાળી) અવાજો મનમાં અંકિત કરો. પછી તો સૂતાં, ઊઠતાં, બેસતા—બધે જ ભજનનો રણકાર મગજમાં ચાલ્યા જ કરશે. આવા માણસો ગમે તે સ્થળે જઈને ભજનમાં બેસે પણ તેઓને તો સહજ રીતે ભજન થશે, આપોઆપ ભજન થશે. ભજન કરવું પડતું નથી—થયા જ કરે છે. મારી પ્રકૃતિ પરાણે પણ આ કર્મ કરાવે છે. જાણ્યે અજાણ્યે, ટ્રામમાં, બસમાં, ગાડીમાં કે ઘરે બધે અજપાજપ થયા જ કરે. અજપાજપ કરવો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

છે એવો વિચાર કરીને તે પ્રમાણે કરશો તો કદી પણ તે પ્રમાણે નહિ થાય.

*　　*　　*　　*

પ્રારબ્ધના ભોગ તો ભોગવ્યે જ છૂટકો. મારો સ્વાનુભાવ કહું.

મેં પણ બધી જાતનો વેપાર કરેલો છે. સોના, ચાંદી, રૂ બજાર, કાપડ બજાર...બધા વેપાર કર્યા છે, પહેલાં તો પૈસા કમાવાનો જ મારો ધ્યેય હતો. નફાતોટાની પરવા હતી. જ્યારે સમજાઈ ગયું કે આ બધા તો પ્રારબ્ધના ભોગ છે ત્યારે દુકાનમાં કશો ભાવ ન રહ્યો. આપોઆપ કર્મ ખરી ગયાં. હંસ મહારાજે એક વાર કહ્યું કે કામ તો કરવાં જ પડશે. "શ્રી હંસ ટેક્ષટાઈલ્સ કું"—શરૂ કરી. કામ કરવાની કોણ ના પાડે છે? આપણા છોડવાથી કામ છૂટવાનું નથી. ભગવાન છોડાવે ત્યારે જ છૂટે. એ–ત્રણ મહિના પછી એ કામ પણ છૂટી ગયું. મેં તો જાતજાતના કામ કર્યાં છે, તેની યાદી કરીએ તો તો ઘણી મોટી થાય. તે જે જે કરાવે તે કરવું. પ્રારબ્ધમાં જે હોય તે કરવું જ પડે છે. હાથમાં કરતાલ પકડતાં પણ મને શરમ લાગતી, ભજન કરતાં પણ મને શરમ લાગતી, પણ તે કરવું પડ્યું. હવે જો ભગવાનને ભજન બંધ કરાવવું હશે તો પ્રેરણા કરશે. મારામાં જે સંકલ્પ થાય તે મારામાં જ રહે એવી સમસ્થિતિમાં જ રહેવાનું છે. હું કામની પાછળ દોડું ને કામધંધા મારાથી દૂર ભાગે એવી સ્થિતિ મેં અનુભવી છે. ગેરેજ હોત તો મોટર રાખત એવી સ્થિતિ પણ એક વાર આવી. પછી વળી ટ્રામમાં બેસવા માટે ગજવામાં એક આનો પણ ન હોય એવી સ્થિતિ આવી.

પૂ. નારાયણ સ્વામી મુંબઈ આવેલા ત્યારનો એક પ્રસંગ યાદ આવે છે તે કહું છું:

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મારે સહકુટુંબ તેમના દર્શન કરવા જવું હતું. ખીસામાં પૈસા ન હતા. જવાનો ધ્યેય નિશ્ચિત હતો અને ઇશ્વરમાં અડગ વિશ્વાસ હતો. બસ આવી અને બધાંને બસમાં બેસાડીને હું પણ સાથે બેસી ગયો. ખિસ્સામાં પૈસા તો હતા જ નહિ. અદ્‌ભુત વાત એ બની કે કંડકટર અમારી પાસે ટિકિટ આપવા આવે જ નહિ. ગેંગવેમાં ચાલ્યો જાય અને નજીક આવે ત્યારે જાણે ઓળખતો હોય તેમ હસે. અમે ગ્રાંટરોડ પહોંચ્યા. ત્યાંથી ડોકટર સાહેબની સાથે બસમાં તારદેવ ગયા ત્યાં પણ એ જ કંડકટર આવ્યો. એનું એવું જ વિચિત્ર વર્તન ચાલુ રહ્યું. તારદેવથી અમે મહાલક્ષ્મી ગયા ત્યારે પણ એ જ કંડકટર હતો. ત્યારે પણ ટિકિટ આપવા આવ્યો નહિ. સામે આવીને હસીને ચાલ્યો જાય. મહાલક્ષ્મીથી પાછા વળતી વખતે બસમાં એ જ કંડકટર આવ્યો. મેં હસીને તેને કહ્યું કે 'ઇધર ભી તુમ આ ગયા,' તે પણ બોલ્યો 'હા, તુમ ભી ઈધર આ ગયે!' મારે ક્યારેય ખીસ્સામાં હાથ ઘાલવાનો વખત જ ન આવ્યો.

એવું જ એકવાર જ્યારે મહમદઅલી રોડ તરફ ભજનમાં જવાનું હતું ત્યારે બનેલું. ખીસ્સામાં પૈસા હતા જ નહિ અને હું બસમાં બેસી ગયો. પૈસા હોય તો તો આપી જ દેવા જોઈએ. હું તો ભજનના વિચારમાં જ ગૂંથાઈ ગયેલો. ત્યાં તો બાજુનો માણસ બોલ્યો, "મારે ભાયખલ્લા ઉતરી જવું છે. તમે આ ટિકિટ લ્યો. દાદર સુધી ચાલશે."

પૈસા ખીસ્સામાં હોય તોય ઠીક, ન હોય તોય ઠીક; જો ધ્યેય નિશ્ચિત હોય તો નીકળી જ જવું. આવો વિશ્વાસ હોવો જોઈએ. પછી બધાં કર્મો આપોઆપ સમી જશે. વિહિત કર્મો તો કરવાં જ પડશે. ભજન સહજ થઈ જશે કે કર્મ શમી જશે. સહજ ભજનથી આપણને કોઈ જગાએ મુશ્કેલી નહિ પડે. ભગવાન જ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પરાણે ભજનમાં લઈ જશે. ભજન કર્યે જ છૂટકો. કંટાળો આવે અને ઘરે બેસી ગયા હોઈએ ત્યાં આવીને કોઈ કહેશે કે ચાલો ભજન કરવા. અને આમ ભજન કરવું જ પડે.

*　　*　　*　　*

ભજન કરતા કરતા એની મેળે આનંદ આવી જશે. ભજન કરવું એ પણ વિહિત કર્મ છે. એ કર્મ પણ નિષ્કામભાવપૂર્વક કરવું. સકામ ભક્તિથી તો મજૂરી મળી જાય. સમર્થ પુરુષની ઓથ લઈને શું ભીખ માગવાની હોય? રાજાની રાણી કદી ભીખ માગે ખરી? ભક્ત ભીખારી નથી અને જે ભીખારી છે તે ભક્ત નથી. ભગવાન કહેશે કે મારી વહુ થઈને ખાવાપીવા માટે મારી ઉપર જ અણુવિશ્વાસ રાખે છે. જે માયાની ઓથે રહે તેને જ પેટની ચિંતા હોય. આજે તો ભાગવતની કથા વંચાય છે ત્યાં પણ ધર્માદા પેટી ફરતી હોય છે, ત્યાં પણ પોથી પર પૈસા મૂકાય છે. આજે તો ભાગવત વાંચવાના પણ ભાવ બોલાતા હોય છે, હજાર રૂપિયા ને બારસો રૂપિયા એમ ભાવ બોલાતા હોય છે. આ તો સકામ ભક્તિ પણ નથી. એ તો એક ધંધો છે. કથા વેચવાની વાત તો અનીતિની વાત કહેવાય. જ્ઞાનની શું કિંમત કરાય?

રાજા બિંબિસારે મહાવીર સ્વામીને એક વાર કહ્યું કે મને તમારા સામયિકનું ફળ આપો. તમારા ભજનનું ફળ આપો. મહાવીરસ્વામીએ શું કહ્યું હશે? તમે જ વિચારો ને! રાજપાટ આપે તોપણ ભજન વેચાય? સામયિકની કિંમત હોય કે? તે તો અમૂલ્ય છે. આજે તો કોઈ શેઠ કહેશે કે મારે ચેરીટી કરવી છે અને કથાકારો સાચો ચેરીટીનો રસ્તો બતાવવાને બદલે પોતાના ગજવા જ આગળ ધરશે. ખીસ્સામાં પૈસા હોય તોપણ હાથ લંબાવશે.

એક મહાત્મા દેવલાલીમાં આવેલા. તેમની પાસે કંઈક ધન હતું. તેમને ચોર લૂંટારાનો સતત ભય રહ્યા કરે. ત્યાં એક બીજા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સંન્યાસી તેમને મળ્યા. તેમણે જોયું કે આ મહાત્મા કંઈક સંતાડ્યા કરે છે. અન્તે મહાત્માએ તેમને કહ્યું કે મારી પાસે અત્યારે છ હજાર રૂપિયા છે, તેથી સાચવવા પડે છે. સંન્યાસીએ તેમને કહ્યું કે તમારે વળી રૂપિયાની શી જરૂર છે? છોડી દીધું તેને શા માટે રાખવું? આ તો થૂંકીને ચાટવાની વાત થઈ.

આવી વાત કરવાની જરૂર છે માટે કરું છું. તે એટલા માટે કે આપણામાંનો કોઈ ચેતે. આવા મહાત્માઓમાં કોઈ ભરમાઈ ન જાય. કાલની ફિકર ન રાખે તે જ મારો ભક્ત છે. મારા પર જેને વિશ્વાસ છે તે જ મારો ભક્ત છે, એમ ભગવાન કહે છે. તુકારામ પાસે અષ્ટસિદ્ધિઓ હતી પણ તે કહે કે મારે એ સિદ્ધિઓનું કશું કામ નથી. મારે તો જે ભગવાનનું નામ બોલે તે જ ઉત્તમ છે.

કેવળ ભક્તિને માટે જ ભક્તિ કરવી. ભક્તિમાં કીર્તિની કે બીજી કામનાઓ ન હોવી જોઈએ. આ ભાઈ ફલાણાને પગે લાગ્યા અને મને પગે ન લાગ્યા—આવો ભાવ ભક્તને ન હોય. બધાંમાં સમદૃષ્ટિ રાખો તો જલદી ભગવાન મળશે. તેમાં કાંઈ ઓછી વાર લાગવાની છે? વાર નથી જ લાગવાની.

* * * *

હું મારી જ વાત કરું.

જ્ઞાનેશ્વર, નારાયણ સ્વામી, શ્રદ્ધાનંદજી, હંસ મહારાજ—આ બધામાં ગુરુભાવના તો મને હતી. પણ જ્ઞાનેશ્વરમાં મુખ્ય ગુરુભાવના હતી. હું આળંદી ગયો હતો ત્યારની વાત કહું છું. ત્યારે મને સંસ્કૃત તો આવડતું ન હતું. મારી ભાવનાને લીધે જ આ ગીતા બોલાઈ રહી છે.

૧૯૫૦ માં હું આળંદી જવા નીકળ્યો. એક ભાઈ આળંદી જવાના હતા અને તેમની સાથે હું આળંદી જવા નીકળ્યો. હું

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સ્ટેશને ગયો પણ તે ભાઈ તો ન આવ્યા. ગાડી ઉપડતાં પહેલાં થોડી વારે આવીને તેમણે કહ્યું કે તેમણે તો આળંદી જવાનું બંધ રાખ્યું છે. હું તો વગર ટિકિટે જ સ્ટેશને આવેલો ત્યાંથી ગાડીમાં જ બેસી ગયો- રસ્તામાં એક ભાઈ મળી ગયા અને કલ્યાણ સ્ટેશનેથી તેમણે ટિકિટ કઢાવી આપી. આળંદીમાં ગુરુ જ્ઞાનેશ્વર સાથે મનમાં જ વાત થઈ કે 'તમે તો ગીતા રચી છે. મારે ગીતાનો અભ્યાસ તો થવો જ જોઈએ.'

બસ પછી એ વાત તો ભૂલાઈ ગઈ. છ મહિને આખી ગીતા—સાતસો શ્લોક આપોઆપ મોઢે થઈ ગયા. જુઓ તો ખરા. ગીતાની દોઢ આનાની ચોપડી મારી પાસે હતી. દરરોજ પદ્માસન વાળીને બેસીને જોઈ જવાની, વાંચી જવાની, એમાં તો આખી ગીતા મોઢે થઈ ગઈ. ગીતાના અર્થ સમજાઈ જવા લાગ્યા.

આ ગુરુ તો સાક્ષાત્ છે, જીવંત છે. તેની કૃપા થઈ જવી જોઈએ. પહેલાં તો ભાવ થવો જોઈએ. પછી તો નમ્રભાવે કહેવું કે તમે જે કરાવશો તે કરીશ. એમની ભક્તિ કરો એટલે એ જ પ્રગટ થઈ જાય છે. એ લોકો (આ ગુરુઓ) જીવંત છે, સગુણ-રૂપે છે. જુઓ, તન્મયતાથી જુઓ. "તારું શરણું જ ખરું છે, તું કરાવે તે જ ખરું છે,"- -આમ કહી તેની જ શરણાગતિ લો. સાચા મનથી, સાચી ભાવનાથી તેમના શરણમાં જ જવાનું છે. એમનો ભાવ આપણી બુદ્ધિમાં અને આપણા ભાવમાં ઉતરે છે. મુક્તાબાઈ, નરસિંહ, મીરા, ચૈતન્ય વગેરેને પહેલાં અંદર બોલાવો. એ જ લોકો ભક્તિ કરાવી રહ્યા છે. એ જ લોકો સદેહે આવે છે. તુકારામ, જ્ઞાનેશ્વર વગેરે સગુણરૂપે આવે છે. તેઓ નિર્ગુણમાં જ છે અને સગુણમાં નથી એ ભાવ કાઢી નાખવો.

* * * *

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ગુરુ, શિષ્ય—બધાને સમ ગણીને જ ભજન કરવાનું છે. સિદ્ધ પુરુષો ભજન કરવા આવે. તે માટે જ્યાં બેઠા હો ત્યાં જ બેઠા રહો. ભજન બંધ કરવું તે પાપ છે. તે પેલા (સિદ્ધપુરુષો) સહન કરતા નથી, સૂક્ષ્મ શરીરોનો તો ખ્યાલ રાખવો જોઈએ. જો આપણે ભજનના નિયમ નહિ પાળીએ તો રહ્યોસહ્યો ભજનનો ભાવ પણ એ લોકો કાઢી નાખશે. ભજનમાં ચા પીએ, પાન ખાય તે પણ નરાધમ છે. બગાસું ખાય એ પણ નરાધમ. ચાર મોટા માણસો વચ્ચે બેઠા હોઈએ ત્યાં હસાય નહિ, બગાસાં ખવાય નહિ. સંસારમાં જેમ આવા નિયમો છે તેમ અહીં ભજનમાં પણ છે.

આ ભજન નાટક નથી, ટક છે. (ના + ટક = નાટક = અશાશ્વત, ટક = શાશ્વત). ભગવાનને સામે બેસાડ્યા છે, તે શું અમસ્તા બેસાડ્યા છે? વહેલી વહેલી આરતી કરાવી લેવી, તે તો ટીંગળ કર્યું ગણાય. આમ કરવાથી તો કષ્ટ પડશે. એવું અતિશય કષ્ટ પડશે કે ચોવીસે કલાક ભજન કરવું ઠીક છે એમ લાગશે. તેમાં છેવટે તો સારું જ પરિણામ છે, ખોટું નથી પણ કષ્ટ બહુ પડવાનું.

હૃદયમાં સિદ્ધપુરુષોનો પ્રવેશ કરાવી દેવો અને ભજન પૂરું થયે શાંતિથી ચાલ્યા જવાનું, સૂઈ જવાનું. બાકી બીજું બધું તે જ સંભાળી લેશે. આપણે આપણો રેડિયો (દેહ–મન–હૃદય) ચોખ્ખો રાખવાનો, શુદ્ધ રાખવાનો. એની મેળે ભાવ આવશે અને એ જ બોલાવશે.

જીવનની સંધ્યા આવી ગઈ. બાલ સફેદ થઈ ગયા. આ જન્મે ભલે આટલું કષ્ટ પડ્યું પણ આવતા જન્મમાં તો સુધરી જવાય. ઉપર કહ્યા તે બધા નિયમો પાળીને ભજન કરો. ભગવાનના આ નિયમો છે. તે પ્રમાણે કરશો તો આમ થશે. (સિદ્ધ પુરુષોનો પ્રવેશ, કૃપા, ભાવપ્રાપ્તિ વગેરે થશે). નફાતોટાના માલિક તમે છો. એકાદ કલાક ભજન વધારે ચાલે તો ખોટું શું? માયામાં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વધારે મન હોય તો અનુભવ મોડો થાય. જો અનુભવ ન થાય તો જોડા મારજો.

એકનાથ મહારાજ તો એવા ભાવમાં રહેતા કે ખાવાનું પણ ભૂલી જતા. ઘરો ઉકાળીને પીવાની સ્થિતિ આવે તો ભલે આવે. તે પ્રમાણે તૈયાર રહેવું જોઈએ. ટ્રામને માટે ખીસામાં એક આનો ન હોય તો પણ તૈયાર રહેવું. આમ રહેતાં, ભજન કરતાં ઘડો પાકો થશે. માટી પાકી થઈ જાય પછી ઘડો ભાંગી જાય તો ય કશું નહિ, ઘટાકાશમાંથી મહદાકાશ થઈ ગયું. કાચી માટીનું તો પુનરાવર્તન ચાલવાનું—જન્મમરણ એ જ પુનરાવર્તન, આવવું અને જવું. બીજ પાકું કરવું હોય તો ભક્તિ કરો. આવી ભક્તિનો જ પ્રચાર કરવો. પહેલાં તો ક્રમે ક્રમે જ કરવું પડશે.* (૧૭)

नैव तस्य कृतेनार्थो नाकृतेनेह कश्चन ।
न चास्य सर्वभूतेषु कश्चिदर्थव्यपाश्रयः ॥ १८ ॥

વળી જે પોતાના આત્મામાં રમમાણ થયેલો છે તથા જે આત્મસુખથી તૃપ્ત થયેલો હોઈને આત્માનંદથી જ તુષ્ટ છે તેના માટે કાંઈપણ કર્મ બચતું નથી. (૧૮)

આ શ્લોકમાં પણ જ્ઞાનીનું જ વર્ણન છે. જ્ઞાનીને કંઈ પણ કાર્ય કરવાનું રહેતું નથી. જે અગાસી પર ચઢી ગયો તેને ફરી પગથિયાં ચડવાનાં નથી રહેતાં. જે છેલ્લી સ્થિતિએ પહોંચી ગયો તેને હવે શું કાર્ય કરવાનું રહ્યું? તેનું કર્તવ્ય પૂરું થઈ ગયું. કર્તવ્ય એટલે ઉપર ચઢવાનો ક્રમ. હવે તો તેને અગાસીમાં કે નીચે બધેય આનંદ, આનંદ. તેના બધાં કર્મો હવે શાંત થઈ ગયાં. **तस्य कार्यं न विद्यते ।** અગાસી એટલે પારસમણિ, કામધેનુ, આત્મા.

* તા. ૨૧-૮ ૫૫ રવિવારનું ચોથું પ્રવચન અહીં પૂરું થાય છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જ્યારે તે અગાસીમાં ગયો ત્યારે તેણે જોયું કે જે નીચે છે તે જ ઉપર છે અને જે ઉપર છે તે જ નીચે છે. પછી તેને રાગદ્વેષ ન રહ્યો. પહેલાં તે જગતમાં ભગવાનને શોધતો હતો, પારસમણિને શોધતો હતો, કામધેનુને શોધતો હતો, 'અહીં નથી' 'ત્યાં છે' એવું સમજીને ફાંફાં મારતો હતો. હવે શોધવાપણું ન રહ્યું. નીચે, ઉપર બધે એ જ છે. નીચે—એટલે અજ્ઞાન અવસ્થા અને ઉપર–એટલે જ્ઞાન અવસ્થા.

નિદાઘ નામે એક જિજ્ઞાસુ હતો. જ્ઞાનપ્રાપ્તિ માટે તે ઋભુ ઋષિ પાસે ગયો. ઋભુએ તેને સમજાવ્યું કે ઇશ્વર સર્વત્ર છે. તેને ઉપર કે નીચે ક્યાંય શોધવાની જરૂર નથી. નિદાઘને આ પરમજ્ઞાન ગળે ઉતર્યું નહિ. તેની આંખ ઇશ્વરને દૂર દૂર શોધતી હતી. નિદાઘ તો ઋભુ પાસેથી ચાલ્યો ગયો. ઋભુ કંઈ નિદાઘને છોડે? થોડો સમય પસાર થયા બાદ નિદાઘ એક શહેરમાં ગયો. તે શહેરના રસ્તા પરથી પસાર થતો હતો ત્યારે રાજાની સવારી નીકળવાની હતી. લોકોનાં ટોળાં જોવા માટે એકઠાં થયેલાં. નિદાઘ પણ આ સવારી જોવા ઊભો રહ્યો. નિદાઘની પાસે ટોળામાં એક મેલાંઘેલાં કપડાં પહેરેલ ગામડિયો ઊભો હતો. તેણે નિદાઘને પ્રશ્ન પૂછ્યો કે, 'આમાં રાજા કોણ?' નિદાઘે હસીને જવાબ આપ્યો કે 'રાજા હાથી પર બેઠા છે તે!' રાજા પસાર થતા હતા ત્યારે વળી ગામડિયાએ ફરી પૂછ્યું કે, 'આમાં રાજા કોણ છે?' નિદાઘે જવાબ આપ્યો કે, 'મૂરખ, હાથી ઉપર બેઠા છે તે રાજા. આટલી પણ સમજ પડતી નથી? ત્યારે વળી ગામડિયાએ પૂછ્યું કે, 'હાથી કયો?' નિદાઘે કહ્યું કે, 'રાજા જેની પર બેઠા છે તે હાથી.' ગામડિયાએ તો વળી પ્રશ્ન પૂછયો કે, આમાં હાથી કોણ અને રાજા કોણ? હવે નિદાઘ આ ગામડિયા પર ગુસ્સે થઈ ગયો. તેણે તેને કહ્યું કે જો હવે તને બરાબર સમજાવું છું. તેણે તે ગામડિયાને

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કહ્યું કે, 'તું વાંકો વળીને ઊભો રહે.' ગામડિયો તો બે હાથ જમીન પર રાખીને પશુની જેમ ઊભો રહ્યો. નિદાઘે તેની પર સવારી કરીને કહ્યું કે, 'તું જે નીચે છે તે હાથી અને હું જે ઉપર છું તે રાજા.' ફરી ગામડિયાએ કહ્યું કે, 'તું કહે છે કે હું ઉપર છું તે રાજા પણ હું તો નીચે છું તો એ 'હું' અને 'તું' કોણ–તે મને સમજાવ. હવે નિદાઘ ખરેખર ગૂંચવાયો. તે જવાબ ન દઈ શક્યો. નીચે ઉતરીને તેણે ગામડિયાની સામે બરાબર જોયું તો તે ઋભુ જ દેખાયા. હવે તેને ઉપર શું અને નીચે શું એ સમજાયું. જે 'હું' ઉપર છે તે જ 'હું' નીચે છે, એમ તે સમજી ગયો.

ઉપર ગયા પછી એટલે કે જ્ઞાનાવસ્થામાં આવ્યા પછી સમજ પડી જાય કે વચમાં જે કર્મ કર્યું તે હવે નથી રહ્યું. આવો જ્ઞાની કર્મ તો કરે પણ તેની પ્રસન્નતામાં ભંગ પડતો નથી. તેને તો સર્વત્ર આનંદ, આનંદ જ છે. વિષયોમાં પણ તેને આનંદ જ છે. તે રાગદ્વેષથી પર થઈ ગયો છે. તે સમજી ગયો છે કે જે સીમેન્ટ-કોંક્રીટમાંથી સાત પગથિયાં બન્યાં છે તે જ સીમેન્ટ કોંક્રીટમાંથી જ આ અગાસી બની છે.

અર્જુનને હજી સમજ પડતી નથી તેથી, તેને ભગવાન ક્રમેક્રમે અગાસી પર ચઢવાનું સમજાવી રહ્યા છે.

જ્યાં સુધી જ્ઞાન ન થાય ત્યાં સુધી જ પ્રસન્નતા અને અપ્રસન્નતા એ બન્ને ભાવ રહે છે. જ્ઞાન થઈ ગયા પછી ભોગના કે ત્યાગના બધા ધમપછાડા શાંત થઈ જાય છે. હર્ષ અને શોક, પ્રસન્નતા અને અપ્રસન્નતા એ બધા જીવભાવો છે, માટે તો જ્ઞાન થતું નથી. જ્ઞાની ગમે ત્યાં ફરે પણ તેને કશો વાંધો આવતો નથી તેનાં કર્તવ્યો સમાપ્ત થઈ ગયાં છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

'થઈ ગયાં કર્તવ્યો તમામ સમાપ્ત
આનંદ આનંદ આજે અપાર
વર્તી રહ્યો છે જય જય કાર.'

આવી છે આનંદની સ્થિતિ. આવી સ્થિતિ માટે હે અર્જુન, તું પ્રયાસ કર. જ્ઞાની બધાં કાર્યો કરે છે પણ પ્રસન્નતાની સ્થિતિ-માંથી તેનું પતન થતું નથી. તે તો આત્માનંદમાં જ તૃપ્ત છે, સંતુષ્ટ છે. ભોજન ન કર્યું હોય ત્યાં સુધી જ પેટમાં ખળભળાટ થયા કરે. ભોજન પછી તૃપ્તી. ભોજન પછી તો શાંતી થઈ જાય; ફરીથી રસોઈની જરૂર નથી, આ છે જ્ઞાનીનું લક્ષણ. કર્મો કરવાથી હાનિ કે લાભ એવો સવાલ તેને ઉપસ્થિત થતો નથી. જે વસ્તુ મેળવવાની હતી તે મળી ગઈ. હવે તેને કંઈ મેળવવાનું રહ્યું નથી. ઉપર જવાનું હતું ત્યાંસુધી કર્મ હતાં. પછી તેને કર્મ રહ્યું નહિ. પછી તો તેને પારસમણિ મળ્યો. તે તો સોનું જ બનાવ્યા કરે ને! જ્ઞાનીને 'હવે મારે આ કરવું, તે કરવું'—એવા વિચારો રહ્યા નથી. તેને કોઈ રાગદ્વેષ કે ઉદ્વેગ રહ્યા નથી. તે હાથી પર બેસે કે નીચે બેસે, તેની સ્થિતિમાં કશો ફરક નથી પડતો.

રાજા રહુગણ અને જડભરતનું દૃષ્ટાન્ત તો તેં સાંભળ્યું હશે. જડભરતની સ્થિતિ, આવા જ્ઞાનીની સ્થિતિ કેવી હોય તે સ્પષ્ટ કરે છે.

રાજા રહુગણ પાલખીમાં બેસીને કોઈ સ્થળે ગુરુની તપાસમાં જઈ રહ્યા હતા. રસ્તામાં પાલખી ઉપાડનાર ચાર ભોઈમાંથી એક પડી ગયો. તેને સખત વાગ્યું. તે હવે ચાલી શકે તેમ ન હતું. તેને બદલે બીજો કોઈ ભોઈ તો શોધવો જ પડે. રાજાના માણસોએ આજુબાજુ તપાસ કરી તો ત્યાં એક મેલાઘેલા જેવો માણસ ફરતો હતો. રાજાના માણસો તો ઝટ દઈને તેને પકડી લાવ્યા. આ મેલાઘેલા જેવો માણસ, બીજો કોઈ નહિ પણ જડભરત.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પણ તેને ઓળખે કોણ? જડભરતની તો એવી સ્થિતિ કે તેને કોઈ જ્યાં લઈ જાય ત્યાં જાય. રાજાના માણસોએ તેમને કહ્યું કે આ પાલખી ઉપાડો, તો પાલખી ઉપાડી. ભોઈ બની ગયા. જડભરત તો નીચું જોઈને ચાલે. કોઈ જીવજંતુ પગ નીચે કચરાઈ ન જાય એ જોઈને ચાલે. પાલખી સ્થિર ન રહે. પાલખી તો ઊંચીનીચી થવા લાગી, રહુગણ રાજા પાલખી થંભાવીને જડભરતને પાલખી સરખી રાખવાનું કહ્યું. જડભરતે તેને સંભળાવ્યું કે, "હે રાજા, પાલખી સંભાળવાનું કહે છે પણ આ તારી પાલખી શું ખરેખર તારી છે?" રાજા કશું ન સમજ્યો. તેણે પાલખી અટકાવી અને નીચે ઉતારવાનું કહ્યું. પછી તેમણે જડભરતને પૂછ્યું કે, "હે ભોઈ, તું આ શું કહે છે? શું આ પાલખી મારી નથી?" જડભરતે રાજાના દેહને પકડીને કહ્યું કે, "હે રાજા આ પાલખી તારી નથી." (દેહ—પાલખી, હાડમાંસની પાલખી) રહુગણ તરત જ સમજી ગયા. તે તો ગુરુની તપાસમાં જતા હતા ને! ગુરુ મળી ગયા. ગુરુએ એક વાક્યમાં સમજાવી દીધું કે અહંભાવને કાઢ, આ પાલખી–દેહ–તારી નથી. રાજાએ જડભરતના પગ પકડી લીધા, ત્યારે ગુરુએ સ્પષ્ટતા કરી અને જ્ઞાન આપ્યું.

જીજ્ઞાસુ જ્યારે પૂછે ત્યારે જ જ્ઞાન અપાય. જ્ઞાની ક્યાંય ઉપદેશ આપવા જતો નથી. તેને તો સર્વત્ર આત્મા જ દેખાય છે. દરેક પોતપોતાના આનંદમાં મસ્ત હોય છે; લીલામાં મસ્ત હોય છે. કોઈ આવે અને પૂછે ત્યારે તેને કહેવાય જ્ઞાનીને ઉપદેશ આપવાનો ભાવ નથી. ઉપદેશ શો આપે? જે ઉપર છે તે નીચે છે એમ સમજાવી દે. આ પાલખી તારી નથી એમ સમજાવી દે. જ્ઞાની પુરુષની સોબત થઈ તો 'પ્રગટ મિલત હૈ મુરારિ.' જ્ઞાનીના સંગથી તત્કાળ જ્ઞાન થઈ જાય છે. રહુગણ રાજાને જ્ઞાનીનો સંગ થયો, તત્કાળ જ્ઞાન થઈ ગયું.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સત્સંગથી જ્ઞાન તત્કાળ થઈ જાય. જ્યારે શ્રદ્ધા ઉત્પન થઈ અને કર્ણેન્દ્રિયને જેવો શબ્દનો સ્પર્શ થયો કે તરત જ જ્ઞાન થાય. કેટલાકને ક્રમે ક્રમે જ્ઞાન થાય છે, કેટલાકને શ્રદ્ધા વધારે હોય તો પહેલે પગથિયે જ જ્ઞાન થાય છે. અશ્રદ્ધાને લીધે જ જ્ઞાન પ્રાપ્તિમાં ઘણા વરસોનો ગાળો ચાલ્યો જાય છે. જ્ઞાન મેળવવાના પ્રયાસમાં જ દુઃખ લાગે છે, કંટાળો આવી જાય છે અને અપ્રાપ્તિનું દુઃખ થયા કરે છે, કેમકે સંશય છે. સંશય હોય તો તો જન્મો વધશે. શ્રદ્ધા વિનાના માણસને બહુ વખત લાગે છે. તેમને જ્ઞાનપ્રાપ્તિ થાય પણ બહુ કષ્ટથી. સદ્ગુરુના વચનોમાં શ્રદ્ધા રાખો. એ કહે તેમ કરો. તત્કાળ જ્ઞાન થઈ જશે.

હે અર્જુન! જ્ઞાનીને કશું કર્મ નથી. તારામાં હજી જ્ઞાનીનો ભાવ આવતો નથી, કારણ કે તને મોહ થયો છે. જો એમ ન હોય તો તું કર્મ ન કરે તો પણ ચાલે.

ભગવાને બીજા અધ્યાયમાં **एषा ब्राह्मी स्थितिः**–આ બ્રાહ્મી સ્થિતિનું વર્ણન કરેલું. તેથી અર્જુન ખુશ થયેલો પણ તેને સમજ પડી નહોતી. જ્યાં સુધી જીવ વિષયોમાં રમણ કરતો હોય ત્યાં સુધી ભગવાન કર્મયોગ કરવાનું કહે છે.

ભગવાન કહે છે કે હે અર્જુન! તું ક્રમે ક્રમે આ જ્ઞાન પચાવ. પછી આગળ આગળ ચાલ. (૧૮)

तस्मादसक्तः सततं कार्यं कर्म समाचर ।
असक्तो ह्याचरन्कर्म परमाप्नोति पूरुषः ॥ १९ ॥

આ કારણથી ફળની ઇચ્છાનો ત્યાગ કરીને તું નિત્ય વિહિત કર્મ કર. કેમકે નિષ્કામબુદ્ધિથી કર્મ કરનાર પુરુષના ચિત્તની શુદ્ધિ થઈ તેને પરમપદની પ્રાપ્તિ થાય છે. (૧૯)

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

હે અર્જુન, જ્યાં સુધી તને જ્ઞાન નથી થયું ત્યાં સુધી તો તારે વિહિત કર્મો કરવાં જ પડશે. તને હજી શ્રદ્ધા નથી થઈ. તું તો હજી સંશયી છે. તારે ધીમે ધીમે બધાં પગથિયાં ચઢવાં પડશે. માળા ફેરવી, પાઠ કરવા—એ બધું તારે નિયમસર કરવું પડશે. તું કંઈ સીધો અગાસીમાં (સમાધિમાં) ચડી જવાનો નથી. પગથિયાં તો ચઢવા પડશે. ઘણા લોકો કર્મ છોડી દે છે. તેઓ કહે છે કે 'હવે અમારે વળી કર્મ કેવાં? પરન્તુ એ સમજી લેજે કે જ્યાં સુધી સુખદુઃખના ભાવ ગયા નથી ત્યાં સુધી તો કર્મ કરવાં જ પડશે. શરૂઆતમાં તો કાર્ય કરવું જ પડે છે. જ્યાં સુધી એકડા ન આવડે ત્યાં સુધી તો પાટીપેન લઈને ઘૂંટવું જ પડે છે. જ્ઞાન મગજમાં ઉતરી જાય પછી તો કર્તવ્ય કર્મો સમાપ્ત થઈ જાય છે.

માટે હે અર્જુન! તું ક્રમે ક્રમે આગળ વધ. જેના સુખદુઃખના ભાવ ગયા નથી, એવા જીવોને માટે કર્મયોગ છે. આમ છતાં મેં જ્ઞાનના લક્ષણ કહી દીધાં. તારે તો યજ્ઞ, દાન, તપ વગેરે શાસ્ત્રવિહિત કર્મો કરવાં જ પડશે, કેમ કે તને તો હજી સંશય છે, અશ્રદ્ધા છે. એટલું ધ્યાનમાં રાખજે કે ફળ પાક્યા પહેલાં પડી ન જાય. પહેલાં તો નિષ્કામપણે કર્મ કર. આત્મજ્ઞાન મેળવવા માટે આ કર્મની સીડી ચઢી જા. નિષ્કામભાવે કર્મસીડી ચઢીશ તો તું તરત સફળ થઈશ. નહિ તો પ્રથમ પગથિયે જ તારે કેટલાય જન્મો થશે. સાત પગથિયાં ચઢો ત્યારે જ્ઞાન થાય. જ્ઞાનની સાત ભૂમિકાઓ છે. જીવ અને શિવ વચ્ચે આ સાત પગથિયાં છે. જે આ પગથિયાં ચઢી જાય તે પરમપદને પામે. આ સ્થિતિ કેમ પમાય? જે પોતાનું છે તે સર્વનું છે એમ સમજી જા. મનમાં જરા પણ રાગદ્વેષ ન રાખ, સમભાવ રાખ. આપોઆપ જ્ઞાન થઈ જશે. આવું આચરણ કરીશ તો પરમપદને પામીશ. "**तस्य कार्यं न विद्यते**" પછી તને લાગુ પડશે. તને કોઈ કર્મો સતાવશે નહિ. જ્ઞાન થયા પછી તું

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અને હું, તારું અને મારું—એ અહંકાર ચાલ્યો જશે. આ અહંકાર જ સીડી ચઢવા દેતો નથી. નિષ્કામકર્મના આચરણથી એ અહંકાર જશે અને તું પરમાનંદને પ્રાપ્ત કરીશ. (૧૯)

कर्मणैव हि संसिद्धिमास्थिता जनकादयः।
लोकसंग्रहमेवापि संपश्यन्कर्तुमर्हसि ॥ २० ॥

જનકાદિક જ્ઞાનીઓ કર્મ કરીને જ મુક્ત થયા છે અને તારે પણ લોકહિત પ્રત્યે દૃષ્ટિ રાખી કર્મ કરવાં જ ઉચિત છે. (૨૦)

હે અર્જુન! તારું આચરણ જોઈને લોકો જીવન જીવશે. માટે લોકસંગ્રહાર્થે પણ તારે કાર્યો કરવાં જ જોઈએ. જનક અને વસિષ્ઠ જેવા જ્ઞાનીઓએ પણ કર્માચરણ કર્યું છે. તેઓએ પણ પ્રારબ્ધના ભોગ ભોગવ્યા છે. પ્રારબ્ધના ભોગ ભોગવવા માટે પણ કર્મ તો કરવાં જ પડે છે. રામને ઉપદેશ આપવાનું કર્મ વસિષ્ઠને કરવું પડ્યું હતું ને! જે માણસો અજ્ઞાની છે તેઓ કર્મથી ભાગાભાગ કરે છે. જ્યાં સુધી સાચી સમજણ નથી આવતી ત્યાં સુધી જ આવી ભાગાભાગની વૃત્તિ થયા કરે છે. જ્ઞાનીઓએ કે ઋષિઓએ કર્મમાં પાછી પાની નથી કરી. જે કામ સામે આવે તે કામ જ્ઞાની કરે જ. તેના પ્રારબ્ધમાં રાજા બનવાનું હોય તેથી રાજા થવાનું કર્મ આવ્યું તો તે રાજા તરીકેનાં બધાં કર્મો કરે. પ્રારબ્ધવશાત્ મદારી બન્યો તો મદારી બની ડુગડુગી પણ એટલા જ આનંદથી વગાડે. હે અર્જુન! તું કર્મમાંથી પીછેહઠ કરે છે તે ખોટું છે. અગાશીમાં બેઠેલા—પરમપદમાં સ્થિત—એવા જનકાદિ પણ કાર્ય કરતા. રામે પણ છેવટ સુધી રાજ્ય કર્યું. આત્મ-જ્ઞાની હોવા છતાં પણ ‘હા સીતે, હા સીતે’ કહીને રડતા રડતા વનેવન ભટક્યા હતા. શું તેઓ અજ્ઞાની હતા! જે પાઠ આવ્યો તેનું એકિટંગ (અભિનય) તો બરાબર કરવું જ જોઈએ ને?

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શંકર ભગવાન રામનું ભજન કરતા. પાર્વતીને એકવાર મનમાં વિચાર આવ્યો કે આ રામ સ્થિતપ્રજ્ઞ હોય એમ કેમ માની શકાય? તેનો વેશ તો જુઓ! કેવી કરુણ હાલત! 'હા સીતે, હા સીતે' બોલતા બૈરીની પાછળ વન વન ભટકતા આ રામ શું સ્થિતપ્રજ્ઞ હોય? તેમને તો રામમાં અજ્ઞાનીનું દર્શન થયું. શંકર પાર્વતીને કહે છે તને રામમાં સમજ નહિ પડે. ચાલ, આપણે ત્યાં જઈએ. તું આ વૃક્ષ નીચે રામ આવે ત્યારે સીતાનું રૂપ લઈને બેસી જા. રામ ત્યાં આવ્યા ત્યારે પાર્વતીજી સીતાનું રૂપ લઈ ને વૃક્ષ નીચે બેઠાં હતાં. રામે સામે જોયું છતાં 'હા સીતે, હા સીતે, એમ રડવાનું જ ચાલુ જ રાખ્યું. પાર્વતીને હવે સમજ પડી કે રામને સીતાના દેહ પર ભાવ નથી. જ્ઞાનીને દેહભાવ ન જ હોય. 'સીતે, સીતે, હા સીતે' એમ બોલીને તેઓ પોતાના જ જાપ કર્યે જાય છે. રામ તો સ્થિતપ્રજ્ઞ હતા. સર્વ જન્મના પ્રારબ્ધ ભોગવી રહ્યા હતા. દુઃખીનો પાર્ટ આવ્યો તો પણ બરાબર ભજવવો જ જોઈએ. પાર્ટ (નાટકમાં મળેલો પાઠ) બરબર ભજવે તે જ જ્ઞાની છે. જ્ઞાની સમજપૂર્વક દુઃખ ભોગવી લે છે. જ્ઞાની કર્મ કરે છે પણ તેમાં તેની આસક્તિ નથી હોતી. રામને લંકાનું રાજ્ય નહોતું જોઈતું, તેનું ધ્યાન તો અયોધ્યામાં હતું. પોતાના સ્વરૂપમાં જ હતું.

જે ભોગવવાનું હોય તમાં પાછી પાની કરે તે તો મૂરખ છે. જ્યારે કાર્ય કરવામાં આવે ત્યારે 'હું સંન્યાસી થઈ જઈશ' એવી એવી વાત કરે તે મૂરખ છે. પ્રારબ્ધના કર્મો તમારા કાન પકડીને તમારી પાસે કાર્ય કરાવશે. જે રડતો રડતો પ્રારબ્ધકર્મ ભોગવે છે તે અજ્ઞાની છે. જે હસતો હસતો પ્રારબ્ધકર્મ ભોગવે તે જ જ્ઞાની છે.

હે અર્જુન! મોહવશ સંન્યાસ લેવો, કર્મના દુઃખથી ભાગી છૂટવું તે ખોટું છે. આવી રીતે થયેલો સંન્યાસી કર્મથી છૂટચો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

નથી, પણ બંધાયો છે વળી ગૃહસ્થીઓ જે કર્મ કરે છે, તે કર્મ તેઓ આસક્તિપૂર્વક કરે છે, આસક્તિથી નવાં કર્મો બાંધે છે. આમ આસક્તિપૂર્વક કર્મ કરનાર ગૃહસ્થી અને કર્મથી નાસી છૂટનાર સંન્યાસી બન્ને મૂર્ખાઈ કરી રહ્યા છે. હે અર્જુન, તારે આ બન્નેમાંથી છૂટવાનું છે. સંન્યાસી એટલે મહાપુરુષ, સંન્યાસી એટલે જ્ઞાની—એ તો તારો ભ્રમ છે. તારો તો ક્ષત્રિયનો ધર્મ છે. કામ-ક્રોધાદિક શત્રુઓ સામે લડવા માટે તારે ગાંડિવ ઉપાડવું જ પડશે. જનકાદિક જ્ઞાનીઓએ જ્ઞાન થયા પછી પણ કર્મ કર્યાં છે. તેઓની જેમ નિષ્કામભાવે કર્મ કર એટલે જ્ઞાની થઈ જઈશ. (૨૦)

यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरो जनः ।
स यत्प्रमाणं कुरुते लोकस्तदनुवर्तते ॥ २१ ॥

શ્રેષ્ઠ પુરુષ જે જે કર્મો કરે છે, તે તે કર્મો બીજા માણસો પણ દેખા-દેખીથી કરે છે અને શ્રેષ્ઠ પુરુષ જે જે માર્ગ નિશ્ચિત કરે છે તેનું જ લોકો અનુકરણ કરે છે. (૨૧)

જે અગાશી પર ચઢી ગયો તે શું ત્યાં જ જડની જેમ બેઠો રહે? નીચે શું તે ન જ આવે? જે જ્ઞાની થઈ ગયા તે શું મૂઢ થઈ ગયા છે? હે અર્જુન! જનકાદિક જ્ઞાનીઓની જેમ તું વર્તન કર. લોકો તારું આચરણ જોઈને તે પ્રમાણે આચરણ કરશે. તમે ધ્યાનમાં બેસશો તો છોકરાઓ ધ્યાનમાં બેસશે. પહેલાં તો રાજાઓ પણ જ્ઞાન મેળવીને પછી રાજ્ય કરતા. જ્યારે રાજાઓ દારુડિયા અને વિષયી થયા ત્યારે પ્રજા પણ વિષયી થઈ. જેનો નેતા આંધળો તેનું કટક કૂવામાં. તું આ સમજ. જ્યાં સુધી આ શરીર છે ત્યાં સુધી તો સંચિત અને પ્રારબ્ધ—બધાં કર્મો ભોગવવાનાં જ છે. જ્ઞાનીઓ લોકસંગ્રહાર્થે નિયત કર્મો કરે છે. જે કર્મ ભોગવવાની આનાકાની કરે છે તે અજ્ઞાની છે. તું જો કર્મોનો ત્યાગ કરીશ તો બધાં તેમ જ કરશે. આમ તો જગતમાં હાહાકાર થઈ જાય. પછી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આ જગતરૂપી નાટક કેમ ચાલે? આ શરીરનું આવરણ લઈને બેઠો છે, ત્યાં સુધી તો કર્મોની રામાયણ ઊભી છે. કર્મો કરવાં જ પડશે. આ જગતનાટકમાં એક્ટિંગ (કર્મ) તો કરવું જ પડશે. નથી સમજ્યા ત્યાં સુધી જ આ રામાયણ છે. (૨૧)

न मे पार्थास्ति कर्तव्यं त्रिषु लोकेषु किंचन ।
नानवाप्तमवाप्तव्यं वर्त एव च कर्मणि ॥ २२ ॥

હે પાર્થ! ત્રૈલોક્યમાં મારે કંઈ કરવાનું છે અથવા તો કંઈ અપ્રાપ્ય વસ્તુ પ્રાપ્ત કરી લેવાની છે એમ નથી જ; તથાપિ હું પણ લોકોપકારાર્થે કર્મ કરું છું જ. (૨૨)

હે અર્જુન! મારે કંઈ પણ કર્મ કરવાનાં નથી છતાં જો, આ તારો રથ હું હાંકું છું ને! પૈડામાં તેલ સિંચવાનું, ઘોડાને ઘાસ નાખવાનું એ બધાં કર્મો હું કરું છું ને! પૂર્વે રામાવતારમાં પણ મેં કર્મ કર્યું છે, અરે બધા અવતારમાં મેં કર્મ કર્યું છે. લોકસંગ્રહાર્થે મારે કર્મ કરવું જ પડે છે, છૂટકો નથી.

જ્ઞાની આ વાત સમજી ગયો છે. તેને બધા જન્મોનું જ્ઞાન છે. પૂર્વે કરેલી વાસનાઓ ભોગવવી પડે છે. એમ તે સમજી ગયો છે. વાસનાઓ તો ભોગવ્યે જ છુટકો. ભોગવવાથી વાસનાની નિવૃત્તિ થઈ જશે માટે તો પ્રારબ્ધકર્મ ભોગવવામાં જ્ઞાની આનંદ માને છે. જેટલું પ્રારબ્ધ ભોગવાયું એટલું ઓછું થયું એમ તે સમજે છે. તેને દેહમાં ભાવ નથી રહ્યા. કોઠીમાં સંતાઈને બેસો તો પણ જો તાવ આવવાનો હશે તો આવશે એમ તે સમજી ગયો છે. જે આટલું સમજી ગયો તે કદી કર્મથી ભાગતો નથી. તે કદી એમ નથી બોલતો કે 'ભગવાનના રાજ્યમાં આવું અંધેર.' આવું બોલે તે અજ્ઞાની છે.

જ્ઞાની પાસે પૈસા ન હોય, રોગથી પીડાતો હોય છતાં 'અમે હેરાન હેરાન થઈ ગયા' એવું ન બોલે. તે તો સંતોષપૂર્વક, આનંદથી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પોતાનું કામ કર્યા કરે છે. ખરો આનંદ તો જ્ઞાન પછી જ મળે છે. જ્ઞાનીને પ્રારબ્ધ ભોગવવામાં આનંદ જ હોય છે. તે તેમાં પાછી પાની કરતો નથી. ટાઈફોઈડ થાય કે કેન્સર થાય—જ્ઞાની તો આ પીડામાં પણ આનંદથી પડ્યો હોય છે. રોગ મટાડવા તે સિદ્ધિઓનો ઉપયોગ નથી કરતો. શરીર સારું હોય તો પણ તે જ ક્ષય છે; શરીર જ રોગ છે. સિદ્ધિથી દુઃખ મટાડે તો પ્રારબ્ધ બંધાય. જ્ઞાનીનું શરીર તો આકાર માત્ર છે, જાણે બળી ગયેલી સીંદરી.

જ્ઞાનીએ પોતે મેળવવાનું હતું તે મેળવી લીધું છે. તે બીજાને અગાસીમાં (જ્ઞાન-ભૂમિકામાં, સમાધિમાં) લઈ જાય છે. જ્ઞાનીની સાથે જે આ અગાસીમાં જાય છે તેને વાંધો ન આવે. જે એકલો જાય તેને ઉપાધિ છે. ઉપર જવા માટે, અગાસીમાં જવા માટે શું કરવું ? જે ઉપર ચઢવા માટે રડયા કરે છે, જે સંપૂર્ણ શરણાગત છે તેને તો મા જ ઊંચકીને ઉપર લઈ જશે. તમારામાં તાલાવેલી હોવી જોઈએ. મા ઉપર બેઠી બેઠી કામ કર્યા કરતી હોય અને છોકરું બધાં રમકડાં ફેંકીને રડવા લાગે ત્યારે મા નીચે આવીને છોકરાને કાંખમાં તેડીને લઈ જાય. તેને એકે પગથિયું ચડવું પડતું નથી. જ્યાં સુધી આ જીવ માયામાં રમ્યા કરતો હોય ત્યાં સુધી મા ન આવે. ભક્તિરૂપી એં એં કરો ત્યારે મા જરૂર ઉપર લઈ જાય ઉપર ગયા પછી તો કર્મની મુશ્કેલી રહેતી નથી—**तस्य कार्यं न विद्यते**—તેનું કાર્ય રહેતું નથી, તેનાં કર્મો રહ્યાં નથી.

બીજાને ઊંચકીને લઈ જવાં તે પણ કર્મ છે. જો અર્જુન, મારે પણ આવાં કર્મ કરવાં પડે છે. મેં કેટલાં કેટલાં કર્મો કર્યાં છે તે શું તું નથી જાણતો ? હું સદગુરુ સાંદીપનીનો મરેલો પુત્ર લઈ આવ્યો. જરાસંઘની સાથે મેં સત્તર વાર યુદ્ધ કર્યું. અંતે મારે નાસીને દ્વારકા જવું પડયું. મેં શિશુપાળનો વધ કર્યો. મેં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કંસનો વધ કર્યો. આવો પરાક્રમી હું તારા રથ પર બેઠો છું તે શું તું નથી જાણતો? હું તૃપ્ત છું છતાં બીજાની તૃપ્તિ અર્થે રસોઈ કરું છું. તને જો ભોજનમાં આનંદ હોય તો તેને માટે તારે તૈયારી તો કરવી જ પડશે ને! તું રસોઈ કરીશ તો વળી બીજું કોઈ ખાવા આવશે. તું જો રસોઈ કરીશ જ નહિ તો ખાશે કોણ? પૂર્વના પ્રારબ્ધ ભોગવવામાં પાછી પાની ન કર. કર્મ ભોગવવામાં રડવું એ તો બહુ ખરાબ કહેવાય. કર્મો ભોગવવા માટે પીછે હઠ કરવી તે મોટી મૂર્ખાઈ છે. તું કર્મ પ્રસન્નપણે ભોગવી લે, નહિ તો જન્મ-મરણ વધશે. હું આવો સમર્થ હોવા છતાં પણ ઘોડાની લગામ પકડીને રથ હાંકું છું; તારો ડ્રાઈવર બની ગયો છું. જડભરતે પણ રહુગણની પાલખી ઊંચકી હતી. જ્ઞાન થયા પછી કંઈ આંખો બંધ કરીને બેસી જવાનું નથી. (૨૨)

यदि ह्यहं न वर्तेयं जातु कर्मण्यतन्द्रितः ।
मम वर्त्मानुवर्तन्ते मनुष्याः पार्थ सर्वशः ॥ २३ ॥

હે પાર્થ! જો હું આળસને ત્યાગી કર્મનું આચરણ ન કરું તો આ લોકો સર્વાંશે મારા માર્ગને અનુસરીને ચાલવા લાગશે; અર્થાત્ તેઓ પણ કર્મ કરશે નહિ. (૨૩)

જેવું આચરણ બાપ કરે તેવું આચરણ તેના પુત્રો કરે. ઘરનો વડીલ જો આળસુ થઈને બેઠો રહે અને કંઈ કામ ન કરે તો તેના છોકરા પણ બેઠા જ રહે. આ માટે તો ભગવાન કહે છે છે કે હું જ કર્મ કરું છું. હું જો કર્મ ન કરું તો આ જગતરૂપી નાટકકંપની કેમ ચાલે? હું કર્મ કરીશ તો બધાં કરશે અને હું જો કર્મ નહિ કરું તો કોઈ પણ માણસ કર્મ નહિ કરે.

ભગવાન કૃષ્ણ એક વાર ધ્યાનમાં બેઠા હતા. ત્યાં નારદમુનિ આવી ચડ્યા. ભગવાનને ધ્યાનમાં બેઠેલા જોઈને નારદમુનિ તો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વિસ્મિત થઈ ગયા. ભગવાન તો તેઓ પોતે જ. તેઓ વળી કોનું ધ્યાન ધરતા હશે? તેમણે ભગવાનને પૂછ્યું 'તમે કોનું ધ્યાન ધરો છો!' ભગવાને જવાબ આપ્યો, 'હું તમારું ધ્યાન ધરું છું. તમે મારું ધ્યાન ધરો તો હું તમારું ધ્યાન ધરું. જે મારું ધ્યાન ધરે તેનું ધ્યાન મારે રાખવું જ પડે છે.' ભગવાને નારદમુનિને ટૂંકમાં સમજાવી દીધું.

હે અર્જુન! મારે ધ્યાન પણ ધરવું પડે, કંસ અને શિશુ-પાલનો વધ પણ કરવો પડે, ગોવાલણી સાથે નાચવું પણ પડે! મિનિટની પણ મને ફુરસદ મળતી નથી. પારધિએ બાણ માર્યું ત્યાં સુધી કૃષ્ણને કર્મ કરવાં પડચાં છે. (૨૩)

उत्सीदेयुरिमे लोका न कुर्यां कर्म चेदहम् ।
संकरस्य च कर्ता स्यामुपहन्यामिमाः प्रजाः ॥ २४ ॥

જો હું કર્મ ન કરું તો આ સર્વ પ્રજા નાશ પામે અને પ્રજાને વર્ણસંકર કરવાનો આરોપ પણ મારા પર જ આવે અને સર્વ પ્રજાનો વિનાશક હું જ કહેવાઉં. (૨૪)

હે પાર્થ! જો હું કર્મ ન કરું તો આ જગત નાટકકંપની કેમ ચાલે? લીલા ચલાવવા માટે મારે કર્મ કરવું જ પડે છે. જે ઘર લઈને બેઠા હોય તેણે ઘર ચલાવવું જ પડે. તમે જ ઘર લઈને બેઠા છો, તમે જ ઘર માંડયું છે, એટલે હવે ચલાવવું જ જોઈએ. (ઘર–શરીર, ઘર ચલાવવું – કર્મ કરવાં) તમે કર્મ ન કરો તો મારી આ કંપની (જગત) શિથિલ થઈ જાય અને તેથી મારે આવવું પડે. (અવતાર લેવો પડે.) આપણે કર્મ નહિ કરીએ તો બીજા લોકો પણ કર્મ નહિ કરે. બધું દોષારોપણ, હે અર્જુન! છેવટે [illegible] મારે માથે આવે છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આપણે કર્મ ન કરીએ તો કર્મભ્રષ્ટતા વધશે. જો કર્મભ્રષ્ટતા વધે તો પ્રજા વર્ણસંકર થાય. આમ બધે સડો પહોંચી જાય. બધાંનું મૂળ તો હે અર્જુન! હું જ, તેથી દોષારોપણ મારે માથે જ આવે. તમે બીડી પીઓ અને બીજાને સલાહ આપો કે બીડી ન પીવી—આવું ન ચાલે. તમે કર્મ ન કરો અને બીજાને કર્મ કરવાની સલાહ આપો એ કેવું કહેવાય?

'હું લડાઈ નહિ કરું' એમ અર્જુને કહ્યું તેથી ભગવાન સમજાવે છે કે 'જો મેં પણ લડાઈ કરી છે. હું પણ કર્મ કરું છું. તું પીછે હઠ કર એ કામ નહિ લાગે. આવું જો સહુ કરવા માંડે તો આ મારી નાટકકંપની (જગત) નું દેવાળું નીકળી જાય.' જ્યારે ઘરનો વડીલ ઉલટો ચાલે ત્યારે સ્ત્રીઓનાં ચરિત્ર બગડે અને પરિણામે પ્રજા બગડે, છેવટે વિષયલંપટતા વધે. આ બધાને માટે જવાબદાર કોણ? જે કર્મ ન કરે અને ઉલટો ચાલે તે જ. આપણે કંઈ ન કરીએ અને ઉપદેશ દઈએ એ કેમ ચાલે? આપણે તો એવું આચરણ કરવું જોઈએ કે જેથી બધા આપણી પાછળ દોડી આવે; આપણે કોઈને બોલાવવાની જરૂર પણ ન રહે. આપણે ભજન કરીશું તો બીજા લોકો આપણને જોઈને ભજન કરવા લાગશે. આપણી વાતોની નહિ પણ આપણા આચરણની લોકો પર અસર થાય છે. ઉપદેશની અસર આચરણ સિવાય થતી નથી. લોકો તો તમારું કર્મ જોઈને તમને અનુસરશે. તમે જો 'શ્રી રામ જય રામ જય જય રામ'ની ધૂન કરશો તો બધા ધૂન કરશે. તમે ગાળો બોલશો તો છોકરાં ગાળો બોલતાં જ શીખશે. તમારાં ઉલટાં કર્મોની લોકો પર ઉલટી અસર થાય છે. તમે જો જ્ઞાનની વાતો કરશો તો છોકરાંઓ જ્ઞાનની વાતો કરશે. છોકરાં ખરાબ આચરણ કરે તો તેનો દોષ મોટાં ઉપર જ આવે છે. ખરાબ આચરણથી પરિણામે તો વિનાશ જ થાય. હે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અર્જુન, આવું થાય અને હું આંખો બંધ કરીને બેઠો રહું તે કેમ ચાલે?

હે પાર્થ! તું જો, યાદ કર. મેં પણ જાતજાતની લીલા કરી છે. કંસ, શિશુપાલ વગેરે રાક્ષસોનો વધ કર્યો. જરાસંધનો વધ તો તારા મોટાભાઈ પાસે જ કરાવ્યો. કાળયવનનો નાશ કેવી રીતે કરાવ્યો તે તું શું નથી જાણતો? અને તેમ છતાં ગોવાલણોની સાથે નાચ્યો પણ ખરો. આજે પણ તારો રથ હંકવાનું કાર્ય કરી રહ્યો છું. આ બધાં કામો કરતી વખતે મને ક્યાંય આસક્તિ ન હતી. ગોપીઓ સાથે આટલો આટલો સંબંધ, પણ તેમને છોડતી વખતે મારી આંખમાં આંસુ નહિ. કંસને મારવામાં જરાય આનાકાની નહિ. તારો રથ હાંકવામાં, ડ્રાઈવર થવામાં, આટલી નીચી સ્થિતિએ બેસવામાં જરાય આનાકાની કરી છે?

'અર્જુન મારો શેઠ અને હું તેનો ડ્રાઈવર' છે આવો કોઈ ભાવ! જુઓ આ ચિત્ર. ભગવાનનું મુખ જુઓ. કેટલા આનંદથી આ રથ ઉપર ભગવાન બેઠા છે? તેની આંખોમાં સંયોગવિયોગના કોઈ ભાવો નથી. કેટલી પ્રસન્નતા છે. આવી પ્રસન્નતાપૂર્વક બધાં જ કર્મો તમે કરો. (૨૪)

*   *   *   *

આપણે તો જગત નાટકકંપની ચલાવવાની છે. આ માટે આપણે ગીતાનું પારાયણ કરવાનું છે. ગીતા બોલાયાને પાંચ પાંચ હજાર વર્ષ થઈ ગયાં છતાંય આ કંપની ચાલુ રહી છે. પડી નથી ભાંગી. દૂરંદેશી માણસોનું ટ્રસ્ટ હંમેશાં વ્યવસ્થિત હોય છે. આ ટ્રસ્ટ (જગત) ના નિયમો તે ગીતા. આ નાટકકંપની '(જગત) કેમ ચાલુ રાખવી તેના કાયદા તે આ ગીતા. જે સમર્થ છે તેને તો વધારે કાર્ય કરવું પડશે. જ્ઞાનીને તો વધારે કાર્ય કરવું

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પડે છે. તેને વધારે બોજો ઊંચકવો પડે છે. આ બોજો તે ઘણા આનંદપૂર્વક, પ્રસન્નતાથી વહન કરે છે. આસક્તિરહિત રહેવું એ પ્રથમ પાઠ શીખીને તે આગળ કાર્ય કરે છે.

सक्ताः कर्मण्यविद्वांसो यथा कुर्वन्ति भारत ।
कुर्याद्विद्वांस्तथासक्तश्चिकीर्षुर्लोकसंग्रहम् ॥ २५ ॥

હે ભારત! જેવી રીતે અવિદ્વાન લોકો કર્મ ફળમાં આસક્ત થઈને કર્મ કરે છે, તેવી જ રીતે વિદ્વાન લોકોએ ફલેચ્છારહિત થઈને કર્મ કરવાં જોઈએ. (૨૫)

અવિદ્વાન લોકો એટલે અજ્ઞાની લોકો. અજ્ઞાની જીવો કર્મમાં આસક્તિસહિત કર્મ કરે છે. વિદ્વાનો પણ કર્મ તો કરે છે જ પણ આસક્તિરહિત થઈને. જેને ઇશ્વરનો સાક્ષાત્કાર થયો છે, તેને જ વિદ્વાન કહેવાય. પોથીપંડિતની અહીં વાત નથી. અજ્ઞાનીઓ —'હું આમ કરું; તેમ કરું; મારે આમ કરવું છે, તેમ કરવું જોઈએ'—એવા વિચારોથી કર્મ કરે છે. જ્ઞાની પણ છોકરાછોકરીના લગ્ન વગેરે કર્મો કરે છે પણ તેને તેમાં આસક્તિ નથી. અજ્ઞાની તો લગ્ન પહેલાં બાર વરસથી વિચાર કરતો હોય કે 'આના લગ્ન વખતે તો હું આમ કરીશ.' લગ્ન સુધી તે જીવશે કે મરશે એની તો એને ખબર નથી. શી ખબર છે કે શું થશે? જેને આત્મસાક્ષાત્કાર થયો છે, જે જ્ઞાની છે તેઓ આવી માથાકૂટ કરતા નથી; તેઓ આવી કડાકૂટ કરતા નથી. જે થવાનું છે તે થશે જ—એ ભાવ તેમને હોય છે. બાકી તો જ્ઞાની પણ લગ્ન માટે કપડાં ખરીદવા જાય. 'યહ હમારા કામ નહિ હૈ' એમ તેનાથી કહેવાય જ નહિં. જો કર્મ કરતો નથી તો છોકરાના લગ્ન આવ્યા કેવી રીતે? જો, હું પણ રથ હાંકું છું. મારા ભક્તો પણ મારા જેવા, કર્મ કરનારા જ હોય. અમારાં કર્તવ્યો સમાપ્ત થઈ ગયાં એમ માનવું તે અજ્ઞાનીનું લક્ષણ છે. વ્યવહારના કર્મો પ્રસન્ન-

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મુખે કરીને પછી જ્ઞાની છૂટી જવાનો અને અજ્ઞાની તો પોતાના કર્મો રડતે મુખે જ કરતો હોય. જ્ઞાની આસક્તિરહિત કર્મો કરીને પ્રારબ્ધ ભોગવીને છૂટી જાય છે.

નરસિંહના અને તુકારામના છોકરા છોકરી પરણ્યા જ ને! તુકારામે શું સંસાર છોડ્યો હતો? ઘણા એવા છે કે જે સંસાર છોડીને ભાગવાનો પ્રયત્ન કરે છે. આ બધા 'અશક્તિમાન્ ભવેત્ સાધુ' જેવા છે. હે અર્જુન, મારે તને આવો સાધુ નથી બનાવવો. જો આટલું ઓડાવ્યું તો હવે પૂરું કર. વિરાટ નગરીમાં તું ઉત્તરાને નાચ શીખવતી વખતે નપુંસકનો પાઠ ભજવતો હતો. બૃહન્નલા થઈ ને જ રહેવું હતું ને! શું કામ વિરાટનગરમાંથી દુશ્મનો સામે તેં રથ દોડાવ્યો હતો? આજે જ્યારે વીરતાનો પાઠ ભજવવાનો આવ્યો ત્યારે જ તારે સંન્યાસી થવું છે? આ તો તારો ખોટો મોહ છે. હું તને મોહવશ થયેલો સંન્યાસી નહિ બનવા દઉં. મારે હવે બાવન લાખ સાધુઓમાં એકનો વધારે નથી કરવો. મારે હવે આવા ભગવા રંગવાળા સાધુઓ નથી વધારવા. પેટને માટે પડ્યા હોય એવા દાળરોટીવાળા સાધુઓમાં તારો ઉમેરો નથી કરવો. કર્તવ્ય કરતી વખતે ભાગવાનું હોય કે? મોહવશ થઈ ને તું પીછેહઠ કરીશ તે કેમ ચાલશે? ભક્તોએ તો ભગવાન જે જે સ્થિતિમાં રાખે તે તે સ્થિતિમાં આનંદ કરવો જોઈએ. ચૈતન્ય વગેરે મહાપુરુષોએ તો ઇશ્વરઆજ્ઞાથી સંન્યાસ લીધેલો. નરસિંહ અને તુકારામે પોતાના કર્મો બીલકુલ છોડ્યા નથી. હાથમાં કરતાલ લઈને પણ નરસિંહ પુત્રીનું મામેરું કરવા ગયેલાં. તેમણે ભજન નહોતું છોડ્યું એ જ આપણે જોવું જોઈએ. જેમ આસક્તિ એ અજ્ઞાનનું લક્ષણ છે, તેમ કર્મોથી ભાગવું એ પણ અજ્ઞાનનું જ લક્ષણ છે. તમે આ નાટકકંપનીમાં જોડાયા; એટલે કે તમે શરીર લીધું. પૂર્વજન્મની વાસનાને લીધે આ શરીર મળ્યું. તમે એપ્લીકેશન્સ (Applications—અરજીઓ-) કરેલી તેનો આ જવાબ મળ્યો છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તમે જ ભગવાનની પાસે ઇચ્છાઓ રૂપી અરજીઓ કરી હતી. કોઈ દાણુંબંદર પર નોકર હોય, કોઈ ઓફિસમાં કારકુન બન્યો હોય, કોઈ અહીં પન્નાલાલ ટેરેસમાં કામ કરતો હોય. ડાયરેક્ટર કે માલિક પણ આ કંપનીમાં કોઈ વાર પાઠ લે છે. આ નાટકકંપનીમાં તો મિલિટરી કાયદા છે. દાખલ થયા પછી તેમાંથી છટકાતું નથી. આ ડીપાર્ટમેન્ટ તો ભગવાનનું છે, કોઈ સાધારણ માણસનું નથી. ઘણા લોકો ભગવાનને 'તું કઠણ હૈયાનો છે' એમ કહીને ગાળો ભાંડે છે. તમે જ પૂર્વે અરજીઓ કરીને (ઇચ્છાઓથી, વાસનાઓથી) આ માગ્યું; તે સામે આવ્યું; હવે તમે ભોગવો. હવે આમાં પીછેહઠ નહિ ચાલે. અહીં તો લશ્કરી કાયદો છે. આ લીલામાં જોડાયા પછી છટકાય જ નહિ. જો છટકશો તો કામ ચલાવીને શૂટ કરી નાખશે. (Shoot–ગોળીબાર). આ તો ગોડ ગવર્નમેન્ટ (god government–વિશ્વ સરકાર) છે તમારી પૂર્વજન્મની અરજીઓ પ્રમાણે 'આ ફલાણુનો વર'; 'આ અમુકની વહુ'; 'આ ફલાણુના સંતાન'—એવી એવી જગ્યાઓ મળી છે. હવે જો તમે નવી અરજી કરશો તો વળી નવી જગ્યા કરશું. આ અજબ લીલા છે. તેમાં તો દરેકની અરજીના જવાબ મળે છે. અજ્ઞાનીઓ તો આવી અરજીઓ કર્યે રાખે છે.

હવે આપણે અરજી કરવી નથી. જે અરજી કરતો નથી તે જ્ઞાની; જે ઇચ્છા કરતો નથી તે જ્ઞાની. અહીં તો હું દેશકાળની પરિસ્થિતિ પ્રમાણે સમજાવું છું. જ્ઞાની કદી ઇશ્વરની પાસે માગતો નથી કે હે ઇશ્વર! તું મને શ્રીમંતને પેટે જન્મ દેજે. આવી માગણીઓ તો અજ્ઞાની હોય તે જ કરે. અવિદ્વાન લોકો કર્મમાં આસક્તિ રાખીને નવાં નવાં કર્મો બાંધે છે. તેઓ રોદણાં રડીને જન્મમરણ બાંધે છે.

જેણે ઇશ્વરનો સાક્ષાત્કાર કર્યો છે તે કશું માગતો નથી; તે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અરજી કરતો નથી, માટે આ જગતકંપનીમાં તેને કામ મળતું નથી. આવા માણસને તો હું શેઠ બનાવી દઉં છું. આ કંપનીના ડીરેક્ટર તરીકે તેને હું લઈ લઉં છું. દિવસમાં ફક્ત ચાર કલાક કામ કરે, મને (ભગવાનને) ખોટી દમદાટી આપે અને કામદાર મંડળમાં અરજી કર્યા કરે તેવા નોકરોનું મારે કામ નથી. જે રાતદિવસ વગર બોલ્યે નોકરી કરે તેને તો હું ઘરનું માણસ બનાવી દઉં. જે મારા ઘરના માણસ થઈ જાય એવા નોકરને હું કેમ છોડી દઉં? જે નોકર વારંવાર નોકરી બદલ્યા કરે અને જુદા જુદા શેઠ કર્યા કરે તે જન્મમરણના ચક્કરમાં અટવાયા કરવાનો છે. જે નોકર એક જ શેઠના શરણમાં રહે છે, શેઠનું બધુંય કામકાજ વગર કહ્યે કરે છે તે વખત જતાં શેઠનો ભાગીદાર પણ થઈ શકે છે. જે વારંવાર અરજી, ઇચ્છા કર્યા કરે છે તે પહેલા પ્રકારના નોકર જેવો છે. બિલકુલ ઇચ્છા કર્યા વગર એક શેઠ—મારા જ શરણમાં રહેનાર તે બીજા નોકર જેવો છે, તે સાચો ભક્ત છે. વહેવારમાં જે સત્ય છે તે પારમાર્થિક રીતે પણ સત્ય જ છે. વહેવારમાં પણ જે નિઃસ્પૃહી હોય તે શેઠ બની જાય છે. શેઠ તેને પોતાનો ગલ્લો સોંપી દે છે. આવા નિઃસ્પૃહીઓ જો ચાલી જાય તો મારી આ કંપની (જગત) ન ચાલે. એ લોકો બિલકુલ આસક્તિરહિત હોય છે. તમને બધાને તો 'માલા સર્વિસ દ્યા' એમ તમે કહ્યું, તેથી આ નોકરી મળી છે. હવે મંડળો સ્થાપીને વિરોધ કરો એ હું નહિ ચલાવી લઉં. અહીં તો શિસ્ત જાળવવી જ પડશે.

અવિદ્વાન લોકો કર્મોમાંથી છટકવાનો પ્રયત્ન કરીને વધારે દુઃખ ભોગવે છે. બધાંએ શાંતિથી કર્મ કરવાં જ જોઈએ. જે માણસ આ નાટકકંપનીમાં આપેલો પાઠ શાંતિથી ભજવે છે તેને હું ક્રમે ક્રમે આગળ લઈ જાઉં છું. પહેલાં એક્ટર અને પછી ડીરેક્ટર પણ બનાવી દઉં છું. તે શેઠ બની જાય છે. શેઠનું

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વર્તન કેવું હોય? શેઠ દુકાને આવીને બેસે છતાં જાણે સંબંધ જ નથી એમ વર્તે. જ્ઞાન થયા પછી કર્માચરણ કરનાર જ્ઞાની આવા શેઠ જેવો છે. હવે જરા બીજી રીતે વિચારીએ. પગાર પર દૃષ્ટિ રાખે તે અજ્ઞાની છે અને જે પગાર પર દૃષ્ટિ ન રાખે તે જ્ઞાની છે. પગાર એટલે કર્મનું ફળ. (૨૫)

न बुद्धिभेदं जनयेदज्ञानां कर्मसङ्गिनाम् ।
जोषयेत्सर्वकर्माणि विद्वान्युक्तः समाचरन् ॥ २६ ॥

વિદ્વાન મનુષ્યે ફળની ઇચ્છાથી કર્મ કરનાર અજ્ઞાની મનુષ્યોની બુદ્ધિમાં ભેદ પેદા કરવો નહિ; પરન્તુ પોતે નિષ્કામ બુદ્ધિથી કર્માચરણ કરી, તેમનામાં કર્મ કરવાની અભિરુચિ ઉત્પન્ન કરવી. (૨૬)

જ્ઞાનીને ભેદ દૃષ્ટિ હોતી નથી. તેને મન બધાં સરખાં હોય છે, તેથી તેનામાં સમદૃષ્ટિ છે એમ કહેવાય છે. જ્ઞાની કદી કોઈને ઉપદેશ આપતો નથી. જે સિપાહીનો પાઠ ભજવતો હોય તેને રાજાનો પાઠ ભજવવાનું કેમ કહેવાય ? ક્રમે ક્રમે માણસ શીખી શકે છે. વિદ્વાનને રોજ જેવું આચરણ કરતાં લોકો જોશે તેવું આચરણ લોકો કરશે. જો ભેદબુદ્ધિ કરશો તો કર્મમાં ગરબડ થશે. જ્ઞાનીએ કોઈને ઉપદેશ આપવાની જરૂર નથી. રસ્તે ચાલતાં માણસને બ્રહ્મનો ઉપદેશ આપશો તો તે લાફો મારશે. જ્યાં સુધી પૂછશો નહિ ત્યાં સુધી જ્ઞાની બોલશે જ નહિ.

એક વખત નારદમુનિને આવા પ્રકારનો પ્રશ્ન ઉત્પન્ન થયો, તેમણે ભગવાનને જઈને પૂછ્યું, " હે ભગવાન ? તમે લોકોનો ઉદ્ધાર કેમ નથી કરતા ? પૃથ્વી ઉપર અનેક માણસો અજ્ઞાનમાં સબડી રહ્યા છે. તમે એ લોકોને જ્ઞાન કેમ નથી આપતા ? નારદ-મુનિ તો દયાભાવથી પ્રેરાઈને ભગવાનને આ પ્રશ્ન કરે છે, પણ ભગવાને તો કંઈ જવાબ ન આપ્યો. તેઓ ફક્ત હસ્યા. ભગવાનને હસતા જોઈને નારદમુનિ ગુસ્સે થયા અને ભગવાનને બે ચાર

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કડવા શબ્દો પણ સંભળાવી દીધા. ભગવાને હવે નારદમુનિને કહ્યું, "તમે પૃથ્વી પર જાઓ અને જેને અહીં વૈકુંઠમાં આવવું હોય તેને લઈ આવો." ભગવાનનું આવું વચન લઈને નારદમુનિ પૃથ્વી પર આવ્યા. ત્યાં એક સ્થળે પારાયણ થતી હતી. કથાકાર-મહાત્મા ભગવાનના ગુણાનુવાદ ગાતા હતા. તેમને જોઈને નારદને મનમાં થયું કે આ મહાત્મા ભગવદ્પ્રેમી લાગે છે. નારદે જઈને મહાત્માને કહ્યું, "ચાલો વૈકુંઠમાં. અત્યારે જ ચાલો." મહાત્માએ કહ્યું."ના ભાઈ, મારે તો હજી ઘણાં કામ બાકી છે." નારદજીએ મહાત્માને આગ્રહ કર્યો કે ચાલો ને ચાલો. પછી તો મહાત્મા ગુસ્સે થઈ ગયા અને ગાળો પણ દીધી. નારદજીને તેમણે કહ્યું કે, "તમે ગાંડા થઈ ગયા છો કે શું? એમ તો કોઈ સ્વર્ગમાં જતું હશે?" નારદજીને તો ભગવાને વચન આપેલું એટલે તેમના મનમાં થયું કે આ શ્રોતાઓમાંથી થોડા તો જરૂર વૈકુંઠમાં આવવા તૈયાર થશે. નારદજી તો ચડ્યા પ્લેટફોર્મ પર અને જાહેરાત કરી કે "ભાઈઓ, બહેનો, સાંભળો. જેમને વૈકુંઠમાં આવવું હોય તેને હું વૈકુંઠમાં જરૂર લઈ જઈશ. તૈયાર થઈ જાઓ." નારદજીના મુખ પર તો બ્રહ્મતેજ વિલસે એટલે લોકો તેમને જોઈ જ રહે. હાથમાંની વીણા વગાડતા જાય અને નારદજીએ ફરી વાર કહ્યું કે જેને આવવું હોય તે અત્યારે જ તૈયાર થઈ જાય. લોકોમાં તો કોલાહલ મચી રહ્યો. બૈરાંઓએ તો ગાળો પણ દીધી. નારદજીનું મોઢું વીલું થઈ ગયું, પછી તો તેઓ ઘેરઘેર ફર્યા અને પૂછ્યું કે આવવું છે કોઈને વૈકુંઠમાં? પણ કોઈ તૈયાર ન થયું.

જ્ઞાની પુરુષ આ માટે તો કદી કોઈને કહેતો નથી કે ચાલો સ્વર્ગ દેખાડું. જ્ઞાની કદી કોઈમાં ભેદબુદ્ધિ ઉત્પન્ન કરતો નથી.

નારદજી તો વીલે મોઢે પાછા ફર્યા. ભગવાને હસીને નારદજીને કહ્યું કે, "કાં, કેમ કોઈને વૈકુંઠમાં ન લાવ્યો?"

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

હે અર્જુન! આપણે નિષ્કામબુદ્ધિથી કર્મ કરવું. કોઈને મન થાય તો આ વૈકુંઠનાં બારણાં તો ચોવીસે કલાક ખુલ્લાં છે.

જ્યાં સુધી પૂછશો નહિ ત્યાં સુધી જ્ઞાની કોઈને ઉપદેશ આપતો નથી. અર્જુન તો ભગવાનનો સંબંધી હતો છતાં પહેલાં કોઈ વખત તેને ભગવાને ઉપદેશ ન આપ્યો. "હું તમારો શરણાગત છું અને મને સમજાવો," એમ જ્યારે અર્જુને કહ્યું ત્યારે તેને આ ગીતા કહી.

આવા જિજ્ઞાસુ પુરુષો મળે ત્યારે જ જ્ઞાનની વાત થાય છે. પારસમણિની વાત, (જ્ઞાનનીવાત તો આવાની પાસે જ થાય. આપણે તો ખાલી કથા કરીએ છીએ. કથા સાંભળ્યાથી શું વળે? કથામાં કહ્યું છે તે પ્રમાણે આચરણ કરો. પૂર્વે હું જે કહી ગયો છું તે હું આજે વાંચું છું આ નાટક કંપનીમાં મારે પણ એક્ટીંગ (Acting–અભિનય) કરવી જોઈએ ને? આજે કથાકારોમાં તો લોલુપતા વધારે દેખાય છે. તેઓનું આચરણ ખરાબ હોય છે, તે જોઈને શ્રોતા પણ તેવા જ થઈ જાય. મહારાજના કહેવા મુજબ નહિ પણ તેમનાં કરવા મુજબ લોકો આચરણ કરશે. તેઓ વિદ્વતા-યુક્ત પ્રવચન ભલે કરે પણ જ્યાં સુધી આચરણ નથી ત્યાં સુધી બધું નકામું. લોકો પર અસર થાય છે આચરણની, ઉપદેશની નહિ. તેઓ તમારી પાસે વાતો કરે કે ભજન–ભક્તિ કરવાં જોઈએ પણ તેઓ જ નાચગાન કરે તો લોકો વિષય તરફ જ ઢળી જશે. માટે તો ભગવાન ખાનગીમાં કહી દે છે કે તમને કોઈ પૂછવા આવે ત્યારે જ આ જ્ઞાન આપવું, ત્યાં સુધી નહિ.

તમે પૂછવા આવો કે ઉપવાસ શા માટે કરવો, અગિયારસ શા માટે કરવી, તો મારે એ પ્રશ્નોનો જવાબ દેવો જોઈએ. જ્ઞાની પુરુષો શા માટે ઉપદેશ આપતા નથી, એ પ્રશ્નનો જવાબ હવે આવી ગયોને! તમારી પાસે છે તે અમને જલદી આપી દો એમ ઘણાં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

બોલે છે, પણ આપવા જાઉં છું ત્યારે લેવા માટે કોઈ તૈયાર નથી. માટે ત્યાં વૈકુંઠમાં લઈ જવા માટે હજુ નારદમુનિ ફર્યા જ કરે છે; પણ કોઈ જતું નથી. કોઈ વળી વાલ્મિકી જેવા વીરલા મળી જાય છે. કેટલાક પહેલા હા પાડે અને વચ્ચેથી ફસકી જાય છે. આવાને તો પછી મારી ઢસરડીને લઈ જવા પડે છે.

આજે તો ભજનમાં આવવાના આમંત્રણો અપાય છે. " સરસ ભજન થાય છે આવજો આવજો "—એમ કહીને માણસો ભેગા કરે. પેપરમાં જાણે કે નવો સીનેમા આવ્યો હોય તેમ જાહેરખબર પણ છપાવે કે " અલભ્ય લાભ લેવા જરૂર આવો. અમૂક ઠેકાણે હરિકીર્તન છે! આમ માણસો ભેગા કરે તે તો અજ્ઞાનીનું લક્ષણ છે. જ્ઞાનીને માણસોનો વાંધો નથી, ભેગા થાય તો તે પાછી પાની કરીને અટકી જતો નથી પણ તે જાહેર ખબર તો નથી જ આપતો. તમે તો આ નાટકકંપનીમાં (જગતમાં) બીજું નાટક શરૂ કર્યું; નાટકમાં (જગતમાં) નાટક, જગત એક નાટક, તેમાં વળી તમારું નાટક.

ભગવાન કહે છે કે મેં સોંપ્યું છે તે કામ કરો. તેમ નથી કરતા ત્યારે આત્મા જ અંદરથી ડંખે છે, ભગવાન જ અંતરમાં ડંખે છે છતાંય મોહવશ લોકો મોહ છોડતા નથી. ખરો ભકત આવી ખોટી માથાકૂટમાં પડતો નથી. ભગવાનની આજ્ઞા વિના જે ઉપદેશ કરે છે તેની લોકો પર અસર થતી નથી. આવા ઉપદેશથી તો ફકત શુષ્ક જ્ઞાન વધશે અને તેથી પ્રજા વર્ણસંકર થાય. અધિકાર વગર જ્ઞાનની વાત થતી જ નથી. અધિકાર વિના જ્ઞાન અપાતું નથી. જેને આ નાટકકંપનીમાં સિપાહીનો પાઠ ભજવવાનો હોય તેને તે જ કર્મ બરાબર કરવાનું કહેવું. કર્મનું પ્રેમપૂર્વક આસક્તિરહિત આચરણ કરો. નવી અરજી (ઇચ્છા) ન કરવી, દોડધામ ન કરવી. જ્ઞાનીને પૂછવા જશો ત્યારે જ તે જવાબ દેશે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

બાકી તો તેને મોંઢે તાળું છે. પૂછયા સિવાય તે નહિ બોલે. આચરણ કરીને જ લોકોને સમજાવવું, બોલીને નહિ. તમે દારુ છોડયા પછી બીજાને છોડવાનું કહી શકો. પછી હિંમતપૂર્વક કહી શકાય અને તમારા શબ્દોની અસર જરૂર થશે. હું કશુંય ન કરું અને તને કહુ કે આમ કરો અને તેમ કરો તો તેની શી અસર થાય? કંઈ નહિ. બધાયે વ્યવસ્થિત રીતે આચરણ કરવું જોઈએ.

કૃષ્ણના આચરણનો ઇતિહાસ તે આ ગીતા. ગીતા મહા-ભારતનો એક ભાગ છે અને મહાભારત વ્યાસમુનિએ લખ્યું છે, ભગવાને નથી લખ્યું. તેમને લખવાનો સમય જ ન હતો. આખો વખત તેમણે તો કર્મ જ કર્યું છે. વ્યાસમુનિએ તેમનો ઇતિહાસ આપણી સમક્ષ રજૂ કર્યો છે. કહો, હવે આપણે કર્મોમાંથી કેમ છટકી શકીશું? કર્મોમાંથી છટકાય નહિ. કૃષ્ણના ભક્તો માટે જેટલી જવાબદારી છે તેટલી જ રામના ભક્તો માટે જવાબદારી છે. રામ કે કૃષ્ણ કોઈએ સંન્યાસ નથી લીધો. રામાયણ મહાભારતના પાત્રોએ શું ભાગાભાગ કરી હતી? ક્યાં રાવણ અને ક્યાં રામ! બન્નેની શક્તિમાં કેટલો ફેર! રામે શું આવો વિચાર કર્યો હતો? સીધા લડવા જ ગયા ને! કોઈ મા બહેનોની લાજ લૂંટાય ત્યારે જ્ઞાની છાનોમાનો બેસી ન રહે; ત્યારે તો મારામારી કરવી એ તેનું કર્મ થશે. કૃષ્ણે તો નાનપણથી ડંડા ઉછાળ્યા. તેણે કેટલાએ રાક્ષસોને અને રાક્ષસીઓને માર્યા. તેને બહુ પાપ લાગ્યું હશે ખરું? વળી કેટલાયના હરણ પણ કર્યા છે. કૃષ્ણના કેવા કામો છે? તે તો રૌરવ નરકમાં જ જશે ને! જ્યારે આપણે કેવા ડાહ્યા છીએ! લડાઈ થાય ત્યાં બારણાં બંધ કરીએ! આપણે કોઈનું હરણ કર્યું નથી; કૃષ્ણના ભક્તે તો કૃષ્ણ જેવું જ વર્તન કરવું પડશે. જેનું નામ લઈએ તેના જેવાં કર્મ કરવાં જોઈએ! જેના ગોળાનું પાણી પીધું તેના ઘરના જેવું આપણે થવું જોઈએ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વહુએ વરની રીત પ્રમાણે રહેવું જોઈએ. ભગવાન પોતાના ઘરની રીત તો બીજા અધ્યાયમાં વર્ણવી ગયા છે. શું પહેરવું; શું ખાવું એ બધુંય ત્યારે કહ્યું છે. કોઈના કામમાં ડખલ ન કરવી. ગભરાઇને બેસી ન રહેવું પણ જરૂર લાગે તે કર્મ કરવું જ.

જો તું તેમ નહિ કરે તો આ નાટકકંપની નહિ ચાલે, કંપનીનું દેવાળું નીકળી જાય. માટે તું નિષ્કામભાવે કર્મ કર. તેથી બુદ્ધિ શુદ્ધ થાય અને બુદ્ધિ શુદ્ધ હશે તો જ્ઞાન જરૂર થશે. ૨૬

प्रकृते : क्रियमाणानि गुणै : कर्माणि सर्वशः ।
अहंकारविमूढात्मा कर्ताहमिति मन्यते ॥ २७॥

સર્વ કર્મો સર્વ પ્રકારે પ્રકૃતિના ગુણોને લીધે થાય છે; પરંતુ જે મૂઢમતિ હોય છે, તેજ અહંકારથી એમ માને છે કે, 'સર્વ કર્મો હું જ કરું છું.' (૨૭)

બધાય કર્મો પ્રકૃતિના આધારે જ થયા કરે છે. છોકરાં પેદા કરવાં, પરણાવવાં, ભજન કરવું,......બધા પ્રકૃતિના કામો છે. સત્વ, રજ અને તમ,—પ્રકૃતિના આ ત્રણ ગુણો છે. સાત્વિક ગુણ, ભજન સત્સંગ વગેરે કરાવે; રજોગુણ છોકરાં પરણાવવાં, દોડાદોડી કરવી, એવાં કર્મો કરાવે; તમોગુણ ખૂન અને મારામારી કરાવે. "હું આ કર્મો કરું છું. આજે તો મારી કથામાં ઓડિયન્સ ચિક્કાર હતું. અમે તો લોકો માટે ભજન કરીએ છીએ. આ બધું તો હું જાણતો હતો"—આવાં આવાં વાકયો તો અજ્ઞાનીઓ બોલે. જ્ઞાની તો સમજે છે કે પ્રકૃતિના ત્રણ ગુણો જ આ બધું કરી રહ્યા છે. ભગવાનની ઇચ્છા મુજબ જ બધું થાય છે. સકામ ભાવવાળામાં અહંકાર હોય છે, તેથી તે અજ્ઞાની; નિષ્કામભાવવાળામાં અહંકાર નથી તેથી તે જ્ઞાની. ગુણો પ્રારબ્ધાનુસાર કર્મો કરાવે છે. અહંકારી માણસ જ એમ કહે કે "હું આ કરું છું, હું તે કરું છું."

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અર્જુનનો કર્તાપણાનો ભાવ કઢાવી નાખવા માટે જ ભગવાને આ બધું કહ્યું છે. નરસિંહ મહેતાએ પણ સ્પષ્ટ કહ્યું છે કે—

'હું કરું, હું કરું, એજ અજ્ઞાનતા; શકટનો ભાર જ્યમ શ્વાન તાણે.' આ કર્મો તો પૂર્વની અરજીનું ફળ છે, એમ જ્ઞાની સમજે છે. જ્ઞાનીને કર્મનું મહત્ત્વ નથી. કમાવું એટલે સેવા એમ તે સમજે છે. બૈરીછોકરાંનું પાલનપોષણ તે નિરાંતે કરે છે. નવી ઇચ્છાઓ હવે નથી કરતો. તેને હવે કર્મોમાં આસક્તિ કે ભાવ નથી. પ્રકૃતિના ડાન્સ (નાચ) માં તે સાક્ષી–ભાવે રહે છે. અજ્ઞાનીને તો દોડાદોડ કરવી પડે છે. કપડાં પહેરતાં પહેરતાં ખાવાનું, દુકાનમાં જવું, કમાવું, ગુમાવવું–આવી રીતે કર્મો કરતાં કરતાં આસક્તિને લીધે જન્મમરણનાં બંધનો તે વધારે છે. જ્ઞાની તો જે ઓફિસમાં છે ત્યાંજ તે પાર્ટનર (ભાગીદાર) થઈ જાય છે. તે શાંતિથી કાર્યો કરે છે. ।૨૭

तत्त्ववित्तु महाबाहो गुणकर्मविभागयोः ।
गुणा गुणेषु वर्तन्त इति मत्वा न सज्जते ॥ २८ ॥

હે મહાબાહો! ગુણકર્મના વિભાગનું તત્ત્વ જાણનારો પુરુષ તો ગુણોએ ગુણોમાં એટલે ઇન્દ્રિયો એ વિષયોમાં લાગેલી રહે છે, એમ સમજી ગુણકર્મમાં આશક્ત થતો નથી. ૨૮)

આ પહેલાંના શ્લોકમાં જે કહ્યું તે જ આ શ્લોકમાં વિસ્તાર્યું છે. અહીં ગુણોનું વર્તન કેવું હોય છે તે સમજાવ્યું છે.

આપણે પ્રકૃતિનો ડાન્સ (dance-નાચ) તટસ્થ ભાવે, સાક્ષી ભાવે જોયા કરવો. જ્ઞાની આ નાચમાં મોહાતો નથી. આપણે ગુણકર્મમાં આસક્ત ન થવું. અહંકારને કાઢી નાખો. 'હું' ને કાઢી નાંખો. 'હું' બે છે; એક કાચો 'હું' અને બીજો પાકો 'હું.' દેહ એ જ આત્મા તે કાચો 'હું'; પંચભૂતોનો' 'હું'. બીજો પાકો 'હું'—

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

એટલે અજરામર 'હું'. દેહભાવ એ અજ્ઞાનનું કારણ છે. તત્ત્વજ્ઞાની પુરુષો આ અજ્ઞાનમાં રમતા નથી.

ભગવાને અર્જુન પાસે એ પ્રકારના વર્તન મૂકી દીધા છે. તેમણે અર્જુનને કહ્યું નથી કે તું આમ કર. તેમણે તો કહ્યું, હે અર્જુન, તું જે સારું હોય તે પસંદ કર. ગોપાલ થવું હોય તો ગોપાલ થા; ગધેડો થવું હોય તો ગધેડો થા. આસક્તિ રાખીશ તો બોજો ઉંચકવો પડશે. મારી માફક માખણ ખાવું હોય; કંસને મારવો હોય; ગોપીની સાથે રમવું વગેરે લીલા કરવી હોય તો મારા જેવું વર્તન કર. જેના જેવા થવું હોય તેના જેવા આપણે થઈ શકશું. બરાબર વિચારી લેવું જરૂરી છે. (૨૮)

प्रकृतेर्गुणसंमूढाः सज्जन्ते गुणकर्मसु ।
तानकृत्स्नविदो मन्दान्कृत्स्नविन्न विचालयेत् ॥ २९ ॥

પ્રકૃતિનાં ગુણોથી જે મોહિત થયા હોય છે, તેઓ જ ગુણથી થયેલા કર્મોમાં આસક્ત થાય છે. આવા અલ્પજ્ઞ તથા મંદબુદ્ધિવાળા લોકોના મનમાં જ્ઞાનીએ બુદ્ધિભેદ સંશય ઉત્પન્ન કરવો નહિ. (૨૯)

વિષયો, નાચગાન, ટાપટીપ એ પ્રકૃતિના ગુણો કે માયાના ગુણો છે. જેઓ જરઝવેરાત, સોનાચાંદી વગેરે જડવસ્તુઓમાં ફસાયેલાં છે, આસક્ત થયેલા છે તેઓ મંદ બુદ્ધિવાળા છે. આવા સમજ વગરના લોકોમાં કોઇએ સંશય ઉત્પન્ન ન કરવો.

અર્જુન એસી રહ્યો છે માટે ભગવાન કહે છે કે તારા જેવા મંદબુદ્ધિવાળા સાથે શી વાત કરવી ?

ભજન કરો, દાન કરો, પુણ્ય કરો વગેરે ઉપદેશની કશી અસર થતી નથી. વિષયોમાં ફસાયેલાં લોકો કશું સમજતાં નથી. જે સિપાહી બનીને બેઠો છે તેને તેનો પાર્ટ ભજવવા દો. તેને રાજા બનાવશો તો પાછો સિપાહી ક્યાંથી લાવશો ? સિપાહીની જરૂર તો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

રહેવાની જ છે. માટે માયમાં આસક્ત થયેલા મંદ બુદ્ધિવાળા લોકોમાં ભેદ કરવાની જરૂર નથી. બધા શેઠ થશે તો નોકર લાવશું ક્યાંથી? માટે કોઈની બુદ્ધિમાં આપણે સંશય ઉત્પન્ન ન કરવો. જ્યાં જ્ઞાન નથી અને સમજ નથી ત્યાં બુદ્ધિભેદ થાય અને તોફાન થાય. અત્યારે કોમ્યુનિસ્ટો સત્યાગ્રહ કરે છે. શું ગાંધીજીએ આવો સત્યાગ્રહ કર્યો હતો? અધિકાર વગર જ્ઞાન મળે તો તોફાન જ થવાનાં. શિષ્યો ગુરુને જ પીટશે. નેવું ટકા ગુરુઓ અત્યારે આવા છે, પરિણામે ગુરુશિષ્યની મારામારી વધી પડી છે. માટે તે જેમ કરતાં હોય તેમ તેને કરવા દો. જ્યારે તેઓ થાકીને આવે અને પૂછે ત્યારે કહેવું. પરિપક્વ ફળ આપોઆપ નીચે પડે. ફળ કાચું હોય ત્યારે પડે નહિ. કાચું ફળ કદી ન કાપવું. "કાચું નહિ કાપવું"—એ કહેવત સાંભળી છે ને!

મહાભારતમાં લાક્ષાગૃહનો પ્રસંગ આવે છે. પાંડવો જ્ઞાની હતા, પણ અર્જુનમાં જરાં કચાશ હતી. સહદેવ તો ત્રિકાળજ્ઞાની હતા. જેટલું કૃષ્ણ જાણે તેટલું તે જાણે; સહદેવ આવા જ્ઞાની હતા. લાક્ષાગૃહમાં બધાય પાંડવો પૂરાયેલા છે, અને લાક્ષાગૃહ સળગે છે. બધાં બળું બળું થાય છે તો પણ સહદેવ બોલતો નથી કે 'ભોંયરું નીચે જ છે. લાત મારો અને બારણું ઉઘડશે'.

આ જગત લાક્ષાગૃહ છે. પ્રકૃતિના ત્રિવિધ તાપમાં લોકો બળી રહ્યાં છે. જ્ઞાની પણ તેમાં બળે છે, છતાંય બીલકુલ શાંત છે. ભયંકર ભડકા લાક્ષાગૃહમાંથી નીકળે છે. આ લાક્ષાગૃહ પણ જગત) ટકોરો મારતાં તૂટે તેવું માયાનું છે.

બધા પાંડવોની સાથે સહદેવ પણ બળે છે. જ્ઞાની શાંત રહે, બોલે નહિ. તેને T.B.(ટી.બી.) કે કેન્સર થાય તો પણ મોઢાંમાંથી આહ નથી નીકળતી. ભીમને પ્રેરણા થઈ કે સહદેવને પૂછીએ. ભીમે સહદેવને પૂછ્યું અને સહદેવે કહ્યું કે લાત માર કે દરવાજો ઉઘડી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જશે. ભોંયરું નીચે છે. લાક્ષાગૃહનું પરિણામ સહદેવ પહેલેથી જાણતો હતો. લડાઈમાં શું થવાનું છે તે પણ જાણતો હતો, છતાં લડાઈ થવા દે છે. બધો પાઠ તે ભજવે છે, ધનુષ્યબાણ લઈને લડે છે. લાક્ષાગૃહનું પરિણામ તે પહેલેથી જ જાણતો હતો, પણ પૂછ્યા સિવાય જ્ઞાની ન કહે. અર્જુને પૂછ્યું ત્યારે જ ભગવાન બોલ્યા છે. માણસ જ્યારે ત્રિવિધ તાપથી તપશે, જ્યારે આ જગતરુપી લાક્ષ ગૃહ સળગશે, દુઃખ અને રોગનાં મોટાં દાવાનળો જ્યારે પ્રકટશે ત્યારે માણસ સત્સંગ કરશે, ત્યારે તે સંત પાસે જશે અને આ સળગતા લાક્ષાગૃહમાંથી બહાર નીકળવાનો ઉપાય પૂછશે. સંત તરત જ કહેશે ‘ માર લાત અને બારણું ઉઘડશે. ’ વિષયોને લાત માર, તરત જ જ્ઞાનના દ્વાર ખુલ્લા થશે. લાત માર કે “ તત્ત્વમસિ ” એ જ્ઞાન થશે. જીવ જ્યારે ત્રિવિધ તાપથી સળગશે, આ દાવાનળમાં બળશે, ત્યારે જ તે સંતનું શરણું લેશે. જ્યાં સુધી જીવ વિષયમાં મગ્ન છે, ત્યાં સુધી આ લાક્ષાગૃહ તેને બંગલા જેવું લાગે છે. તે અવસ્થામાં તેને ઉપદેશ આપશો કે આ બંગલો તૂટી જશે તો તે તમને મારવા દોડશે. એ બંગલો જ્યારે તૂટું તૂટું થઈ જશે ત્યારે તે તરત જ પૂછશે કે આમાંથી નીકળવાનો માર્ગ કયો ? કહેતાંવેંત જ તે બહાર નીકળી જશે.

આ ઉપદેશ માટે ઘેર ઘેર જવાની જરૂર નથી. વિષયોને લાત મારો. તમે પોતે સ્વયં–આત્મા છો. ‘ તત્ત્વમસિ ’ તે તું જ છે. જીવ જ્યારે સંસારથી બળ્યોજળ્યો હોય ત્યારે જ આ જ્ઞાન તેને કહેવાય અને ત્યારે જ તેના પર અસર થાય.

એક નાનું એવું ગામડું હતું. તેમાં એક નાની દુકાનમાં એક વેપારી બેસે. દિવસ આખો વેપાર કરે અને રાત્રે દિવેલનું કોડિયું લઈને હિસાબ લખવા બેસે. એમાં એક દિવસ રાત્રે હિસાબ લખતાં લખતાં તેને ઊંઘ આવી ગઈ. તેવામાં ત્યાંથી એક ઉંદર

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

નીકળ્યો. દુકાનમાં દાણા વેરાયેલા હોય તે લેવા માટે ઉંદરો તો ફરતા હોયને ? આ ઉંદરને પકડવા એક બિલાડીએ ઝાપટ મારી અને પેલું દિવેલનું કોડિયું વચ્ચે ઊંધું વળી ગયું. કોડિયું સળગતું હતું. તે ઊંધું વળતાં આગ લાગી. વેપારી આખા દિવસનો થાકી ગયેલ હોવાથી ભર નિદ્રામાં હતો. ઊંઘમાં ને ઊંઘમાં તેના કપડાં સળગ્યાં. ઝાળ લાગી અને તે એકાએક જાગ્યો, જાગતાંની વાર તે એકદમ દોડવા જ માંડ્યો. દુકાનમાંથી બહાર નીકળીને દોડતાં આખી બજાર ઓળંગીને તે સીધો તળાવમાં પડ્યો. તેને જ્ઞાન થયું. પોતાની અંદર ઊંડો ઊતરી ગયો.

આવી રીતે જીવ જ્યારે લાક્ષાગૃહમાં સળગે ત્યારે જ ઉપદેશની અસર થાય છે. ઉપદેશ આપવા માટે ખાલી દોડધામની કશી જરૂર નથી. ઉપદેશનું કાર્ય એ પણ અજ્ઞાન છે, પેટ ભરવાનો પ્રપંચ છે. નરસિંહે કહ્યું છે, "એ છે પરપંચ સૌ પેટ ભરવા તણા......"

પ્રપંચીઓ તો પ્રપંચ જ શીખવશે. ઉપદેશ આપવાની દોડધામો તે રાજસગુણના લક્ષણો છે, તે પ્રપંચ છે; સાત્ત્વિક ગુણો નથી.

જ્ઞાનીને કોઈની શું પડી છે ? બળેલજળેલ જીવ જ્યારે પૂછે ત્યારે તે કહેશે. તે પ્રોગ્રામો નથી ગોઠવતો. છાપાઓમાં ફોટાઓ સાથે તે જાહેરખબર નથી છપાવતો. આ લોકો એમ દલીલ કરે ખરા કે મહાભારતના વખતમાં ન્યુસપેપરો નહોતાં, નહિ તો ભગવાન કૃષ્ણ જાહેરખબર આપત. ફોટાઓ સાથે કથાકારો છપાવે છે કે અલભ્ય લાભ લેવા પધારશો. અમુક સ્થળે હરિકીર્તન થવાનું છે. તેઓ પાછા કહેશે કે, "સદ્દગુરુ દેવકી જે"—એમ જોરથી બોલો. આમ કહેવું એ અજ્ઞાનનું કારણ છે. 'જોરથી બોલો'–એમ કહેવાય જ કેમ ? જે બળ્યોઝળ્યો છે તે તો જોરથી બોલવાનો.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ઢોંગધતીંગ છોડીને તમે જેવા છો તેવા જ પ્રત્યક્ષ દેખાવાની જરૂર છે, ઢોંગધતીંગના માર્ગે ઘણાના પતન થયા છે. આમ કરો કે તેમ કરો—એમ કહેવાની શી જરૂર છે? કોઈ પૂછે ત્યારે જ બોલો. (૨૯)

मयि सर्वाणि कर्माणि संन्यस्याध्यात्मचेतसा।
निराशीर्निर्ममो भूत्वा युध्यस्व विगतज्वरः ॥ ३० ॥

હે અર્જુન? વિવેકબુદ્ધિથી સર્વ કર્મો મારામાં જ અર્પણ કર; કર્મફળમાં આશા રાખ નહિ; કર્તૃત્વાભિમાન છોડ અને શોકરહિત થઈ યુદ્ધ કર. (૩૦)

હે અર્જુન? મેં તને જ્ઞાની અને અજ્ઞાની બન્નેના લક્ષણો કહ્યાં છે. હવે તું જેમ ચાલતું હોય તેમ ચાલવા દે. તું તારા પોતા ઉપર લક્ષ આપ. પોતે જ કમાઈ લેવાનું છે. પોતે પોતાને જ પ્રાપ્ત કરવાનું છે. જે પોતે કમાતો નથી અને બહાર દોડધામ કરે છે તે મૂર્ખાઈ કરી રહ્યો છે. "હું કરું છું, હું કરું છું,"—એવું કર્તૃત્વાભિમાન છોડી સીધો, સાદો અને નમ્ર બની જા. તારાં કર્મ તું મને અર્પણ કરી દે. એ સમજી જા અને અર્પણ કર: તું મારા શરણમાં છે, માટે જ આ બધું કહું છું. જો આ નહિ સમજે તો તારી દશા બૂરી થશે.

સંન્યાસની વાત છોડી દે. બાવન લાખમાં હવે મારે ઉમેરો કરવો નથી. તું બાવનમાં નહિ પણ એકમાં રહે. મારે તારી પાસે કર્મ કરાવવું છે. મારે તને પ્રપંચી નથી બનાવવો. જેવો છે તેવો દેખાવાનો પ્રયત્ન કર: સુંદર સૂટ ને નેકટાઈ પહેરી હોય પણ પાકીટમાં કંઈ ન હોય; બહારનો વેશ સાધુનો પણ આત્મધન નથી એવા સાધુ થવાથી શું વળશે? બહારના રૂપરંગને શું મઢયા કરવા? મૂળમાં જ ખોટું છે. આ દેહ છે, તેને "હું છગનલાલ છું; મગનલાલ છું" એમ કહેવું એ ઢોંગ છે. ઢોંગમાં વળી ઢોંગ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કરી રહ્યો છે. કર્તૃત્વાભિમાન છોડીને નિષ્કામબુદ્ધિથી કર્મ કર તો તું જરૂર જ્ઞાન પામીશ.

'મારે આ બધાને મારવા નથી.' 'હું આ બધાને મારું છું'—આ બંને અહંભાવસૂચક ભાવો છે. આસક્તિથી ઘરમાં રહેવું, અથવા એ લાક્ષાગૃહ છે એમ માનીને તેને છોડીને ભાગવું એ બંને અજ્ઞાનના ભાવો છે. તું આસક્તિ વગર રહે. ભાગવાની જરૂર નથી. તું યુદ્ધ શરૂ કરી દે. તારી સામે ઊભેલા ષડ્‌રિપુ છે તેને માર. આ ઘરમાં રહીને જ માર. જેવું આ ઘર છે તેવું જ પેલું ઘર છે. પ્રારબ્ધના ભોગ એટલે આ શરીર, એ ઘર. જ્યાં જશો ત્યાં એ સાથે જ આવશે, એમાંથી કેવી રીતે નાસી જવાય? બહાર નીકળી જવા માટે, ત્યાગ કરવાને માટે માથાં ફોડવાં એ તારો ખોટો મોહ છે. રામકૃષ્ણ પરમહંસ કહે છે કિલ્લામાં રહીને લડો; ત્યાં તમે સુરક્ષિત છો. શરીરને તમે હિમાલયમાં લઈ જાઓ તો ત્યાં યે અંદરના દુશ્મનો તો સાથે જ આવશે.

શિવાજી મહારાજની યુદ્ધનીતિ અજમાવો. દુશ્મનો (વિષયો) પર કિલ્લામાં સંતાઈને એકાએક બહાર આવીને છાપા મારીને ત્રાહિ ત્રાહિ પોકરાવો. આ રીતે શત્રુઓને હરાવો. પેશ્વાઓએ શિવાજીની રાજનીતિ છોડી એ ભૂલ હતી. શિવાજીને તો સમર્થ ગુરુ મળ્યા હતા. સમર્થ રામદાસ જેવા સદ્‌ગુરુએ રાજનીતિ અને આત્મજ્ઞાન બન્ને શિવાજીને સમજાવ્યા. હિંદની ઉન્નતિ શિવાજીને લઈને થઈ.

તમે વિચાર કરો. કામક્રોધનું લશ્કર ભયંકર છે. કટકે કટકે છાપા મારીને કિલ્લામાં ભરાઈ જવું. બે પાંચ શત્રુને મારીને છાવણીમાં ઘૂસી જવું. કાળે કરીને બહાર પડો. મારી તો આ નીતિ છે, જ્યાં સુધી જ્ઞાન નથી થયું, જ્યાં સુધી શક્તિ નથી ત્યાં સુધી તો ગૃહસ્થાશ્રમ જરૂરી છે. લગ્ન કરવાં અને વ્યવસ્થિત

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

રીતે રહેવું. કામક્રોધને ભોગવી લેવા જોઈએ. કામનો હુમલો પ્રમાણમાં મોટો છે, માટે જ અંદર રહીને લડવું. આ માટે મેં ગૃહસ્થાશ્રમ બનાવ્યો છે. કામક્રોધાદિ શત્રુને જીત્યા કે આપોઆપ સંન્યાસ આવી ગયો. તું લડવા માટે સીધો બહાર પડીશ તો શત્રુઓ પીંખી ખાશે; શત્રુઓ તને હતો-નહતો કરી નાખશે; તારી હડ્ડીએ હડ્ડી તોડી નાખશે. ક્રમે ક્રમે આગળ વધીશ તો યુદ્ધ જીતી જઈશ. કિલ્લામાં રહીને, ગૃહસ્થાશ્રમમાં રહીને કર્મો કર.

નોકરી હોય તો કરવી, ન હોય તો ન કરવી. નોકરી મળવી ન મળવી એ જીવના હાથમાં નથી પણ ભજન કરવાનું તેના હાથમાં છે. જે સ્થિતિમાં હોય તે સ્થિતિમાં રહેવું. "જૈસે રાખહુ વૈસે હી રહૂં." નવી ઈચ્છાઓ, અરજીઓ કર્યા કરીશ તો તું દુઃખી થઈશ. આસક્તિ—રહીત થઈને તું કર્મનું આચરણ કર. કર્મમાં પાછી પાની ન થાય. જ્ઞાનીએ તો સુવાવડનું, દાયણનું કામ પણ આવી પડે તો કરવું જોઈએ. મેં છોકરાં રમાડયાં. નીચામાં નીચું કામ પણ કર્યું. જેમ ડ્રાઈવર મોટર નીચે સૂઈ જાય અને મોટર સાફ કરે તેમ રથના સ્ક્રૂ બગડે તો તે બધુંયે હું જોતો જ ને! મેં તો તારા છોકરાઓને પણ સાચવ્યા. મેં આ બધા કામ કર્યા છે; ક્યાંયે પાછી પાની કરી નથી.

કર્તાપણાનો ભાવ કાઢીને યુદ્ધ કર. મારે આ બધા શત્રુઓને મારવા પડશે તે ભાવ પણ કાઢી નાખ. હું કરું છું, હું કરું છું—એવો ભાવ નહિ રાખવાનો. અજ્ઞાની તો પાછા જ પડવાના. કાર્ય આવી પડે ત્યારે તેઓ કહે કે, 'મારાથી આ કાર્ય નહિ થાય.' જે કર્મ નથી કરતા તેને ઉપદેશ આપવા માટે તો ગીતા લખાઈ છે. જ્ઞાનીને માટે શું આ ગીતા લખાઈ છે? (૩૦)

ये मे मतमिदं नित्यमनुतिष्ठन्ति मानवाः ।
श्रद्धावन्तोऽनसूयन्तो मुच्यन्ते तेऽपि कर्मभिः ॥ ३९ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જે લોકો શ્રદ્ધા પૂર્વક અને ઈર્ષ્યા રહિત થઈ મારા આ મતનું નિત્ય અનુષ્ઠાન કરે છે, તેઓ સુદ્ધાં કર્મ બંધનમાંથી મુક્ત થાય છે. (૩૧)

આપણે ઈર્ષ્યારહિત થવું જોઇએ. ભક્તિમાં પણ ઘણાં લોકો ઈર્ષ્યાળુ થાય છે. ભક્તને જમાડવામાં પણ ઈર્ષ્યાનો ભાવ હોય છે. આ ભાવ અજ્ઞાનનું કારણ છે. આ બધું મારું જ છે એવો ભાવ રાખો તો ભક્ત ગમે ત્યાં જમ્યો હોય તે તમારે ઘેર જમ્યા બરાબર છે. આ પન્નાલાલ ટેરેસમાં બધુંય મારું જ છે એવો ભાવ રાખોને! અમુક ભક્તિમાં આગળ વધી ગયો છે—એવી ઈર્ષ્યા કરશો તો તમારી શ્રદ્ધા તૂટી જશે. તું ઈર્ષ્યા છોડી દે અને શ્રદ્ધા રાખ. આવી રીતે મારી ભક્તિ કરીશ તો કર્મબંધનમાંથી છૂટી જઈશ. જ્યાં ઈર્ષ્યા છે ત્યાં પ્રેમભાવ નથી.

આ શ્લોકમાં ભક્તિનું મહત્ત્વ દર્શાવ્યું છે

આ મારું ઘર, આ પેલાનું ઘર—એ બધી જ ખોટી માન્યતાઓ છે. તું શ્રદ્ધા રાખ કે આ બધું જ મારું છે. જ્યાં સુધી સર્વત્ર હું છું, આ બધું મારું છે—એવી ભાવના નહિ થાય ત્યાં સુધી સાચો પ્રેમ નહિ થાય. જ્યારે સાચો પ્રેમ થશે ત્યારે બધું તારું જ છે.

ઈર્ષ્યા કરવી હોય તો એવી ઈર્ષ્યા કરો કે આ બે કલાક ભજન કરે તો હું ચાર કલાક ભજન કરીશ. આ હરિફાઈ સારી છે કોઈને નીચે પાડવાની વાતો કરવી કે કોઈની ખણખોદ કરવી એ ખોટું છે. મારાથી કોઈને ત્યાં ન પણ જઈ શકાય. પણ તેથી શું? તમને આ શરીરનો ભાવ છે. જ્યારે હું તો સર્વત્ર છું, હું સર્વવ્યાપી છું. હું રોજ તમારે ત્યાં જ જમું છું. પોતે જમે તો ભગવાન જમે એ શ્રદ્ધાની વાત છે. એ જે સમજે તે બંધનથી મુક્ત થઈ જાય. જો તમારામાં રાગદ્વેષ હશે તો ભજન નહિ થાય.

ઈર્ષ્યાનો સ્વભાવ જ ભેદ પાડવાનો છે. ઈર્ષ્યા માણસને બાવરા બનાવી દે છે. તું ઈર્ષ્યા કાઢી નાખ અને શ્રદ્ધા રાખ. પછી મારું

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ભજન કર. દેહાત્મભાવને, દેહાધ્યાસને કાઢ; અને આત્મિકભાવ કેળવ. પ્રેમપૂર્વક ભજન કર. ભગવદ્ ભાવથી સર્વત્ર મને જ જો. આવી રીતે મારું અનુષ્ઠાન કર તો જન્મમરણનો ફેરો નહિ તને મળે.

"કૃષ્ણ કૃષ્ણ" બોલ્યે કશું જ વળવાનું નથી. ખરું તો એ છે કે તેને માટે કર્મનું આચરણ કરવું પડશે.

ગાંધીજીને એક વાર બજાજે પૂછ્યું કે જવાહરલાલ ભગવાનનું નામ કોઈ દિવસ પણ લેતા નથી. શું તે નાસ્તિક ન કહેવાય? ગાંધીજીએ કહ્યું કે તમે વિનોબાજીને પૂછજો. તેઓ જવાબ આપશે. વિનોબાએ કહ્યું કે જવાહર તો આસ્તિક છે. તેઓ આચરણ કરે છે, આચરણ કરે તે જ શ્રેષ્ઠ છે. જે કૃષ્ણે કર્યું તે તેઓ કરે છે. તેઓ નામ નથી લેતા તેની ખાત્રી પણ કઈ? ભક્ત સિવાય નિષ્કામ-ભાવનું આચરણ કોણ કરે? જે કરવાનું છે તે કામ તેઓ બરાબર કર્યે જાય છે. તેઓ નિષ્કામભાવે કર્મ કર્યે જાય છે. આવી રીતે કર્મ કરવાથી બંધનમાંથી મુક્ત થવાય છે.

આવા ભક્તની ઈર્ષ્યા તમે કરો છો. જવાહરલાલને તમે ગાળો દો છો. ગીતા જો સમજો તો ખબર પડે કે ગાંધીજી, વિનોબાજી અને જવાહર એ બધા મહાત્માઓ છે. એક માણસ પોતાના શુદ્ધાચરણથી કેટલાયને ખેંચી જાય છે, કેટલાયને ઊંચે લાવે છે. જીવતાં જ જેનું કર્મ શુદ્ધ હોય તે જીવન્મુક્ત છે. આ મહાત્માઓમાં મુક્તનાં લક્ષણ છે. તું ભેદભાવ કાઢી નાખીને, શ્રધ્ધા રાખીને કર્મ કર્યે જા. આ શરીર એ કર્મભૂમિ છે. તેમાં છો તો કર્મ કરવા જ પડે ને! યુદ્ધભૂમિમાં આવીને યુદ્ધની ના પાડો એ કેમ ચાલે? (૩૧)

ये त्वेतदभ्यसूयन्तो नानुतिष्ठन्ति मे मतम् ।
सर्वज्ञानविमूढांस्तान्विद्धि नष्टानचेतसः ॥ ३२ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જે મારા મતની નિંદા કરી તેનું અનુષ્ઠાન કરતાં નથી, તે લોકો સર્વ-જ્ઞાનવિહીન, મૂર્ખ, ચિત્તભ્રષ્ટ થયેલા અને નાશ પામેલા છે, એમ તું જાણ. (૩૨)

ભગવાને ગીતામાં જ દેખાડેલા રાહ પર ચાલનાર જવાહર-લાલની આવી નિંદા કરનાર તો મૂર્ખ ચિત્તભ્રષ્ટ કહેવાય. કુંભમેળામાં મને જે જોવા મળ્યું તે કહું છું. ત્યાં તો વિશ્વધર્મ પરિષદ ભરાઈ હતી ચારે બાજુ પૂષ્કળ ગિરદી હતી. ચારે બાજુ પતાકાઓ ફરકતી હતી. અનેક છત્રીઓ નજરે પડતી હતી. ચાંદીના આસનો ઉપર બેસીને મહારાજો લાંબા લાંબા પ્રવચનો કરતા હતા. આ પ્રવચનોમાં કોઈ કોઈ સ્થળે ગાંધીજી અને જવાહરને ગાળો દેવાતી હતી. વિશ્વધર્મની પરિષદમાં આવેલ સંન્યાસીઓના મોંઢામાં ગાળો કેવી શોભતી હતી!

આવા લોકોનું પતન જ થાય છે. આ બધાં જ્ઞાનવિહીન અને મૂર્ખ છે. આ શબ્દો તો વિવેકપૂર્વક લખાયેલા છે. મારી આ નાટકકંપનીમાં (જગત) રહીને આવું ભેદબુધ્ધિ ઉત્પન્ન કરે તેવું વર્તન થાય કે? તેમ કરશો તો 'રૌરવં નરકં વ્રજેત્' આવા કામો છોડો અને તમે તમારા માર્ગે ચાલ્યા જાવ.

ગાંધીજી લાંબું જીવ્યા હોત તો આ બાવન લાખ કહેવાતા સંન્યાસીઓને સુધારત. તે બધાને કર્મમાર્ગનું આચરણ શીખવવું જોઈએ. મોટામાં મોટો સુધારો આ જ કરવાનો છે. આ કહેવાતા મહાત્માઓ પોતાની સેવા માટે શિષ્યો બનાવે છે. ગીતાનો ભક્ત કદી કોઈને ગુલામ બનાવતો નથી. જો આવું ને આવું ચાલ્યા કરશે તો જગતમાં હાહાકાર વર્તી જશે. આવી સ્થિતિ થાય છે. માટે મારે વારંવાર આવવું પડે છે. કર્તાપણાની બુધ્ધિ કાઢી નાખો. કિલ્લામાં રહીને ભજન કરો. હું સર્વ સ્થળે છું એમ સમજી સ્વાર્થ-બુધ્ધિ કાઢીને આચરણ કરો. ખરું આ જ છે. સ્વાર્થરહિત કામ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કરનારના ચરણમાં અડસઠ તીર્થો છે. અડસઠ તીર્થો સંતના ચરણમાં છે. જવાહરલાલની સાથે જ પ્રયાગ છે. જવાહરલાલની સાથે જ ગંગા છે. અરે! તેમનાથી તો ગંગા ઉજ્જળ બની છે. હમણાં કેટલાયે દેશોને એ ગંગા પવિત્ર કરી આવી. બધાય દેશોમાં શાંતિનો સંદેશ કોણ ફેલાવે છે?

જવાહરલાલ જેવા મહાત્માઓની જેઓ નિંદા કરે તેઓ મૂર્ખ છે. એ બધાનો તો નાશ જ થવાનો છે. નિંદા દેહભાવનું લક્ષણ છે.

ભગવાન અહીં નિંદા કરે છે પણ દેહાત્મભાવની. ભગવાનની દષ્ટિ નિંદા કરતી વખતે દેહ અને વૃત્તિઓ તરફ જ છે.

આ વૃત્તિઓને મારી નાખ. આ વૃત્તિઓરૂપી વહુઓ અને ષડ્‌રિપુરૂપી વરો – આ વરવહુઓનો નાશ કર. વહુની ઉશ્કેરણીથી ઘરમાં ક્લેશ થાય, વૃત્તિવહુની ઉશ્કેરણીથી કામક્રોધાદિ વરો તોફાને ચઢે. વૃત્તિઓને છૂટી મૂકવી એ તો આત્મઘાતની નિશાની છે. તેને છૂટી મૂકીને તું જંગલમાં જઈને સાધુ થઈશ? આ વૃત્તિવહુ અને તેનાં ષડ્‌વરોને તું પહેલાં મારી નાખ. મેં કરી છે તેમ દેહાધ્યાસની નિંદા જરૂર કરો. ક્રોધ કરો તો દેહ તરફ. નિંદાથી ષડ્‌રિપુઓને મારવાને માટે શૂર ચઢે; માટે દેહાધ્યાસની નિંદા કરો.

અર્જુનને ષડ્‌રિપુ સામે ઉશ્કેરવા માટે ભગવાન નિંદા કરે છે. નિંદાથી પાનો ચઢે અને અર્જુન ગાંડિવ (દઢતા) ધારણ કરે. દેહ ઉપર ભયંકર ક્રોધ થવો જોઈએ, નહિ કે આત્મા ઉપર. આ આવરણ (દેહ)ને કાઢ્યા વગર જ્ઞાન ક્યાંથી થાય? તેની તો ભયંકર નિંદા થવી જોઈએ. (૩૨)

सदृशं चेष्टते स्वस्याः प्रकृतेर्ज्ञानवानपि ।
प्रकृतिं यान्ति भूतानि निग्रहः किं करिष्यति ॥ ३३ ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જ્ઞાની સુદ્ધાં પોતાની પ્રકૃતિને અનુસરી વર્તે છે. અને સર્વ પ્રાણીઓ પણ પોતપોતાની પ્રકૃતિ પ્રમાણે જ વર્તતા હોય છે; એટલે પછી એમાં નિગ્રહનું શું ચાલી શકે તેમ છે? (૩૩)

જ્ઞાનીનાં કર્મો પણ પ્રકૃતિ અનુસાર હોય છે. આ સમજશો નહિ, તો ઉલટું વિષયોમાં ફસાવાની વાત થશે. આસક્તિને કાઢો તો જ જ્ઞાની થશો. આસક્તિ એમ કંઈ નીકળે છે? આસક્તિ——રૂપી સાપ—ઘરમાં ફર્યા કરશે તો સાપ ડંખ દેશે. સાપ કરતાં પણ વધારે ભયંકર વસ્તુ તે આસક્તિ. આ સર્પોને કંઠે લટકાવી શકે તે જ શિવ, તે જ નિલકંઠ. તારામાં હજી એ શક્તિ આવી નથી. પ્રથમ તું આ ષડ્‌રિપુને મારી નાખ તો તૃપ્તિના ઓડકાર આવશે. જ્ઞાનીઓ અને સર્વ પ્રાણીઓ પ્રકૃતિ પ્રમાણે કર્મ કરે છે. પ્રકૃતિ તમને પરાણે અહીંથી ખેંચી જાય છે. કર્મનો નિગ્રહ કદી નથી થઈ શક્તો; તારું મન મારામાં રાખ, પછી જ્યાં જવું હોય ત્યાં જા. સાપના દર આગળ દૂધ મૂકીને સાપને બહાર કાઢ અને પછી તેને પકડીને માર. આસક્તિને કાઢીને કર્મ કર. વૃત્તિઓ જેવી ઊઠે કે તરત જ દબાવી દેવી જોઈએ. મારામાં મન રાખો તો જ આ વૃત્તિઓ મરશે. જ્ઞાની બધુંય કર્મ કરે છે.

નરસિંહ મહેતા બાપનું શ્રાદ્ધ પણ કરે અને વૈરા છોકરાનું ધ્યાન પણ રાખે; પરંતુ તેના મનમાં તો શામળિયો જતો નથી. ઘી લેવા પણ જાય હાથમાં તપેલી લઈને, પરંતુ ધ્યાન તો મારામાં—શામળિયામાં. મામેરું કરવા જાય પણ હાથમાં તો કરતાલ. કર્મ માથે આવી પડ્યું તો તેનો નિગ્રહ થાય કેવી રીતે? આ કામ કરવું કે ન કરવું એ સંશય તું કાઢી નાખ. પ્રકૃતિને પ્રકૃતિની માફક વર્તવા દે અને તું તારું કામ કર. જ્ઞાની નવા કર્મ માટે પ્રપંચ નથી કરતો. પૂર્વે ઇચ્છાઓ કરેલી, અરજીઓ કરેલી, તે તમારા આજના કર્મ. આજે તમારી પાસે આવી પડેલાં કર્મ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તમારા જ ભેગાં કરેલા કર્મ છે. તમે ભેગું કર્યું છે અને તે જ વાપરવાનું છે. તેનો પણ પરિગ્રહ નહિ કરવો. જે પ્રારબ્ધ ભેગું કર્યું છે તે ભોગવી લેવાનું છે. જો તાવ આવવાનો હશે તો ગમે ત્યાં સંતાઈ જાઓ, કબાટમાં બેસી જાઓ તોય આવશે. માટે સર્વશ્રેષ્ઠ રસ્તો એ છે કે ચિત્ત ભગવાનમાં રાખો અને કામ કર્યે જાવ. પ્રીતમદાસ એ માટે કહે છે:

"એક યુવતી જળ ભરવાને જાયે, ભરી નીર તે પાછી રે આવે,

"શીર બેઢું ને લે હાથ તાળી, મુખે હસે છે વારી વારી,

"બેઢું ચિત્તથી નથી રે વિસરવું, એવું હરિચરણે ચિત્ત ધરવું."

ગામડામાં વહુઓ હાંડો, ઘડો અને ગાગર લઈને પાણી ભરવા જાય. માથે બેડું હોય, કાંખમાં છોકરું હોય, અને સાહેલી સાથે વાત કરતી કરતી ચાલે છે. ચાલતાં ચાલતાં વાત કરતી વખતે પણ ચિત્ત માથા ઉપર રહેલ બેડા ઉપર જ હોય છે. બેડાં ફેંકી દેવાં સહેલાં છે? આવરણો ફેંકી દેવાં શું સહેલાં છે? ચોખા લાવવા, વીણવા, છોકરાને કાંખમાં બેસાડીને લઈ જવું, બધાંય કર્મો કરવાં પડે પણ ચિત્ત તો મારામાં જ રાખવું. બળાત્કારે કર્મ કરવાં કે ફેંકી દેવા એ બધુંય નકામું છે. તું વળી કોણ કહેનાર કે હું નથી લડવાનો! તું ક્યાં ભાગવાનો છે? પંચમહાભૂત તો સાથે જ છે.

ભગવાને અર્જુનને અહીં દમદાટી આપી દીધી.

નાસી જવાનો પ્રયત્ન કરો પણ પાછું બેસવું તો પડે છે. ભાગી જવાનો પ્રયત્ન કરતો હોઈશ તો પણ બેસી જવું પડશે. આ બધોય પ્રકૃતિનો ડાન્સ (નાચ) છે. આ બધો પંચમહાભૂતનો નાચ છે. તમે જુઓ છો કે હું પણ Dance કરું છું. બાકી પ્રકૃતિ જ નાચી રહી છે. હું—ભગવાન—તો સ્થિર છું, નાચી રહી છે તે તો પ્રકૃતિ છે. (૩૩)

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

इन्द्रियस्येन्द्रियस्यार्थे रागद्वेषौ व्यवस्थितौ ।
तयोर्न वशमागच्छेत्तौ ह्यस्य परिपन्थिनौ ॥ ३४ ॥

વિષયોના રાગ અને દ્વેષ કરવા એ ઇન્દ્રિયોનો ધર્મ જ છે; માટે આપણે એ રાગદ્વેષને આધીન થવું નહિ; કારણ કે તે જીવનો ઘાત કરે છે. (૩૪)

ભગવાન એકની એક જ વાત કહ્યા કરે છે, આગળ નથી વધતા; એકની એક રામાયણ ચાલ્યા કરે છે. પ્રકૃતિનો નિગ્રહ થવાનો નથી. અર્જુન ધનુષ્ય મૂકી આવજાવ કરે છે. હજી અર્જુનની નિશ્ચયાત્મક બુદ્ધિ નથી થઈ.

ચિત્તની સ્થિરતા પ્રાપ્ત કરવી જરૂરી છે. વિષયોના રાગદ્વેષ કરવા એ ઇન્દ્રિયોનો ધર્મ છે. પ્રકૃતિને વશ થવું એ જ ઇન્દ્રિયોનો ધર્મ છે. ઇન્દ્રિયો ત્યાં લાચાર બને છે. આ વાસનાના નાચને તારે આધીન ન થવું. વાસનાથી નવી ઇચ્છાઓ ઉત્પન્ન થાય છે. આ આંખ—ચક્ષુન્દ્રિય બિચારી શું કરે? મૂળ જો જોરાવર હોય તો ઇન્દ્રિયો ક્યાં ભાગશે? આંખ બંધ કરી દો.

આ બધી ઇન્દ્રિયોનો વર તે વાસના. વાસના રૂપી વર ખરેખર વિચિત્ર છે. વાસના સર્વનું મૂળ છે એટલે પહેલાં તો તેનો ઉચ્છેદ કરો. ઇન્દ્રિયો તેની મેળે બેસી જશે. મૂળથી જ તું સુધરી જા. સર્વનું મૂળ વાસના છે માટે પહેલાં તેના પર ઘા કર. મનની અંદર વાસનાઓ ભરી છે તેથી મન અશુદ્ધ થઈ ગયું છે. વાસના—વર જાય પછી વૃત્તિવહુ બિચારી શું કરવાની હતી? વાસનાને વશ થઈને આપણે કેવાં કેવાં કર્મો કરીએ છીએ! માથે દેવું કરીને પણ ધામધુમ સાથે ઠામઠામથી લગ્ન કરીએ છીએ; મોજશોખને ખાતર ખૂબ ખર્ચ કરીએ છીએ. આ બધાં કર્મો કરવાનું કારણ શું? વાસનાને વશ છીએ, એ જ ને? આપણે રામનામરૂપી શસ્ત્રથી, કામક્રોધાદિ રિપુઓ સાથે યુદ્ધ કરવાનું છે. તારો રથ હાંકયે રાખીશ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આપણે મરવું નથી, અમર થવું છે. મિષ્ટાન્નથી તો ક્ષણિક સુખ મળે પછી તો પેટમાં ગરબડ થાય. થોડો વખત રાગ ભોગવ્યા પછી ચિત્તને અશાંતિ જ થવાની છે. વિષય ભોગવ્યા પછીની દશા વિચારો અને આગળથી સમજી જાઓ. વિષયોપભોગથી પ્રાપ્ત થતું સુખ તો ક્ષણિક છે. તેમાં શું કામ મોહ રાખે છે? ઇન્દ્રિય-સુખમાંથી મોહ કાઢી નાખ અને મારામાં આસક્તિ રાખ. પછી તું યુદ્ધ કરે તો પણ કંઈ વાંધો નથી. (૩૪)

श्रेयान् स्वधर्मो विगुणः परधर्मात्स्वनुष्ठितात् ।
स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः ॥ ३५ ॥

અન્યના ધર્મોની અપેક્ષાએ આપણો ધર્મ કદાપિ ગુણરહિત લાગે, તો પણ ઉત્તમ પ્રકારે આચરેલા પર ધર્મો કરતાં આપણે માટે તો તે જ કલ્યાણકારક:છે; સ્વધર્માચરણ કરતાં જો મૃત્યુ પણ આવે, તો તે પણ કલ્યાણકારક છે; પરંતુ પર ધર્મ તો ભયકારક છે. (૩૫)

આપણે તો આજ કરવું, આસક્તિ રાખ્યા વગર યુધ્ધ કરવું.

ભગવાને હવે "તું" અને "હું" એ શબ્દો કાઢીને "આપણે આપણે" એમ બહુવચન વાપરવા માંડયું.

જે કાર્ય કરવાનું આવી પડયું છે તેનું આચરણ તે સ્વધર્મ. વૃત્તિવહુ અને ષડ્રિપુવશોને, મારવાનો ધર્મ એ જ સ્વધર્મ. ગૃહસ્થાશ્રમને ફેંકી દેવા કરતાં ભગવાનમાં ચિત્ત રાખીને ગૃહસ્થાશ્રમનું કામ કરવું એ જ સ્વધર્મ. બીજા ધર્મમાં ન જવું એનો શો અર્થ? હિંદુ ધર્મ છોડીને મુસલમાનધર્મ સ્વીકારો તો કેવી દશા થાય? આ નોકરી છોડીને બીજી નોકરી લ્યો તો પણ દુર્દશા થવાની. ચાલુ ધર્મ છોડીને બીજા ધર્મ પકડવા એ ખોટું છે. જે કર્મ સામે આવ્યું તેનો નિગ્રહ ન કરવો, પણ તે નિષ્કામભાવે કરવું. તમે તો નોકર છો. નોકરે તો શેઠ કહે તેમ કરવાનું હોય. ટેક્સી મંગાવે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તો ટેક્સી લાવવી. જાજરુ સાફ કરવાનું કહે તો તે પણ કરવાનું. પગાર (ફળ) ન માગવો જોઈએ. બીજે જશો કે બીજું આચરણ કરશો તો ખરાબ સ્થિતિ થશે અને ત્રાસ વધશે. જ્યાં હો તે સ્થિતિમાં જ રહો. અને ભગવાનને ચિત્તમાં રાખીને સ્વધર્મનું આચરણ કરો.

જે કોઈ ધર્મ—જે કોઈ આશ્રમમાં રહો ત્યાં જ હું પ્રાપ્ત થઈ જઈશ. બ્રહ્મચર્યાશ્રમ કે ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ કે સંન્યાસાશ્રમમાં ગમે ત્યાં રહીને શુધ્ધ આચરણથી નિષ્કામ કર્મો કરો; શ્રધ્ધાપૂર્વક નિષ્કામ આચરણ કરો. આ ગુરુ બરાબર નથી, એમ માનીને બીજા ગુરુ કરવા ગયા તો તો રખડી ગયા. ગુરુએ ગાંડોઘેલો જે કંઈ મંત્ર આપ્યો હોય તેનો જપ કર્યે જ જાવ. બીજા ગુરુ કરવા ગયા તો રૌરવ નરક મળશે. **गुरुमन्त्र परित्यागी रौरवं नरकं व्रजेत्।** રૌરવ નરક એટલે તો જન્મમરણના ફેરા. એક સ્થાનેથી બીજે સ્થાને ભટકે તેની તો સ્થિતિ ખરાબ થાય; અત્યંત કષ્ટ પડશે. માટે જ્યાં છો ત્યાં જ રહીને આ જ્ઞાન પ્રાપ્ત કરી લ્યો.

પ્રારબ્ધથી જ ધર્મો નિશ્ચિત થયેલા છે. આ સમજશો નહિ અને દોડાદોડ કરશો તો પતન થશે. એક વસ્તુ છોડીને બીજી પકડવા જાય ત્યાં કષ્ટ જ પડે છે. પચાસ વર્ષનો ગૃહસ્થાશ્રમ છોડીને સંન્યાસાશ્રમના વહેવાર કરવા તે ખરો સંન્યાસ નથી. જે વૃત્તિઓને મારે તે જ સાચો સંન્યાસી છે. જેને કોઈ ક્ષોત્રિય કે બ્રહ્મનિષ્ઠ એવા લેબલ નથી તેનું નામ સંન્યાસી. તારે શું સંન્યાસી થઈને આત્મજ્ઞાન મેળવવું છે? અહીં જ જો શાંતિ મળે, ગૃહસ્થાશ્રમમાં જ જો આત્મજ્ઞાન મળે તો સંન્યાસાશ્રમમાં જવાની શી જરૂર છે? મારે તને સંન્યાસ લેવરાવવો હશે અને જરૂર લાગશે તો તે પણ લેવરાવીશ. કર્મક્ષય એટલે સંન્યાસ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સંન્યાસનું આંતરસ્વરૂપ તો કર્મોનો નાશ છે. બધાં કર્મો પૂરાં થાય ત્યારે બેસી જવાનું; રસોઈ પૂરી થાય ત્યારે હાથ ધોઈને બેસી જવાનું; પહેલો કર્મસંન્યાસ અને બીજો રસોઈસંન્યાસ. બે ચાર વહુ ઘરમાં આવે એટલે પૂરો સંન્યાસ. રસોઈ સંન્યાસ, ડોસા-ડોસીઓ બધા સંન્યાસીઓ જ છે. ચાવીના ઝૂડા વહુઓને આપી દેવા, માથે બોજા લઈને ન ફરવું. રાંધવાનું છૂટયું તેનું નામ રસોઈસંન્યાસ. કર્મ છૂટી ગયા કે કર્મસંન્યાસ. કર્મનો નિગ્રહ નહિ થઈ શકે. જો તું પરધર્મમાં જઈશ, ગૃહસ્થનો ધર્મ છોડીને સંન્યાસનો ધર્મ સ્વીકારીશ તો વધુ આફત આવશે. પેલું ઘર યાદ આવે અને આશ્રમ પણ યાદ રહે. બન્નેનાં સંબંધો રહે. બાર બાર વર્ષોના સંબંધો છૂટતાં નથી એમ મહાત્માઓ કહે છે. મહાત્માઓ કહે છે કે જૂના સંબંધો હજી પણ તેઓને યાદ આવે છે. મારે જે કરાવવાનું છે તે હું કરાવવાનો જ છું. એક જ જગાએ ખાડો ખોદો એટલે પાણી નીકળશે. વાસના સામે મોરચો માંડો. તેની સામે ભક્તિનો મોરચો માંડવો પડશે. વાસનાઓ આસક્તિથી વધે છે; ભોગવવાથી વધે છે; તે ઘટતી નથી. કરતાલ લઈને રામ રામ કરો તો વાસના ઘટશે.

હે અર્જુન! ષડ્‌રિપુઓ દરવાજા પર બેઠા છે. જેવો તું બહાર નીકળીશ કે તરત જ તેઓ તારી ઉપર હુમલો કરશે. ભજનમાં અમુક કલાક જ બેસવું એવો કોઈ નિયમ ભક્ત રાખતો નથી. ભક્તિ તો સતત કરવી જોઈએ. વૃત્તિની તાકાત અને ભક્તિની તાકાત એ બે વચ્ચે યુદ્ધ જ થવાનું છે. એ યુદ્ધનું પરિણામ તે મારો આવિર્ભાવ. શેઠ ઘરમાં આવે કે નોકરો શાંત થઈ જાય. બાપા ઘરમાં આવે છોકરાં શાંત થઈ જાય. પ્રકૃતિમાં જ તોફાન થાય છે. પ્રકૃતિ અને તેનાં કામક્રોધાદિ છોકરાંઓ તોફાન કરે છે. મારું ભજન કરે એટલે વૃત્તિ તોફાન કરતી અટકી જાય છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વૃત્તિ અને તેના વરો - ષડ્રિપુઓ, એ બધાં મારા ગુલામો છે. એમ માન. એ ષડ્રિપુને મારા નામની ઢાલ આડી રાખીને કાપી નાખવાના છે. તારે તો, હે અર્જુન, બાણો જ ફેંકવાના છે. ખરી રીતે તો હું જ લડું છું. ભક્તિનો, ભગવાનનો-મારો પ્રવેશ અંતરમાં ન થાય ત્યાં સુધી ષડ્રિપુના તોફાનમાંથી કેમ છૂટાય? ભક્તિનો પ્રવેશ થયો કે હું જ ઢાલ બનીને બેસું છું. તું સ્વધર્માચરણ કર, તારા પ્રારબ્ધમાં લખાયેલાં કર્મો તારે કરવાનાં જ છે. તું નિષ્કામ-ભાવે ભજન કર. તારી ઢાલ હું જ છું. જેનો રથ જ હું ચલાવું છું, તેને મુક્તિને માટે વળી શો સંશય? જેના હૃદયકમળ ઉપર હું જ છું તેને મોક્ષ માટે શું સંશય હોય કે? તારે કશુંયે કરવાનું નથી.

જુઓ! ભગવાન અર્જુનને કેટલી ગેરંટી આપે છે!?

તમારો ધર્મ ગમે તેવો કઠિન હોય પણ તેમાંથી છૂટવાનો પ્રયત્ન ન કરો. પાંચ સાતને ખવડાવવું અને હું જે આપે તે ખાવાનું; ગૃહસ્થાશ્રમમાં રહીને આ રીતે માગ્યા વગર સેવા કરવાની છે. ગૃહસ્થ માગ્યા વગર મારા પર વિશ્વાસ રાખીને રહે છે. ગૃહસ્થાશ્રમીથી માગી શકાતું નથી. ગૃહસ્થાશ્રમ આમ આકરું તપ બની જાય છે. આ ધર્મનું તમારે આચરણ કરવાનું જ છે. બીજાઓને ટુકડા આપીને પોતે ભૂખ્યો રહે એ જ મારો ભક્ત, જે સ્વધર્મમાંથી પાછી પાની કરતો નથી, તે મારો પરમભક્ત છે. તે કોઈને કશું કહેતો નથી. એ દિવસના કડાકા થાય પણ સ્વધર્મનું આચરણ તે છોડતો નથી, એ જ મારો મોટો ભક્ત. ધીરબુદ્ધિથી, વ્યવસ્થિત રીતે ગૃહસ્થાશ્રમમાં રહીને ભજન કરવું એ શું સાધારણ વાત છે?

સુદામાનું જીવન જુઓ! કેટલાંયે છોકરાં ને અને કેટલી ગરીબી! શું તેઓ ગૃહસ્થાશ્રમ છોડીને નાસી ગયા હતા? તેમની વહુએ કહ્યું કે, "જાઓ દ્વારકામાં." તો ખભે લીધું પોટકું અને આ ચાલ્યા.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તેઓ તો આખો દિવસ કૃષ્ણ કૃષ્ણ જ કરતાં. તેમની વહુએ થોડાં તાંદુલ આપ્યા હતાં તે લઈને સુદામા દ્વારિકા પહોંચ્યા. ભગવાને દોડતાં આવીને ભક્તનું સ્વાગત કર્યું. સુદામાને સંન્યાસ લેતા શું ન આવડયું હોત ? સુદામાને શ્રીકૃષ્ણે, 'સંન્યાસી થઈને ભાગી જા' એમ કહ્યું હતું કે ?

સુદામા જેવું વર્તન તુકારામે પણ કર્યું. તુકારામને છ છોકરાં હતાં. ઘરમાં કુલ આઠ માણસ હતાં, ધંધો કરે પણ પરિણામ તેથી ઉલટું જ થાય, દુકાનો ઉપર સીલ લાગી ગયાં, જપ્તી આવી. લેણદેણનાં કાગળો તેમણે ઇન્દ્રાયણી નદીમાં નાખી દીધાં. ભગવાન આપશે, કહીને બધુંય છોડી દીધું. તેમણે કહી દીધું કે મારી પાસે કંઈ નથી. તેમનું બધુંય હરિહર થઈ ગયું. સંસારને ચલાવવામાં જીજાબાઈને ઘણો ત્રાસ પડયો. તુકારામને જીજાબાઈનો પણ ત્રાસ વધારે હતો. તુકારામ બધાયનું કામ પણ કરતા જાય અને સાથે ભક્તિ પણ કરતા જાય. સુદામા તો શ્રીકૃષ્ણ ભગવાન પાસે પણ ગયા. જ્યારે તુકારામને જીજાબાઇએ કહ્યું તો પણ તેઓ શિવાજી પાસે ન ગયા. તુકારામ કહે કે એને આવવું હોય તો એ આવે. એ જો મિત્ર હોય તો મિત્રના દુઃખ જાણશે. સુદામાના ચરિત્રની એ કચાશ તુકારામના જીવનમાં નથી દેખાતી. જેમ દેશ કાળને અનુસરીને ભોગની સીમા આગળ જાય છે તેમ ત્યાગની સીમા પણ આગળ જાય છે. મહાત્મા ગાંધીજી, યુધિષ્ઠિર કરતાં સત્ય બોલવામાં એક ડગલું આગળ છે. યુધિષ્ઠિર તો "નરો વા કુંજરો વા" એટલું પણ બોલેલા. ગાંધીજી એટલું પણ અસત્ય બોલ્યા નથી. ગાંધીજી એક ડગલું આગળ છે. તુકારામે કોઈને કશું કહ્યું નથી. તેમણે કોઈ પાસે કશુંય માગ્યું નથી. શિવાજીએ મોકલેલું ઝવેરાત, ખરેખર તો ભગવાને જ મોકલેલું હતું, તે તુકારામે પાછું મોકલ્યું. આ કળિયુગમાં સ્વધર્માચરણના, સત્ય પર નિષ્ઠાના, ઈર્ષ્યારહિત ભક્તિના, ઇશ્વર પર પ્રેમના...આવા જ્વલંત ઉદાહરણો મળે છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જો બાવા બનશો તો લોકો ચરણસ્પર્શ કરશે. તમારું કામ થઈ જશે. આખો દિવસ બસ ખાઈ–પીને લહેર જ કરવાની રહે. ગુરુ બનીને બેસી જવું, પૈસા અને શિષ્યો બંને મળે. કુંભમેળામાં હું ગયેલો. શ્રદ્ધાનંદજીના આશ્રમની બે ય બાજુ સંન્યાસીઓ જ હતા. આખો દિવસ તેઓ હોટલમાંથી ચા મંગાવ્યા કરે. એક સાધુ બીજા સંન્યાસી સાથે વાત કરતા હતા. તેમાં મેં સાંભળ્યું, "મારે કલકત્તા જવાનું છે. ત્યાં ફલાણા ભાઈને આપણા પર બહુ ભાવ છે. મારી બધી વ્યવસ્થા તેઓ જ કરે છે." તેમાં વળી દાઢીની વાત નીકળતાં એક સાધુને બોલતાં સાંભળ્યો કે "લોકો પર આપણી અસર થાય માટે દાઢી રાખવી જોઈએ." જુઓ, જ્ઞાનથી નહિ પણ દાઢીબાલથી લોકો પર અસર કરનાર આ સંન્યાસીઓ! આવા લોકોથી બચો. એ માટે તો ભગવાને સંન્યાસના ધર્મોનું વર્ણન કર્યું છે. સંન્યાસીઓને વળી ભેટસોગાદની શી જરૂર છે? ભેટસોગાદ લેવી એ તો અધર્મ છે. એ અધર્મ ભયાવહ છે; નરકનું સ્થાન છે. સમતુલા બતાવવા માટે ભગવાને નિંદા કરી છે. વૃત્તિની નિંદા રોજ કરવી જોઈએ; દેહાધ્યાસની નિંદા તો રોજ કરવી જોઈએ. દરરોજની રહેણીકરણી શા માટે બદલવી? મને એકવાર એક ભાઈએ કહ્યું કે, "તમારે મુંડન કરાવવું જોઈએ. તમારે તિલક કરવું અને ચોટલી રાખવી. આમ જો કરો તો જ તમે ભક્ત કહેવાઓ, તમે વૈષ્ણવ તો જ ગણાશો. શું આજ વૈષ્ણવનાં લક્ષણ છે કે? જે પ્રમાણે રહે છે તે પ્રમાણે રહેવું જોઈએ. કોઈ મને કહે કે, 'ભક્ત લોકો ચંપલ ન પહેરે.' વળી કોઈ કહે તમારે ઝભ્ભો પહેરવાનો નહિ. —મારે આવા લોકોને કહી દેવું પડે છે કે હું ભક્ત નથી. હું તો જેમ રહું છું તેમ જ છેવટ સુધી રહીશ.' વૈષ્ણવોને આવા ભેદો શા માટે જોઈએ? ઝભ્ભો કાઢીને ઉપરણું શા માટે રાખવું? મારે વળી વેશ શા માટે બદલવો? નવો વેશ શા માટે રાખવો? નવો પહેરવેશ શા માટે પહેરું? ચંપલ છે ત્યાં સુધી તો પહેરીશ. આ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તો તમે ભક્તિ છોડીને બીજું કરો છો. જ્યાં ખાડો ખોદ્યો છે ત્યાં જ વધુ ખોદો, પાણી જરૂર નીકળશે. જ્યાં છો ત્યાં જ રહીને ભકિત કરો.

સત્ય એ છે કે ધર્મનું આચરણ કરો તો બાહ્ય ફેરફારની જરૂર નથી. જે છે તેજ રહેવા દ્યો–ભકિતથી આંતર ફેરફાર આપો-આપ થશે. સ્વધર્મનું આચરણ કરતાં મરણ થશે તો તે મારી પાસે જ આવશે. લડાઈમાં ભાગે તે પણ મરે; સામી છાતીએ ગોળી ખાય તે પણ મરે. ગોળી તો છાતીમાં વાગે તેમ જ મરવું. પાછી પાની કદી ન કરવી. સામી છાતીએ કર્મને ભોગવવાં; નહિ તો વારંવાર જન્મમરણનાં કષ્ટ; ગર્ભવાસનાં કષ્ટ ભોગવવાં પડશે. કાર્યં સાધયામિ વા દેહં પાતયામિ એ પ્રમાણે પોતાનો ધર્મ આચરો. બીજાનો ધર્મ ગ્રહણ કરશો તો ફજેતી થશે. હે અર્જુન, મારે તારી ફજેતી નથી થવા દેવી. નિષ્કામકર્માચરણ કરો. મહાત્માઓ તો શુદ્ધ આચરણ જ કરાવશે.(૩૫).

अर्जुन उवाच

अथ केन प्रयुक्तोऽयं पापं चरति पूरुषः ।
अनिच्छन्नपि वार्ष्णेय बलादिव नियोजितः ॥ ३६ ॥

અર્જુન બોલ્યો; હે કૃષ્ણ! જીવને વિષયોની ઈચ્છા ન હોવા છતાં પણ જીવ બળાત્કારે ધકેલાયા પ્રમાણે કોની પ્રેરણાથી પાપાચરણ કરે છે! (૩૬)

અર્જુનના બખાળા ભગવાન સાંભળે છે જ ક્યાં? ઘણા લોકો પ્રશ્ન કરે છે કે આ બધાં કર્મો કોણ કરાવે છે? કામક્રોધ વગેરે જીવને બળાત્કારે ભોગવવા પડે છે ને? જ્ઞાની પુરુષને પણ વિષયો છોડતા નથી. આ બળાત્કાર કોણ કરાવી રહ્યો છે? અર્જુનના આવા પ્રશ્નો છે. (૩૬)

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

श्रीभगवानुवाच

काम एष क्रोध एष रजोगुणसमुद्भवः ।
महाशनो महापाप्मा विद्धयेनमिह वैरिणम् ॥ ३७ ॥

શ્રી ભગવાન બોલ્યાઃ એ કામ અને ક્રોધ છે, તેઓની ઉત્પત્તિ રજોગુણમાંથી થયેલી છે. એ ઉભય અકરાંતિયા અને મહાપાપી છે. તું આ લોકમાં એમને વેરી સમજજે. (૩૭)

ભગવાન અર્જુનને જેઓની સાથે યુદ્ધ કરાવવા ઇચ્છે છે તે ષડ્રિપુનું જ વર્ણન ભગવાન કરે છે. બીજા અધ્યાયમાં સ્થિતપ્રજ્ઞદર્શનના શ્લોકમાં આ છણાવટ થઈ ગઈ છે. છતાંય અર્જુન સમજ્યો નથી એટલે આ પ્રશ્ન થયો છે. ઇશ્વરની પ્રેરણાથી જ આ બધું થાય છે તો પછી કામક્રોધમાં શું વાંધો છે? આ જ પ્રશ્ન અર્જુનનો છે.

હે અર્જુન, મારા શરણમાં રહીને તારે આ કામક્રોધને હજી પણ સાચવવા છે કેમ? કામક્રોધનો પક્ષ લઈને તું પ્રશ્ન કરે છે? પોતાની વૃત્તિઓને પોષવા માટે તું બારીઓ શોધી રહ્યો છે.

કૃષ્ણ ભગવાન અર્જુનની આ વૃત્તિ સમજે છે. ભગવાન તેને સમજાવે છે કે વિષયો રજોગુણમાંથી અને રજોગુણની ઉત્પત્તિ વાસનાઓમાંથી થાય છે. આત્મા અકર્તા છે, ત્યાં સંકલ્પવિકલ્પ છે જ નહિ. આ બધું તો લીલા છે. લીલાની સ્ટેજ ઉપર છે માટે પાઠ ભજવ્યા વગર છુટકો નથી. પ્રકૃતિનો નિગ્રહ થતો જ નથી.

તું નિષ્કામ ભક્તિ કર. શુધ્ધ આચરણ કર. મારી લીલામાં રમણ કરવું છે, તેને તો છૂટકો જ નથી. ભક્તિ વડે તું આ લીલાથી છૂટી જઈશ. ભક્તિની પ્રેરણાથી રજોગુણના ઉભરા શાંત થશે. આ કામ અને ક્રોધ એ રજોગુણના ઉભરા છે; રાજસગુણની એ બધી પ્રેરણાઓ છે. સૌના દાદા કામનો નાશ ભક્તિથી થશે. પછી વૃત્તિ એની મેળે છૂટી જશે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આપણે લીલા કરવાનું છોડી દઈએ અને નિત્યમાં આવીએ ત્યારે જ આ વિચારો છૂટી જશે. તું તો રજોગુણને વધારી રહ્યો છે. રજોગુણ વધશે તો વાસના જ વધશે. ભક્તિથી સત્વગુણ વધશે. સત્વ, રજ અને તમ આ ત્રણે ચોરો છે. આ ચોરોને અંદર અંદર લડાવી મારવા જોઈએ. સત્વગુણ અને રજોગુણ ભેગા થઈને તમોગુણને મારશે. પછી સત્વગુણ રજોગુણને મારી નાખે. પછી સત્વગુણનો પણ નાશ થાય; આ કાર્ય ભક્તિથી જ થાય. ત્રણ ગુણનો નાશ થયો કે તે ત્રિગુણાતીત, શુદ્ધ, બુદ્ધ, નિત્ય, નિરંજન થઈ જવાય.

ત્રિગુણાતીત કેમ થવાય એ માટે એક દૃષ્ટાંત કહું છું.

એક મોટા જંગલમાં સતસિંહ, રાજસિંહ અને તમસિંહ એ નામના ત્રણ ચોરો રહેતા હતા. આ ત્રણ ચોરોએ એકવાર એક શેઠને પકડચા અને તેમને ટેક્સીમાં નાખીને દૂર દૂર જંગલમાં લઈ ગયા. ચોરો શેઠને આંખે પાટા બાંધીને ઝાડ સાથે બાંધી રાખ્યા. શેઠના મનમાં તો એક જ વિચાર ઘૂમ્યા કરે કે આ ચોરોથી હું કેમ છુટું ? એવામાં એકવાર શેઠની આંખ ઉપરના પાટા ચોરોએ છોડી નાખ્યા. હવે શેઠે જોયું કે આ ચોરો તો બહુ ભયંકર છે. એક વાર સતસિંહ અને રાજસિંહ ક્યાંક બહાર ગયેલા. શેઠે જોયું કે તમસિંહ એકલો છે. શેઠે તેને બોલાવીને લાલચ આપી. શેઠે તેને કહ્યું, "તારે જે જોઈએ તે હું આપીશ પણ તું મને અહીંથી છોડ." તમસિંહે કહ્યું, "મને આ બે સતસિંહ અને રાજસિંહની બહુ બીક લાગે છે, નહિ તો છોડી દઉં." શેઠે કહ્યું, "ઠીક ત્યારે! જેવા મારા ભાગ્ય!" થોડીવાર પછી, જ્યારે તમસિંહ આઘોપાછો થયો ત્યારે શેઠે રાજસિંહને બોલાવ્યો અને કહ્યું; "આ તમસિંહથી તમારે ચેતવા જેવું છે. તમે બંને અહીં નહોતા ત્યારે તમસિંહ તમારું કાટલું કાઢી નાખવાની વાત કરતો હતો. જો આ તમસિંહને તમે, બંને વચ્ચેથી કાઢી નાખો તો હું તમને જે જોઈએ તે આપીશ."

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શેઠની સમજાવટથી રાજસિંહ માની ગયો. તે અને સતસિંહ બંને મળી ગયા અને તમસિંહને લાગ જોઈને મારી નાખ્યો. હવે શેઠે કહ્યું, "તમે બન્ને મારી સાથે ગામમાં ચાલો. મારે ઘેર જઈને હું તમને ધન આપીશ." રાજસિંહના મનમાં એક સંશય તો હતો જ કે શેઠની સાથે ગામમાં જઈશું તો શેઠ કદાચ લાગ જોઈને રાજાના માણસો બોલાવીને પકડાવી દેશે. આમ છતાં પણ તે ચાલ્યો.

રાજસિંહ રજોગુણનું રૂપ છે. રજોગુણમાં વસના વધારે હોય. આ માટે રજોગુણને લાલચ આપો. વિષયોપભોગની લાલચ આપીને પણ ભજન કરો. વિષયો ભલે રહ્યા પણ ભજન કરો તો તમોગુણનો નાશ થશે. પછી રહ્યો રજોગુણ. રજોગુણ છે તેથી ભજનમાં પણ મન છે અને વિષયમાં પણ મન છે. રજોગુણી માણસ ઠાઠમાઠથી સત્યનારાયણની કે ભાગવતની કથા કરે છે. આમ ધીરે ધીરે તેનામાં સત્વગુણનો ઉદય થાય છે. સત્વગુણ અથવા સતસિંહનું પછી શું થાય તે જોઈએ.

તમસિંહ તો મૃત્યુ પામ્યો. રાજસિંહ અને સતસિંહ બન્ને શેઠની સાથે જંગલમાંથી ગામ તરફ જાય છે. થોડીવારે રાજસિંહ દૂર ગયો કે શેઠે સતસિંહને કહ્યું કે તમે તો જાતે બ્રાહ્મણ છો. તમારો સ્વભાવ પણ બ્રાહ્મણ જેવો છે. હું તમને જે મિલ્કત આપીશ એ તો આ રાજસિંહ તમને મારી નાખીને લઈ લેશે. તમે જલદી ચેતી જાવ. સતસિંહ સમજી ગયો. રાત પડી અને તેમણે રસ્તામાં મુકામ કર્યો. ત્રણે જણા એક ઝાડ નીચે સૂતા. રાજસિંહ અને સતસિંહ તો જાગ્યા કરતાં હતાં. આમને આમ રાતના ત્રણ ચાર વાગ્યા હશે ત્યારે રાજસિંહને ઝોકું આવી ગયું. સતસિંહ તો લાગ જ શોધતો હતો. તેણે તરત જ પોતાની તલવાર કાઢીને રાજસિંહનું ડોકું ઉડાવી દીધું.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

થોડું થોડું ભજન કરશો તો સત્વગુણનો ઉદય થશે અને તેમાં સમાધિ જેવી સ્થિતિ આવી જશે. એટલે રજોગુણનો નાશ થઈ જશે.

હવે રહ્યો એક ચોર અને તે સતસિંહ. હવે તો તે શેઠનો મિત્ર બની ગયો. હવે શેઠને બાંધી રાખવાની જરૂર ન રહી. આ તો બ્રાહ્મણ—ચોર. તેને શેઠની દયા આવી અને તેણે તેને છોડી દીધા, દોસ્ત બની ગયો.

સત્વગુણ બાકી રહે ત્યારે શુભવૃત્તિ જ રહે છે. પછી તો કેવળ ભજન જ થાય છે.

શેઠ અને સતસિંહ બંને સાથે સાથે જાય છે. પોતાના ગામનું નાકું આવ્યું. શેઠ અને સતસિંહ ગામના પાદરે થોડીવારે બેઠા. શેઠે માથું ખંજવાળ્યું અને શું કરવું તે વિચારી લીધું. તેણે સતસિંહને કહ્યું કે તમે મારું રક્ષણ કર્યું છે માટે હું તમારું ખરાબ નહિ કરું. બ્રહ્મહત્યા થાય એ મારાથી નહિ જોવાય. તમે ભલે બ્રાહ્મણ રહ્યા પણ ગામ લોકો જાણી જશે તો તમને જીવતાં નહિ રહેવા દે. તમે ભૂદેવ છો માટે પાંચ પચીસ રૂપિયા લઈ જાઓ પણ તમે અહીંથી જાઓ તો વધુ સારું. પછી જેવી તમારી ઇચ્છા. જમવું હોય તો જમીને જાઓ.

જ્યાં સુધી રજોગુણ હોય ત્યાં સુધી પ્રબળ ભક્તિ કરવી પડશે. ભક્તિથી રજોગુણનો નાશ થશે. પછી રહેશે કેવળ સત્વગુણ. પછી તો તેનો પણ ત્યાગ. અને પછી રહેશે કેવળ સ્વરૂપ. સત્વ-ગુણ છોડ્યા પછી, સતસિંહના ગયા પછી જ ગામમાં—સ્વરૂપમાં જવાય. આત્મજ્ઞાનમાં કોઈ ગુણ નથી. સત્વગુણનો ત્યાગ એટલે ભક્તિની પરાકાષ્ટા. પછી તો ત્રિગુણાતીત થઈ જવાય. એક ગુણનો ઘાત કર્યો, અને એક ગુણને ફગાવી દીધો. સત્વગુણ ઉપદેશો કરાવે, જ્ઞાનની વાતો કરાવે. ચોથી, પાંચમી ભૂમિકા સુધી સત્વગુણ રહે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

છે. છઠ્ઠી અને સાતમી ભૂમિકામાં તો ત્રિગુણાતીત, શુદ્ધ, બુદ્ધ, નિરંજન, નિરાકાર, નિર્વિકલ્પસમાધિ.

ત્રિગુણાતીત કેમ થવાય? તેને માટે તો ભક્તિનું શરણુ લ્યો. વાણિયા બુદ્ધિથી ભજન કરો. કહેવત છે કે વાણિયો મગનું નામ ન પાડે; તમારો જ છું એમ કહીને કાપી નાખે. ભક્તિમાં પણ વાણિયાગત કરવી. પેલા શેઠે કરી તેવી. સ્વધર્માચરણમાંથી ન છૂટવું અને ભજનમાં મન રાખવું. આત્મધન કમાવા માટે શેઠે કરી તેવી વાણિયાગત કરો. આત્મધન કમાયા પછી નિરાંત: **तस्य कार्यं न विद्यते ।** આપણે તો બધું કાર્ય નિરાંતે કરીએ, ઘર વ્યવહાર કરીએ, વિષયોની તરફેણ કરીએ, અને કહીએ કે ભગવાન આ બધું કરાવે છે. આ તો મોટી દલીલ છે. શુષ્ક જ્ઞાનીઓની આ દલીલ છે. આ લોકો તમોગુણના શરણમાં છે. જે ત્રિગુણાતીત થયો તે જ્યારે ત્રિગુણાતીત સ્થિતિમાંથી પાછો આવે ત્યારે સત્વમાં જ આવી રહે. નીચે આવીને આવી ભગવદ્દ ચર્ચાઓ કરી શકે. સમાધિમાંથી સત્વ-ગુણમાં અને સત્વમાંથી સમાધીમાં. સત્વમાં આવે ત્યારે કેવળ ભજન અને ભગવાન. પછી સમાધિમાં ચાલ્યો જાય. ત્રિગુણાતીત સમાધિથી આગળ નિર્વિકલ્પ સમાધિ, એજ સહજ સમાધિ, ભગવાન ત્યાં જ જવાબ આપી દે છે. સમાધિનો અર્થ તો મૌન. પોતાના સ્વરૂપમાં જવું-**मौनव्याख्या प्रगटित पर ब्रह्मतत्त्वम् युवानम् ।** આસ્થિતિનું વર્ણન કેમ થઈ શકે? ત્યાં મન, બુદ્ધિ, સંકલ્પ કશું જ નથી. તે સ્થિતિમાં નથી સત્વ, નથી રજ કે નથી તમ. માયા લીલા, જગત કશુય ત્યાં નથી. તેનો તો અનુભવ કરવાનો છે. ૩૭)

धूमेनाव्रियते वह्निर्यथादर्शो मलेन च ।
यथोल्वेनावृतो गर्भस्तथा तेनेदमावृतम् । ३८ ।

જેવી રીતે ધૂમાડાથી અગ્નિ, મળથી દર્પણ તથા ઓરથી ગર્ભ વીંટળા-યેલા હોય છે, તેવી રીતે શુદ્ધ જ્ઞાન આ કામથી ઢંકાયેલું હોય છે. (૩૮)

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

એ ત્રણે ચોરને ખલાસ નહિ કરો ત્યાં સુધી જ્ઞાન નહિ થાય. આ ત્રણ ચોર તે ત્રણ ગુણો. વિષયોથી, કામનાઓના આવરણથી જ્ઞાન ઢંકાયેલું છે. કામક્રોધથી તમે ઢંકાયેલા છો. કામક્રોધથી પ્રારબ્ધ બંધાય છે, અને તેથી શરીર મળે છે. પ્રારબ્ધ બંધ થયું કે શરીર પણ બંધ અને કેવળ સમાધિ. તેને કેવળ જ્ઞાન કહો કે સમ્યગ્જ્ઞાન કહો. કામક્રોધ એ વૈરી છે. તેઓ રજોગુણમાંથી ઉત્પન્ન થયા છે. કામક્રોધથી જ્ઞાન ઢંકાયેલું હોય છે. પોતાનું સ્વરૂપ આ ષડ્રિપુથી આચ્છાદિત થયેલું છે. ત્રિગુણથી આ જ્ઞાન ઢંકાઈ ગયું છે. (૩૮)

आवृतं ज्ञानमेतेन ज्ञानिनो नित्यवैरिणा ।
कामरूपेण कौन्तेय दुष्पूरेणानलेन च ॥ ३९ ॥

હે કૌન્તેય ! જ્ઞાનીની સાથે સદા વેર રાખનાર અને અગ્નિની પેઠે સદા અતૃપ્ત રહેનાર કામરૂપ શત્રુએ જ્ઞાનને ઢાંકી દીધું છે. (૩૯)

ઉપરના શ્લોકમાં કહ્યું તે જ અહીં વિસ્તાર્યું છે. જ્ઞાન પોતે શુદ્ધ છે. કામનાનો, વિષયોનો થોકડો જ્ઞાનની ઉપર ચડેલો છે. જ્ઞાન પોતે શુદ્ધ છે અને એમાં કર્તા જેવું કાંઈ નથી. વાસ્તવિક રીતે જગત છે જ નહિ. કોણ નાશ કરવાનું ? કોનો નાશ કરવાનો ? સર્વત્ર ભગવાન જ છે. પોતા સહિત સર્વત્ર ભગવાન જ છે.

જગત જેવી કોઈ ચીજ જ ઉત્પન્ન નથી થઈ. પ્રકૃતિ જ આ નાચ કરાવે છે; આ રજોગુણ છે. લીલામાં છો માટે આવા પ્રશ્નો થાય છે. મારામાં એવો ભાવ જ નથી. મારામાં જન્મમરણ જ નથી. અજ્ઞાનીને પ્રશ્નો થાય છે. પ્રશ્નો થાય છે તે લીલાભાવમાં જ થાય છે. જીવ અજ્ઞાનાવસ્થામાં છે, દેહાધ્યાસમાં રાચે છે તેથી પ્રશ્નો થાય છે. દેહાધ્યાસને માર પછી પ્રશ્ન જ નહિ રહે. જ્ઞાનીની પ્રસન્નાવસ્થામાં કશો ભંગ પડતો નથી. તેને તો પરમાનંદ જ હોય. જ્ઞાન થયા બાદ પ્રશ્ન રહેવાનો નથી. જ્યાં સુધી અજ્ઞાન છે ત્યાં સુધી જ આ પ્રશ્નો રહે છે. (૩૯)

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

इन्द्रियाणि मनो बुद्धिरस्याधिष्ठानमुच्यते ।
एतैर्विमोहयत्येष ज्ञानमावृत्य देहिनम् ॥ ४० ॥

ઇન્દ્રિયો, મન અને બુદ્ધિ એ કામનાં નિવાસસ્થાન છે. એમની જ સહાયથી કામ જીવાત્માના જ્ઞાનને ઢાંકી દઈ તેને મોહમાં નાખી દે છે. (૪૦)

મનમાંથી વાસના ઉત્પન્ન થાય છે. બુદ્ધિ મનને દોરે છે. પાકીટમાં પૈસા છે માટે ચોરો આવે છે. મનમાં કામ છે માટે વિષયો આવે છે. મનમાં વિષયો છે માટે આ ચોરો નાચે છે. ઇન્દ્રિયો, મન, બુદ્ધિ એ કામનાના નિવાસસ્થાન છે. તેની ઉપર બોમ્બીંગ કર. અંદર જે છે તે બહાર દેખાય છે. અંદર વિષયો છે તેથી બહાર વિષયો દેખાય છે. તું શિવ છે છતાં કામનાને વશ થઈને તું પોતાને જીવ માની રહ્યો છે. તું બુદ્ધિથી પ્રશ્ન કરે છે છતાં પણ એ બુદ્ધિમાં કામ છે, તારી બુદ્ધિ તો કામનું નિવાસસ્થાન છે. હજી તું સમજ્યો નથી.

ગમે તેવા પ્રશ્નો પૂછો તો પણ ગુરુ તો શાંતિથી જ જવાબ આપે. કૃષ્ણ–ગુરુ–અર્જુન શિષ્યને શાંતિથી સમજાવે છે.

तस्मात्त्वमिन्द्रियाण्यादौ नियम्य भरतर्षभ ।
पाप्मानं प्रजहि ह्येनं ज्ञानविज्ञाननाशनम् । ४१ ।

માટે હે અર્જુન! તું પ્રથમ ઈન્દ્રિયોને જીત અને પછી શાસ્ત્રોક્ત તથા સ્વાનુભવસિદ્ધ જ્ઞાનનો નાશ કરનાર આ મહાપાપી કામને તું મારી નાખ. (૪૧)

તું ઇન્દ્રિયોના નિવાસસ્થાનોને ઉડાવી દે: આ કામનાઓના થાણાઓ પર બોમ્બીંગ કર. તેને છિન્નભિન્ન કર. હરિહર કરી નાખ. કામના થાણાઓ પર એટમબોમ્બ નાખ. એટમ બોમ્બ એટલે અહીં ભક્તિ. ભક્તિરૂપી પ્રેમથી જે થાય તેથી વિશેષ બીજાથી કશું નહિ થઈ શકે. ભક્તિ એ જ સબળ હથિયાર છે; પ્રેમનું શસ્ત્ર

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

છે. ગાંધીજીએ આ શબ્દ ઠેરઠેર વાપર્યું છે. લડાઈનું કારણ કામનાઓ છે. આ કામનાઓના થાણા તોડી નાખ. ભક્તિથી તું કામને તરત જ મારી શકીશ. (૪૧)

इन्द्रियाणि पराण्याहुरिन्द्रियेभ्यः परं मनः ।
मनसस्तु परा बुद्धिर्यो बुद्धेः परतस्तु सः ॥ ४२ ॥

દેહ કરતાં ઇન્દ્રિયો સૂક્ષ્મ, ઇન્દ્રિયો કરતાં મન સૂક્ષ્મ, મન કરતાં બુદ્ધિ સૂક્ષ્મ અને બુદ્ધિ કરતાં પરમાત્મા સૂક્ષ્મ છે, એમ જ્ઞાનીઓ કહે છે. (૪૨)

આત્મા પર આ બધા આવરણો છે. એ બધાં કામના નિવાસ-સ્થાનો પર હુમલા કર. હું સૂક્ષ્મમાં સૂક્ષ્મ છું, મોટામાં મોટું પણ હું જ છું. તું એને સમજી જા. આ બધા શત્રુઓને મારીશ એટલે તેમનાં નિવાસસ્થાન ખાલી પડશે, કે હું ત્યાં સંતાયેલો છું તે તને મલી જઈશ. આત્મા એટલે એક મોટું બિંદુ. તે બુદ્ધિથી ઢંકાયેલું છે. બુદ્ધિ મનથી ઢંકાયેલી છે, મન ઇન્દ્રિયોથી અને ઇન્દ્રિયો દેહથી ઢંકાયેલી છે. આ મારું જ સ્વરૂપ છે. તું ભક્તિ કરતાં જઈશ એટલે હું પ્રગટ થઈ જઈશ. આ બધા મન, બુદ્ધિ વગેરે મોટા છે, માટે હું સૂક્ષ્મ છું. હું મહાન થઈશ ત્યારે વિષયો નહિ હોય. ખરેખર તો હું સૂક્ષ્મ નથી જ.

અત્યારે તો તું અડધી કલાક ભક્તિ કરે છે. બાકીનાં સાડી-ત્રેવીસ કલાક વિષયોમાં મન છે, માટે તો હું તારામાં બિંદુમાત્ર છું. દેહમાં તારો અધ્યાસ છે, માટે તું બુદ્ધિના આ થાણાઓમાં અટવાય છે. બુદ્ધિના અધ્યાસમાં ઘણાં અટવાઈ જાય છે. સત્વગુણના ઉદયથી બુદ્ધિ સતેજ થાય છે. સત્વના ઉદયથી બુદ્ધિ સતેજ ચાલે છે. જ્ઞાનવિજ્ઞાન બંનેના ત્યાગ કરવાના છે, પછી હું જ મોટો રહેવાનો છું.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જ્યાં સુધી વિષય મહાન છે ત્યાં સુધી ભગવાન સૂક્ષ્મ છે. જ્યાં ભગવાન મહાન છે ત્યાં વિષય સૂક્ષ્મ છે, બલ્કે નથી જ. જ્યાં ભગવાન છે ત્યાં વિષયો નથી.

ગુરુ બનીને ગાદી તકિયા ઉપર બેસવું એ ઇચ્છા પણ ન રાખવી. ખરેખર તો કોઈ ગુરુ નથી, કોઈ શિષ્ય નથી. લઘુ અને ગુરુના ભેદ તારે કાઢવા જ પડશે. (૪૨)

एवं बुद्धेः परं बुद्ध्वा संस्तभ्यात्मानमात्मना ।
जहि शत्रुं महाबाहो कामरूपं दुरासदम् ॥४३॥

હે મહાબાહો! બુદ્ધિથી પર આત્માને સૂક્ષ્મ જાણ. આત્માથી જ આત્માનું સંયમન કર અને અજીત કામને જીત. (૪૩).

આત્માથી આત્માનો સંયમ કર. કામને ભગવાને અજીત કહ્યો છે. બુદ્ધિ એ પણ મહાન કામના છે. એ પણ ભેદ ઉત્પન્ન કરે છે. અજીત એવા કામને મારવા માટે તો " શ્રી રામ જય રામ જય જય રામ "—કરવું પડશે. ' શ્રીકૃષ્ણ શરણં મમ "—કરીને એ ભક્તિનાં અણુબોમ્બ કામના પર ફેંકવા પડશે. કામનાનાં સ્થાન છિન્નભિન્ન થઈ થશે, બધી ઇન્દ્રિયો કાબૂમાં આવશે. પછી ભગવાનને શરણે થઈ જવાશે. પ્રેમથી જ ભગવાન જીતાશે.

ગાંધીજીએ ગીતાથી તો હિન્દને આજે સ્વતંત્ર કર્યું છે; હિંદુસ્તાન જીતાયું તે આ ગીતાને લીધે. ગીતાનો રાહ તો છે પ્રેમનો. પ્રેમયોગ અને કર્મયોગને લીધે તો હિંદ ઉજ્જવળ બન્યું છે.

ત્યારે આ આખા અધ્યાયનો મુખ્ય મુદ્દો કયો?

સ્વધર્માચરણ એ જ મુખ્ય મુદ્દો. અર્જુનને પ્રશ્ન થયો. તેને વિષયોનો નાશ એ ઘોર પાપ લાગે છે. બ્રાહ્મી સ્થિતિ નથી તેથી આવો પ્રશ્ન થાય છે, નહિ તો બાણો જ ફેંક્યે રાખત. સ્વધર્મનું આચરણ ન કરે તો આ લીલા કેમ ચાલશે? જે ભૂમિકા હો ત્યાં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તે ભૂમિકાનું કાર્ય કરવું જ પડે છે. તે ન કરે તો આ નાટક કંપનીનું દેવાળું નીકળી જાય. એકટરને મોંઢે ન ચઢાવાય. તેણે તો તેનો પાર્ટ બરાબર ભજવવાનો જ રહ્યો.

તેં મારું રક્ષણ લીધું છે, માટે જ તું શ્રદ્ધા રાખ. રજ અને તમના ભાવો કાઢવા હોય તો ભક્તિ કર. પહેલાં મનને શુધ્ધ કર તું આસક્તિરહિત થઈને સ્વધર્માચરણ કર, કર્મ કર. બુદ્ધિ, મન, ઇન્દ્રિયો, દેહ એ બધાં સુધરશે પછી કોણ રહ્યો? કેવળ હું જ. આ રીતે હું જ્યાં ઘરમાં આવ્યો—પછી અજીત કામ રહે શાનો? તું મને સૂક્ષ્મમાં પધરાવ.

અહીં ભગવાન અર્જુનને સંપૂર્ણ શરણાગતિનું કહે છે આડકતરી રીતે પણ સંપૂર્ણ શરણાગતિનું (Complete Surrender) નું જ કહે છે. પહેલાં ઇન્દ્રિયોમાં મને મૂક, પછી મનમાં, પછી બુદ્ધિમાં......પછી શું થાય છે તે જો. તારામાં તેજનું નાનું બિંદુ છે તે હવે મોટું કર. (૪૩) *

---

* તા. ૨૮–૮–૫૫ રવિવારનું પાંચમું પ્રવચન પાના એક થી ત્રાણું સુધી અહીં પુરું થાય છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અધ્યાય ચોથો

કર્મ બ્રહ્માર્પણ યોગ.

– श्री भगवानुवाच –

इमं विवस्वते योगं प्रोक्तवाहनमव्ययम् ।
विवस्वान्मनवे प्राह मनुरिक्ष्वाकवेऽब्रवीत् ॥ १ ॥

एवं परंपराप्राप्तमिमं राजर्षयो विदुः ।
स कालेनेह महता योगो नष्टः परंतप ॥ २ ॥

स एवायं मया तेऽद्य योगः प्रोक्तः पुरातनः ।
भक्तोऽसि मे सखा चेति रहस्यं ह्येतदुत्तमम् ॥ ३ ॥

શ્રી ભગવાન બોલ્યા: આ અક્ષય ફળ દેનારો જ્ઞાનયોગ પૂર્વે મેં સૂર્યને કહી સંભળાવ્યો હતો; સૂર્યે મનુને કહ્યો હતો અને મનુએ ઇક્ષ્વાકુને કહી સંભળાવ્યો હતો. (૧)

હે અર્જુન! આવી પરંપરાથી આ યોગ રાજર્ષિઓના જાણવામાં આવ્યો; પરંતુ તે જ યોગ પુષ્કળ કાળ વ્યતીત થયા પછી આ લોકમાંથી નષ્ટ થયો. (૨)

તે જ પુરાતન યોગ મેં તને આજે કહી સંભળાવ્યો. તું મારો ભક્ત અને સખા છે; માટે જ આ ઉત્કૃષ્ટ રહસ્ય મેં તને કહી સંભળાવ્યું. (૩)

પૂર્વે આ શાશ્વત જ્ઞાન મારા વડે સૂર્યને થયું અને તેનાથી મનુને થયું અને ત્યાર પછી આ જ્ઞાન ઈક્ષ્વાકુને થયું હતું. મેં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

એમને આ કર્મયોગ સંભળાવ્યો અને એ સાંભળીને એનું આચરણ એમણે કર્યું, ત્યારે એમને આ જ્ઞાનનો અનુભવ થયો.

આ રીતે પરંપરાથી આ જ્ઞાનયોગ રાજર્ષિઓએ જાણ્યો, પણ કાળે કરીને આ કર્મયોગનો એટલે કે જ્ઞાનનો ક્ષય થયો. આ જ્ઞાનયોગ સાંભળીને આચરણમાં મુકવાનું ઓછું થયુ અને પછી કેવળ સાંભળવામાં જ આ યોગ રહ્યો. આ લોકમાંથી જ્ઞાનનું વાસ્તવિક આચરણ ન થવાથી સ્વધર્મથી પ્રાપ્ત થયેલ કર્મના આચરણના અભાવે એ જ્ઞાન એટલે કે કર્મયોગનું જ્ઞાન નષ્ટ થયું.

હે અર્જુન! મને તારા પર પ્રેમ થયો છે એટલે જ આ પુરાતનયોગ તને કહી સંભળાવ્યો. તું મારો ભક્ત છે અને મિત્ર પણ છે; માટે જ આ રહસ્ય તને કહું છું. તેં મારું શરણ લીધું છે એટલે આ કર્મયોગનું રહસ્ય સંભળાવું છું.

પ્રેમ એવી વસ્તુ છે કે તેમાં કંઈ છૂપું રાખી શકાતું નથી. આપવાની ઇચ્છા ન હોય તો પણ પ્રેમી બધું જ લઈ જાય છે. જેને માટે લોકો ત્યાગ કરે છે, જેને માટે લોકો તપસ્યા કરે છે, જેને માટે લોકો હિમાલયમાં રખડે છે એવું જ્ઞાન આજે ભગવાન પોતે અર્જુનને સંભળાવે છે. ત્યાગથી, તપસ્યાથી કે હિમાલયમાં જવાથી આ જ્ઞાન નથી થતું. અર્જુન ભગવાનનો પરમ સખા છે. વળી શરણમાં છે તેથી ભગવાન આ જ્ઞાન અર્જુનને આપે છે.

અર્જુનને ભગવાન પર પ્રેમ થઈ ગયો છે. અર્જુન તે સિવાય બીજું કશું જાણતો નથી. અજ્ઞાની માણસ શરણમાં જવા સિવાય બીજું કરે પણ શું? જે શરણમાં જાય તેનું બધું ભગવાનને જોવું પડે છે. કહો જોઈએ, શરણમાં જવું કેટલું ઉત્તમ છે? અર્જુનની ફિકર ભગવાનને છે. તે તેના શરણમાં ગયો છે માટે તો ભગવાન તેને સમજાવે છે. જેની પ્રાપ્તિ માટે લોકો અનેક જન્મો કાઢી નાખે છે એ અદ્‌ભુત જ્ઞાન ભગવાને અર્જુનને સહજમાં સંભળાવ્યું.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અર્જુન પર ભગવાનને પ્રેમ છે. અર્જુને શરણ લીધું છે તે માટે તો એ ઉત્કૃષ્ટ રહસ્ય ભગવાને તેને કહ્યું. (૧-૨-૩)

अर्जुन उवाच

अपरं भवतो जन्म परं जन्म विवस्वतः ।
कथमेतद्विजानीयां त्वमादौ प्रोक्तवानिति ॥ ४ ॥

અર્જુન બોલ્યો: હે કૃષ્ણ! તમારો જન્મ આધુનિક કાળમાં થયો છે અને સૂર્ય તો પ્રાચીન કાળનો છે; તો તમે પ્રથમ તેને યોગની વાત કહી; એ કેવી રીતે હું માની શકું? (૪)

હે કૃષ્ણ! મને તો તમારી આ વાત કંઈ સમજમાં આવતી નથી. તમારો જન્મ તો આધુનિક કાળમાં થયો અને સૂર્ય તો હજારો વર્ષ પહેલાંનો છે. તમે તેને જ્ઞાન આપ્યું એ કેમ મનાય? મને તમારી આ વાતમાં સમજ પડતી નથી. તમે મારા આ સંશયનું નિરાકરણ કરો. મને તમારા પર શ્રદ્ધા છે પણ સાથે સંશય પણ એટલો જ છે. તમારી લીલામાં મને કંઈ સમજ પડતી નથી. તમે એક વાર જ્ઞાનની વાત કરી, બીજી વખત કર્મની વાત કરી, અને આ વળી તદ્દન નવી વાત કરો છો. આ બધું મને સમજાતું નથી. માટે હે મધુસૂદન, તમે મને આ બધું સવિસ્તાર સમજાવો. (૪)

श्रीभगवानुवाच

बहूनि मे व्यतीतानि जन्मानि तवचार्जुन ।
तान्यहं वेद सर्वाणि न त्वं वेत्थ परंतप ॥ ५ ॥

શ્રી ભગવાન બોલ્યા:—હે શત્રુને તાપ આપનાર અર્જુન? મારા અને તારા અનેક જન્મો થઈ ગયા છે, તે સર્વેનું સ્મરણ મને છે. તને તેનું સ્મરણ નથી. (૫)

હે અર્જુન! મારા અને તારા અનેક જન્મો થઈ ગયા, મને

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તેનું સ્મરણ છે પણ તને નથી. જ્ઞાન થઈ જાય તેને બધા જન્મોનો ખ્યાલ આવી જાય છે.

કૃષ્ણ તો યોગેશ્વર હતા. તેમને ત્રણે કાળનું જ્ઞાન હતું. શિવભાવમાં હોય તેની આ સ્થિતિ હોય. જ્યારે અર્જુન તો જીવભાવમાં છે.

પૂર્વે શું હતું, અત્યારે શું છે, અને પછી શું થશે—એ બધો, મારા જન્મોનો ઈતિહાસ હું જાણું છું. ભૂત, ભવિષ્ય અને વર્તમાન એ ત્રણે કાળ હું જાણું છું. પણ તું ક્યાંથી સમજે? તું તો કુંતાનો પુત્ર, પૃથાનો પુત્ર એટલે જ જીવભાવી.

ભગવાન તો સોળે કળાથી યુક્ત છે. અર્જુનને આ શંકા થઈ તેનું કારણ અજ્ઞાન છે.

તારું અજ્ઞાન દૂર કરવા માટે તો મેં આ જ્ઞાનનું પારાયણ શરું કર્યું છે. દુર્લક્ષ છોડીને તું સાંભળ. તારી બધી શંકાઓ દૂર થશે. (૫)

अजोऽपि सन्नव्ययात्मा भूतानामीश्वरोऽपि सन् ।
प्रकृतिं स्वामधिष्ठाय संभवाम्यात्ममायया ॥ ६ ॥

હું જન્મમૃત્યુરહિત અને સર્વભુતોનો નિયંતા હોવા છતાં પોતાની પ્રકૃતિનો સ્વીકાર કરીને મારી માયાથી જ જન્મ લઉં છું ૬)

આત્મજ્ઞાની પુરુષો અજરામર છે. તેઓ ફરીવાર જન્મે પણ ખરા. માયા તો મારા કાબૂમાં છે. પ્રકૃતિ ઉપર મારો કાબુ છે; જગત ઉપર મારો કાબૂ છે. હું ગમે ત્યારે શરીર ધારણ કરૂં છું. હું મારી પ્રકૃતિનો આશ્રય લઈને કોઈ કોઈ વાર જન્મ લઉં છું. અજ્ઞાનીઓ ગુંચવાય છે; અજ્ઞાની એટલે જીવભાવી. તેઓ વાસનાથી જન્મ લે છે અને તેથી તેઓ દુઃખી થાય છે. જ્યારે જ્ઞાનીઓ તો સ્વેચ્છાથી જન્મ લે છે. અજ્ઞાની નથી તે સ્વયં, આત્મા જ છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

હું શરીર ધારણ કરું છું. નિર્ગુણ હોવા છતાં સગુણ બનીને જગતમાં વિચરું છું. મને કોઈ કર્મ બાંધતાં નથી. અજ્ઞાની મને કર્માધીન સમજે છે. એ તારું અજ્ઞાન દૂર કરવા તો આ પારાયણ માંડ્યું છે. તને ભ્રાન્ત થઈ છે; માટે આ જન્મ, પૂનર્જન્મ વગેરે, દેખાય છે. ભ્રાન્તિનું નામ જ જગત. આ તારી ભ્રાંતિ જ્યારે દૂર થશે ત્યારે જગત શું છે અને જન્મ શું છે તેની સમજ પડશે. મારો જન્મ છે એમ માને છે તે અજ્ઞાની છે. મ.રો વાસ્તવિક જન્મ જ નથી. હું જન્મ્યો જ નથી. મારી પ્રકૃતિના આધારે લોકોને લાગે છે કે હું જન્મું છું બાકી તો હું જન્મમૃત્યુરહિત છું. જીવભાવમાં જ રામ, શિવ, કૃષ્ણ આદિ અવતારો છે. શિવભાવમાં, જ્ઞાનની દષ્ટિમાં કોઈ અવતાર જ નથી. જન્મમરણ જ નથી. અજ્ઞાનીને જ જન્મમૃત્યુ લાગે છે.તેને સમજાવવા માટે મારે આ પારાયણ ફેરવવી પડે છે. આવા પ્રશ્નો પણ અજ્ઞાનીને જ થાય. જ્ઞાનીને અવતારનો કે જન્મમરણનો પ્રશ્ન જ ન થાય. શિવભાવમાં તો કોઈ પ્રશ્ન જ નથી ઊભો થતો. ત્યાં કોઈ કૃષ્ણ નથી, રામ નથી કે શિવ પણ નથી. જે દુર્લભ વસ્તુ છે તે તેને સહજમાં પ્રાપ્ત થઈ છે તે સાંભળ.

અહીં ભગવાને અર્જુનને યોગી નહિ પણ ભક્ત, પ્રેમીભક્ત કહ્યો છે.

તું મારો ભક્ત છે માટે તો હું તને આ જ્ઞાન કહું છું. સ્ત્રીપુરુષના પ્રેમ જેવો આ ભગવાન અને ભક્તનો પ્રેમ છે. તે પ્રેમમાં કશું છૂપું નથી, બધું ખુલ્લું જ હોય. તારો અને મારો આ દૈવી પ્રેમ છે અર્જુન! આ આત્મિકપ્રેમમાં હવે હું તારી પાસે બધું ખુલ્લું મૂકું છું. ઈશ્વરપ્રેમથી આ જ્ઞાન સુલભ છે. ષડ્ચક્રભેદન કરનાર યોગી માટે કે હઠયોગી માટે આ દુર્લભ છે. તું મારો ભક્ત છે, માટે હું આ જ્ઞાન તને કહું છું. આપણે જૂદાં જ નથી, ભ્રાન્તિમાં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

એ ભેદ - જૂદાપણું લાગે છે. આ ભ્રાંતિને કાઢવા માટે તું જ્ઞાનયોગ સાંભળ.

નાટકકંપની દેવાળું કાઢે તેવી તૈયારી થાય તો તેનો માલિક પણ નટ બને. તેવી રીતે આ જગતનાટકકંપનીનો માલિક જરુર પડે તો નટ (Actor) બને, ઓડિયન્સને (જગતને સુખી કરવા) પ્લીઝ—ખુશ કરવા હું આવું છું. નટ બનીને, સગુણ બનીને હું નાચું છું. પાપાચાર વધે ત્યારે હું શું કરું ? હું, નિરંજન, નિરાકાર, નિર્ગુણ, પ્રકૃતિનો આશ્રય લઈને આવું છું, નાચું છું.

દુકાન સધ્ધર ન હોય તો શેઠને પણ કામ કરવું પડે. એ કલાક શેઠ દુકાને આવીને બેસે ત્યારે કામ બરાબર થાય અને દુકાન સધ્ધર થાય. દુકાન એ જગત અને શેઠ એ પરમાત્મા. (૬)

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ।
अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ॥ ७ ॥

હે અર્જુન ! જ્યારે જ્યારે ધર્મ ક્ષીણ થાય છે અને અધર્મની વૃદ્ધિ થાય છે, ત્યારે ત્યારે હું અવતાર ધારણ કરું છું. (૭)

જ્યારે જ્યારે ધર્મની હાનિ થાય, જ્યારે જ્યારે આ નાટક કંપની (જગત) બંધ પડવાની તૈયારીમાં હોય અને હાહાકાર પ્રવર્તી ઊઠે ત્યારે ત્યારે લીલાનો આશ્રય લઈને હું અવતાર લઉં છું. હું કર્મ કરું પણ કર્માધીન બીલકુલ નથી.

ભગવાન અહીં આ શ્લોકમાં જ્ઞાનીની અવસ્થાનું વર્ણન કરે છે.

જ્ઞાની સંસારમાં બધાં કર્મ કરે છે પણ તેને તેની લેપનછેપન નથી. જ્ઞાનીને સરસ બંગલામાં રાખો તો તેને હર્ષ નથી, ફાંસીએ ચડાવો તો તેને શોક થતો નથી. જ્ઞાની સત્ય શું છે એ સમજી ગયો છે. લોકોને રસ્તો બતાવવા અવારનવાર આવા જ્ઞાનીઓ જન્મે છે. આ જગતની નાટકકંપનીને સધ્ધર કરવા, અને તે સારી રીતે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ચાલે માટે અવારનવાર હું જન્મ્યા કરું છું. જ્યારે જ્યારે સૃષ્ટિ પ્રલય તરફ ધસે છે ત્યારે ત્યારે હું અવતાર લઉં છું. હિંદની સ્થિતિ ખરાબ થઈ ત્યારે હું ગાંધીજી રૂપે પ્રગટ થયો. જે નથી સમજતા તેમને સમજાવવા માટે મારો અવતાર થાય છે. તારા જેવા ભક્તો નથી સમજતા, તેઓને સમજાવવા માટે હું સગુણ રૂપે પ્રગટ થઈને દુઃખ વ્હોરી લઉં છું. ભગવાન પર પ્રેમ થઈ ગયો એટલે ભક્ત માટે ભગવાન સગુણ રૂપ ધારણ કરે છે એ જ આ શ્લોકનું મુખ્ય રહસ્ય છે.

જે પ્રેમ કરે તેને માટે હું પ્રગટ થાઉં છું. જેને મારા પર પ્રેમ થયો છે તેને માટે કશું જ દુર્લભ નથી રહેતું. દુર્લભ એવું જ્ઞાન તો હું તેને આપી જ દઉં છું. પ્રેમ બહુ દુર્લભ વસ્તુ છે પરંતુ તારા માટે તે સહજ છે. પ્રેમ જયાં થયો કે હું લાચાર બની જાઉં છું.

જયાં પ્રેમ છે ત્યાં સામા માણસને લાચારીથી બધું કહી દેવું પડે છે. બાપનો ઝભ્ભો પકડીને બાળક ખભા પર બેસવાની માગણી કરે તો સમર્થ એવો પિતા શું તેને ફેંકી દેશે? છોકરાને ધક્કા મરાતો નથી, તેને ઉંચકીને ખભા ઉપર બેસાડવો પડે છે. પ્રેમ આવો હોય છે. અહીં અર્જુન બાળક છે. તે આડો થઈ બેઠો છે; કહે છે લડાઈ નથી કરવી. અર્જુનને સમજાવવા માટે કૃષ્ણ ઊભા છે; કારણકે પ્રેમ થઈ ગયો છે ને! ભગવાન તો પ્રેમને વશ છે. પ્રેમથી જ ભગવાન સહજ પ્રાપ્ત છે.

परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् ।
धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे ॥ ८ ॥

સાધુજનોનું રક્ષણ કરવા માટે, દુષ્ટોનો જ મૂળથી નાશ કરવા માટે અને ધર્મોનું સંસ્થાપન કરવા માટે હું પ્રત્યેક યુગમાં અવતાર ધારણ કરું છું. (૮)

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ભક્તો નાના બાળક જેવા હોય છે. સંસારના દુઃખ અને અધર્મ ભક્તોને નડે છે! ભક્તો દુઃખી છે કારણ કે સમજવા છતાં તેમનાથી આચરણ થઈ શકતું નથી. જ્ઞાન પ્રગટાવવા માટે હું પ્રગટ થાઉં છું. અધર્મ રૂપી વૃત્તિના નાશ માટે હું જન્મું છું. દિવો સળગાવે ત્યારે અજવાળું થાય. 'હું' પ્રગટ થાઉં ત્યારે મારા અજવાળાથી જ્ઞાન થાય. અજ્ઞાની અવસ્થામાં લોકોને લાગે કે પહેલાં ભગવાન નહોતા, અને હવે તેમણે જન્મ લીધો. અજ્ઞાની અવસ્થામાં મારું પ્રાગટ્ય છે એમ લાગે; બાકી હું, ભગવાન સચ્ચિદાનંદ છું. હું શાશ્વત છું. જો પ્રાગટ્ય ગણો તો પહેલાં હું નહોતો એવો અર્થ થશે. અજ્ઞાનને દૂર કરવા જ્ઞાનીને અવારનવાર જન્મ લેવો પડે છે. જ્યારે જીવભાવ વધે ત્યારે શિવભાવ પ્રગટ કરવા હું જન્મ લઉં છું. બાકી તો હું નિરાકાર અને સચ્ચિદાનંદ છું. મારી આ સ્થિતિમાં કશો ફરક પડતો નથી. જ્યારે જીવભાવ વિશેષ થાય, ત્યારે ફરીથી હું જ્ઞાન આપું છું. ધર્મનો ઝંડો ફરકાવીને કાર્ય પૂરું કરું કે પાછો હું નિરંજન, અને નિરાકાર. ગંગાનું પાણી અમુક ઠેકાણે બરફ થાય; અમુક સ્થળે જળ જ રહે. બરફ તે જળનું સગુણ રૂપ. વાસ્તવિક રૂપ તો પાણી જ છે. મારામાં આવો ફેરફાર થયા કરે છે. સગુણ અને નિર્ગુણ, પાણી અને બરફ, છે બધું એકનું એક. જ્ઞાનીને જન્મમરણ નથી. ધર્મ અને અધર્મ, ચોર અને શાહુકાર એવા ભેદ જ્ઞાનીની દૃષ્ટિમાં હોતા નથી. ધર્મી પણ હું, અધર્મી પણ હું; શેઠ પણ હું, ચોર પણ હું; એવું જ જ્ઞાનીને દેખાય છે. કંસ અધર્મી હતો તેથી કૃષ્ણે તેનો નાશ કર્યો. હું મારી પ્રકૃતિનો આશ્રય લઈને નાશ કરું છું. હું જ કૃષ્ણ બનું છું; હું જ કંસ બનું છું અને લીલા કરું છું. જ્યારે હું બહુ કમાઉં છું ત્યારે બહુ ઉડાવું છું. પ્રકૃતિની માયા મારે ચાલુ રાખવી છે. મારે લીલાનો આનંદ લેવો છે. વાસ્તવિક રીતે જુઓ તો લીલામાં દુઃખ જ નથી. જ્ઞાનીને લીલામાં આનંદ જ આવે છે; દરેક સ્થિતિમાં તેને આનંદ જ હોય

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અને એવી આનંદમય સ્થિતિ ચોતરફ ફેલાય તે માટે તે જન્મ લે છે. આ જગતરૂપી દુકાનમાં થોડીવાર હું બેસી જાઉં છું. આ નાટકકંપનીમાં થોડીવાર હું આવી જાઉં છું અને બધા એક્ટરો બરાબર કામ—કર્મ કરે છે કે નહિ તે જોઈ જાઉં છું.

આ શ્લોકો જ્ઞાન ન થાય ત્યાં સુધી સમજાતા નથી. જ્ઞાનની સ્થિતિમાં જ આ શ્લોકો સમજાય છે. છતાં પણ ભગવાન ભક્તને માટે થોડી રૂપરેખા આપે છે.

હે અર્જુન, આગળ જતાં તને જ્ઞાન થશે ત્યારે તું પણ એમ કહીશ કે મારા ઘણા જન્મો થઈ ગયા. પછી 'તું' અને 'હું' એવું રહેશે જ નહિ.

जन्म कर्म च मे दिव्यमेवं यो वेत्ति तत्त्वतः।
त्यक्त्वा देहं पुनर्जन्म नैति मामेति सोऽर्जुन ॥ ९ ॥

હે અર્જુન! આવી રીતે મારો જન્મ અને મારા કર્મો દિવ્ય છે. આ વાત જે યથાર્થ જાણે છે તે દેહત્યાગ પછી પુનર્જન્મ પામતો નથી; પરંતુ તે મને જ પ્રાપ્ત થાય છે. (૯)

આ વાત જે યથાર્થ જાણે છે એટલે કે બરાબર સમજી જાય છે તેની શ્રદ્ધા દૃઢ થઈ જાય છે. ભગવાન સર્વત્ર છે, એવી તેની શ્રદ્ધા દૃઢ થઈ જાય છે. તે ચોવીસે કલાક ભગવાનમય, તન્મય થઈ જાય છે. અવતાર કોનો? કોણ છે નારાયણ? કોણ છે વિષ્ણુ? કેવળ હું જ છું, હું—સચ્ચિદાનંદ. ધીમે ધીમે આ વાત તું સમજીશ. પછી તું જ કહીશ કે-ક્યાં છે કૃષ્ણ? ક્યાં છે અર્જુન? આવી રીતે જે મને યથાર્થ જાણે છે, મારા ખરા સ્વરૂપને સમજે છે તેને વળી પુનર્જન્મ શું? જન્મમરણ વળી શું? તેઓ તો મારા પૂર્ણરૂપને પહોંચી ગયા છે. કોઈ એમ. એ. સુધી ભણીને પ્રોફેસર થઈ જાય તેની આગળ શું એકડે એકની વાત કર્યા કરવી?

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જે સ્વરૂપમાં ગયો તેને શું જન્મ હોય ખરો? પ્રોફેસર થયા પછી ગુજરાતી શાળમાં કે હાઈસ્કૂલમાં ભણવાનું હોય કે? તે તો હવે શેઠ થઈ ગયો, આત્મજ્ઞાની થઈ ગયો, ભગવાન બની ગયો. ૯)

वीतरागभय क्रोधा मन्मया मामुपाश्रिताः ।
बहवो ज्ञानतपसा पुता मद्भावमागताः ॥ १० ॥

જેમના કામ, ભય અને ક્રોધ નષ્ટ થયાં છે અને જે મારા સ્વરૂપમાં ભળી જઈ મારા જ આશ્રયે રહેલાં છે, એવા જ્ઞાનરૂપી તપથી પવિત્ર થયેલા પુષ્કળ જ્ઞાનીઓ મારા સ્વરૂપને પ્રાપ્ત થાય છે. (૧૦)

એકને જ જ્ઞાન પ્રાપ્ત થાય છે એવું નથી. ઘણા લોકોને આ આત્મજ્ઞાન થાય છે; સ્વરૂપનું જ્ઞાન થાય છે. આ લોકો મારામાં જ ભળી જાય છે. જ્ઞાન ક્યારે થાય? ષડ્‌રિપુઓ તારા જે શત્રુઓ છે તેને તું માર ત્યરે તને જ્ઞાન થાય. જ્યાં સુધી તું આ કામક્રોધાદિ ષડ્‌રિપુને નહિ મારે ત્યાં સુધી તને સ્વરૂપની પ્રાપ્તિ થવાની નથી. આ માટે ભક્તિની જરૂર છે, પ્રેમની જરૂર છે.

અર્જુન પર પ્રેમ છે માટે તેને ભગવાન આ વાત કહી રહ્યા છે. આખી ગીતાનો પ્રાદુર્ભાવ આ પ્રેમમાંથી થયો છે.

ઘણા જ્ઞાનીઓ મારા સ્વરૂપને પ્રાપ્ત થયા છે. તું પણ તે સ્વરૂપાનંદ લઈ શકીશ. તરા જન્મમરણના ફેરા બંધ થશે અને તને ત્રિકાળનું જ્ઞાન થઈ જશે. તને પૂર્વજન્મ વગેરેની ખબર પડી જશે. હું જન્મ્યો જ નથી, હું અજન્મા છું. એ સ્વરૂપાનંદની સ્થિતિ છે. સૂર્ય મારા વડે પ્રકાશ પામે છે, ચંદ્ર મારાથી પ્રકાશિત થાય છે. સૂર્ય, ચંદ્ર, તારા, જગત, બધું મારામાં છે એમ જ્ઞાની સમજે છે. આવી સ્થિતિમાં હું જન્મ્યો છું એવો સવાલ જ ઉપસ્થિત થતો નથી.

ભગવાન અર્જુનને આ સ્થિતિમાં લઈ જવા માગે છે. ભગવાન અત્યારે અર્જુનમાં સૂક્ષ્મ રૂપે છે, બાળ સ્વરૂપે છે; તે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જ્યારે જુવાન થશે, વિરાટ થશે ત્યારે પ્રકાશ, પ્રકાશ થઈ રહેશે. નાનો ગ્લોબ લઈ લો અને તેની જગાએ એકદમ સો કેન્ડલનો ગ્લોબ મૂકો; તેના જેવું થાય. આ સ્થિતિમાં અજ્ઞાન ક્યાં રહે? અત્યારે અહીં લાઈટ (Light) ઝાંખી છે. હવે ભગવાન જ્ઞાનના વર્ણનની શરૂઆત કરે છે, બધી વાત નથી કરી દેતા, આગળ ઉપર વળી કરશે. બધું જ્ઞાન એકદમ નથી અપાતું. ભગવાન અર્જુનને ધીમે ધીમે તૈયાર કરે છે.

જ્ઞાનપ્રાપ્તિ માટેની વૃત્તિ જાગૃત કરવા માટે આ વાત શ્રીકૃષ્ણ શા માટે કહે છે? સૂર્યને ભગવાને આ જ્ઞાન આપ્યું એ કહેવાની શી જરૂર? શું તેમાં પ્રચારની ઇચ્છા છે કે? અર્જુનની ઇચ્છા વધારે તીવ્ર કરી તેને આગળ લઈ જવા માટે ભગવાને આ કહ્યું છે. સુષુપ્ત અવસ્થામાં પડેલી જ્ઞાનવૃત્તિને સદ્‌ગુરુ જાગૃત કરે છે અને તે માટે અર્જુનને ઊંડે ઊંડે લઈ જાય છે. 'તું કોણ છો'– એ પર અર્જુનને વિચાર કરવા માટે સદ્‌ગુરુ આ રીતે રસ્તો કરે છે. કૃષ્ણ સદ્‌ગુરુ છે અને અર્જુન વળી પાછો શરણમાં છે. (૧૦)

ये यथा मां प्रपद्यन्ते तां स्तथैव भजाम्यहम् ।
मम वर्त्मानुवर्तन्ते मनुष्याः पार्थ सर्वशः ॥११॥

જેઓ જે ભાવનાથી મારું ભજન કરે છે, તેમની ઇચ્છા તે ભાવના પ્રમાણે જ હું પૂર્ણ કરું છું. હે અર્જુન! સર્વ લોકો સર્વ પ્રકારે, મારા માર્ગમાં જ ચાલનારા છે. (૧૧)

જે જે ભાવથી ભજન કરે તે તે પ્રમાણે હું તેઓને આપું છું. સર્વ લોકો મારું ભજન તો કરે છે, કોઈ સકામ ભાવે તો કોઈ નિષ્કામ ભાવે. કોઈ મંદિરમાં બાધા લઈને જાય તો તેની તે ઇચ્છા હું પૂર્ણ કરું છું. અને કોઈને જ્ઞાનની ઇચ્છા હોય તેને હું જ્ઞાન આપું છું. મારી પ્રાપ્તિની ઇચ્છા હોય તો હું મળું છું.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સારી કે ખરાબ કોઈ પણ ઇચ્છા કરો, તે તે ઈચ્છા હું પૂર્ણ કરું છું. દરેક ઇચ્છા પ્રમાણે, તે તે ઇચ્છાની તૃપ્તિ અર્થે જન્મ લેવા પડશે. આ જગતનાટકકંપનીમાં કોઈ પણ એક્ટરને પોતાના મળેલા પાઠથી જો અસંતોષ હોય અને બીજો પાઠ લેવાની ઇચ્છા થઈ તો બીજા ખેલમાં તેની એ ઇચ્છા પૂર્ણ થાય છે. જે જે જાતનું ભજન કરો; શુભ અને અશુભ જે જે વાસનાઓ રાખીને ભજન કરો, તે તે વાસનાઓ મારે પૂર્ણ કરવી પડે છે અને તે માટે તમારે જન્મ લેવો પડે છે. જાણે અજાણે ભગવાનની ભાવના તો સર્વને છે. કોઈ ભગવાનને ધન માટે ભજે છે, કોઈ છોકરા માટે તો કોઈ પત્ની માટે; આવી સકામવૃત્તિઓ છે માટે આપણે સત્ય શું એ પૂર્ણપણે સમજતા નથી. તમે ચોકલેટ માગો તો મારે ચોકલેટ પણ આપવી જોઈએ. તેમની ઈચ્છાઓ પૂર્ણ કરવા માટે આ જગત ચાલુ છે, એક્ટરની ઇચ્છા માટે આ જગત નાટકકંપની ચાલુ રહી છે. બધાની ઇચ્છાઓ બંધ થાય તો જગત બંધ થઈ જાય. બધાંની ઇચ્છાઓનો અંત આવે તો જગતનો અંત આવે. બધાં અરજી (ઇચ્છા) કરે છે તે માટે તો આ કંપની ચાલુ રહી છે. હું તો કમાઈને બેઠો છું. કોઈ એક્ટર પૈસા કમાઈને નોકરીમાંથી રાજીનામું આપે. આવા લોકો શેઠ થઈ ગયા, સ્વરૂપમાં આવીને બેસી ગયા. શેઠ થઈને નોકરી છોડી દેવાની ને! પણ અજ્ઞાની બાળકો માટે બધુંય કરવું પડે. લાખો અને કરોડો જીવો માટે મારે વારેવારે પ્રગટ થવું પડે છે; અને આ યોગ સમજાવવો પડે છે. સૂર્યને આ સમજાવ્યું ઈશ્વાકુને આ સમજાવ્યું અને હવે તને આ સમજાવવા બેઠો છું. તમે બધાં ના કહી દો તો આ કંપની તરત બંધ થઈ જાય; પણ તમારે પાઠ ભજવવા છે. પ્યુનથી પ્રેસીડન્ટ સુધી સહુને કંઈ કંઈ ઇચ્છાઓ હોય છે. ચોરને ચોરીની ઇચ્છા છે, વહુને ઘરેણાંની ઇચ્છા છે, સિપાહીને જમાદાર થવાની ઇચ્છા છે...આમ અનંત ઇચ્છાઓ છે. જેને

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ઇચ્છા નથી તે કંપનીમાંથી નીકળી ગયો; તે શેઠ બની ગયો. તરે શેઠ બની જવું હોય તો એક જ ચિત્તે ભજન કર. તું જરૂર સ્વરૂપમાં જઈશ. પ્રેમની રીત શીખીને જ્ઞાનને માટે તું હેતુરહિત ભજન કર. ભગવાન અહીં સ્પષ્ટ રીતે કહી દે છે કે તારે સ્વરૂપમાં જવું હોય તો તું ભજન કર. બીજાની જેમ કરીશ તો જન્મો વધશે. સિપાહીના, રાણીના વગેરે પાઠ ભજવવા પડશે. તારે જેમ કરવું હોય તેમ કર. ઇચ્છાઓ કરવી હોય તો ઇચ્છાઓ કર. ઇચ્છાને લઇને કર્મ બંધાય છે.

અર્જુનની સાથે કૃષ્ણને દોસ્તી છે. કૃષ્ણ શેઠ—(આત્મજ્ઞાની) થઈ ગયા છે. અર્જુન બિચારો ગરીબ અને દોસ્ત તવંગર. અર્જુનને પણ તે તવંગર બનાવી દેશે.

હે અર્જુન! તું મારો સખો થયો છે. મારે તને બરોબરીયો કરવો છે. હું તને મારા જેવી સ્થિતિમાં મૂકવા માગું છું. આગળ કેટલાય યોગી થઈ ગયા છે પણ તેમને પ્રેમ નથી થયો. મારી ઉપર બીજા લોકો પ્રેમ કરે છે, પણ કામીનીકંચન માટે જ. બધાય ભજન કરે છે અને તેમની ઇચ્છાઓને પૂર્ણ કરે છે. નાશવંત એવા ક્ષણિક સુખને માટે તું ઇચ્છાઓને વશ થઈશ તો તારે અવારનવાર જન્મ લઇને તે તે ઇચ્છાઓ પૂર્ણ કરવી પડશે. આ પાર્ટ (પાઠ) ભજવવામાં દુ:ખ જ છે ને!

ભગવાન અર્જુનને જન્મમરણના ફેરામાંથી કાઢીને 'શેઠ (મુક્ત) બનાવી દેવા માગે છે. હવે અહીં શ્રી ભગવાન ભજનની જુદી જુદી રીત અર્જુનને દર્શાવે છે.

કોણ મારું ભજન નથી કરતું? સૌ કોઈ જાતજાતની ઇચ્છાથી મારે માટે કંઈક તો કરે છે. આ ભજન કેવું હોય છે? સાંસારિક વસ્તુઓ ધન, ધાન્ય, સ્ત્રી, પુત્ર. માલમિલ્કત વગેરે માટે આ ભજન હોય છે. આ ભજન વિનાશી, નાશવંત, વસ્તુઓ માટે હોય છે. મારે તારી પાસે આવું ભજન નથી કરાવવું.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

હવે ડાયરેક્ટર (જગતનાટકના ડાયરેક્ટર ભગવાન) અર્જુન પર ખુશ થઈને કહે છે કે તું તો નિમકહલાલ છે. તને તો હું મારી કંપનીમાં ભાગીદાર તરીકે રાખવા માગું છું.

"જેમ રાખશો તેમ હું રહીશ," એવો ભાવ અર્જુનનો છે. આવો અપૂર્વ શરણભાવ છે માટે તો ભગવાન તેને આ યોગ સંભળાવે છે.

હે અર્જુન! તું પોતે કોણ છે! તેનો વિચાર કર. લોકો ઘણીય જાતની ઇચ્છાતૃપ્તિ અર્થેના ભજન કરે છે. તેવું ભજન તું કરીશ તો તારી સ્થિતિ ખરાબ થશે. તું નિષ્કામભાવે ભજન કર. તું જો ભૂત પર પ્રેમ કરીશ તો તેથી તને ધન મળશે, પણ તે નાશવંત જ છે. મારે તારો આ નાશવંત વસ્તુઓ પરનો પ્રેમ કઢાવી નાખવો છે. તું ધ્યાન રાખીને સમજી જા. તને જ્ઞાનપ્રાપ્તિ થાય એ માટે તો હું આ જ્ઞાનયોગનું પારાયણ કરું છું.

ભજન કેમ કરવું એ અહીં ભગવાને ટૂંકમાં સમજાવી દીધું છે.

હે અર્જુન! તું મારું શરણ લઈને, પ્રેમપૂર્વક, નિષ્કામભાવે ભજન કર. 'હું કોણ છું' તે જાણવા માટે તું ભજન કર. પોતાના સ્વરુપને ઓળખવા માટે તું ભજન કર. આ સિવાયની બધી વાતો ખોટી છે. જે જે રીતે મને ભજે, તે તે રીતે હું તેઓને મળું છું. જે જે રૂપે મને ભજે, તે તે રૂપે હું તેઓને મળું છું. વસ્તુઓ માટે જેઓ ભજન કરે, તેઓની તે ઇચ્છાઓ હું પૂર્ણ કરું છું. ભૂતરૂપે, કાળીરૂપે, કાળભૈરવરૂપે હું જ આવું છું. હું જ ભૂત છું અને હું જ કાળભૈરવ છું.

મારે તને સિપાહીમાંથી (અજ્ઞાનીમાંથી) સીધો ડાયરેક્ટર (જ્ઞાની) બનાવવો છે. પ્રેમલક્ષણા ભક્તિનું રહસ્ય તું સમજી જા. જે મને પ્રેમથી ભજે છે તેનું ફળ હું જ છું. ભજનનું ફળ ભગવાન જ છે, માટે એ ફળ જ માગવું. આ જે કરે તેને તાત્કાલિક ફળ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મળે છે જ્યારે બીજાઓને કાલાન્તરે ફળ મળે છે. યોગનું પણ ફળ તો મળે જ છે, પણ તે ઘણાં કષ્ટ સાથે. યોગ, ધ્યાન, તપ વગેરે નિષ્કામ ભાવના હોય તો ફળે. નિષ્કામ ભાવના પ્રેમ વિના સંભવતી નથી. એટલે આ યોગ, ધ્યાન, તપનું મૂળ પણ પ્રેમ જ છે. પ્રેમ વગરનું જે કંઈ થાય તે બધું નકામું છે.

"ભક્તિ વિના વ્રત જપ તપ આદિ
અફળ અનેક ઉપાય... . ...
રમાપતિ ભક્તિ વડે વશ થાય."

પ્રેમ વગર નિષ્કામભાવના થતી જ નથી. પ્રેમ વગર આસન લગાવીને પાંચ કલાક બેસો, અરે છ માસ બેસોને, તો પણ બધું નકામું. મારી પ્રાપ્તિ અર્થે બીજું કશું નહિ, ફક્ત પ્રેમ કરો. બધા આ વાત જાણે છે. તમારી પાસે પ્રેમ તો છે, તમે તેને ઘણી નાશવંત વસ્તુઓમાં વહેંચી દીધો છે. નાશવંતમાં પ્રેમ એ દુઃખનું કારણ છે. કેટેકાણે, નાશવંત વસ્તુઓમાં પ્રેમ છે, એ જ આ બધા દુઃખનું મૂળ કારણ છે. શાશ્વતમાં તને પ્રેમ નથી પણ નાશવંતમાં જ છે. તું શાશ્વતમાં પ્રેમ કર. મારામાં પ્રેમ એ જ શાશ્વતમાં પ્રેમ અને તેનું નામ જ્ઞાનયોગ. (૧૧)

काङ्क्षन्तः कर्मणां सिद्धिं यजन्ते इह देवताः ।
क्षिप्रं हि मानुषे लोके सिद्धिर्भवति कर्मजा ॥ १२ ॥

કર્મનાં ફળ ભોગવવાની ઇચ્છા રાખનારા લોકો આ લોકમાં દેવતાનું પૂજન કરે છે; કારણ કે આ મૃત્યુલોકમાં એ પ્રકારનાં કર્મથી ફળની સિદ્ધિ જલ્દી થાય થાય છે. (૧૨)

બધાં શા માટે ભજન કરે છે? એ વાત તો હું કહી ગયો. જે ફળની ઇચ્છા રાખીને ભજન કરે તેને ફળની સિદ્ધિ થવાની જ. તું જે કાંઇ ઇચ્છા કરે તે પરિપૂર્ણ થશે જ, પરંતુ જેટલી ઇચ્છાઓ તું કરીશ તેટલા તારા જન્મો વધશે. જેટલી ઇચ્છાઓ કરી છે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તેટલી તો ભોગવવી જ પડશે અંતઃકરણમાં તો હું જ છું. તે તમારી નવી નવી ઇચ્છાઓ નોંધતો જાઉં છું. મૃત્યુલોક એટલે શું? જન્મમરણની અજ્ઞાન અવસ્થા તે જ મૃત્યુલોક. જ્યાં સુધી મૃત્યુ માનો છો ત્યાં સુધી મૃત્યુલોક છે. જ્યાં ઇચ્છાઓ છે ત્યાં જન્મ અને મૃત્યુ છે, ત્યાં જ દુઃખ અને અજ્ઞાન છે, ત્યાં જ મૃત્યુલોક છે. મૃત્યુલોક એટલે અજ્ઞાન અવસ્થા. દુઃખ ક્યાં છે? અજ્ઞાનમા જ છે ને? વૈકુંઠમાં સુખ છે. શાશ્વત સુખ એ જ વૈકુંઠ. જ્ઞાનમાં જ સુખ છે. અનિત્ય વસ્તુ એ મૃત્યુ. તો પણ બાળક જે માગે તે આપવું પડે છે. તેની ઇચ્છા પૂર્ણ કરવી પડે ને! બાળક મોહવશ થઈને જે માગે તે આપવું જ રહ્યું. તું તો મોટો અને જ્ઞાની થઈને બાળકોની ચોકલેટ જેવાં ક્ષણિક સુખો માગશે? ક્ષણિક સુખો માગનારની અવસ્થા કેવી કહેવાય? બાળક અવસ્થા કહો કે, અજ્ઞાનાવસ્થા કહો, કે મૂઢ અવસ્થા કહો—જે કહો તે. મા શું કરે? બાળકની ઇચ્છા તો પૂરી કરવી જ જોઈએ. જે જોઈએ તે આપે એવી મા તો હું જ છું. તું તો મારો પ્રેમી છે. તારે કશું કરવાનું નથી. આ મૃત્યુલોકમાં ફળની ઇચ્છા કરીશ તો હેરાન થઈ જઈશ. અહીં તો જન્મમરણના દુઃખો છે. જન્મ મરણ મળ્યા કરશે. ક્ષણિક સુખો માટેની ઇચ્છા દુઃખકારક છે, વિષફળ છે; તેમાં જન્મમૃત્યુનું દુઃખ ઊભું છે. જન્મો અને મરો, બાળક થાઓ, ડોસા થાઓ અને મરણ પામો. આ જન્મમરણના દુઃખમાંથી કેવી રીતે છૂટાય? જે જે દેવોને તમે પૂજશો તે તે દેવો તમને મળશે. બટુકભૈરવને પૂજો તો એ મળશે, કાળભૈરવને પૂજો તો એ પ્રસન્ન થશે, પણ હું નહિ મળું. જે જે દેવતાની પૂજા કરશો તે તે દેવતા ફળ આપશે. ફળ એ અજ્ઞાન અવસ્થાનું જ પરિણામ છે. દેવતા ફળ આપશે. કોણ છે? હું જ ત્યાં—બીજું વળી કોણ આવે? હું જ કાળભૈરવ છું; હું જ ભૂત છું. તમારે માટે મારે વેષ ધારણ કરવો પડે છે. તમારા માટે હું જ કૃષ્ણ થઈને અહીં ઊભો છું ને? (૧૨)

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

चातुर्वर्ण्यं मया सृष्टं गुणकर्मविभागशः ।
तस्य कर्तारमपि मां विद्धयकर्तारमव्ययम् ॥ १३ ॥

ગુણકર્મના વિભાગાનુસાર (બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, અને ક્ષુદ્ર) ચાર વર્ણ મેં ઉત્પન્ન કરેલા છે. (અને તેથી) યદ્યપિ હું એ વર્ણોનો કર્તા દેખાતો હોઉં તથાપિ અકર્તા, નાશરહિત, અને અસંસારી છું એમ તું જાણ. (૧૩)

તું અજ્ઞાનાવસ્થામાં હોવાથી મને સંસારી ગણે છે. હું અકર્તા છું, અસંસારી છું એમ તું જાણી લે. હું સંસારી છું અને મારે સોળ હજાર રાણીઓ છે એમ તું જુએ છે તે તારી અજ્ઞાનાવસ્થા છે. આ તું વ્યહવારિક દષ્ટિએ જુએ છે. વ્યવહારિક દષ્ટિ એટલે જ અજ્ઞાનમય દષ્ટિ. તે દષ્ટિએ તો જન્મીને મૃત્યુ પામ્યો એવું પણ દેખાય. બાહ્ય દષ્ટિએ જ જન્મમરણ દેખાય છે. તું આત્મિક દષ્ટિએ જો. હું અકર્તા છું, હું અસંસારી છું, હું કદી ઉત્પન્ન થયો જ નથી. તું જ્ઞાનદષ્ટિએ જો, લીલાદષ્ટિથી નહિ. જ્યાં સુધી જ્ઞાનદષ્ટિ નથી ત્યાં સુધી ગુણકર્મના વિભાગ પ્રમાણે ચાર વર્ણો છે. આ ચાર વર્ણો તે મારો સંસાર. અજ્ઞાનાવસ્થામાં જ ચાર વર્ણો છે. ગુણો પ્રમાણે, જેમની જે ઇચ્છા હોય તે પ્રમાણે તેમને હું કામ સોંપું છું. નોકરી આપું છું. જે મજુરી કરે કે નોકરી કરે તે શુદ્ર; વ્યાપાર કરે તે વૈશ્ય; જે લડાઈ કરે તે ક્ષત્રિય; જે કથાવાર્તા કરે તે બ્રાહ્મણો. આ શુદ્ર છે અને આ બ્રાહ્મણ છે એ તો વ્યવહારિક દષ્ટિ છે. પહેલાનો શ્લોક જો. લડાઇની ઇચ્છા હોય તેને હું ક્ષત્રિય બનાવું છું. જેને ભજનની ઇચ્છા હોય તેને હું બ્રાહ્મણ બનાવું છું. જે જે ઇચ્છા હોય તે તે હું પૂર્ણ કરું છું. દરેકની ઇચ્છા છે માટે જન્મું છું. વહેવારિક દષ્ટિએ હું ક્ષણે ક્ષણે જન્મું છું અને ક્ષણે ક્ષણે હું મરણ પામું છું. આત્મિક દષ્ટિએ હું જન્મતો જ નથી.

આ નાના એવા રથ પર બેઠેલો હું તને કહું છું કે હું અવ્યય, નિરાકાર, નિર્ગુણ, અવ્યક્ત છું. મારું જન્મમરણ નથી.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અર્જુન બેસી રહે છે. તેને સમજ કેમ પડે? તે તો 'હેતુ રહિત ભક્તિ' એટલા શબ્દો જ સમજ્યો છે. 'ફળની આશા ન રાખવી.' એ તે સમજ્યો છે. હેતુરહિત ભજન કરવું, ફળની આશા ન રાખવી તો તું ભગવાન બની જઈશ, તો તું આત્મસ્વરૂપ બની જઈશ એટલું તે સમજ્યો છે.

હું આટલું બધું કહું છું તેમાંથી આટલું સમજે તો તારું કામ થઈ જાય; અને જ્ઞાન થઈ જાય. જો મનુષ્ય ફળની ઇચ્છા વગર ભજન કરે તો તેનું ફળ હું છું; તેને સ્વરૂપનું જ્ઞાન થાય અને સ્વરુપનું જ્ઞાન એ જ મારા દર્શન. વ્યવહારિક દૃષ્ટિનું ખલ્લાસ થવું અને આત્મિક દૃષ્ટિનું ખૂલવું એ જ છે ભજનનું ફળ. (૧૩)

नमां कर्माणि लिम्पन्ति नमे कर्मफले स्पृहा ।
इति मां योऽभिजानाति कर्मभिर्न न बद्धयते ॥ १४ ॥

કર્મો મને બદ્ધ કરતાં નથી. અને કર્મના ફળમાં મને આસક્તિ પણ નથી. મને જે આવો જાણે છે, તેને પણ કર્મો બધ્ધ કરતાં નથી. (૧૪)

હું અકર્તા છું એ તું જાણ, અને 'હરિ ॐ ભગવતે વાસુદેવાય નમઃ' એમ ધૂન કર્યા કર. મેં અહીં સીધો રસ્તો બતાવી દીધો છે. વર્ણભેદોમાં મારે કંઈ લેપનછેપન નથી. વર્ણો તો મારામાંથી ઉત્પન્ન થયા છે પણ મને કર્મબંધન નથી કે આસક્તિ નથી. મને આવો જાણે તેને પણ બંધન નથી. મને તો તું સોળ હજાર રાણીઓવાળો ગણે છે. તે તારું અજ્ઞાન છે. જે મને અકર્તા અને અસંસારી જાણે છે તે કર્મબંધનથી મુક્ત થાય છે. જે સકામ ભજન કરે છે તેને આ સમજ પડતી નથી. નિષ્કામ ભજનથી જ આ જ્ઞાન થાય છે. હેતુરહિત ભજનથી મને જાણી શકાય છે. મને કોઈ કર્મ બાંધી શકતાં નથી, કારણ કે જ્ઞાનીને આસક્તિ નથી. જ્ઞાન પ્રાપ્ત કરવા માટે તું આસક્તિ છોડ અને નિષ્કામભજનની શરૂઆત કર. તું અસંસારી થઈ જઈશ. અસંસારી એટલે ભગવાન.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તું ભગવાન થઈ જઈશ. હું તો હજી પણ કહું છું કે જેને અસંસારી થવું હોય તે અકર્તા થઈ જાય. પ્રેમપૂર્વક, નિષ્કામભાવે, હેતુરહિત ભજન થાય તો આ કેટલું સીધું છે! (૧૪)

एवं ज्ञात्वा कृतं कर्म पूर्वैरपि मुमुक्षुभिः ।
कुरु कर्मैव तस्मात्त्वं पूर्वैः पूर्वतरं कृतम् ॥ १५ ॥

(હું કર્મ કરવા છતાં અકર્તા છું) એમ મારા વિષે જાણીને જ પૂર્વનઃ મુમુક્ષુઓએ કર્મો કરેલાં છે; એટલા માટે તું પણ આગળના લોકો પ્રમાણે જ કર. (૧૫)

અર્જુનના મનમાં શંકા થાય છે કે જો અકર્તા થઈ જાઉં તો લડવાનું શા માટે? ભગવાન કહે છે કે હું પણ કર્મ કરું છું તે તો તું જુએ છે. હું કર્મ કરવા છતાં અકર્મી છું. અકર્તા અને અસંસારી થઈને કર્મ કરો. હું અકર્તા છું, અસંસારી છું; છતાંય કર્મ કરું છું.

જ્ઞાનીને સમજ પડી જાય છે કે સામા માણસના મનમાં શું છે. અર્જુનને વિચાર આવ્યો તે ભગવાન સમજી ગયા. ભગવાન ભાવમાં આવીને બોલી ગયા કે અકર્તા અને અસંસારી થવું. તે સાંભળીને અર્જુન ખુશ થયો. તેની આંખમાં ચમક આવી ગઈ. હવે તો હું અકર્તા અને અસંસારી થઈ જાઉં. હવે હું નહિ લડું.

ત્યાં તો ભગવાને કહ્યું કે હે અર્જુન! આ તો તારું અજ્ઞાન છે. જનક, વસિષ્ઠ વગેરેએ કર્મ છોડયાં નથી. મેં પણ કર્મ છોડયાં નથી. હું આસક્તિ રહિત થઈને કર્મ કરું છું. તેથી મને કર્મનું લેપનછેપન નથી. **न मां कर्माणि लिम्पन्ति** । હવે તું હેતુરહિત કર્મ કર અને ભક્તિ કર. તું નિષ્કામભાવે કર્માચરણ કર.

અર્જુનને પૂછવાનો અભરખો થયો હતો તે શાંત થઈ ગયો.

કર્મ કરતાં જાઓ અને ફળનો ત્યાગ કરો. હાતિમતાઈ કહે તો તેમ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કરો-નેકી કરો ઓર દરિયામેં ડાલો. કર્મ કરો અને કૃષ્ણાર્પણ કરો. ઇશ્વરાર્પણ બુધ્ધિથી કર્મ કરો તો અકર્તા અને અસંસારી થઇ જશો. જો કોઈ ઇચ્છારહિત થઇને કર્મ કરે તો ધીમેધીમે તે ભગવાન જ થઇ જાય. ભક્તિ શું કર્મ નથી? હું પણ કર્મ જ કરું છું. જ્ઞાની અને અજ્ઞાની ઇચ્છાયુક્ત કર્મને લીધે જન્મમરણનાં દુઃખોમાં અટવાય છે. સકામી પશુયોનીમાં ન જાય પણ અટવાયા તો કરે છે. પાંચના દસ થાય એવા ધંધાઓ, ચાંલ્લા, લગ્ન વગેરે વહેવારોમાં પડયા રહો તેથી વ્યવહારિક બુધ્ધિ થાય. નિત્યની બુધ્ધિ કરો. નિત્યમાં જ રહો. નિત્ય તરફ આવવાની પ્રેરણા થાય તેવું તો કરો. એક બાજુ શાશ્વત સુખ છે અને બીજી બાજુ ક્ષણભંગુર સુખ છે. એક તરફ ગોપાલ થવાનું છે, બીજી બાજુ ગધેડા થવાનું છે. આ શરીરમાં રહીને દેહ ધારણ કરીને એટલે કે દેહાધ્યાસને લીધે તારી બુધ્ધિ ગધેડા જેવી થઈ ગઈ છે. ગોપાલ જેવી બુધ્ધિ રાખ. અહીં વૃત્તિને ગધેડા જેવી કહી છે. કામક્રોધાદિક વિષયોને માટે ગધેડા, ગાંડા વગેરે શબ્દો વપરાય છે. ગધેડા અને કૂતરા જેવી વૃત્તિ છે માટે અહીં ગાંડો અને ગધેડો એવા શબ્દો વાપર્યા છે. જ્ઞાની પ્રકૃતિની વૃત્તિને ટકોર કરે છે. આ સિંહ જેવી, આ જ્ઞાની જેવી વગેરે વૃત્તિઓ કહી. બે વૃત્તિઓ સામસામે ઊભી છે. એક ગધેડાવૃત્તિ કે અનિત્યવૃત્તિ અને બીજી ગોપાલવૃત્તિ અથવા નિત્યવૃત્તિ. ચોથા અધ્યાયમાં ભગવાન સપાટાબંધ બોલ્યે જાય છે. તે કરે પણ શું બીજું? (૧૫)

किं कर्म किमकर्मेति कवयोऽप्यत्र मोहिताः ।
तत्ते कर्म प्रवक्ष्यामि यज्ज्ञात्वा मोक्ष्यसेऽशुभात् ॥ १६ ॥

કર્મ એટલે શું અને અકર્મ એટલે શું એ જાણવા માટે મોટા મોટા દુરંદેશી લોકો પણ મોહમાં પડી ગયા છે. કર્મ એટલે શું, તે તને જણાવું છું. તે જાણવાથી તું સંસાર દુઃખમાંથી મુક્ત થઈશ. (૧૬)

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કર્મ કયું. અને અકર્મ કયું? આપણે બધા શું સમજીએ છીએ? અર્જુનને પ્રશ્ન જ નથી. જે જાણતો હોય તે બોલે ને? ભગવાનને જ બાલવું પડે છે. હે અર્જુન! તું આ જાણીશ તો તું મહાદુઃખમાંથી મુક્ત થઈશ. પોતાના સ્વરૂપને જાણ્યા સિવાયના બધાં કર્મો તે અકર્મો જ છે. પોતાને જાણવું એ જ ખરું કર્મ છે. કહેવાતા મોટા મોટા માણસો જાતજાતના વિચાર બાંધીને બેઠા છે. તેઓ કહે છે અમે બધું જાણીએ છીએ. વેદની પારાયણ કરનારાઓ પણ મોહમાં પડી ગયા છે. પંડિતો અને દૂરંદેશીઓ પણ સમજ્યા નથી અને મોટા મોહમાં કે દુઃખમાં પડી ગયા છે. હું તને સમજાવી દઉં છું. દૂરંદેશી થવામાં મજા નથી. મેં ભક્તોને આ સમજાવી દીધું છે. શબરી ભીલડીને આ સમજાવ્યું, શબરી દૂરંદેશી ન હતી. ભક્તો પંડિતો હતા જ નહિ. તેઓ વેદને નહિ પણ વેદના અધિપતિ એવા મને જ જાણતા હતા. ભક્તોમાં વેદો, શાસ્ત્રો વગેરેનું વ્યાવહારિક જ્ઞાન ન હતું. વેદોથી હું મળીશ નહિ. તમે મને ક્યાં શોધશો? પંડિત થવાથી તો તમને કીર્તિ મળશે. વેદ અને શાસ્ત્રનું અધ્યાપન એ કર્મ છે પણ એ મારી પ્રાપ્તિ અર્થેનું કર્મ નથી. પંડિત થવાથી તો ડીગ્રીઓ–(Degree) ઉપાધિઓ મળશે; તેમાં હું નહિ મળું. કર્મ શું અને અકર્મ શું? ખરું શું અને ખોટું શું? આ પ્રથમ સમજીને ભક્તિની પૂર્વભૂમિકા બાંધી લ્યો, કારણ કે દૂરંદર્શીઓ પણ કર્મપાશમાં ફસાઈ ગયા છે. (૧૬)

कर्मणो ह्यपि बोद्धव्यं बोद्धव्यं च विकर्मणः ।
अकर्मणश्च बोद्धव्यं गहना कर्मणो गतिः ॥१७॥

કર્મ (શાસ્ત્રવિહત કર્મ) વિકર્મ (શાસ્ત્ર નિષિદ્ધ કર્મ) અને અકર્મનું (સર્વ કર્મ છોડીને ચૂપ બેસવું તેનું) તત્વ યથાર્થ રીતે જાણવું જ જોઈએ; કારણ કે તે કર્માદિકનું યથાર્થ તત્વ સમજવાનું અતિ કઠિન છે. (૧૭)

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કર્મની ગતિ ગહન છે એમ ભગવાન કહે છે. કર્મ એટલે શાસ્ત્રવિહિત કર્મ; શાસ્ત્ર કહેલું કર્મ. અકર્મ એટલે કર્મ ન કરવું તે; ચૂપચાપ બેસી રહેવું તે. અનાસક્તિપૂર્વક કર્મ ન કરવું તે અકર્મ. વિકર્મ–એટલે શાસ્ત્રનિષિદ્ધકર્મ, શાસ્ત્રોએ જેની ના પાડી છે તે વિકર્મ.

અકર્મનું યથાર્થ જ્ઞાન થવું કઠિન છે. અકર્મ એટલે ચૂપચાપ બેસી રહેવું તે. ચૂપચાપ બે જણા બેશે, એક અજ્ઞાની અથવા આળસુ, અને બીજો જ્ઞાની. જ્ઞાની કશું કર્મ નથી કરતો તે અકર્મી. આળસુ અથવા અજ્ઞાની કશું કર્મ ન કરે માટે તે અકર્મી–અક્કરમી

મંદિરમાં દર્શન કરવા જવું, યજ્ઞ કરવાં, દાન કરવાં, તપ કરવાં, તીર્થયાત્રા કરવી, સત્ય બોલવાનું વ્રત પાળવું–આ બધાં તે કર્મ. શાસ્ત્રમાં આ પ્રમાણે કર્મ કરવાનું કહેલું છે.

વેદમાં, શાસ્ત્રમાં જે કામો કરવાની ના પાડી છે તેવાં કામો તે 'વિકર્મ.' ચોરી કરવી, લફંગાઈ કરવી, બીજાને દુઃખ આપવું, ચારિત્ર્યભ્રષ્ટતા—આવા કામોની શાસ્ત્રમાં ના પાડી છે અને તેવા કર્મ તે વિકર્મ.

અકર્મી કોણ? 'અબ તો હમે કુછ કર્મ નહિ કરના'...... એવું બોલે એ અકર્મી નથી. જ્ઞાન નથી થયું છતાં જ્ઞાનનો ડોળ કરે તે અકર્મી નથી. ખરો અકર્મી તો હું જ છું–ભગવાન પોતે. અકર્મી એ તો જ્ઞાનીની અવસ્થા છે. જે મારા સ્વરૂપને જાણવા સિવાય બીજું કર્મ કરે એ તો અક્કરમી. જ્ઞાની બધાં કર્મો કરે છતાં તે અકર્મી છે. કોઈ કર્મો સાથે તેને લેપનછેપન નથી. **न मां कर्माणि लिम्पन्ति।** કર્મ શું એ આત્મિક બુદ્ધિથી જુઓ, વહેવારિક બુદ્ધિથી નહિ. મારાં સ્વરૂપને જાણવા સિવાયના બીજાં બધાં કર્મો કરે તે 'અક્કરમી.' સ્વરૂપની પ્રાપ્તિ માટેના પ્રયત્નો—ભજન ભક્તિ આદિ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પ્રયત્નોનું કર્મ છેવટે અકર્મ થઈ જાય છે; કારણ કે તેવાં કર્મોને ફળ સાથે સંબંધ નથી. જે હેતુરહિત ભક્તિ કરે તે અકર્મા થઈ જાય.

આ વાત બહુ અઘરી નથી, તદ્દન સીધી અને સાદી છે. આજે તો પોતપોતાની સગવડ પ્રમાણે અર્થો થવા લાગ્યા છે, બાકી તો મેં સીધી અને સાદી વાત કહી છે. વહેવારિક બુદ્ધિથી કર્મ કરો તો વસ્તુઓની પ્રાપ્તિ થાય, અને આત્મિકબુદ્ધિથી કર્મ કરો તો હું પ્રાપ્ત થઈ જઈશ. (૭)

कर्मण्यकर्म यः पश्येदकर्मणि च कर्म यः।
स बुद्धिमान्मनुष्येषु स युक्तः कृत्स्नकर्मकृत् ॥ १८ ॥

જે વિવેકી મનુષ્ય શરીર તથા ઈન્દ્રિયોના વ્યાપાર કર્મમાં અકર્મ (આત્માનું અકર્તાપણું) અને અકર્મમાં અર્થાત્ અજ્ઞાની પુરુષ વડે કરાયેલી સઘળી ક્રિયાઓના ત્યાગમાં પણ કર્મ અર્થાત્ ત્યાગરૂપ ક્રિયાને જુએ છે, તે સર્વ મનુષ્યોમાં બુદ્ધિમાન યોગી અને સર્વ કર્મનો કર્તા છે. (૧૮)

ઇન્દ્રિયોના વ્યાપારકર્મમાં એટલે દેહને લગતાં કર્મોમાં એવો અર્થ થયો અને દેહને લગતા કર્મોને પ્રારબ્ધના ભોગ જ ગણાય; માટે પ્રારબ્ધના ભોગોમાં ચૂપ બેસી રહે તે જ માણસ બુદ્ધિમાન છે, તે જ યોગી છે, તે સર્વ કર્મોનો કર્તા છે. વિવેકીની દેહપર નજર હોતી નથી. વિવેકી પુરુષ શરીરના અને ઇન્દ્રિયોના વેપારમાં પોતે કર્તા છે એમ માનતો નથી. ગુણો બધું કરે છે. 'હું આમ કરું છું, હું તેમ કરું છું—એવો ભાવ હોવો એ અજ્ઞાનીનું લક્ષણ છે. દેહાદિકના ભોગોમાં જ્ઞાનીનું ધ્યાન જ નથી. મેં આ ખાધું, શીખંડ પૂરી ખાધાં, આવું તો અજ્ઞાની બોલે. 'હું કોઈ દિવસ ખાતો નથી, પીતો નથી કારણ કે હું અકર્તા છું; આવી જેની બુદ્ધિ છે તે જ ખરો બુદ્ધિમાન છે. તે સર્વકર્મોનો કર્તા છે. દેહના નાચમાં તે સાક્ષીભાવે, તટસ્થભાવે રહે છે. બધાં કર્મોનો હું સાક્ષી છું.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ભગવાન અકર્તાપણું રાખીને બધાં કર્મો કરે છે. દેહ અને આત્મા એવા બે ભાગ પાડી નાખીને દેહભાવ અને આત્મભાવ એ એની અહીં સમજ પાડી છે.

દેહભાવ એટલે કર્તાપણાનો ભાવ; આત્મભાવ એટલે અકર્તાપણાનો ભાવ. દેહમાંથી ભાવ કાઢી નાખવો; પછી શરીર ભલે નાચે, ભલે કૂદે પણ તે અકર્તા જ રહે છે. દેહભાવી તે અજ્ઞાની. દેહ એ કર્તા છે, દેહ એટલે પ્રારબ્ધ. કરે છે એ કર્તા. પૂર્વના પ્રારબ્ધથી દેહ કર્તા થઈને ફરે છે પણ હું તેનાથી ભિન્ન છું, માટે હું અકર્મી છું—આમ જે સમજ્યો છે તે ચૂપ બેસે છે. તે કશું કરતો નથી કારણ કે તેને દેહમાં ભાવ નથી. પછી શરીર નાચે, કૂદે, હરે, ફરે તેથી શું? શરીરભાવમાં તો કર્તાપણું છે, અને આત્મામાં અકર્તાપણું છે. અજ્ઞાનીને કર્તાભાવ છે, જ્ઞાનીને અકર્તાભાવ છે. જ્ઞાની પાલખી પણ ઊંચકે. (જડભરત). જ્ઞાની ઘોડો પણ થાય. (ઋભુ અને નિદાઘની વાત. જુઓ શ્લોક ૧૮. અ. ૩) જ્ઞાનીને સમાનભાવ હોય છે, તે સમદૃષ્ટિ છે. તે સાક્ષીભાવે, તટસ્થભાવે શરીરનો નાચ, પ્રકૃતિનો ડાન્સ (dance) જોયા કરે છે. તે નવાં કર્મ કરતો નથી માટે અકર્તા છે. જૂનાં કર્મો તે ભોગવે છે માટે કર્મ કરે છે. આ રીતે તે કર્મ કરતો હોવા છતાં અકર્તા જ છે. દુકાન બંધ કરતાં પહેલાં લેવડદેવડ પૂરી કરવી પડે. હિસાબ ચૂકતે કરી નાખવો પડે. નવો માલ લેવો નહિ; નવા કર્મ બાંધવા નહિ. જૂનો માલ વહેંચી નાખવાનો; જૂનાં કર્મ ખપાવી દેવાના એ માટે તો આ શરીર છે. આટલા પૂરતું કર્મ કરવાનું. પછી આ કર્મની દુકાન બંધ કરી તેનું નામ અકર્મ. જ્ઞાની કશું કર્મ કરતો નથી; નવું કર્મ તે બાંધતો નથી.

ચંદ્રસૂર્ય ફરતાં દેખાય છે તે ભ્રાંતિને લીધે છે. વાસ્તવિક શું સૂર્ય ફરે છે? નથી ફરતો. બસ, તેવી જ રીતે આત્મા અકર્તા છે. નાના

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

બાળકને પૂછો તો સૂર્ય ફરે છે તેમજ કહેશે. અજ્ઞાનાવસ્થાને લીધે મનુષ્ય આત્માને કર્તા ગણે છે. પૃથ્વી ફરે છે, સૂર્ય નહિ. ફરવું એ ચંચળ અવસ્થા છે, સ્થિર તો જ્ઞાનની અવસ્થા છે. સૂર્ય ચંચળ છે, તે આત્મા; પૃથ્વી ફરે છે, તે અજ્ઞાન. અચળ છે એ જ્ઞાન. ચલાયમાન નથી થતું એ અકર્મ. એ જ્ઞાનીનું લક્ષણ, ભગવાનનું લક્ષણ. જ્ઞાની કર્મ તો કરે છે. સૂર્ય શું કર્મ નથી કરતો? સૂર્ય સવારથી સાંજ સુધી પ્રકાશ આપે છે. એક દિવસની પણ રજા નથી માગતો. તેની જેમ સર્વ કર્મો કરતો હોવા છતાં પણ જ્ઞાની અકર્તા છે.

આરસામાં પ્રતિબિંબ પડે તે શું સત્ય છે? આરસો બાજુ ઉપર મૂક્યા પછી પ્રતિબિંબ પડશે કે? તમે હસો તો પ્રતિબિંબ હસે. એ કંઈ ઓછું સમજે કે તે હું જ છું? પ્રતિબિંબ અસત્ય છે, હું સત્ય છું. તમે અને તમારી છાયા એટલે કે બિંબ અને પ્રતિબિંબ. છાયાનું નામ લીલા; પ્રતિબિંબનું નામ લીલા. જેને આ સમજણ પડી છે તે જ્ઞાની છે, અકર્મા છે. સ્વરૂપને જે સમજે તે દૂરંદેશી. શબરી, વિદુર, તુકારામ, મીરાં, નરસિંહ અને ચૈતન્ય—આ બધા પંડિતો, દૂરંદર્શીઓ કહેવાય.

વાઘનું ચામડું બકરી ઓઢે તો વાઘ થઈ જાય કે? પંડિતો માટે, પોથી પંડિતો માટે તો ભગવાન આ દૂરંદેશી શબ્દ વ્યંગમાં વાપરે છે. વેદ જાણનાર વિદ્વાન એ ખરો દૂરંદેશી નથી. જાતને સમજનાર જ ખરા દૂરંદેશી છે. પ્રતિબિંબને પ્રતિબિંબ જ સમજે, છાયાને છાયા જ સમજે તે દૂરંદેશી. જે પોતાને આત્મા સમજે અને નામરૂપ ના ભેદને, નામરૂપની ઉપાધિને ફેંકી દે તે જ ખરો દૂરંદેશી. પંડિતો કર્મની મનગમતી વ્યાખ્યાઓ કરીને પોલ ચલાવ્યા કરે છે. જેને માયામાં રાચવું છે; જેનું મન સ્ત્રી, પુત્ર, ધન વગેરેમાં છે તેને આ ગીતા ગહન લાગે છે. આ લોકોને માયામાં જ રહેવું છે. તેમને એક્ટિંગ (અભિનય) કર્યા કરવી છે; તેમને લીલા કરવી છે. હું તો તેને સહજમાં પ્રાપ્ત થઈ ગયો.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

હે અર્જુન! હું શું ગહન છું? હું તો સહજમાં પ્રાપ્ય છું. જે આ સમજે તેને ગીતા અઘરી નથી લાગતી. માયામાં બુદ્ધિ છે તેવાને આ સમજ નથી પડતી. તેઓને પ્રતિબિંબ જ સત્ય લાગે છે. મારે કંઈ સ્વરૂપ છે? ટાપટીપ ચાલુ રાખે તેને તો અજ્ઞાન જ રહે. 'વેદની વાતોમાં તમે ન સમજો.' એમ કહીને જેમને વિષયો વધારવા છે તેમની વાત જૂદી છે. હેતુરહિત ભજનની વૃત્તિવાળાને શું હું દુર્લભ છું? મહાન પુરુષો મને નથી સમજતા. ભગવાને 'મહાન' શબ્દ આ વાક્યમાં વ્યંગ તરીકે વાપર્યો છે.

જ્ઞાની શું જડ જેવો હોય? હિમાલયમાં બેઠેલો હોય? અમુક જ કપડાં પહેર્યાં હોય? દાઢી મૂછ વધારે કે મુંડો રાખે?—આ બધા તો આપણી માન્યતાઓ છે. આપણે જ્ઞાનીની આવી આવી વ્યાખ્યાઓ કરી છે. જ્ઞાનીને કોઈ બાહ્ય આકાર નથી જ્ઞાનીને બાહ્ય આકાર છે એમ માનીએ ત્યાં સુધી તો અજ્ઞાન જ રહે છે. જ્ઞાનીને તો આપણે અંતરદષ્ટિ વડે જોવાનો છે. આ માટે તો સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો તને કહ્યાં છે. વારેવારે તને શું દર્શાવું? પહેલાં જ્ઞાની અને અજ્ઞાની એવા શબ્દો મેં વાપરેલા. અહીં કર્તા અને અકર્તા શબ્દોથી એ જ વર્ણન કર્યું છે. જ્ઞાની ચૂપ નથી બેસતો. તે મારા પર લક્ષ્ય રાખીને આનંદપૂર્વક પ્રારબ્ધ ભોગવે છે, અને મારામય, ભગવાનમય બની જાય છે. માટે તે કર્મ કરતો હોવા છતાં અકર્તા છે. જ્ઞાની પણ દાઢી રાખે અને અજ્ઞાનીને પણ દાઢી હોય. બાહ્યવેશ નથી જોવાતો. કોઈ હિમાલયમાં જઈને બેસે અને જ્ઞાનીનો વેશ પહેરે પણ અંતરમાં કામનાના કીડા ખદબદતા હોય તો તે અજ્ઞાની છે. કર્મો કર્યા કરે પણ મનમાં સંકલ્પવિકલ્પ ન હોય તો તે અકર્મી જ છે. મનમાં ઇચ્છાઓ કે કામનાઓ ન ઊઠે તો તે અકર્મી. જેની બુદ્ધિ ચલાયમાન ન થાય તે અકર્મી.

કર્મ તો બધાં જ કરે તેથી બધાંય જ્ઞાની છે એમ કંઈ કહેવાય? આપણે બધાંય શું જ્ઞાની છીએ? આપણે પણ કર્મો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કરીએ માટે જ્ઞાની ! આ વાતથી તો બધાંને ગલગલિયાં થશે. કર્મો કરો માટે જ્ઞાની એવું કંઈ ઓછું કહી શકાય ? જે અકર્તાનો ભાવ રાખીને પ્રારબ્ધ ભોગવે તે જ્ઞાની છે. જે લેપનછેપનરહિત અકર્તા થઈને કર્મ કરે તે જ્ઞાની છે. કકળાટ કર્યા વગર જે મળે તેને સ્પૃહારહિત સ્વીકારે તે જ્ઞાની છે. જે નિઃસ્પૃહી થઈને કર્મ કરે તે જ્ઞાની છે. બાકી તો બધાં જ મનુષ્યો કર્મો કરે છે.

જોયું ! ભગવાન કેવા મુત્સદ્દી છે ! કોઈપણ સ્થળે શબ્દમાં પણ છટકવાની બારી નથી મૂકી; આવો મુત્સદ્દી છે. જાણતા હતા કે કલિયુગમાં તેનો બીજો ભળતોસળતો અર્થ થશે. તે માટે તો સૂક્ષ્મમાં સૂક્ષ્મ તત્ત્વોનું ગીતામાં ઝીણવટથી વર્ણન કર્યું છે. તેથી જ જ્ઞાનનો અને વેદનો સાર એ આ ગીતા. (૧૮)

यस्य सर्वे समारम्भाः कामसंकल्पवर्जिताः ।
ज्ञानाग्निदग्धकर्माणं तमाहुः पण्डितं बुधाः ॥ १९ ॥

જેનાં સર્વે કર્મોનો આરંભ સંકલ્પથી અને ફળેચ્છાથી રહિત હોય છે તથા જેનાં સર્વ કર્મો જ્ઞાનાગ્નિથી બળીને ભસ્મીભૂત થયાં છે, તેને જ્ઞાનીજનો 'પંડિત' (બ્રહ્મવેત્તા) એવા નામથી ઓળખે છે. (૧૯)

દૂરંદેશીની વ્યાખ્યા ભગવાન હવે કરે છે.

દૂરંદેશી પુરુષને કર્મોમાં પહેલીથી જ ફળની ઇચ્છા નથી હોતી. તેને કોઈ સંકલ્પવિકલ્પ નથી હોતો. તે ફળની ઇચ્છારહિત ભજન કરે છે. આવા પુરુષને, હે અર્જુન ! તું બ્રહ્મવેત્તા ગણ. તે કર્મ કરતો જાય એને ફેંકતો જાય; કર્મ કરતો જાય અને કૃષ્ણાર્પણ કરતો જાય. કર્યું અને ફેંક્યું, આવ્યું અને ગયું. "મેં આજે આ કર્મ કર્યું; નોકરી કરી માટે તેનો પગાર(ફળ)" એવી ભાવનાઓ તેને રહી જ નથી. હેતુરહિત ચાકરીથી બધાં કર્મોને જે બાળતો જાય છે તે જ ખરો દૂરંદેશી છે. જેનાં બધાં કર્મો બળી ગયાં એ જ બુદ્ધિમાન છે; એ જ ખરો પંડિત છે. કર્મ કરતો જાય અને

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જૂઝતો જાય. તેને પુરસ્કારનો ભાવ નથી. આ બધાં જ્ઞાનીના, બ્રહ્મવેત્તાના લક્ષણો છે.

કથા સંભળાવી માટે ભેટ આપો એવી જ્ઞાનીના મનમાં પણ ઇચ્છા નથી. પૈસાટકાની, માનની કે કીર્તિની કોઈ ઇચ્છા તેને નથી. કીર્તિની ઇચ્છાથી તે દૂર રહે છે. શરીરને શરીરના ભોગો મળશે એવી તેને ખાત્રી છે. જેને આ ખાત્રી છે તે જ જ્ઞાની. ફળની વાત ક્યાં સુધી રહે? "હું" દેહ છું એમ માને ત્યાં સુધી. દેહ જ ફળ માગે છે. પેટ દેહનો એક ભાગ છે. આંખ, કાન, નાક, મુખ આ બધાં દેહના ભાગો છે. કર્મેન્દ્રિયો અને જ્ઞાનેન્દ્રિયો દેહના ભાગો છે. એ બધાં શું ફળ માગવાનાં હતાં? જે વેદાન્તની વાતો કરે, ચર્ચા કરે, મોટી પારાયણો કરે પણ ધ્યાન ફળ તરફ છે, તે તો અજ્ઞાની છે. જ્ઞાની માને છે કે પેટને જે મળવાનું છે તે એની મેળે જ મળવાનું છે. પેટને લગતાં કર્મોમાં, જ્ઞાની ચૂપ થઈ જાય છે. ખોરાક માટે તે કંઈ ચિંતા કરતો નથી; જ્ઞાનીને દેહના ધર્મો માટે બિલકુલ ચિંતા નથી. તેને કાનનાં લવંગિયાં કે નાકની વાળી જોઈતાં નથી. ઇચ્છા એ બંધન છે. ઇચ્છા ન હોય અને સાચા હીરાની વીંટી પહેરે તોપણ તે અકર્મી છે. આંખને, નાકને, કાનને—ઇન્દ્રિયોને જે ભોગો મળવાના હશે તે મળશે. તેને માટે વ્યાકુળતા શા માટે? વ્યાકુળતા તો સ્વરૂપને માટે રાખવી જોઇએ. આંખને કહેવું કે તારે જે કરવું હોય તે કર; નાકને કહેવું કે તારે જે કરવું હોય તે કર—આમ શરીરના ભોગોમાં ચૂપ થઈ જવું. જે આ સમજી જાય તે ખરો બુદ્ધિમાન, તેજ ખરો પંડિત. શરીર શરીરના ભોગ ભોગવે, પ્રારબ્ધ પ્રારબ્ધને ભોગવે અને હું તો આત્મામાં જ રમણ કરું, આવો પુરુષ તે બ્રહ્મવેત્તા.

આત્માને પૈસાની જરૂર છે ખરી? આત્માને વાળી, વીંટી ક્યાં પહેરાવશો? આત્માને કઈ વાળી પહેરાવશો? આત્માને ક્યાં ખવરાવશો? હું તો વિશ્વરૂપ છું. હું નિરંજનનિરાકાર છું. મારું

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કોઈ રૂપ નથી. નામરૂપનાં કર્મોમાં અથડાય તે અજ્ઞાની છે. જ્ઞાનીનાં કર્મો તો શાસ્ત્રવિહિત કર્મો હોય છે જ્યારે અજ્ઞાની ગમે તે કર્મ કરે, શાસ્ત્રવિહિત કર્મ કરે, કે શાસ્ત્રનિષિદ્ધ કર્મ કરે પરંતુ તે તો જન્મમરણના અજ્ઞાનમાં જ અથડાયા કરે છે. બધાં કર્મો કરે પણ કર્તાપણાનો ભાવ કાઢી નાખી કામ કરે તે જ ખરો અકર્તા; તે જ સાધુ; તે જ જ્ઞાની.

દેહના શણગાર કરે તો તેનું ધ્યાન ઇન્દ્રિયોના શણગારમાં છે એમ નક્કી થાય અને આ તો અજ્ઞાનીનું લક્ષણ કહેવાય. દેહની ટાપટીપ પર જ્ઞાનીનું ધ્યાન નથી. ઇન્દ્રિયોના ભોગ માટે તે રડતો નથી. જ્ઞાની બધી વસ્તુથી પર છે. તમારા ભોગો તમે ભોગવો એમ તે ઇન્દ્રિયોને કહે છે, અને આસક્તિ વગર એ ભોગોમાં રમણ કરે છે.

એમ તો અજ્ઞાનીઓ પણ આવી વાતો કરે ખરા. વાંચીને વાતો કરે કે, "મારે શું લેવાદેવા? ઇન્દ્રિયોનો વેપાર દેહ કરે છે, મારે તેમાં શી લેવાદેવા? હું કંઈ થોડો પાપ કરું છું?" આવા શુષ્કજ્ઞાનીનાં બૈરી કે છોકરાં મરે ત્યારે જોવું કે તેમની કઈ સ્થિતિ થાય છે. તે વખતે તેમનું દૂરંદેશીપણું ચાલી જાય છે. તે વખતે તેમને કહેવું કે, "તમે જ પહેલું નહોતા કહેતા? કથા કરતી વખતે તમે જ રાગ કાઢીને વાંચતા અને કહેતા કે શાસ્ત્રમાં લખ્યું છે કે જ્ઞાનીને આવી બાબતમાં કશી લેવાદેવા નથી. હવે તમારી આ દશા?!"

એક શુષ્ક જ્ઞાનીની વાત કહું:

એક શુષ્કજ્ઞાની મહાત્મા હતા. તેઓ આવી જ વાતો કર્યા કરે કે દેહના ભોગ દેહ ભોગવે તેમાં મારે શું? ગામમાં એક ભક્ત રહે. તે આ મહાત્માની ભૂલ થાય છે એમ સમજી ગયા. ભક્ત તો ચતુર હોય; તેમનામાં ભગવાન ઘૂસેલા હોય છે તેથી જ આટલી ચતુરાઈ તેમનામાં હોય છે. મહાત્મા કથાકીર્તન કર્યા કરે, તેથી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ગામમાં પ્રતિષ્ઠા પણ સારી હતી. આ ભક્તે એક વખત આ મહાત્માની પોતાને ઘેર પધરામણી કરી, જમવા માટે બોલાવ્યા. ગામના લોકો ફૂલહાર પહેરાવતા ત્યારે મહાત્મા બોલતા કે "ક્યા કામ હૈ ઈસકા, જ્ઞાની કો કુછ નહિ ચાહિયે." ત્યારથી જ ભક્ત સમજી ગયેલા કે દાળમાં કંઈક કાળું છે. જ્યારે ગામની સ્ત્રીઓ ભેટ ધરે ત્યારે મહાત્મા કહેતા કે, "માઈ, યે ક્યા કરતી હૈ, ભેટ કાય કે લિયે?" આમ બોલે પણ પૈસા ખીસામાં મૂકી દે. ઘડિયાળ પણ ભેટમાં લઈ લે.

મહાત્માની સાન ઠેકાણે લાવવા ભક્તે જમવા બોલાવ્યા હતા. તેમણે મહાત્માને જમવા બેસાડયા. સુંદર મજાનો દૂધપાક બનાવેલો. મહાત્મા કહે, "આ બધી ખાલી ખટપટ શું કામ કરી?" ભક્ત તો હસ્યા કરે અને અતિથિધર્મ પ્રમાણે પાસે બેસીને જમાડે. 'આ બધી ખટપટ ન કરી હોત તો ચાલત' એમ બોલતા જાય અને મહાત્મા તો દૂધપાકના વાટકા ઉપર વાટકા ઝાપટયે જાય.

પેટ ના કહે તો ઊઠી જવું જોઇએ. પ્રેમને લીધે કંઈ અજ્ઞાન ચલાવી લેવાય કે? તમારું વર્તન જોઈને લોકો કેવું આચરણ કરે તે ખ્યાલમાં રાખવું જોઇએ. બાપ બીડી પીએ અને પુત્રને ના કહે તે કોણ માનવાનું? જ્ઞાનીપુરુષનો બહારનો વહેવાર પણ સ્વચ્છ હોવો જોઇએ.

મહાત્માએ ખૂબ દૂધપાક પીધો અને ઘણાં માલપૂઆ ઝાપટયાં. ભક્તે કહ્યું, "મહારાજ હવે થોડો આરામ લ્યો." મહારાજ બોલ્યા "જ્ઞાનીને વળી આરામ શું?" આમ બોલ્યા ખરા પણ પલંગ પર સૂવા ગયા. આરામની શી જરૂર?" આમ બોલતી વખતે મહાત્મા જાણે કે ભાવમાં મસ્ત હોય તેવું જ લાગે. ડબલ ગાદલા અને ઉપર રેશમી ચાદર પાથરેલી. મહારાજ તો હા,ના, હા, ના કરતા સૂવાની તૈયારી કરવા લાગ્યા. ભક્તે મહારાજને કહ્યું, "મહારાજજી,

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

હવે હું જરા મારું કામ કરું. કોઈ તમને હરકત ન કરે માટે બહારથી બારણું બંધ કરું છું હોં." મહારાજે અંદરથી બારણાં બંધ કર્યાં અને ભક્ત બહારથી બંધ કરીને ગયા. મહારાજ થોડીવાર સૂતા. પછી તેમને તરસ લાગી અને ઊભા થઈને જુએ તો ઓરડામાં પાણીનું માટલું નહિ મૂકેલું. બપોરનો સખત તાપ, મે માસ અને પેટમાં દૂધપાક ભરેલો તેથી મહારાજ તો તરસથી તરફડે. જ્ઞાનીનો દેખાવ કરેલો તેથી બોલાતું નથી. મહારાજ બારણું ઠોકે છે, પણ કોઈ આવતું નથી. ચાર પાંચ વાગ્યા હશે ત્યારે ભક્ત આવ્યા અને બારણું ઉઘાડ્યું. તરત જ મહાત્મા બોલી ઊઠ્યા કે, "કીધર મર ગયા થા?" "મહારાજ, હું જરા ખાવાપીવા ગયો હતો." ભક્ત બોલ્યા. મહાત્માએ કહ્યું, "અહીં પાણી નથી. મને તરસ લાગી છે. હું ક્યારનો હેરાન થાઉં છું. બારણાં ખખડાવું છું." ભક્તે કહ્યું કે "મહારાજજી, આપ તો જ્ઞાની છો. જ્ઞાનકુવામાંથી જ્ઞાનદોરડી વડે જ્ઞાનજળ લઈને પીવું હતું ને? શરીરના ભોગના આટલા લાલનપાલન શા કરવા?"

હવે મહાત્મા શું બોલે? મહાત્મા સમજી ગયા.

સમજ્યા વગર આ મહાત્મા જેવું વર્તન કરનાર લોકો મનુષ્યના રૂપમાં ગધેડાઓ છે. આ લોકોને જ્ઞાની ગધેડા કહેવા, ટૂંકા કાનવાળા ગધેડા. હે અર્જુન! મારે તને આવો દૂરંદેશી નથી બનાવવો.

જ્ઞાની થવું અને શુષ્કજ્ઞાનમાં રાચવું એ બેમાં ઘણો ફરક છે. જ્ઞાની કહેવરાવવું અને ખરેખરા જ્ઞાની હોવું એમાં ઘણો ભેદ છે. જેને મારા પર પ્રેમ થયો છે તે મને સહેલાઈથી મળશે. આવાને જ્ઞાની થવું પસંદ નથી. જ્ઞાની કંઈ બોલતો નથી કે ઇન્દ્રિયોનો વેપાર ઇન્દ્રિયો કરે. હે અર્જુન! તું સમજપૂર્વક, જ્ઞાનપૂર્વક કર્માચરણ કર. લેપનછેપન મૂકીને કર્મ કર તો તું બ્રહ્મવેત્તા; તો તું જ્ઞાની, તો તું મૌની. જ્ઞાનીને મોંઢે તાળું છે. એ કોઈને કશું કહેતો નથી.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

'શરીર છે, શરીર છે'—એમ કહેવાની શી જરૂર? કોઈને કહેવાની શી જરૂર? મારો (શરીર) આકાર જ નથી ત્યાં બનાવવાની શી જરૂર? પ્રેમ વિના જે કર્મ થાય તે નકામું છે. એ કર્મનાં ફળો નાશવંત છે.

ભગવાન અહીં પ્રેમનો સંદેશો આપે છે. જે પ્રેમ કરે તેને જ સ્વરૂપની પ્રાપ્તિ થઈ જાય. બાકી બધું અફળ છે.

પ્રેમ વિનાના જે કર્મો છે તે નકામા છે. તેના જે ફળો થાય છે તે નાશવંત છે, અપરિપક્વ છે. કાચું ફળ કાપવું નહિ. તે તો પાકું થઈને આપો આપ ખરી પડે છે. કર્મ કરવા પડે છે તે માટે ભક્ત ખિન્ન થતો નથી. તે બધાં કર્મ નિષ્કામભાવે અને સ્વાર્થરહિત થઈને કરે છે. આ છે કર્મ, વિકર્મ અને અકર્મની વ્યાખ્યાઓ. દૂરંદેશી કે દૂરદર્શી એટલે બ્રહ્મવેત્તા. આવા પુરુષને તું પરબ્રહ્મ સમજ. ભણેલાઓને જ ખબર પડે એવું આમાં કશું નથી. સાદી સમજવાળાને પણ ખબર પડે. વેદશાસ્ત્રોને જે જાણે તે જ મને સમજે એવું કશું નથી. એ માનવું જ ભૂલભરેલું છે. જે વેદોના પાઠ કરવા ગયા નથી તેવા લોકો મને સમજી ગયા છે. (૧૯)

त्यक्त्वा कर्मफलासङ्गं नित्यतृप्तो निराश्रयः ।
कर्मण्यभिप्रवृत्तोऽपि नैव किंचित्करोति सः ॥ २० ॥

જે કર્મના ફળની ઇચ્છાનો ત્યાગ કરે છે અને આત્માનંદમાં જ તૃપ્ત રહી અન્ય વિષયનો આશ્રય લેતો નથી, તે સર્વ કર્મ કરતો હોવા છતાં વસ્તુતઃ કાંઈ જ કરતો નથી. (૨૦)

શરીર પ્રત્યે જ્ઞાની ઉદાસીન હોય છે. શરીર એટલે જ જગત. જગતના ભાવ પ્રત્યે ઉદાસીન હોવું તે જ્ઞાનીનું લક્ષણ છે. આ શરીર એટલે જગત, આ શરીર એટલે લીલા, આ શરીર એટલે જ પ્રકૃતિ; આમ શરીર, લીલા, પ્રકૃતિ, અનિત્ય—આવાં ઘણાં ઘણાં તેનાં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

નામો છે. મારાં અનેક નામો છે; રામ, કૃષ્ણ, શીવ, મહાવીર ક્રાઈસ્ટ, મહમદ, જરથુસ્ટ્ર વગેરે. તેમ મારી પત્નીના (પ્રકૃતિના) પણ અનેક નામો છે. મારી પ્રકૃતિના નામો પ્રત્યે તે ઉદાસીન રહે છે; દેહ પ્રત્યે તેનો ઉદાસભાવ હોય છે; તે દેહભાવમાં રમણ કરતો નથી. તેવો જ્ઞાની નિષ્કામભાવે શરીરના કર્મો કરતો હોય છે.

ઉદાસીન કોણ? ભગવાને અહીં ઉદાસીનની વ્યાખ્યા જરા વિશદ કરી છે.

જ્ઞાની દેહના ધર્મ પ્રત્યે ધ્યાન નથી આપતો અને નિષ્કામ બુદ્ધિથી સર્વ કર્મ કર્યે જાય છે. 'નિષ્કામ' એ સાડાત્રણ અક્ષરનો શબ્દ જ છે ને? આનંદ અને ઉદાસીનતાના ભાવો સાથે કેમ રહે? તમે એમ જ રહો, નિત્યતૃપ્ત અને ઉદાસ એમ કેમ બને? અહીં સંશય થાય છે ખરું ને? દેહમાં ઉદાસીનભાવ એટલે મોઢું પડેલું રહે એમ તમે માનો છો. તમે ઉદાસીનનો અર્થ એવો કર્યો કે જે માણસ બેસી રહે તે ઉદાસ ગણાય. ઉદાસભાવ એટલે શું એ પહેલાં સમજવું જોઈએ. જ્ઞાનીને શરીર પર ઉદાસ ભાવ છે. શરીરધર્મો પ્રત્યે તે ઉદાસ છે પણ તેનું મુખ તો સદા આનંદમાં જ રહે છે. તેનું હાસ્ય કદી સૂકાતું નથી. શરીરની દોડધામ પ્રત્યે, શરીરને લગતાં વહેવારમાં તે ઉદાસીન હોય છે. સંસારનાં બધાં જ કર્મો તે કરે છે. કર્મો નહિ કરવાં એવું કશું નથી પણ તે કર્મો નિર્લેપ રહીને કરતો હોય છે. કામ કરવા બેસે તો તે રડતો નથી. બધાં કર્મોમાં તેનું ચિત્ત તો ભગવાનમાં લાગેલું હોય છે અને તેથી તેનું મન પ્રસન્ન રહે છે. અને તેથી જ તે ક્યારેય મોઢું નથી બગાડતો અને આનંદથી કર્મ કરે છે.

તુકારામ ઉદાસભાવે બધાનું કામ કરતા. કોઈ કહે કે "તુકા આ કામ કર." કશા લેપનછેપન વગર તુકારામ તે કામ કરશે જ. ફળની આશા રાખ્યા વગર તે શરીરને નિષ્કામભાવે કર્મમાં જોડે છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જેને દેહ પર પ્રેમ નથી તેના મુખ પર જ ખરું હાસ્ય, ખરી પ્રસન્નતા રહે છે. અજ્ઞાનીના મુખ ઉપર તો ક્ષણિક હાસ્ય હોય. નાશવંત પરનો ઉદાસભાવ હશે તો જ ખરી પ્રસન્નતા આવશે, તો જ આત્માની ઝલક મુખ પર પ્રગટ થશે. તેજ કંઈ છૂપું રહેશે? જોને! અર્જુન! મારું મુક્તહાસ્ય કે મારી પ્રસન્નતા કદી હણાતા નથી. જગતના ભાવો પર જે ઉદાસ છે તે જ પ્રસન્ન રહી શકે છે. જગતની લીલા ઉદાસભાવે કર્યે જાય, આ નાટક કંપનીમાં અભિનય (Acting) કર્યે જાય તે જ જ્ઞાની છે. જગતના ભાવ પ્રત્યે ઉદાસભાવ રાખવાનો છે. આવા ઉદાસભાવ પ્રત્યે જે ઉદાસ છે તે અજ્ઞાની, તે દુઃખી, દેહ અને ઇંદ્રિયો પ્રત્યે ભાવ હોય અને આત્મા તરફ કે આત્માજ્ઞાન તરફ ઉદાસભાવ હોય તે દુઃખી. આ અજ્ઞાનીનો ભાવ છે. જગતના વહેવારો પ્રત્યે ઉદાસીભાવ હોય તે સુખ, તે જ્ઞાનીનો ભાવ છે.

બન્ને જો જ્ઞાની હોય તો ગીતા રચાય કે? અર્જુનને જ્ઞાનમાં ઉદાસભાવ છે. કૃષ્ણને જગતના વહેવાર પર ઉદાસભાવ છે.

હે અર્જુન! તું અંદરનો આનંદ પ્રાપ્ત કર. તું નિરંતર પોતાના સ્વરૂપમાં જ મગ્ન રહે, ઉપર જ્ઞાન અજ્ઞાનના લક્ષણો તને મેં હમણાં કહ્યાં તે તું સમજી જા; અને સ્વરૂપાનંદમાં મગ્ન રહે. જેને સ્વરૂપાનંદની પ્રાપ્તિ થઈ છે તે જ માણસ જગત પર ઉદાસીન રહી શકશે. તું આ આનંદ પ્રાપ્ત કર. તારા મુખ પરની દુઃખની ઘેરી છાયા દૂર થશે. એ પ્રસન્નચિત્તની એક ઝલક તારા મુખ પર દેખાશે. તને તો આ રથ પરથી કૂદી પડવાનું મન હતું કેમ ખરું ને? તારે કર્મોનો ત્યાગ કરવો હતો કેમ ખરું ને! પણ હું તને કેમ કરવા દઉં! હા, કદાચ અગાસીમાં ઊભો હોત તો તું ભૂસકો મારીને મરત, તો પણ યોગમાયાથી હું તને અધવચ્ચેથી જ લઈ લેત. તને તારા આ ત્યાગના અભખરામાં ફસાવા કેમ દઉં!

ભગવાન હવે અર્જુનની જ્ઞાનવૃત્તિને સતેજ કરે છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તું જ્ઞાની છો. આ પંચમહાભૂતના પ્રપચંને દૂર કર. પંચમહાભૂતના ભાવો ફેંકી દે. નિત્ય પ્રસન્ન રહે. હું તને આ શીખવું છું કારણુ મને તારા પર પ્રેમ થયો છે. તને બાવો બની જવાનો ભાવ આવ્યો હતો એ ખોટું હતું. સ્વરૂપાનંદની પ્રાપ્તિ એ જ ખરો ઉદાસીન ભાવ છે. જગત પર ઉદાસીનભાંવ કેળવ તો ખરી પ્રસન્નતા આવે. હું જ તને આ જ્ઞાનરૂપી ભોજન ખવડાવું છું. માટે પ્રસન્ન થઈને રહે. થવાનું હોય તે થાય એમ કરીને ચોવીસે કલાક આનંદ કર. સ્વરૂપમાં રહે તો "**प्रसादमधिगच्छति**" પ્રસન્નતા મેળવીશ. જેને આવો પ્રસાદ, પ્રસન્નતા મળે છે તે અંતરમાં હંમેશ પ્રસન્ન હોય છે.

અહીં આ શ્લોકમાં 'નિત્યતૃપ્ત' શબ્દ વાપર્યો છે તે પ્રસન્નતાનો ભાવ દર્શાવે છે. હે અર્જુન! તું નિત્યતૃપ્ત રહે. નિત્યતૃપ્ત માણુસ વિષયોનું પણુ સેવન કરે, જગતના બધાં વહેવારો કરે છતાં હર્ષશોકના ઉછાળા તેને નથી આવતા. તે નિત્યપ્રસન્ન રહે છે. આમ નિષ્કામ બુદ્ધિથી કર્મ કર્યે જાય તે બ્રહ્મવેત્તા છે. શરીરના–વિષય ભાવો પ્રત્યે તેની ઉદાસીનવૃત્તિ હોય છે. પૂર્વના ભોગ છે. માટે સાક્ષીભાવે તે ભોંગવે છે. તેને કર્મોનું લેપનછેપન નથી. **न मां कर्माणि लिम्पन्ति।** માયાના કાર્યો, જગતના કાર્યો, વિષયના કાર્યો કહો તે, આ કાર્યો તે નિષ્કામપણે કરે છે. તેની પ્રસન્નતા હણાતી નથી. પ્રાપંચિક કાર્યોમાં પણુ જેની પ્રસન્નતા હણાતી નથી એજ નિરાકાર, એ જ નિરંજન, એ જ શિવ, એ જ ગોપાલ.

ભગવાન અહીં પોતાના જ લક્ષણોનું વર્ણન કરે છે.

હે અર્જુન! તારે કૃષ્ણુ થવું હોય, ગોપાલ થવું હોય તો તારે વહેવારના સુખ પ્રત્યે ઉદાસભાવ કેળવવો. ઇન્દ્રિયો પર, દેહ પર ઉદાસીન ભાવ કેળવવો. પણુ તે ભાવ કેવી રીતે કેળવાય!

મને તારા પર પ્રેમ થયો છે માટે તને હું આ કહું છું. મહાભારતના વખતમાં અનેક યોગીઓ તપ કરતાં હતાં, તેઓને

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પણ મેં નથી કર્યું. તું હેતુરહિત, નિષ્કામભાવે, પ્રેમપૂર્વક ભજન કર તો તને આપોઆપ આ ઉદાસીનભાવ આવશે. મેં તને જ યોગ કેમ કહ્યો? યોગીઓને કેમ નહિ? તું જ મને આ સમજાવ. મને તારા ઉપર પ્રેમ થયો છે માટે હું લાચાર બની ગયો છું. તારે નથા સાંભળવું છતાં હું સંભળાવું છું. મારે તને ઉદાસીન બનાવવો છે. ઉદાસીન, આત્માજ્ઞાની, અસંસારી, ભગવાન—આ બધાં જ એક જ અર્થના શબ્દો છે. સંસારના કામમાં રમણ કરે તે સંસારી. કર્મોના લેપનછેપન ચાલ્યાં જાય એટલે અસંસારી. મારે આટલા બધા ઘર, આટલી બધી રાણીઓ, કરોડો છોકરાં છતાં તું જો કે તારો રથ હું કેટલાં આનંદથી ચલાવું છું. ખરેખર તો મારું કોઈ કામ નથી. મારા મુખ પરની પ્રસન્નતા હટતી તે જોઈ છે? આત્મામાં લક્ષ્ય હોય ત્યારે જ જ્ઞાની આવું કહે. આત્માની તૃપ્તિના લક્ષણ શું બહાર દેખાય? શિશુપાલને મારતા વખતે શું હું ગભરાયો હતો? મારે તારો રથ ચલાવવાની શી જરૂર? શું રથ પર મને પ્રેમ છે કે? શું હું રડતો રડતો તારો રથ ચલવું છું? આનું નામ ઉદાસીનભાવ! હું દરેક કર્મ કરું છું છતાં ચલાયમાન નથી થતો. સાધારણ યુદ્ધ કરવાનું આવ્યું કે તું તો બૈરા જેવો થઈને બેસી ગયો. ન સમજે તે બૈરાં. ન સમજે તે અજ્ઞાની.

અર્જુન સ્તબ્ધ બનીને સાંભળે છે, સાંભળે જ ને? બીજું કરે પણ શું? "હું બાવો બનીને નાસી જઉં," એવું બોલે તે બૈરાં સ્વભાવ જ કહેવાય ને!

પુરુષ એક જ છે. સ્ત્રીઓમાં પણ એક જ પુરુષ છે. સર્વત્ર એક જ પુરુષ છે. પુરુષ એટલે તો આત્મા. પુરુષ અને સ્ત્રીનો લૌકિક ભાવ એ વૃત્તિઓનો ભાવ છે. બાકી તો આત્મામાં કોઈ સ્ત્રી નથી, કોઈ પુરુષ નથી-ત્યાં બહુવચન નથી. एकोऽहं बहुस्याम्।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

એકમાંથી હું બહુ થયો છું. છું તો એક જ. એક જ પુરુષ વ્યાપ્ત છે. ત્યાં કોઈ સ્ત્રી નથી. જેને ભગવાન ઉપર પ્રેમ થયો નથી અને જે માયાનું આચરણ કરે છે, માયામાં રમણ કરે છે, તે બધાં કાયર છે, નપુંસક છે, બૈરીઓ છે. વૃત્તિઓને ઉદ્દેશીને આ શબ્દો કહ્યાં છે. આત્મામાં કોઈ વૃત્તિ નથી. જે પુરુષ માયાનું જ આચરણ કરે છે, પછી ભલે પુરુષશરીર હોય તો પણ સ્ત્રી છે. ખાવાપીવામાં અને માયામાં રમણ કરે તે સ્ત્રી. કોઈપણ યોનિ હોય તો પણ તે સ્ત્રી. ભગવાનનાં ભજનમાં જેને પ્રીતિ નથી તે બધાં નપુંસક, તે બધાં બૈરાં. જે પુરુષતત્વના આનંદમાં મસ્ત હોય, જ્ઞાનીની વાતોમાં પ્રેમપૂર્વક રસ લે, અને વિષયમાં પણ પ્રસન્ન હોય એ જ્ઞાનીની ખાવામાં પણ પ્રસન્નતા હોય. ભૂખે મરતો હોય તો પણ તેની પ્રસન્નતા જતી નથી.

પ્રસન્ન ચિત્તનું દૃષ્ટાન્ત આપું—

હું આળંદી ગયો ત્યારે દેહુ ગયો હતો. દત્તઆશ્રમ તરફ ફરવા ગયો. શિયાળાની ઋતુ હતી, તેથી ઠંડી ખૂબ હતી, દત્તઆશ્રમ નદી ઉપર જ છે. મને સ્નાન કરવાનો વિચાર આવ્યો. તે વખતે હું એકલો જ હતો. ટુવાલ ખભે નાખ્યો. દૂર જઈને નહાઉં એમ વિચાર કરી, ધોતિયું બાજુ પર મૂકયું અને લંગોટ પહેરીને નદીમાં પડયો. સામે કાંઠે કોઈ માણસ બેઠો હતો. ફાટેલતૂટેલ કપડાં અને વીંખરાયેલા વાળ, બેઠો બેઠો સૂકા રોટલાના ટૂકડા ખાતો હતો, ખૂબ જ પ્રસન્નતાથી તે ખાતો હતો. તેની ચમકતી આંખો અને તેની અદ્ભૂત પ્રસન્નતા જોઈ મને પણ આનંદ વ્યાપ્યો. આત્મજ્ઞાનીની પ્રસન્નતાને જોઇને પણ આનંદ થાય અને તે પ્રસન્નતા જ ઉપદેશ થઈ જાય. હું નહાતો નહાતો સ્થિર થઈ ગયો. આ માણસ તો નાગની માફક તન્મય થઈને ડોલે છે ને રોટલાના ટૂકડા ખાય છે. ત્યાં એક કૂતરો આવી પહોંચ્યો. હડહડ કરીને કૂતરાને એણે કાઢયો. પણ કૂતરો ન ગયો. પછી તેણે તે કૂતરાને

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પણ રોટલાના ટૂકડા ખવરાવ્યા. રોટલાના ટૂકડા એવા સૂકાઈ ગયેલા હતા કે આપણે તો કહીએ કે, 'બળ્યું, આવું તે કેમ ખવાય'! તેને કૂતરામાં પણ ભગવાન દેખાતા હશે. એમ મને લાગ્યું. આપણે તો કોઈ ભગત કે ભિખારી આવે તો તરત જ કાઢી મૂકીએ. 'નજર લાગે' એમ બૈરાઓ બોલે પણ ખરા. અહીં તો પોતાની પાસે ચાર પાંચ જ ટૂકડાઓ હતા. રંતિદેવથી પણ ચઢે તેવો આ માણુસ લાગતો હતો. કૂતરો પણ કેવો ગદ્દો અને વિચિત્ર હતો. છતાં એને કૂતરાનો વાંધો ન હતો. હું નાહીને ત્યાં ગયો. 'સીતારામ' એમ હું મોટેથી બોલ્યો. મેં પૂછ્યું કે "તમને ચાલે એટલા પણ રોટલાના ટૂકડા નથી તો કૂતરાને શું કામ ખવરાવો છો?" મારી રીત તો ઉલ્ટી. પ્રશ્ન જ ઊંધો પૂછ્યો. તેમણે જવાબ આપ્યો, "તમે માવામિષ્ટાન અને મિઠાઈઓ ખાઓ અને કૂતરાને કંઈ ન આપો અને ધકેલી દ્યો પછી અમારે ત્યાં જ આવે ને! કોઈ નથી ખવરાવતું. એ ખાય ક્યાં? અમારી પાસે એટલે અમે જે ખાઈએ તે ખાય."

આ આત્મજ્ઞાની કહેવાય. આનું નામ પુરુષ. નજર લાગશે એમ કહે તે સ્ત્રીઓ. આવા જ્ઞાનીઓની વાતથી પણ ઉદાસીનતા ચાલી જાય છે. અને પ્રસન્નતા આવી જાય છે. પ્રસન્નપુરુષને જોઈને પ્રસન્નતા આવે. તે પુરુષ સાક્ષાત્ તો ભગવાન જ જોઇ લ્યો.

બારણું બંધ કરીને બેસાશે નહિ. ભીખ માગે તેને ન આપવું —એમ પણ નહિ બોલાય. "કોઈ નથી ખવરાવતું માટે અમે જે ખાઈએ તે ખાય." એ વાક્ય બોલનાર ઉપરના મહાત્માને યાદ રાખજો.

વિનોબાભાવે નાનપણુથી જ ગીતા વાંચનાર, ગીતાના ઊંડા અભ્યાસી, એકવાર તેમની માતા કોઈ ગરીબને કંઈક આપવા જતી હતી ત્યાં વિનોબાએ ના પાડી અને કહ્યું કે પાત્રને જોઈને

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

દાન કરવું; અપાત્રને દાન કરવાથી તો વર્ણસંકરતા વધે. વિનોબાજીની વાત ખરી હતી. ગીતાના સત્તરમા અધ્યાયનો " दातव्यं हि...... " એ શ્લોક પણ બોલ્યા. તેની માતાએ શું કહ્યું? માતાએ કહ્યું કે મારે એ શ્લોક સમજવાની જરૂર નથી. ત્યારે ફરીને વિનોબાએ કહ્યું કે આમ દાન કરવાથી દેશમાં આળસ પ્રવર્તે, અને દેશમાં ખરાબી વધે. તું પણ આમાં ભાગીદાર થાય છે. માતાએ કહ્યું કે તારી પંડિતાઈ મારે નકામી છે. તારું દૂરંદેશીપણું મારે ન જોઈએ. બધે જ ભગવાન છે. વિનોબાજી તે વખતે આત્મભાવમાં ન હતાં. તેઓ અજ્ઞાનમાં હતા. નારાયણ સર્વત્ર છે. રોટલો નારાયણ છે. નારાયણ નારાયણને ખાય છે. અત્યારે વિનોબાજી કહે છે કે મારી માના આ શબ્દો મને હજી યાદ છે. તે એક ચોપડી પણ ભણેલ ન હતી, પણ તેનું કેટલું વિશાળ જ્ઞાન! આ માને પુરુષ જ કહેવાય. જેની મા આવી રીતે પુરુષ એના પુત્રો પણ પુરુષ. વિનોબાજી કહે છે કે આજે જે હું કહી રહ્યો છું, જે કોઈ પ્રવૃત્તિ કરી રહ્યો છું તે મારી માને લીધે જ. જ્ઞાન પ્રાપ્ત કરવા માટે આટલી જ જરૂર છે. વેદની વાતો વિનોબાની માએ ટૂંકમાં કહી દીધી.

આ નારાયણમાંથી જ નારાયણ થયા છે. પ્રથમ બીજ હોય, તેમાં વર્ષા આવે, પછી અનાજ પાકે, એ અનાજ ખાય અને તેથી વીર્ય થાય, તેથી પ્રજાની ઉત્પત્તિ. અનાજ પણ નારાયણ જ ને! બધાનું બીજ તો હું ભગવાન જ છું. પછી નારાયણનું નારાયણને અર્પણ કરવા માટે ખોટું શું? આ સમજી જાય તે પુરુષો, બાકી બધી સ્ત્રીઓ. ગોપાળના લક્ષણો એટલે કે સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો–તે પુરુષનાં લક્ષણો તને કહ્યાં. ગધેડાંનાં લક્ષણો, સ્ત્રીના લક્ષણો પણ તને કહ્યાં. નિત્યતૃપ્ત તો એ જ છે કે જે સર્વત્ર નારાયણ જ છે એમ સમજીને વર્તે છે, છતાં એને કંઈ લેપનછેપન નથી. એનું જ નામ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પુરુષ, બાકી બધા બૈરાં. આ વાતો સમજ્યા પછી પણ જ્યાં સુધી આચરણ ન થાય ત્યાં સુધી તો તે સ્ત્રી નહિ પણ નપુંસક જ છે. * (૨૦)

निराशीर्यतचित्तात्मा त्यक्तसर्व परिग्रहः ।
शारीरं केवलं कर्म कुर्वन्नाप्नोति किल्विषम् ॥ २१ ॥

यदृच्छालाभसंतुष्टो द्वंद्वातीतो विमत्सरः ।
समः सिद्धावसिद्धौ च कृत्वापि न निबद्धयते ॥ २२ ॥

જેણે આશાનો પરિત્યાગ કર્યો છે. પોતાનાં ચિત્ત અને બુદ્ધિને સ્વાધીન રાખી (આવી રીતે નિરીચ્છ થઈને) સર્વ સંગ્રહોનો પરિત્યાગ કર્યો છે, તે શરીર નિર્વાહાર્થે (ભિક્ષાટનાદિક) કર્મો કરે, તો પણ તેને કર્મોનો દોષ લાગતો નથી. (સંસાર પ્રાપ્ત થતો નથી.) અનાયાસે મળે તેમાં સંતોષ માનનાર, (હું અને મારા એવા) દ્વંદ્વથી અતીત, મત્સરરહિત અને કર્મપૂર્ણ રહે કિંવા અપૂર્ણ રહે, તેમાં હર્ષ કિંવા ખેદ ન કરનાર પુરુષ સંપૂર્ણ કર્મો કરવા છતાં પણ કર્મબંધનથી લેપાતો નથી. (૨૧–૨૨)

જેને સાંસારિક કામો તરફ આળસ ચઢે છે, ત્યાં તેને ઊંઘ એટલે કે ઉદાસીનવૃત્તિ આવતી હોય છે. તે લોકો કર્મ કરે છે તોપણ આશારહિત થઈને કરે છે. તેઓ નાશવંત પદાર્થોનો સહેજ પણ સંગ્રહ નથી કરતા. કેવી રીતે તેઓ સંગ્રહ કરી શકે? એમને લાગી ગયું છે કે આ વસ્તુઓ તો નાશવંત છે. પૂર્વપ્રારબ્ધાનુસાર કર્મ કરવાં પડે છે, પણ તે સંગ્રહ કરતો નથી ઉદરનિર્વાહ માટેનું કે બીજું કોઈ કર્મ તે કરે પણ તેનો દોષ તેને લાગતો નથી, પેટ માટેનાં કોઈપણ કર્મ તે કરે, તે ગમે ત્યાં ખાઈ લે. પણ તેને દોષ લાગતો નથી. આ અવધૂત સ્થિતિની વાત છે. કોઈ કર્મ બંધનથી તે લેપાતો

* તા. ૨૯–૮-૫૫ સોમવારનું છઠ્ઠું પ્રવચન અહીં પુરું થાય છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

નથી. તે કર્મ કરે છે પણ તેનામાં કર્તાપણાનો અભાવ છે. 'હું આ કાર્ય કરું છું,' એવું તેને લાગતું નથી. પછી દેહ કે ઇન્દ્રિયના કર્મમાં તે ક્યાંથી લેપાય? ઊંઘમાં બાળકને મા દૂધ પાય તેની તેને ખબર પડતી નથી. આ અવધૂત સ્થિતિમાં આવી ગયેલ વ્યક્તિની નાના બાળક જેવી અવસ્થા હોય છે. પોતાના શરીરનું એને ભાન નથી. દેહ અને ઇન્દ્રિયોના કર્મો પ્રત્યે તે ઉદાસીન હોય છે.

પ્રસન્નચિત્તનું બીજું દૃષ્ટાન્ત કહું.

એક જ્ઞાની બ્રાહ્મણ હતો. ગૃહસ્થાશ્રમી હતો. જ્ઞાનની ઘણી જ ઊંચી સ્થિતિમાં રહેનારો એવો તે બ્રાહ્મણ, તેને ખાવાપીવાની તંગી પડવા લાગી. તેની સ્ત્રીએ તેને એકવાર કહ્યું, "તમે તો ભણ્યાગણ્યા છો. તમારી વિદ્યા શા કામની?" આ જ્ઞાની પતિ તો કહે કે, 'જે નસીબનું છે તે મળવાનું જ છે. રાજા પાસે જઉં કે શેઠ પાસે જઉં પણ જે મળવાનું છે તે મળશે જ. પછી ત્યાં જઇને નકામું કર્મ શું બાંધવું?" પરિણામે ઘરમાં તો મોટા ક્લેશ થયો અને થાય જ ને? બ્રાહ્મણ કંટાળીને બહાર આંટા મારવા ગયો. ભગવાનના વિચારમાં મસ્ત એવો તે બ્રાહ્મણ ફરતો ફરતો ઘણે દૂર નીકળી ગયો અને આવ્યો બીજા શહેરમાં. ત્યાં ક્યાંક ઓટલા પર કે ઝાડ નીચે રાતે પડ્યો રહ્યો હશે, કાલે ઘરે જઈશું એ વિચારે આંટા મારતા અહીં આવી ચઢેલો. એને તો ભાન પણ નહોતું કે હું ક્યાં જઇ રહ્યો છું! હવે તે જે શહેરમાં આવી ચડ્યો છે ત્યાં લોકો જમા થઈ ગયા હતા. રાજાની પુત્રીનો સ્વયંવર હતો અને હાથણી જેના પર કળશ ઢોળે તેની સાથે રાજાની પુત્રીના લગ્ન થશે એમ નક્કી થયું હતું. આ બ્રાહ્મણ ત્યાં ટોળામાં આવી ચડ્યો. એણે નથી ખાધું, નથી પીધું, એવી તેની સ્થિતિ હતી પણ અંતરમાં કોઈ વસ્તુની તેને આશા નથી. બિલકુલ આશારહિત સ્થિતિમાં તે ઊભો હતો. એવામાં કલશ સાથે હાથણી ત્યાં આવી અને તેના ઉપર જ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કલશ ઢોળ્યો. લોકોને અને રાજાને લાગ્યું કે હાથણીએ ભૂલ કરી છે તેઓએ બ્રાહ્મણને મારીને દૂર કાઢી મૂક્યો. ફરી વાર હાથણીને કળશ સૂંઢમાં આપ્યો પણ હાથણીએ તો દૂર ઊભેલા તે બ્રાહ્મણના ઉપર જ કલશ ઢોળ્યો. અંતે રાજાની પુત્રીના લગ્ન આ બ્રાહ્મણ સાથે કરવાનું નક્કી થયું. લગ્ન આવી પડ્યું તો બ્રાહ્મણે તેનો ત્યાગ ન કર્યો. લગ્ન થઈ ગયું. મહેલમાં જઈને બ્રાહ્મણે રાજકુમારીને કહ્યું કે, **प्राप्तव्यमर्थं लभते मनुष्यः** (મનુષ્યને જે મળવાનું છે તે મળે છે) રાજકન્યા પણ જ્ઞાની હતી; તેણે ઉત્તર આપ્યો કે **देवोऽप्यमिथ्या कर्तुं न समर्थः।** (દેવ પણ તેને મિથ્યા કરવાને અસમર્થ છે.) જે મળવાનું છે તેને ફેરવવાને દેવો પણ સમર્થ નથી. દેવથી પણ મિથ્યા થતું નથી. આ સાંભળી બ્રાહ્મણે કહ્યું કે **न हर्षशोकान्हि बाधा हृदि स्यात्।** મારા હૃદયમાં તેનો હર્ષ કે શોક નથી. કન્યાએ ઉત્તર આપ્યો કે **तदेव विद्वज्जन चारु भूषणम्।** એ જ વિદ્વાનોનું ભૂષણ છે.

આત્મજ્ઞાનીનું આ લક્ષણ. ભોગ વધે તો પણ તેની પ્રસન્નતા જતી નથી. હર્ષશોકથી પર, બિલકુલ આશારહિત સ્થિતિમાં તે રહે છે, તે પરિગ્રહ કરતો નથી. જે વખતે જે વસ્તુ બને તેમાં તેને આનંદ છે. આ છે પ્રસન્નમનનું દૃષ્ટાંત. પ્રસન્નચિત્તવાળાને કોઈ ગાળો દઈને કાઢે કે કોઈ તેને ફૂલહાર પહેરાવે પરંતુ તેની પ્રસન્નતા અખંડિત રહે છે. તેની પ્રસન્નતામાં કોઈ બાધ આવતો નથી. (૨૧-૨૨)

गतसङ्गस्य मुक्तस्य ज्ञानावस्थितचेतसः ।
यज्ञायाचरतः कर्म समग्रं प्रविलीयते ॥ २३ ॥

જે સર્વ સંગ વડે ત્યજાયેલો છે, અને જે ધર્માધર્મના બંધનમાંથી પાર પડેલો છે તથા જેનું ચિત્ત જ્ઞાનમાં સ્થિર થયું છે, તે જો યજ્ઞને પૂર્ણ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કરવાના ઉદ્દેશથી (ઈશ્વરાર્થે) કર્મ કરતો હોય, તોપણ તેનાં તે કર્મો ફળ-સહિત લય પામે છે. (૨૩)

યજ્ઞ એટલે ઈશ્વરાર્થે કર્મ. પોતાને માટે કશું નહિ. પરોપકાર માટેનું કર્મ એટલે યજ્ઞ. આવા યજ્ઞો કરનાર એટલે કે ઈશ્વરાર્થે કાર્યો કરનાર પુરુષના કર્મો ફળસહિત નાશ પામે છે. કર્મકાંડના જે યજ્ઞો થાય છે તેમાં તો ફળની ઇચ્છા હોય છે. કર્મફળની ઇચ્છાથી જે કાર્ય થાય તેમાં તો કર્મ બંધન. ઈશ્વરાર્થે કર્મ કરીને ફળસહિત તેને ભૂલી જાઓ. જે પ્રારબ્ધમાં છે તે મળવાનું છે. જે મારું છે તે મને મળવાનું છે એમ માને તે વિધિનિષેધથી પર થઈ જાય છે. આવા જ્ઞાનિપુરુષને ધર્મ કે અધર્મ, વિધિ કે નિષેધ, રાગ કે દ્વેષ કંઈ નથી. તે રાગદ્વેષથી કર્મ કરતો નથી. "હું તો સચ્ચિદાનંદ સ્વરુપ છું. મારે અને પ્રારબ્ધને શું લેવાદેવા ?" એમ તે માને છે. કર્મ કર્યું અને બ્રહ્માર્પણ કર્યું. આ પણ જ્ઞાનીનાં લક્ષણો છે. ભગવાન જરા જુદી રીતે વર્ણવે છે. આવો પુરુષ શરીરમાં હોવા છતાં સગુણ હોવા છતાં નિર્ગુણ સ્થિતિમાં છે. ભગવાન સગુણ છે છતાં નિર્ગુણ છે. આ લક્ષણો આત્માના જ છે. આવો આત્મજ્ઞાની પુરુષ કેવી રીતે વર્તતો હોય છે ?

ब्रह्मार्पणं ब्रह्म हविर्ब्रह्माग्नौ ब्रह्मणा हुतम् ।
ब्रह्मैव तेन गंतव्यं ब्रह्मकर्मसमाधिना ॥ २४ ॥

હોમનાં સાધન, હોમનું દ્રવ્ય, અગ્નિ, હોતા અને હવનક્રિયા એ સર્વ (કારણ કે) બ્રહ્મવેત્તાની દૃષ્ટિમાં બ્રહ્મ જ છે. અને બ્રહ્મરૂપી શરીરમાં લીન થઈ રહેલાં તે બ્રહ્મવેત્તાને પ્રાપ્ત થનારું ફળ પણ બ્રહ્મ જ છે. (૨૪)

બધી વસ્તુ બ્રહ્મ છે. બ્રહ્મ સિવાયની કોઈ પણ વસ્તુ નથી. બધે બ્રહ્મ જ છે. સ્ત્રી, પુરુષ, જડ, ચેતન, ચરાચરમાં જે કોઈ વસ્તુ છે તે પોતા સહિત સર્વ બ્રહ્મ છે. આમ જે જુએ છે તે બ્રહ્મવેત્તા છે, તેની દૃષ્ટિમાં ભેદભાવ–ભિન્નતા નથી. મારા સહિત બધું

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પરમાત્મા છે; આ શરીરથી માંડી બધુંય હું જ છું એ જ્ઞાન જેને દૃઢ થયું છે એ બ્રહ્મવેત્તા. યજ્ઞ પણ હું છું અને યજ્ઞનું ફળ પણ હું છું. હવિષ્યાન્ન પણ હું છું અને ઘી હોમવાનું સાધન પણ હું છું. આરતી કરનાર હું છું અને આરતી કરાવનાર પણ હું જ છું. આમ યજ્ઞની બધી સામગ્રી હું જ છું એમ જે માને છે તે બ્રહ્મવેત્તા છે. બ્રહ્મજ્ઞાની પુરુષને શુષ્કતા કે રસવાળું એવું કંઈ નથી. ગમવું, ન ગમવું એ શબ્દો એના શબ્દકોશમાં જ નથી. જે વખતે જે સ્થિતિ થઈ તેમાં તેને આનંદ છે.

એક મહાત્મા ફરતાં ફરતાં એક શહેરમાં આવી પહોંચ્યા. ત્યાં પોલીસ થાણાની બાજુમાં એકાદ ઝાડ નીચે ઓટલા પર રાત્રે મહાત્મા પડ્યા હતા. પોલીસોને મહાત્માની ગમ્મત કરવાનું મન થયું. મહાત્માનું ગોદડું પોલીસે ચોરી લીધું. મહાત્માએ જોયું કે અહીં ગોદડું નથી. તેથી ગમ્મત કરવા માટે તેમણે પણ તે થાણામાં જઈને ફરિયાદ નોંધાવી. તેમણે લખાવ્યું કે, "મારું બધું જ ચોરાઈ ગયું. મારી છત્રી ગઈ, પીછોડી ગઈ, સૂવાનું ગોદડું ગયું, પહેરવાનું ધોતિયું ગયું, પાથરવાની ચાદર ગઈ." પોલીસોને થયું કે મહાત્મા આ બધું શું લખાવે છે? ઈન્સ્પેક્ટરે તેમને ગોદડું દેખાડીને કહ્યું કે, "તમે આ બધું ખોટું લખાવો છો. જુઓ, આ ગોદડું તમારું જ છે ને?" મહાત્માએ કહ્યું, "જુઓ, આ જ ગોદડું, આ મારી પથારી, ધોતિયું, છત્રી બધું છે." ગોદડું પથારીને મહાત્માએ કહ્યું કે, 'જુઓ આ પથારી,' પછી તેજ પહેરીને કહ્યું કે, જુઓ આ ધોતિયું.' પછી તેના પર બેસીને કહ્યું કે, 'જુઓ, આ આસન, ગોદડું એ જ છત્રી, ગોદડું જ આસન બન્યું, ગોદડું જ ધોતિયું બન્યું.

આવી જ રીતે બ્રહ્મ એક છે પણ નામ જુદા જુદા છે. સર્વત્ર બ્રહ્મ જ છે, નામરૂપ જ જુદા જુદા છે. જેનો ભિન્નભાવ, ભેદભાવ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

નીકળી ગયો છે એ બ્રહ્મજ્ઞાની છે. સર્વત્ર બ્રહ્મ વ્યાપી છે, એવી જેને દઢ પ્રતિતી થાય છે તેને કોઈ કર્મ બાંધતા નથી. (૨૪)

दैवमेवापरे यज्ञं योगिनः पर्युपासते ।
ब्रह्माग्नावपरे यज्ञं यज्ञेनैवोपजुह्वति ॥ २५ ॥

અન્ય કેટલાક યોગીઓ દૈવયજ્ઞ (ઈન્દ્ર આદિ દેવતાઓના નિમિત્તથી કરેલો યજ્ઞ) કરે છે. અને અન્ય કેટલાક બ્રહ્મરૂપ અગ્નિમાં (યજ્ઞ સંજ્ઞક) સ્વધર્મ (આત્મા) વડે જ આત્માનું હવન કરે છે. (૨૫)

હવે ભગવાન અહીં સાધનો વર્ણવે છે. સર્વત્ર બ્રહ્મ છે. એ ગુરુવાકય પર આસ્થા રાખીને કર્મ કરે તેનું નામ દૈવયજ્ઞ. પહેલાં કહી ગયા એ દષ્ટાંતમાં જેમ આસન, પીછોડી, બધું ય ગોદડું; તેમ આ જગતમાં ચરાચર બધું ય બ્રહ્મ છે. આ ગુરુ વાકય પર શ્રદ્ધા રાખીને કર્મ કર્યે જવા. રાતદિવસ 'હું બ્રહ્મ છું, હું બ્રહ્મ છું,' એ તત્ત્વ પર ચિંતન કરે તેનું નામ બ્રહ્મયજ્ઞ. આ ચિંતનથી બ્રહ્મયજ્ઞની પ્રતીતિ થઈ જશે. (૨૫)

क्षोत्रादीनीन्द्रियाण्यन्ये संयमाग्निषु जुह्वति ।
शव्दादीन्विषयानन्य इन्द्रियाग्निषु जुह्वति ॥ २६ ॥

કેટલાક શ્રોતાદિ જ્ઞાનેન્દ્રિયોને સંયમરૂપી અગ્નિમાં હોમે છે. અને અન્ય કેટલાક શબ્દાદિ પંચવિષયોનો હવન ઈન્દ્રિયોરૂપી અગ્નિમાં કરે છે. (૨૬)

ત્વચા, આંખ, કાન, નાક અને મુખ આ પાંચ કર્મેન્દ્રિયો પર સંયમ કરવો એ પણ યજ્ઞ છે. સ્પર્શ, રૂપ, શબ્દ, ગંધ અને રસ આ પાંચ વિષયો પર સંયમ કરવો. કેટલાક પંચ પ્રાણની આહુતિ આપે છે. એટલે કે પ્રાણ પર સંયમ કરીને કેટલાક મને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરે છે. મને મેળવવા માટે ભક્તિના, યોગના, વગેરેના આવા કેટલાય પ્રકારો છે. (૨૬)

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

सर्वाणीन्द्रियकर्माणि प्राणकर्माणि चापरे ।
आत्मसंयमयोगाग्नौ जुह्वति ज्ञानदीपिते ॥ २७ ॥

વળી અન્ય કેટલાક જ્ઞાનથી પ્રદીપ્ત થયેલા મનોનિગ્રહરૂપી અગ્નિમાં સર્વ ઇન્દ્રિયોના અને પ્રાણોનાં કર્મોનો હવન કરે છે. (૨૭)

વળી કોઈ ઇન્દ્રિયોનાં સુખોમાં દોષ જુએ છે અને હૃદયમાં શુભ વિચાર કરી, શુભેચ્છા કરી, દરેકે દરેક ઇન્દ્રિયોના સુખો પતન જ કરાવે છે, એવું મનને સમજાવી એ દરેક ઇન્દ્રિયજન્ય વિષય-સુખોને મનોનિગ્રહરૂપી અગ્નિમાં હોમી દે છે. અને જેમ જેમ ઇન્દ્રિયસુખો તે હોમતો જાય છે તેમ તેમ જ્ઞાનાગ્નિ પ્રજ્વલિત થતો જાય છે. વળી કેટલાક જ્ઞાનસંપાદન કરે છે એ પણ યજ્ઞ જ છે. (૨૭)

द्रव्ययज्ञास्तपोयज्ञा योगयज्ञास्तथाऽपरे ।
स्वाध्यायज्ञानयज्ञाश्च यतयः संशितव्रताः ॥ २८ ॥

આરંભેલા કર્મને નિશ્ચયથી પાર પાડનાર કેટલાક યોગી દ્રવ્યવાનના સ્વરૂપે દ્રવ્યયજ્ઞ કરે છે, કેટલાક તપશ્ચર્યા સ્વરૂપે તપોયજ્ઞ કરે છે; કેટલાક યોગસ્વરૂપે યોગયજ્ઞ કરે છે, કેટલાક વેદાધ્યયનરૂપે સ્વાધ્યાય યજ્ઞ કરે છે; કેટલાક જ્ઞાનસંપાદનના સ્વરૂપે જ્ઞાનયજ્ઞ કરે છે. અને કેટલાક વ્રતધારણના રૂપે વ્રતયજ્ઞ કરે છે. આવી રીતે મોક્ષપ્રાપ્તિ માટે યોગીઓ અનેક પ્રકારના યજ્ઞ કરે છે. (૨૮)

ફળની આશાથી એટલે કે ફલસિદ્ધિ માટે થતા યજ્ઞો એ દ્રવ્યયજ્ઞો છે. અન્યત્ર સ્થળે થતા યજ્ઞો આવાં દ્રવ્યયજ્ઞો હોય છે. કેટલાક તપસ્યા કરે છે. 'યોગસ્વરૂપે'નો અર્થ હઠયોગ, તેનું પણ કેટલાક આચરણ કરે છે. વેદાધ્યયન, પઠનપાઠન વગેરે પણ યજ્ઞો છે. તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ અર્થે કેટલાક આ યજ્ઞો કરે છે. કેટલાક ચાંદ્રાયણ, ભાગવતની સપ્તાહ, અગિયારસ, ચાતુર્માસનાં એકટાણાં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વગેરે વ્રતો કરીને યજ્ઞ કરે છે. આ રીતે મને મેળવવા માટે લોકો અનેક પ્રયત્નો કરી રહ્યા છે. (૨૮)

अपाने जुह्वति प्राणं प्राणेऽपानं तथाऽपरे ।
प्राणापानगती रुध्द्वा प्राणायामपरायणाः ॥ २९ ॥

તે જ પ્રમાણે કેટલાક અપાનવાયુમાં પ્રાણવાયુનો પ્રક્ષેપ (પૂરક) કરે છે, પ્રાણવાયુમાં અપાનવાયુનો પ્રક્ષેપ (રેચક) કરે છે અને કેટલાકો પ્રાણ અને અપાન એ ઉભયની ગતિ બંધ કરીને કુંભક (નિરોધ) કરે છે; આવા લોકોને પ્રાણાયમપરાયણ યોગીઓ કહેવામાં આવે છે. (૨૯)

પૂરક એટલે પ્રાણને પૂરવો, રેચક એટલે પ્રાણને બહાર કાઢવો ? અને કુંભક એટલે પ્રાણને સ્થિત કરવો. કેટલાક પ્રાણાયમ કર્યા કરતા હોય છે. પરંતુ આ બધાં બહુ કષ્ટકારક માર્ગો છે. એ દુર્લભ માર્ગો છે. યોગની ક્રિયાઓમાંથી કોઈક જ પાર ઉતરે છે. આ યોગના માર્ગો દુર્લભ અને મુશ્કેલીયુક્ત છે. છતાં આ પણ યજ્ઞ જ છે. (૨૯)

अपरे नियताहाराः प्राणान्प्राणेषु जुह्वति ।
सर्वेऽप्येते यज्ञविदो यज्ञक्षपितकल्मषाः ॥ ३० ॥

બીજા કેટલાક આહાર નિયમિત કરી પ્રાણમાં જ (વાયુભેદથી) પ્રાણોનો હવન કરે છે; આ સર્વને જાણનાર યોગીઓ યજ્ઞ વડે પાપનો નાશ કરે છે. (૩૦)

કેટલાક પ્રાણથી પ્રાણનો હોમ કરે છે. તેઓ થોડું ખાઈ ને આહારને જીતી લે છે. મોક્ષપ્રાપ્તિની ઇચ્છાવાળા લોકોએ લીધેલા આ માર્ગો બહુ કઠિન અને કઢંગા છે. હઠયોગની ક્રિયાઓ ઘણા કરે છે ખરા પણ તે બહુ કઠિન છે. આપણા શરીરો એવા નથી કે આવા હવનો કે પ્રાણાયમ કરી શકે. કામનાના નાશ માટે કેટલાક આ પ્રયત્નો કરે છે પણ ભાગ્યે જ કોઈ સફળ થાય છે. છતાં પણ દૃઢ મનથી આ સર્વયજ્ઞને જાણનારાના પાપનો નાશ થાય છે. (૩૦)

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

यज्ञशिष्टामृतभुजो यान्ति ब्रह्म सनातनम् ।
नायं लोकोऽस्त्ययज्ञस्य कुतोऽन्यः कुरुसत्तम ॥ ३१ ॥

હે કુરુકુળ શ્રેષ્ઠ! યજ્ઞનો અવશિષ્ટ પ્રસાદ લેનારા લોક સનાતન બ્રહ્મને પ્રાપ્ત થાય છે. યજ્ઞ ન કરનારાને તો આ લોકની પણ પ્રાપ્તિ થતી નથી, તો પછી પરલોકની તો વાત જ શી? (૩૧)

યજ્ઞ કરે છે તેને થોડું ઘણું પણ ફળ તો મળે છે. યજ્ઞનું અવશિષ્ટ ફળ તો હું જ છું. મારે મટે જરા પણ પ્રયત્નો કરતા નથી. હે અર્જુન! એવા લોકોના કમભાગ્યની શી વાત કરવી? તેઓને જ્ઞાન મળતું નથી. મારા માટે જે કર્મ કરવામાં આવે તે કર્મ જ યજ્ઞ છે. મારા અર્થે કોઈ પણ કર્મ કરે તેને હું જરૂર મળીશ. ઈશ્વરાર્પણ બુદ્ધિથી, અકર્તાપણાના ભાવથી જે યજ્ઞ કરાયેલા હશે તો તેં યજ્ઞનો પ્રસાદ હું જ છું. ફળની આશારહિત જે કર્મો થાય તેનું ફળ હું જ છું. મારા નિમિત્તે જ બધું કર્મ કરો. નામયજ્ઞ, દાનયજ્ઞ, હવનયજ્ઞ, પ્રાણાયમયજ્ઞ, આ બધાંનું ફળ છેવટે તો હું જ છું. યજ્ઞનું અંતિમ ફળ, અવશિષ્ટ ફળ, પ્રસાદ તે જ બ્રહ્માનંદ. જીવભાવ જાય અને શિવભાવ આવે, આ છે યજ્ઞનું ફળ. જે કંઈ કરતા નથી તેઓ તો નથી આમના કે નથી તેમના. તેઓ ત્રિશંકુની સ્થિતિમાં છે.

યજ્ઞ તો ઘણા કરે છે પણ દુ:ખના. એ યજ્ઞનું ફળ દુ:ખ છે; સુખ નથી. તેઓની દશા ઘણી ખરાબ થાય છે. બાર બાર વાગ્યા સુધી વેપારીઓ ચોપડા લખતો હોય છે, તે નાશવંત કર્મ જ છે; એ દુ:ખયજ્ઞ છે. તેનું ફળ દુ:ખાનંદ, સુખાનંદ કે બ્રહ્માનંદ નહિ. આમ દુ:ખને મેળવવા આ લોકો પ્રયત્ન કરે છે, અને વધારે દુ:ખી થાય છે. સુખદુ:ખ બધા મારા જ છે. નાશવંતને મેળવવાનો પ્રયત્ન તે દુ:ખ, શાશ્વતને મેળવવાનો પ્રયત્ન તે સુખ. માટે જો તું દુ:ખને ભજીશ તો દુ:ખ મળશે અને સુખને ભજીશ તો સુખ મળશે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પરમસુખ શું રાજા થવામાં કે લાખો-કરોડોપતિ થવામાં રહેલું છે? એક દૃષ્ટાન્ત કહું.

એક રાજા એકવાર કોઈ મહાત્માના દર્શને ગયા. મહાત્માનું નામ યોગાનંદજી હતું. જ્યારે રાજા મળવા આવ્યા ત્યારે મહાત્મા યોગાનંદ ઊભા થયા અને રાજાના પગમાં પડ્યા. રાજા કહે છે, "અરે, આ તમે શું કરો છો? મને પાપમાં નાખો છો." યોગાનંદજીએ કહ્યું, "હે રાજા, આપ જ ખરા ત્યાગી છો; હું તો ફક્ત નામનો ત્યાગી છું. તેથી હું તમને પ્રણામ કરું છું." રાજાએ પૂછ્યું. 'મહારાજ, એ કેમ બની શકે?' યોગાનંદજીએ ઉત્તર આપ્યો "આપે પરમસુખનો ત્યાગ કર્યો છે અને આ નાશવંત સુખને પકડી બેસી ગયા છો માટે આપ જ ત્યાગી છો. આવા પરમસુખને લાત મારી માટે જ આપ તપસ્વી." રાજા વાતનો મર્મ સમજી ગયો. સાચી વાત તે સમજી ગયો. "આપ વળી આવા રાજ્યનો ત્યાગ કરીને મારા દર્શને આવ્યા છો તેથી પણ આપ મહાન ત્યાગી છો," યોગાનંદજીએ રાજા પરની પકડ મજબુત કરી. રાજાએ રાજપાટ છોડીને ત્યાં જ ત્યાગ સ્વીકાર્યો. તેને થઈ ગયું કે મારે આ દુઃખ નથી ભોગવવું.

જુઓ! કરોડપતિઓને, તેમને વાત કરવાનો પણ સમય નથી. તેમના યત્નનું મોટું ફળ તે ધન, જે નાશવંત છે. ક્ષણિક સુખને માટે ધનધાન્ય મેળવવા માટે તપ કરે તે તપસ્વી તપસ્વી. તો તેઓ પણ છે; પણ તે સાંસારિક તપસ્વી. મારે તેમને સાંસારિક તપસ્વી કહેવા પડે છે. કારણ કે સુખના રાશિ બ્રહ્માનંદનો પણ ત્યાગ કરે તે તો મહાન ત્યાગી અને મહાન તપસ્વી જ ને!? આ એક મહદ્ આશ્ચર્ય છે. તેમનો આ લોક અને પરલોક બંને બગડ્યા છે. મને મેળવવા માટે પ્રારબ્ધને જે ખર્ચી નાખે તે જ ખરો સંન્યાસી. મારે નિમિત્તે જે કંઈ કરે તેનું ફળ હું જ છું; તેનું ફળ બ્રહ્માનંદ;

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જ્યારે બીજા તો પ્રારબ્ધ ભોગવે છે અને નવા કર્મ બાંધે છે. પ્રારબ્ધાનુસાર કર્મો કરનાર ભલે પ્રારબ્ધ ભોગવે પણ મારા માટે જો કર્મ કરતો હશે તો તે નવું પ્રારબ્ધ બાંધતો નથી. મેં તને બે જાતના તપસ્વીની વાત કરી. તારે સાંસારિક તપસ્વી થવું હોય તો સાંસારિક તપસ્વી થા, સાચા સંન્યાસી થવું હોય તો સાચો સંન્યાસી થા. (૩૧)

एवं बहुविधा यज्ञा वितता ब्रह्मणो मुखे ।
कर्मजान्विद्धि तान्सर्वान् एवं ज्ञात्वा विमोक्ष्यसे ॥ ३२ ॥

આ પ્રમાણે જે અનેક પ્રકારના યજ્ઞો વેદોએ બતાવેલા છે, તે સર્વે કર્મોમાંથી ઉત્પન્ન થનારા છે એમ તું સમજ. તને આવું જ્ઞાન પ્રાપ્ત થતાં તું મોક્ષને પ્રાપ્ત થશે. (૩૨)

ઉપર બતાવેલા યજ્ઞોમાંથી કોઈપણ યજ્ઞ કરીશ તો તારો મોક્ષ થશે. પણ કોઈપણ યજ્ઞ કરતી વખતે જો લક્ષ્ય મારા (આત્મા) ઉપર નહીં હોય તો તે યજ્ઞ કેવળ મજૂરી જ ગણાશે. અને લક્ષ્ય મારું રાખીને યજ્ઞ કરીશ તો મને પામીશ, એટલે કે મોક્ષ મેળવીશ.

श्रेयान्द्रव्यमयाद्यज्ञाज्ज्ञानयज्ञः परंतप ।
सर्वं कर्माखिलं पार्थ ज्ञाने परिसमाप्यते ॥ ३३ ॥

હે શત્રુતાપન! દ્રવ્યથી સાધ્ય થનારા યજ્ઞો કરતાં જ્ઞાનયજ્ઞ શ્રેષ્ઠ છે; કારણ કે હે પાર્થ ! સર્વ કર્મોનો જ્ઞાનમાં જ અંતર્ભાવ થાય છે. (૩૩)

સર્વધર્મની જ્ઞાનમાં જ પરિસમાપ્તિ થાય છે. દ્રવ્ય યજ્ઞમાં તો માથાકૂટ જ થાય છે. બાહ્ય ક્રિયાઓમાંથી ક્રિયાકાંડ વધે છે અને તેમાં મૂળવસ્તુથી વંચિત રહેવાય છે. માટે જ્ઞાનયજ્ઞ જ શ્રેષ્ઠ છે. બીજું બધું નકામું છે. માટે તું જ્ઞાન પ્રાપ્ત કર. સર્વનું અંતિમ લક્ષ્ય જ્ઞાન; સર્વનું અંતિમ ફળ જ્ઞાન. જ્ઞાન થઈ ગયા પછી કર્મ રહેતું નથી. જ્ઞાનીનાં બધાં કર્મ છૂટી જાય છે. હે અર્જુન ! તું આ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જ્ઞાનયજ્ઞ કર. તારે કરવા જેવો યજ્ઞ જ્ઞાનયજ્ઞ છે, સર્વથી શ્રેષ્ઠ એ જ યજ્ઞ છે. જ્ઞાનયજ્ઞનું આચરણ જ્યાં થશે કે શરીરને સતાવતા વિષયો આપોઆપ શાંત થશે. (૩૩)

तद्विद्धि प्रणिपातेन परिप्रश्नेन सेवया ।
उपदेक्ष्यन्ति ते ज्ञानं ज्ञानिनस्तत्त्व दर्शिनः ॥ ३४ ॥

(એ જ્ઞાનને પ્રાપ્ત કરવાની ઈચ્છા હોય તો) તત્ત્વદર્શી જ્ઞાનીઓને નમસ્કાર કરીને તેમની સેવા કરતાં તથા તેમને પ્રશ્ન પૂછતાં તેઓ તને તે જ્ઞાનનો ઉપદેશ આપશે એમ જાણજે. (૩૪)

અર્જુનના મનમાં વિચાર આવ્યો કે એ જ્ઞાનયજ્ઞ કેમ કરવો ? સંશય થયો પણ તે બોલતો નથી.

અંતર્યામિ ભગવાન તેને જવાબ આપે છે કે તારે તત્વદર્શીઓ એટલે કે જ્ઞાનીઓ પાસે જવું. તેઓને સાષ્ટાંગ દંડવત્ નમસ્કાર કરવા. તેમને પ્રસન્ન કરીને, સેવા કરીને જ્ઞાન મેળવવું. આવા જ્ઞાનીઓના પગ દબાવો, તેમની ખાવાપીવાની વ્યવસ્થા કરો. તમે જિજ્ઞાસુ છો તેમ તેઓને લાગવું જોઇએ. તમે કોઈ બ્રહ્મજ્ઞાનસંપન્ન સંતોને શોધીને તેની સેવા કરો. તેઓ જ્ઞાનનો ઉપદેશ આપશે અને બીજી બધી માથાફૂટો દૂર થઈ જશે. (૩૪)

यज्ज्ञात्वा न पुनर्मोहमेवं यास्यसि पाण्डव ।
येन भूतान्यशेषेण द्रक्ष्यस्यात्मन्यथो मयि ॥ ३५ ॥

હે પાંડુ પુત્ર ! તે જ્ઞાન પ્રાપ્ત થવાથી ફરીથી આવો (ભેદરૂપી) મોહ તારામાં ઉત્પન્ન થશે નહિ અને એ જ્ઞાનના યોગથી એ સર્વ ભૂતોને તું તારામાં અને મારામાં જોઇશ. (૩૫)

બ્રહ્મજ્ઞાન સંપન્ન સંતોના ઉપદેશથી તારી ભેદબુદ્ધિનો સમૂળો નાશ થશે. બધું જ વિશ્વ તું મારામાં જોઈશ, પછી તું બધુંય વિશ્વ તારામાં જોઈશ. ત.રા સહિત બધું હું જ છું, સર્વ વસ્તુઓ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

હું જ છું. પૃથ્વી, આકાશ, પાતાળ વગેરે હું જ છું. એ જ્યારે પ્રતીતિ થશે ત્યારે જ્ઞાનની પરિસમાપ્તિ થઈ ગણાશે. આ ક્યારે થાય ? જ્ઞાનીના પદસેવનથી. તેથી તને બ્રહ્મજ્ઞાન મળશે. વિશ્વમાં આત્મા સિવાય બીજું કંઈ નથી એવું જ્યારે તને જ્ઞાન થશે ત્યારે તું રહેશે જ નહિ; કેવળ બ્રહ્મ જ રહેશે; આ છે જ્ઞાનની પરિસમાપ્તિ. જ્યાં સુધી તે પરિસમાપ્તિ નથી થઈ ત્યાં સુધી કર્મ તો કરવા જ પડશે. જ્યારે કર્મોનું બ્રહ્માર્પણ થશે ત્યારે તને જ્ઞાન પ્રાપ્ત થશે. અને તું નર મટીને નારાયણ થઈશ. (૩૫)

अपि चेदसि पापेभ्यः सर्वेभ्यः पापकृत्तम ।
सर्वं ज्ञानप्लवेनैव वृजिनं संतरिष्यसि ॥ ३६ ॥

તું જો બીજા સર્વ પાપીઓ કરતાં વધારે પાપી હોઈશ, તોપણ જ્ઞાનરૂપી નૌકાના સેવનથી સકળ પાપરૂપી સમુદ્રને અનાયાસે તરી જઇશ, ૩૬.

અત્યાર સુધીમાં તેં ગમે તેટલાં પાપ કર્યાં હશે દુરાચાર કર્યા હશે, પાપીઓમાં પણ અતિપાપી હોઈશ. તો પણ જો તું આ જ્ઞાન નૌકામાં બેસીશ તો ભવસાગર તરી જઈશ. આ ઉત્તમ જ્ઞાનયોગનું જો કોઈ આચરણ કરે તો તેને બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થઈ જાય. કોઈ સંત પાસેથી આ જ્ઞાન મેળવી લેવું જોઈએ.

ભગવાન પોતે જ અર્જુન ને આ સમજ પાડે છે. ભગવાન બધા જીવોને આ ઉપદેશ આપે છે.

પ્રસન્નચિત્તથી સંતોની સેવા કરો. તેઓ જે કંઈ કહેશે તેમાંથી થોડાનું પણ આચરણ થશે તો બધુંય અંધારું નાશ પામશે. એક ઓરડામાં ગમે તેટલું રૂ પડ્યું હોય, જૂનું હોય, ખરાબ થયેલું હોય પણ દિવાસળી ચાંપી કે બધુંય રૂ નાશ થવાનું. જ્ઞાન દિવાસળીથી હૃદયમાં જામેલા અંધકારનો નાશ થઈ જાય છે. "હું બ્રહ્મ છું"—એવી દૃઢતા આવ્યા પછી બધું પાપ નાશ પામી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જશે. આ પાપ નાશ પામી જશે. આ પાપ, આ પુણ્ય–એ ભેદભાવ દૂર થવો જોઈએ. આ ભેદભાવની ભાવના કાઢી નાખવી પડશે. આ ભક્ત છે, આ અભક્ત છે; આ મિત્ર છે આ અમિત્ર છે; આવા ભેદો એ અજ્ઞાનીનું લક્ષણ છે. પાપીના મનમાં પણ સર્વત્ર ભગવાન જ વ્યાપ્ત થયેલો છે; હું અજન્મા છું; હું અકર્તા છું —એ જ્ઞાન થાય કે બસ. પછી તે ખૂની હોય તોપણ સમજી જશે કે ચૈતન્યનો નાશ થતો નથી. મેં પાપપુણ્ય કર્યું નથી, હું તો અકર્તા છું. તેના મનમાં જે ડંખ હતો તે નીકળી ગયો. સંકલ્પનો નાશ થવાથી શું ખૂન થાય છે? આ જગત તો મારો સંકલ્પવિકલ્પ છે. તેમાં કોણ કોનો નાશ કરે? એ જ્ઞાન થયા પછી પાપ કેવું? શરીર સહિત જગત મિથ્યાછે એમ સમજે પછી એક લાખ પાપ કર્યા હશે, એક લાખ ખૂન કર્યા હશે તોપણ માફ થઈ જશે. "અહં બ્રહ્માસ્મિ"—એ ઉત્તમ નૌકા છે, તેની ઉપર બેસી જા. પાપપુણ્યની, કર્તાપણાની ભાવના દૂર કરીને જે કંઈ કર્મો આવે તે ઇશ્વરને અર્પણ કર. બ્રહ્માર્પણ કરીને કર્મ કરતો જા. આનું નામ આત્મયજ્ઞ. આનું નામ બ્રહ્માર્પણયજ્ઞ. આજ આત્મયોગ અને આ જ નામ જ્ઞાનયોગ. (૩૬)

यथैधांसि समिद्धोऽग्निर्भस्मसात्कुरुतेऽर्जुन ।
ज्ञानाग्निः सर्वकर्माणि भस्मसात्कुरुते तथा ॥ ३७ ॥

હે અર્જુન પ્રજ્વલિત થયેલો અગ્નિ જેવી રીતે કાષ્ટને ભસ્મ કરી નાખે છે, તેવી જ રીતે જ્ઞાનાગ્નિ સર્વ કર્મોને ભસ્મ કરી નાંખે છે. (૩૭)

અગ્નિ તો જે કંઈ હોય તેને બાળવાનું જ કામ કરે. તે કદી વિવેક નહિ વાપરે. તેને પાપ કે પુણ્ય કશું નથી. તે નિષ્કામ ભાવે કર્મ કરે છે. વરસાદ બધાને પલાળે, બીજ વાવો કે ન વાવો, જમીન સારી કે ખરાબ હોય પણ વરસાદ બધેય વરસશે. જ્ઞાન થશે ત્યારે પાપપુણ્ય, સારું ખરાબ, એ બધાં દ્વંદ્વોનો હોમ થઈ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જશે, બધાં દ્વંદ્વો બળીને ભસ્મ થઈ જશે. કેવળ હું જ રહી જશે. છેવટે "હું" જ રહ્યો. પહેલાં પણ "હું" જ હતો. વચમાં જગત, સુખદુઃખ, અજ્ઞાન અવસ્થા—આ બધું લાગતું હતું. એ મિથ્યા-વસ્તુનો નાશ થયો. સુખદુઃખ, કામક્રોધ, ષડ્રિપુઓ અને સર્વ વિષયો આ હવનમાં હોમાઈ ગયા. કોઈપણ ન રહ્યું. કેવળ હું જ રહ્યો. પૂર્વે પણ હું જ હતો. છેવટે હું રહ્યો. મધ્યમાં બીજું અજ્ઞાના-વસ્થાથી દેખાતું હતું. બીજું તો હતું જ નહિ. વચગાળાના મિથ્યાજ્ઞાનનો સદ્ગુરુ પાસે જવાથી નાશ થયો. જ્ઞાન થવાથી અજ્ઞાનનો નાશ થાય. માટે જ સદ્ગુરુની સેવા પ્રસન્ન ચિત્તે કરો તો બોધ મળશે. તમારામાં જીજ્ઞાસુવૃત્તિ જોશે તો કોઈ પણ સમજણ પાડશે. જ્ઞાન થશે તો તારાં કર્મો નાશ પામશે. મોહ દૂર કરવા માટે જ્ઞાનની જરૂર છે. આ યુદ્ધ નહિ કરે ત્યાં સુધી આ જ્ઞાન થવાનું નથી.

પોતે જ પોતાના સદ્ગુરુ છે. છતાં તમે સદ્ગુરુ પાસે જાઓ એમ સલાહ તો આપવી જોઈએ ને! પહેલાં કોણ સમજાવશે? ગુરુ જ સમજાવેને! જીજ્ઞાસુવૃત્તિ જુએ તો ગુરુ સમજણ પાડે. પછી તેની મેળે જ જ્ઞાન થઈ જશે. જો ઇશ્વરાર્પણ બુદ્ધિથી તું કર્મનું આચરણ કરીશ તો આ જ્ઞાન તને આપોઆપ થશે. જ્યાં સુધી કર્મ ખપે નહિ ત્યાં સુધી તો જ્ઞાન થવાનું નથી. છેવટ સુધી તું કર્મ કર્યે જા. કર્મને અંતે હું ઊભો છું. કર્મ એટલે પ્રારબ્ધ. પ્રારબ્ધના અંતે તો હું જ છું. હું તો છું જ પણ કર્મ-રૂપી પડદાને લીધે, અજ્ઞાનરૂપી પડદાને લીધે તને દેખાતો નથી. જ્યારે આ પડદો ખસી જશે, જ્યારે આ કર્મો ખપી જશે ત્યારે એની મેળે જ જ્ઞાન થશે. કર્મ ઇશ્વરાર્પણ કરતો જા. કર્મો બળી જ જવાના. જે કર્મ મારા નિમિત્તે થાય તે કર્મ કર્મ રહેતું નથી, તે યજ્ઞ છે. અંતરમાં નિષ્કામભાવ નહિ હોય પણ જો કામના જ હશે તો તેનું ફળ હું નથી. નહિ તો નામે નામે યજ્ઞ એવો નામયજ્ઞ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

થયા કરશે. મારો નામયજ્ઞ જે કરે તેને મારું ફળ મળે. નિષ્કામ-ભાવની ભાવના રાખ. આ યજ્ઞોના ફળની ઇચ્છા છોડી દે. આપણે તો અધિકમાસમાં જ ભજન થાય! એના નસીબમાં જ્ઞાન ક્યાંથી હોય? તેમના કલ્પેલા રૂપે હું તેમને પ્રાપ્ત થાઉં.

ઈશ્વરાર્પણ બુદ્ધિથી કર્મ કરવા એ ભગવાનને મેળવવા માટે સહેલામાં સહેલો યજ્ઞ છે. ભગવાનના એકકે નામે એકકે યજ્ઞ થાય. નામયજ્ઞ નિષ્કામ ભાવે શરુ કરો. એ યજ્ઞના આચરણથી ગુરુ વગર પણ જ્ઞાન થઈ જાય. અગાઉ કહી ગયેલા યજ્ઞોમાં તો ગુરુ પાસે જવાની પણ જરૂર પડે; નામયજ્ઞમાં તો ગુરુની પણ જરૂર નથી. કોઈ પણ હોય, સ્ત્રી હોય, પુરુષ હોય, બાળક હોય; ગમે તે હોય પણ કર્તાપણાના ભાવ વગર નામસ્મરણ કર્યા કરે, તેનું ફળ ભગવાન જ છે. દર્શનની પણ ઇચ્છા નહિ રાખવી. ફક્ત રામ રામ કરવાનું. નાના છોકરાને ઊંઘમાં દૂધ પાઓ તો તેને ખબર નહિ પડે. જેવી સ્થિતિ તેની છે તેવી સ્થિતિ તમારી થઈ જશે. બધાં કર્મો આપોઆપ થઈ જશે, બધાં કર્મો સહજ થઈ જશે. બાળક-સમાન મનની સ્થિતિ થઈ જાય પછી આત્મજ્ઞાન એની મેળે જ થઈ જશે. આ સહેલો યજ્ઞ છે. એના જેવું પવિત્ર કાંઈ નથી.

આવી રીતે નિષ્કામભાવે આ નામયજ્ઞ કરે તેને જ્ઞાન થશે. સકામભાવનાવાળાને કીર્તિરૂપે હું મળું, પૈસારૂપે હું મળું પણ તેમનું નાવડું ડૂબતું જ રહેવાનું. નિષ્કામભાવે ભજન કરો, સતત નામ-યજ્ઞ કરો તો છેવટનું ફળ હું જ છું. (૩૮)

श्रद्धावाँल्लभते ज्ञानं तत्परः संयतेन्द्रियः ।
ज्ञानं लब्ध्वा परां शान्तिमचिरेणाधिगच्छति ॥ ३९ ॥

પરમ શ્રદ્ધાવાન, જ્ઞાનપ્રાપ્તિ માટે તત્પર, અને જીતેન્દ્રિય, પુરુષને જ્ઞાન પ્રાપ્ત થાય છે. અને તે પ્રાપ્ત થયા પછી તરત જ ઉત્તમ શાંતિ મળે છે. (૩૯)

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આ પહેલાના શ્લોકોમાં ઘણા યજ્ઞો દર્શાવ્યા છે. કોઈપણ યજ્ઞ કરો પણ શ્રદ્ધા જોઇએ. શ્રદ્ધા ન હોય તો મારાથી એક પણ વસ્તુ નથી થવાની. શ્રદ્ધાનો અભાવ હોય પછી ભલેને તે વિદ્વાન હોય તો પણ ગધેડો છે. વેદો, સ્મૃતિ, ઉપનિષદ વગેરે થોકડાબંધ વાંચ્યે જ જાય, અંગ્રેજીમાંથી સંસ્કૃતમાં અને સંસ્કૃતમાંથી ગુજરાતિમાં તત્ત્વ શોધ્યા જ કરે પણ તેથી જ્ઞાન ન થાય. **यथा खरश्चंदन-भारवाही भारस्य वेत्ता न तु चंदनस्य ।** એવી તેની સ્થિતિ છે. તે ગધેડાની જેમ બોજો ઊંચકે છે. તેને ચંદનની સુવાસ શું છે તે ખબર નથી. તેને શ્રધ્ધા જ નથી. એક નામ પર જ શ્રદ્ધા રાખો. હું ક્યાં નથી? તમારામાં શ્રદ્ધાનો અભાવ છે તેથી તમે શોધાશોધ કરો છો. શ્રદ્ધા વગરના પુરુષને કદી જ્ઞાન થતું નથી.

દ્રઢ શ્રદ્ધા માટે એક દ્દષ્ટાંત કહું.

કોઈ રાજા હતો. તેનો પુત્ર હરિહર થઈ ગયો એટલે કે મૃત્યુ પામ્યો. રાજાને અત્યાર સુધી દુઃખ શું કહેવાય તેની ખબર ન હતી હવે તેને માથે દુઃખ આવી પડ્યું. હવે તે સત્સંગમાં જવા લાગ્યો. જે કોઈ સંતમહાત્મા આવે તેને એ પૂછતો, " મારો પુત્ર ક્યાં ગયો છે!" કોઈ સંતે તેને કહ્યું, " તમે સેવા કરો." રાજા સેવા કરવા લાગ્યો. કોઈ કહે, " તમે ભેટ સોગાદ આપો." રાજા ભેટ સોગાદ આપવા લાગ્યો. ભેટસોગાદ આપતાં પણ તે થાક્યો. એવામાં તેને ત્યાં એક સાચા મહાત્મા આવી ચઢ્યા. રાજાએ તેને એ જ પ્રશ્ન પૂછ્યો, "મારો પુત્ર ક્યાં ગયો હશે?" સંતે કહ્યું, " તારો પુત્ર નારાયણ પાસે ગયો છે. રાજાએ પૂછ્યું, " નારાયણ ક્યાં છે?" સંતે કહ્યું " નારાયણ તને સમુદ્રકિનારે મળશે, (નારા=જલ) માટે તું ત્યાં જા." મહાત્મા તો બ્રહ્મજ્ઞાની હતાં. તેમણે શિષ્યને શ્રદ્ધા કરાવી દીધી. રાજા જઈને સમુદ્રકિનારે નારાયણના ધ્યાનમાં બેસી ગયો. ત્યાં તો એક મોટું માછલું આવ્યું અને તરફડવા લાગ્યું.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ભગવાન જ આ માછલાના રૂપે આવીને તરફડતા હતા. રાજાને વિચાર થયો કે આ માછલું કેમ તરફડતું હશે? ત્યાં તો માછલાએ કહ્યું, "હે રાજા, હું પાણી વગર તરફડું છું. રાજાએ તેને કહ્યું, "મૂરખ, પાણીમાં રહી પાણી માટે તરફડે છે! જરા મોઢું નીચું કરીને જોઈએ તેટલું પાણી તું પી. તું પાણીમાં તો છે જ. "માછલાએ રાજાને કહ્યું," તું પણ મૂરખ છે. નારાયણને ક્યાં શોધે છે? તારામાં જ નારાયણ છે. બહાર ક્યાં શોધે છે? આ બધામાં, સર્વત્ર નારાયણ જ છે. જરા અંતરમાં ઉતર અને તપાસ કર, નારાયણ તારામાં જ છે. બહાર શોધતો તું આડેઅવળે માર્ગે ન જા. તું પણ મારી માફક નીચો વળી અંતરમાં અંદર જો. તારા અંતરમાં ચિત્તરૂપી નારામાં (જલ) પ્રકાશી રહેલો પ્રકાશક આત્મસ્વરૂપે હું અપરોક્ષ રહેલો છું." રાજાને જ્ઞાન થયું. નાચતો, કૂદતો આનંદમાં તે ઘેર આવ્યો. હવે શોક શાનો રહે?

આવી શ્રદ્ધા હોવી જોઈએ. નારાયણ સમુદ્રકિનારે છે એ વાક્ય પર તેણે શ્રદ્ધા રાખી. શ્રદ્ધા ન હોય તો બહારનું વાચન અફળ જાય. આ સાચું કે પેલું સાચું એવા વિચારમાં અટવાયા કરે. આવાને જ્ઞાન કેમ થાય? જે જાત જાતના વિચાર કરે તેને જ્ઞાન કેમ થાય? ગુરુ ઉપર શ્રદ્ધા રાખે તેને તો જ્ઞાન તરત જ થઈ જશે. એક નિષ્ઠાથી શ્રદ્ધા કેળવીને, એકને જ પકડીને બેસી જાઓ. પૂર્વપ્રારબ્ધ કર્મોનો ક્ષય થશે. ગુરુ ઉપર શ્રદ્ધા રાખો તો જ્ઞાન જરૂર થઈ જશે. નિષ્કામભાવે જે કર્મ કરે, ભજન કરે તો તેને દુઃખ જ નથી હોતું. તેને કોઈ ભવરોગ સતાવતા નથી. મનમાં પણ ઇચ્છા ન જોઈએ. બહારનો ડોળ તો ઘણાં કરે. કે અમે નિષ્કામ થઈ ગયા પણ અંતરમાં કદી પોતાને માટે કદી વિચાર કર્યો કે શું ખરેખર અમે નિષ્કામ થઈ ગયા?

એ મહાત્મા ગામમાં આવેલા. રોજ કથા કરે. ગામમાં એક

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શેઠ રહે. તેને ઇચ્છા થઈ કે આ બે મહાત્માઓમાં નઃસ્પૃહી કોણ છે તે જોવું જોઈએ. પ્રથમ તો શેઠે પોતાના નોકરને આ મહાત્મ ઓ પાસે વારાફરતી મોકલ્યા. શેઠના શીખવ્યા મુજબ નોકરે મહાત્માને કહ્યું કે આ શેઠ શ્રીમંત છે. તમારા ઉપર ખુશ થશે તો ન્યાલ કરી દેશે. સાંજે શેઠ કથામાં આવ્યા. અને વચમાં આવીને બરાબર મહાત્માનું ધ્યાન જાય તેમ બેઠા. મહારાજ કથા કરે પણ ધ્યાન તો શેઠ સામે. પછી થોડીવારે શેઠ બીજા મહાત્માની કથામાં ગયા; ત્યાં પણ એ જ સ્થિતિ. લક્ષ્મી તો મહારાજોને પણ સતાવે છે. (શેઠ એટલે લક્ષ્મી) તે જ્યાં જાય ત્યાં બધાનું ધ્યાન ખેંચાય. આવા મહાત્માઓ ભગવાનનું ભજન વિષયોને પોષવા માટે કરે છે. લક્ષ્મીની ઇચ્છા છે તો હું પ્રાપ્ત થતો નથી.

આ બે મહાત્માઓ નદીકિનારે ઊભાં ઊભાં સવારમાં તપસ્યા કરે. બંનેની વચ્ચે રૂપિયાની એક થેલી મૂકીને શેઠ ન્હાવા ગયા. શેઠ નાહીને આવ્યા અને જુએ તો બંને મહાત્માઓ થેલીની ખેંચાખેંચ કરતા હતા, થેલીની ખેંચાખેંચી જોઈને શેઠે આવીને બંનેને શાંત કર્યા અને પછી પોતાની થેલી લઈને ચાલ્યા ગયા. તપસ્યા પણ ફોગટ ગઈ અને પૈસા પણ ન મળ્યા. આવી દષ્ટિથી ભજન કરીએ તો તે ભજન ફોગટ જાય. જો ઈશ્વરાર્પણ બુદ્ધિથી ભજન કરો, મારું એક વખત પણ નામ લેશો તો એ યજ્ઞ છે. એ સિવાયના બીજા યજ્ઞો તે યજ્ઞ નથી.

ઘણા લોકો બૈરી, છોકરાં, મકાનો વગેરે માટે ભજન કરે છે. ઇચ્છાથી કરાતા યજ્ઞો નકામા છે. શ્રદ્ધાપૂર્વકનો જપ જે કરે; નારાયણ, નારાયણ કર્યા કરે, જેને ભગવાનના દર્શનની પણ પડી નથી તેવા નિષ્કામયજ્ઞ કરનારનું ફળ ભગવાન જ હોઈ શકે. કોઈ પણ સ્થળે ભટકવાની જરૂર નથી. અંદર છે એ બહાર છે. ઢૂંઢશો ક્યાં ? " બાહીર ભીતર એક હી જાનો, યહ ગુરુ જ્ઞાન બતાઈ. " (નાનક)

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

"અમે તો સંસારયજ્ઞ કરીએ ત્યાં નામયજ્ઞ પર પ્રેમ શાનો થાય? સંસારયજ્ઞ ખરેખર મહાન છે! રાતથી સવાર સુધી નામું લખીએ તે યજ્ઞ." આમ કહેનાર લોકોને શું કહેવું?

આ દુઃખયજ્ઞ છે અને તેમાંથી દુઃખનારાયણની પ્રાપ્તિ થાય છે. દુઃખ એટલે મરણ અને સુખ એટલે અમરતા. ભક્ત અમર થઈ જાય છે. હે અર્જુન! અજામિલ જેવો પાપીમાં પણ અતિપાપી હોય પણ નિષ્કામ ભાવે યજ્ઞ કરે તો હું લેવા આવીશ. સકામ ભાવે કરે તો પાડા પર બેસીને યમ આવશે. જે કોઈને સાધો તે તમને મળશે. નિષ્કામ ભક્તો માટે તો મારે વૈકુંઠ છોડીને આવવું પડશે. જે નિઃસ્પૃહી હોય અને જે સાંસારિક વિષયોને નામયજ્ઞમાં હોમે ત્યાં તો મારે દોડવું પડે. જે શ્રદ્ધાપૂર્વક ભજન કરે, યજ્ઞ કરે તેને જ્ઞાન થશે. નિષ્કામભાવે દાન કરે તો કેટલી શાંતિ મળે? દાન આપતી વખતે ચિત્ત શાંત રાખવું, ચિત્ત મને અર્પણ કરવું. નિષ્કામભાવે કરેલું દાન ઉત્તમ છે. સાંસારિક કર્મો જો નિષ્કામભાવે કરો તો તેનું ફળ હું જ છું. સંસારમાં જો નિષ્કામભાવે રહો તો તે યજ્ઞ છે. સગાંવહાલાંને ભગવાન સમજી ઇશ્વરાર્પણ બુદ્ધિથી તેમની સેવા કરો તો તે મારી જ સેવા છે. લૂલાંલંગડાંની, દરિદ્ર-નારાયણોની નિષ્કામભાવે સેવા કરો તો તે મારી પૂજા જ છે. હું ક્યાંય નાસી જવાનું નથી કહેતો. કોઈ પણ સેવા નિષ્કામભાવે કરો તો તે મારી જ સેવા છે. સ્વાર્થભાવનાથી કરાતા યજ્ઞોનું ફળ હું નથી. એકનું સહસ્રઘણું મેળવવા માટે કરાતા યજ્ઞનું ફલ હું નથી. જે નિષ્કામભાવે મારી જ સેવા કરે છે તે તો એમ સમજે છે કે એ બધામાં હું છું. એમની સેવાનું ફળ હું જ છું.

એક બાઈનો વર વિલાયત ગયો હશે. આ બાજુ તેમનો પુત્ર મરી ગયો. બાઈએ તેના ધણીને ખબર ન આપ્યા. બે વર્ષ થયા બાદ તેનો વર આવ્યો અને પૂછ્યું કે "બાબો ક્યાં છે?"

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

બાઈએ કહ્યું, "કોઈ પાડોશીએ આપણને કંઈ આપ્યું હોય તો પાછું આપવું જોઈએ ને? તેના વરે કહ્યું, "આપવું જ જોઈએ. જે ન આપે તે મૂર્ખ ગણાય." બાઈએ કહ્યું, છોકરો જેનો હતો તેને સોંપી દીધો." ઈશ્વરાર્પણ બુદ્ધિથી જેનું લેણુંદેણું હોય તેને પાછું આપી દેવું જોઈએ. આપણું તો કંઈ હતું જ નહિ. જેણે આપ્યો તેણે લઈ લીધો." ધણી તો ગુપચુપ બેસી જ રહ્યો.

ધન ચાલ્યું જાય છે, પુત્ર ચાલ્યો જાય છે, બધુંય નાશ પામે છે. ન જાય એવી વસ્તુ તે જ્ઞાન. એ હું જ છું. મને મેળવવા માટે પ્રયત્ન કરવો જોઇએ. અજ્ઞાનાવસ્થામાં મને સૌ ભૂલી જાય છે, અને તેથી તેઓને ઘણું દુઃખ થાય છે. કર્મ કરો અને બ્રહ્માર્પણ કરો. કરવું અને ભૂલવું. ફળની આશા રહેતો યાદ રહે ને! નામું ન જ રાખવું કે જેથી દુઃખ થાય. નોંધ જ ન રાખવી. દાનપૂણ્યની નોંધ રખાય જ નહિ. સેવા કોને માટે? બીજું કોઈ હતું કે જેની તું સેવા કરે? એ તો તારી જ સેવા થઇને? બીજું તો કોણ હતું? મારા હાથ પર કે માથા પર વાગે અને પાટો બાંધુ તો મારી જ સેવા થઈને? શું હાથે પાટો બાંધીને કહેવા જાઉં કે મેં મારી સેવા કરી? આ અનંત ચરાચર વિશ્વમાં સર્વત્ર હું—જ રહેલો છું.

આ વિશ્વ એટલે ભગવાનનું શરીર. આપણું શરીર એ નાનું વિશ્વ. આ હાથ આ હાથની સેવા કરે, મારા શરીરનો જ એક ભાગ છે એમ સમજીને સેવા કરે તો તે તરી જશે. આ વિશ્વ ભગવાનનું જ શરીર છે. ભેદભાવથી કરાયેલી વસ્તુઓ નિષ્ફળતાને પામશે.

સર્વત્ર હું છું એ ભાવનાથી કોઇપણ યજ્ઞ કરે તો મને જ મેળવે. હું જ તેનું ફળ છું. આવું જ્ઞાન જેને થઈ ગયું છે તેને હું જ મળવાનો છું. (૩૯)

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

अज्ञश्चाश्रद्दधानश्च संशयात्मा विनश्यति ।
नायं लोकोऽस्ति न परो न सुखं संशयात्मनः ॥ ४० ॥
योगसंन्यस्तकर्माणं ज्ञानसंछिन्नसंशयम् ।
आत्मवन्तं न कर्माणि निबध्नन्ति धनंजय ॥ ४१ ॥

ભગવદ્‌વિષયને ન જાણનારો અજ્ઞાની, અશ્રદ્ધાળુ અને સંશયયુક્ત પુરુષ નાશને પામે છે. (સ્વાર્થથી વંચિત થાય છે અને તે શંકાશીલ પુરુષ આ લોક, પરલોક, તથા મોક્ષસુખને પણ પામતો નથી. હે અર્જુન! યોગદ્વારા જેણે સર્વકર્મોનો સંન્યાસ કરેલો છે ને જ્ઞાનદ્વારા જેના સંશયોનો લોપ થયો છે, અને જેને આત્મસ્વરુપ પ્રાપ્ત થયેલું છે એવા આત્મજ્ઞાનીને કર્મનું બંધન પ્રાપ્ત થતું નથી. (૪૦, ૪૧.)

ઉત્તમ એવું સ્વરૂપજ્ઞાન જેને પ્રાપ્ત થયું નથી તેના કમભાગ્યની શી વાત કરવી? જેને જીવભાવમાં જ રહેવું છે, શિવભાવમાં જેને આવવું નથી, જેને સ્વરૂપ પર પ્રીતિ નથી તેને રોજ દુઃખ જ છે. તેમના દુઃખની સીમા નથી. ખાવાપીવામાં, હરવાફરવામાં, ટ્રામમાં કે ગાડીમાં ક્યાંય તેને સુખ નથી. શાંતિ તેને મળતી જ નથી. સંશયવાળા લોકોને નથી શાંતિ કે નથી સુખ. આ વાત ભગવાન શા માટે કહે છે? બે વસ્તુ ભગવાન મૂકે છે; જ્ઞાન અને અજ્ઞાન.

હે અર્જુન! ઉત્તમ વસ્તુ તો જ્ઞાન છે, તે તો પહેલાં મેં કહી દીધું. હવે આ દુઃખની, અજ્ઞાનની વસ્તુનું વર્ણન કરું છું. તું મોહવશ થઈને દુઃખ તરફ જઈ રહ્યો છે. તું કહે છે કે મારાથી આ નહિ થાય. પૂર્વની વાસનાથી તને આ કર્મ મળ્યાં છે. તેમાં તારાથી પાછા કેમ પડાય? કર્મ કરવાનું માથે આવ્યું તેને છોડી દેવું એ અજ્ઞાનનું કારણ છે; કર્મો છોડી દેતાં એ તો કર્મ બંધન છે. આ કર્મબંધનમાં જે ફસાય તે તો કમભાગી છે. બીજી રીતે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જોઈએ તો બધાય લોકો કર્મ કરે છે. આ બધા શું જ્ઞાની છે? કર્મ તો હું કરું છું એમ માનીને કોઈને આનંદ થઈ આવે તો માની લેવું કે તેને જ્ઞાન થઈ ગયું છે?

આ સાંભળીને અર્જુનનું મોંઢુ પડી ગયું.

જે નિષ્કામબુદ્ધિથી કર્મ કરતો હોય તેને જ જ્ઞાન મળે છે. જો કોઈ સામે આવેલાં કર્મને છોડી દે તો તેને જ્ઞાન ન થાય. આ બેઉ જણા અજ્ઞાની છે. કર્મોનો ક્ષય ન થાય ત્યાં સુધી કર્મ કરવાં જ પડે. કર્મ નહિ કરવું હોય તો પણ પ્રકૃતિ પરાણે કર્મ કરાવશે. **निग्रहः किं करिष्यति ।** કર્મ કરતાં કરતાં પ્રસન્નતા રાખવી. અખંડ પ્રસન્નતા એ તો આત્મજ્ઞાનીની સ્થિતિ. પછી તે ઝાડુવાળો હોય કે હાથી ઉપર બેઠો હોય. આ તો ભક્તિ કરનારની જ સ્થિતિ છે. જે મારી નિષ્કામભાવે ભક્તિ કરે તેનામાં સમાનતા આવે, તેના ભેદભાવો નીકળી જાય. નિષ્કામભાવથી ભક્તિરૂપી યજ્ઞો કરે તેના સાંસારિક કર્મો બ્રહ્માર્પણ થઈ જાય. નિષ્કામબુદ્ધિથી મારા નિમિત્તે નાનામાં નાનું કાર્ય કરે તો **स्वल्पमप्यस्य धर्मस्य त्रायते महतो भयात्** એ રીતે તે નાનું કાર્ય મોટું ગણાશે. ભક્તિ એટલે પ્રેમ. નિષ્કામભાવ એટલે પ્રેમ. સ્વાર્થબુદ્ધિથી જે કંઈ થાય તેમાં નાશવંત, સાંસારિક ફળો મળે. મારા નિમિત્તે જે કોઈ કંઈ કરે તેને હું મળું છું. હું સર્વત્ર છું. તેને તમે કયા સાધનથી પ્રાપ્ત કરશો? તમે મને સર્વત્ર જોતા નથી. તમે નિષ્કામભાવથી કર્મ કરો. જે સર્વત્ર બ્રહ્મને જુએ છે તેનાં જ બધાં કર્મો લુપ્ત થઈ જાય છે. મને પ્રાપ્ત કરવો હોય તો હું સુલભ છું. વિષયી જીવોને માટે હું દુર્લભ છું. ખરી રીતે દુર્લભ જેવું કશુંય નથી. મારે માટે જેના મનમાં સહેજ પણ ઇચ્છા છે તેને બારણે તો હું આંટા મારું છું. તેને હું જ સમજાવી દઉં છું કે બધું જ હું છું.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

નારાયણ વૈકુંઠમાંથી એકવાર બહાર ગયા. શેષનાગનું આસન છોડીને અદશ્ય થયા. નારદજી ત્યાં આવ્યા અને લક્ષ્મીજીને પૂછ્યું, "ભગવાન ક્યાં ગયા છે?" તે કહે, "કોને ખબર!" લક્ષ્મીજી તો માથે હાથ દઈને બેઠેલા. લક્ષ્મીજી અને ઉત્તમ એવું વૈકુંઠ છોડીને હું ભક્તોને માટે બહાર આંટા મારતો હોઉં છું. નારદને થયું કે કોઈ ભક્ત મળી ગયા હશે. હું વૈકુંઠમાં ન મળું તો સમજવું કે કોઈ ભક્તને ત્યાં હું છું એમ નારદજીને તો મેં કહી રાખ્યું છે.

હું સહજ છું, જે પ્રયાસ કરે છે તેને માટે. જેના મુખમાંથી રામનું નામ નીકળે છે તેને કંઈ જ્ઞાનને માટે પ્રયત્ન કરવાનો નથી. કાળે કરીને તેને હું પ્રાપ્ત થાઉં છું. સગુણ કે નિર્ગુણ કોઈપણ ભાવે તેને હું મળું છું. હું તેની બધી ઇચ્છાઓ પૂરી કરું છું. મારે નિમિત્તે જે યજ્ઞ કે ભજન કરે ત્યાં તો હું આંટા મારતો હોઈશ.

જે ભજન કરતા નથી તેવા સંશયીલોકોના કમભાગ્યની શી વાત કરું? સંશયીનું કર્મ તો હું જ કરું છું ને? આ મારી લીલા જ છે. ભાગ્યવાન અને કમનસીબ એ બધાં—આ લીલાના નટો છે. બધાંમાં હું જ છું. કોઈને મારે પાપી કહેવા પડે. મારા જ આ બે સ્વરૂપો છે. મારા જ શરીરના અંગો છે. વૃત્તિને હું કમભાગી કહું છું અને ગાળો આપું છું. બાકી તો બધાં મારાં જ સ્વરૂપો છે. છતાં મારે આ બે ભાગ કરવા પડ્યા છે. (૪૦,૪૧)

तस्मादज्ञानसंभूतं हृत्स्थं ज्ञानासिनात्मनः ।
छित्त्वैनं संशयं योगमातिष्ठोत्तिष्ठ भारत ॥ ४२ ॥

માટે હે અર્જુન? અજ્ઞાનથી ઉત્પન્ન થયેલા હૃદયના આ સંશયનો જ્ઞાનરૂપી શસ્ત્રથી વધ કરી, (ઈશ્વરાર્પણરૂપ) કર્મયોગનું અવલંબન કર અને યુદ્ધ માટે ઊઠીને ઊભો થા. (૪૨)

જ્ઞાનયોગનું અવલંબન કર અને યુદ્ધ માટે તૈયાર થા. સંશય ઓછો થાય તો બધું કામ થઈ જાય. સંશય દૂર થયો કે હું મળ્યો.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સંશય ભયંકર બળવાન તત્ત્વ છે. જ્યાં સુધી શંશય જતો નથી ત્યાં સુધી ભગવાન મળતા નથી. સંશયનો પડદો ચીરવા, તર્કવિતર્કના મોટા જબરદસ્ત પડદા ચીરવા, તું પ્રેમની તલવાર વાપર. પ્રેમરૂપી તલવારથી સંશયને છેદી નાંખ. શાસ્ત્ર જ્ઞાનીઓ અને યોગીઓ તો તર્કવિર્તકના સંશયોમાં જ નાશ પામે છે. તેઓ અભિમાની હોય છે. ભજનની વાતમાં પણ તેઓને સંકલ્પ વિકલ્પ આવે છે. ઋષિઓને પણ અભિમાન થાય છે. શાસ્ત્રોની સેવા કરે તો શાસ્ત્રજ્ઞાન થાય, પરોક્ષ જ્ઞાન થાય પણ અનુભવજ્ઞાન ન મળે, એટલે કે અપરોક્ષ જ્ઞાન ન થાય. શાસ્ત્રોના વધારે પઠનપાઠનથી તો સંશયો વધે. મારે તને વેદોના ભ્રાંતિચક્રમાંથી કાઢવો છે. બીજા અધ્યાયનાં બેતાલીસમાં શ્લોકમાં આ ભ્રાંતિચક્ર વર્ણવ્યું છે. આજ સંશયવૃત્તિ. કર્મ બ્રહ્માર્પણ કરો. ભજનનું કર્મ કરતા જાઓ, દાનનું કર્મ કરતાં જાઓ અને બ્રહ્માર્પણ કરો. મને અર્પણ કરો તો જ્ઞાનયોગ સમજાઈ જશે. જ્ઞાનયોગ સહેલો છતાં અઘરો છે. કર્મ બ્રહ્માર્પણ કરો તો જ્ઞાનયોગ સુલભ છે; સ્વાર્થવૃત્તિના કામો કરો તો અઘરો છે, દુર્લભ છે. નિષ્કામભાવે કરેલા કર્મોના ફળસ્વરૂપ હું જ છું. આવી રીતે કર્મ કરે તેના ભેદ નીકળી જાય. તે ભક્ત અને હું એક થઈ જઈએ છીએ. માટે જ્ઞાનયોગનું અવલંબન કરીને યુદ્ધ કરવા તૈયાર થઈ જા.

ઘરલઈ ને બેઠા પછી ભાગી કેમ જવાય? અજ્ઞાની કહેવાઓ જો ભાગી જાઓ તો. એની મેળે છૂટી જાય ત્યારે જુદી વાત. નોકરી કરવાની જ છે તે છોડવાની નથી. છૂટી જાય તો તેથી શું? કર્મોની અરજીઓ પડી છે તેનું કર્મ તમે નહિ ભોગવો તો કોણ ભોગવશે? કર્મ કરો અને નિષ્કામભાવે બ્રહ્માર્પણ કરતા જાઓ. કર્મ કરતા જાઓ અને નિષ્કામતા કેળવતા જાવ. પછી અરજી (ઇચ્છા) કરવાનું નહિ રહે. અરજીથી, (ઇચ્છાથી), આ પડદો છે. એ પડદાની પાછળ હું સંતાયો છું. પૂર્વની ઇચ્છાથી મળેલાં કર્મ કરતાં જાવ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પછી દુકાન બંધ કરવી. સંકલ્પવિકલ્પ બંધ કરવા. જેનું છે તેને સોંપી દ્યો. અને નિષ્કામભાવે કર્મનું આચરણ કરો. પ્રેમપૂર્વક ભજન કરો. અરજી કરવી હોય, ઇચ્છા કરવી હોય તો એવી ઇચ્છા કરો કે હવે મારે કાંઈ નથી જોઈતું જે છે તે ભોગવી લઈશું. તું હવે નિવૃત્ત (Retire) કરી દે. આ જન્મને છેલ્લો જન્મ કરી નાખવો હોય તો નિષ્કામભક્તિ અને નિષ્કામકર્મ કરો. આમ કરશો તો કર્મસમાપ્તિ થશે અને છેવટે જ્ઞાન થશે. નોકરી મૂકશો તો રખડશો. કર્મ આપોઆપ છૂટી જાય છે. છોડવાં પડતાં નથી. બાળક અવસ્થાના નાનાં નાનાં કર્મો જેમ જેમ મોટાં થઈએ તેમ તેમ છૂટી જાય છે. બાળક હતા ત્યારે ચૉકલેટ માટે રડતા, હવે કંઈ રડાય! બાળક અવસ્થાના કર્મો, યુવાનીના કર્મો, વૃદ્ધાવસ્થાનાં કર્મો, બધાં કર્મો પૂરાં થાય છે. મરણનું કર્મ પણ પૂરું થાય જો જ્ઞાન હોય તો. એ માટે તું યુદ્ધ કર. તારો મોહ દૂર કર. આ થશે તો તને સ્વરાજ્ય મળશે. તું આત્મજ્ઞાનને પામીશ. સ્વરાજ્ય એટલે સ્વરૂપ. તને તારું રાજ્ય મળશે, તું સ્વરૂપમાં જઈશ. તારે કર્મ ભોગવવાનાં છે, તેમાં પાછી પાની નહિ કર. કર્મ તો ભોગવવા જ પડે. છોડી દઈશ ગે કેમ ચાલશે ? અંતઃકરણમાં વિચાર હોવો એટલે જ કર્મ. એકારો કહેશે અમે કર્મ છોડી દીધાં. બહારથી છૂટે છે બાકી તો સવારથી સાંજ સુધી તેઓ કેટલીએ અરજીઓ (Application) કરતા હોય છે. મળવાનું છે તે મળશે જ. નિષ્કામભાવે કાર્ય કરો. ' નહિ જોઈએ, મારે કશું નહિ જોઈએ," એવી અરજીઓ કરો. " આમાંથી અમને કાઢ, " એમ ઇચ્છા કરો. મારે આવી અરજી કરનારને કાઢવા આવવું પડશે.

જ્ઞાન થયા પછીનાં કર્મો કેવાં હોય? દોરડી બળી જાય પણ તેનો આકાર રહે એવાં જ્ઞાનીનાં કર્મો. છોકરું ઊંઘમાં દૂધ પીવે તેવાં તેનાં કર્મો હોય છે. તેનું કર્મ એ કર્મ નથી. જનક, વસિષ્ઠ, કબીર, શિવાજી વગેરે કર્મ કરતા પણ તેમને કર્મબંધન નહોતું.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જ્ઞાનરૂપી શાસ્ત્રથી કર્મનો નાશ કર. આ કર્મબ્રહ્માર્પણ યોગ કહો, જ્ઞાનયોગ કહો કે આત્મયોગ કહો, કેવળ જ્ઞાનનું જ વર્ણન આપ્યું છે. અર્જુનને ગૂચવાડો થાય છે તેથી પાંચમા અધ્યાયમાં પ્રશ્ન કરે છે. એકવાર કર્મનું આચરણ કરો એમ કામના કાઢવા ભગવાન ક્રમે ક્રમે ઉપદેશ કરે છે. બીજા અધ્યાયમાં કહ્યું કે તું કર્મ કર. ત્રીજા અધ્યાયમાં કર્મયોગ વિશે કહ્યું. અહીં જ્ઞાનયોગ સમજાવ્યો.

જે કર્મ છોડીને ભાગી જાય તેના કર્મબંધનનાં ફેરા ન તૂટે, **अशक्तिमान् भवेत् साधु।** મારે કહેવાતા સાધુઓમાં તારો વધારો નથી કરવો. નિષ્કામભાવે કર્મ કર્યાથી જ્ઞાન થઈ જશે. ચોથા અધ્યાયમાં બધે નિષ્કામ, નિષ્કામ એ જ વાત આવી છે. નિષ્કામીને હું સુલભ છું. કોઈ પણ કર્મ નિષ્કામભાવે કરો તો તેનું ફળ હું જ છું, તે કર્મ તેનું ભજન, ધર્મ થઈ જશે, અને હું પ્રાપ્ત થઈશ. જે ધર્મ મળ્યો છે તે છોડવાનો નથી. વિરુદ્ધ ધર્મ ભયાવહ છે. આગળ જવાની, દોડધામની શી જરૂર છે? જે કોઈ આશ્રમમાં તું હો ત્યાં નિષ્કામભાવે કર્મ કર. કર્તાપણાની બુદ્ધિ ચાલી જાય પછી જ્ઞાન થાય. પછી **अहं ब्रह्मास्मि।** આસક્તિરહિત કર્મ કરવું એટલે કર્મબ્રહ્માર્પણ કરવું. તે છે કર્મનું ફળ, યજ્ઞનું અવશિષ્ટ,—જે શેષ બાકી રહે તે બ્રહ્મ. કર્મના ભાગાકારની જે શેષ બાકી રહે તે બ્રહ્મ. આમથી ભાગો કે તેમથી ભાગો પણ શેષ બ્રહ્મ જ રહે. તેમાં વધઘટ ન થાય. શેષ રહ્યું તે બ્રહ્મ.

ॐ पूर्णमदः पूर्णमिदं पूर्णात्पूर्ण मुदच्यते । पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અધ્યાય પાંચમો

કર્મ સંન્યાસ યોગ.

अर्जुन उवाच

संन्यासं कर्मणां कृष्ण पुनर्योगं च शंससि ।
यच्छ्रेय एतयोरेकं तन्मे ब्रूहि सुनिश्चितम् ।। १ ।।

અર્જુન બોલ્યા : હે કૃષ્ણ! તમે એક વાર કર્મના ત્યાગની પ્રશંસા કરો છો અને તરત કર્મયોગની પ્રશંસા કરો છો; તો એ ઉભયમાં જે એક કલ્યાણકારક હોય તે નિશ્ચયપૂર્વક મને કહો. (૧)

હે કૃષ્ણ, તમે એક વખત કર્મયોગ કરવાનું કહો છો વળી કર્મબ્રહ્માર્પણ કરવાનું કહો છો એટલે કે જ્ઞાનની વાત કરો છો આ છે શું ? તમે બે વાત કરો છો તેમાં મને કંઈ સમજાતું નથી.

ભગવાને તો એમ સ્પષ્ટ કહ્યું છે કે આ બંને યોગ એક જ છે, જુદા જુદા નથી. ભગવાને એક જ રૂપિયાની બે બાજુ બતાવી છે. ઢાલની બે બાજુ બતાવી છે. પણ અર્જુનને એવો સંશય થયો કે ગીતામાં જાતજાતના યોગ કહ્યા છે.

અર્જુન કહે છે કે હે ભગવાન, મારે કયે માર્ગે જવું તે નિશ્ચયપૂર્વક કહો, આડીતેડી વાત ન કરો. (૧)

श्री भगवानुवाच

संन्यासः कर्मयोगश्च निः श्रेयसकरावुभौ ।
तयोस्तु कर्मसंन्यासात्कर्मयोगो विशिष्यते ।। २ ।।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્રી ભગવાન બોલ્યા : કર્મસંન્યાસ અને કર્મયોગ એ ઉભય મોક્ષદાયક છે; પરંતુ તે ઉભયમાં કર્મસંન્યાસ કરતાં કર્મયોગ (વધુ) શ્રેષ્ઠ છે. (૨)

ભગવાન કહે છે કે હે અર્જુન! તારે જે પ્રશ્ન પૂછવા હોય તે પૂછ. હું તારા પર પ્રસન્ન થયો છું. એટલે તેના જવાબ તો આપવા પડશે ને?

કર્મયોગ અને કર્મસંન્યાસ એ બંને એક જ વસ્તુની બે બાજુ છે. એક રૂપિયાની બે બાજુ જેવી આ બંને યોગની સ્થિતિ છે. કર્મયોગ અને કર્મસંન્યાસ બંને મોક્ષદાયક છે પણ તેમાં કર્મયોગ શ્રેષ્ઠ છે. કર્મયોગનું આચરણ કરતાં કરતાં તેનું ફળ આપોઆપ જ મળે છે. કર્મયોગનું ફળ છે જ્ઞાન. પ્રારબ્ધ-કર્મો છોડીને પલાંઠી વાળીને બેસી જશો તો તેનું ફળ કર્મબંધન છે. કર્મ નહિ કરો તો તો કર્મ વધ્યું. જો કર્મનું આચરણ કરો તો બધાં કર્મો ભોગવાઈ જાય. જેમ જેમ કર્મ ભોગવાતાં જાય તેમ તેમ પ્રારબ્ધ પૂરું થતું જાય. કર્મને ભોગવીને કર્મ પૂરાં કરવાં જોઈએ. જો તમે કર્મનો ત્યાગ કરો, 'કર્મ નથી કરવું—' એમ કરો એટલે તો કર્મ બંધાણું; આમ તો કર્મ અસીમ થતું ગયું. તેનો છેડો જ ન આવે. તે તો ખરાબ જ થયું ને! કર્મ બંધાણું તેથી જન્મમરણના ફેરા વધ્યા માટે તું કર્મ ભોગવી લે અને આ જન્મમરણના ફેરા કાપી નાખ, તો જ તને જ્ઞાન થશે. નિષ્કામભાવે કર્મનું આચરણ કરીને તું મને પ્રાપ્ત કર. આ કર્મયોગનાં લક્ષણો તને સમજાવી ગયો. હવે હું તને કર્મસંન્યાસનાં લક્ષણો કહું છું. (૨)

ज्ञेयः स नित्यसंन्यासी यो न द्वेष्टि न काङ्क्षति ।
निर्द्वन्द्वो हि महाबाहो सुखं बन्धात्प्रमुच्यते ॥ ३ ॥

હે અર્જુન! જે પુરુષ કોઈનો દ્વેષ કરતો નથી અને અભિલાષા રાખતો નથી, તેને નિત્યસંન્યાસી જ જાણવો; કારણ કે તે દ્વંદ્વરહિત થઈ સંસારબંધનમાંથી સુખપૂર્વક મુક્ત થતો હોય છે. (૩)

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સંન્યાસ એટલે શું તેની વ્યાખ્યા હવે શરૂ થાય છે. બીજી રીતે કહો તો ભગવાન હવે અહીં સંન્યાસીનાં લક્ષણો કહે છે.

હે અર્જુન! આમાં કોઈ પણ ઠેકાણે હું તને ભાગી જવાનું કે ભગવું કપડું પહેરવાનું નથી કહેતો. જે કશી અભિલાષા કે દ્વેષ કરતો નથી, જે રાગદ્વેષથી રહિત જીવન જીવે છે. તેને નિત્ય-સંન્યાસી જાણવો. જે આસક્તિરહિત કર્મ કરે છે, તે જ ખરું જીવન જીવે છે.

અહીં સંન્યાસીના બાહ્યવેશની વાત નથી, અંતરવેશની વાત છે. બધાય ભક્તો કબીર, તુલસીદાસ, વસિષ્ઠ, જનક, નાનક વગેરે નિત્યસંન્યાસી ગણાય. બાહ્યવેશની સાથે સંન્યાસને કંઈ સંબંધ નથી. જે સુખદુઃખ; રાગદ્વેષ વગેરે દ્વન્દ્વોથી પર છે તે જ સંન્યાસી છે. નામદેવ, તુકારામ, મીરાં વગેરે નિત્યસંન્યાસી જ છે. તું તો એમ સમજે છે કે તુંબડું લઈને ઘર છોડે તેનું નામ સાધુ; ભગવાં પહેરે એનું નામ સાધુ. ના, ના, એવું કશું નથી. જેના રાગદ્વેષ મરી ગયા તે જ સાચો સાધુ છે. તે જ સંસારના બંધનમાંથી મુક્ત થયો. જ્યાંસુધી અંતરમાંથી વિષયો પરની પ્રીતિ ન ઘટે ત્યાં સુધી તો બંધન છે. સાધુ કંઈ ભાગી જાય? ત્યાગ કરે? ક્યાં ભાગી જાય? કોનો ત્યાગ કરે? ભાગી ભાગીને ક્યાં જશે? જે દેહાધ્યાસથી પર છે તે જ સાધુ છે. સામી છાતીએ ગોળી ઝીલે તે જ ખરો વીર છે, પીઠ દેખાડીને ભાગે તે તો કાયર. સામી છાતીએ આસક્તિ-રહીત રહીને પ્રારબ્ધ કર્મો ભોગવે તે જ સાચો વીર છે; કર્મોથી નાસી છૂટે તે તો કાયર છે. જે પોતાનાં કર્મોમાંથી ભાગે તે અસાધુ છે. કર્મ કર્યા કરે અને મન મારામાં રાખે; પ્રારબ્ધ ભોગવે અને મન મારામાં રાખે એ જ સાચો સંન્યાસી.

મનનો સંન્યાસ એ જ ખરો સંન્યાસ છે. જેનાં કર્મો ખપી ગયાં તે કર્મને અંતે નિત્યસંન્યાસી બન્યો. ભગવાને સ્પષ્ટ કહ્યું છે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કે કર્મના અંતે તો "હું" જ છું. "ઘાટ ઘડિયા પછી નામ રૂપ જુજવાં અંતે તો હેમનું હેમ હોયે." (નરસિંહ) દાગીનાના નામ, રૂપ અને આકાર અગ્નિમાં જતાં નાશ પામે છે અને મૂળસ્વરૂપ સોનું રહી જાય છે. તેમ સર્વ કર્મોને અંતે "હું" જ છું. જેણે ગીતાનો અભ્યાસ કર્યો છે અને ગીતાનું સારતત્ત્વ જે સમજ્યો છે તે કદી ઘર છોડી ભાગતો નથી. તેને ઘરબાર છોડવાની જરૂર નથી. જ્યાં જ્યાં આવો સંન્યાસી બેસે તો સમજવું કે ત્યાં ત્યાં હિમાલય છે; હિમાલયમાં જવાની જરૂર નથી. આવો સંન્યાસી જ્યાં હોય ત્યાં આનંદની સીમા રહેતી નથી. રાગદ્વેષ વગરનાને આવો આનંદ, આવું સુખ પ્રાપ્ત થાય છે. (૩)

सांख्ययोगौ पृथग्बालाः प्रवदन्ति न पण्डिताः ।
एकमप्यास्थितः सम्यगुभयोर्विन्दते फलम् ॥ ४ ॥

સાંખ્ય (કર્મનો સવિવેક સંન્યાસ) અને યોગ (કર્મનું વિધિપૂર્વક આચરણ) આ બંને માર્ગ ફળદૃષ્ટિથી જુદા છે, એમ અજ્ઞાનીઓ જ કહે છે. જ્ઞાનીઓ તેમ કહેતા નથી; કારણ કે એ ઉભયપૈકી એકનું પણ અનુષ્ઠાન ઉત્તમ રીતે કરનારને એ બંને યોગોનું ફળ મળે છે. (૪)

કર્મનું વિધિપૂર્વક આચરણ અને કર્મનો સવિવેક સંન્યાસ એ બંને એક જ વસ્તુ છે. અજ્ઞાનીને તેમાં જુદાપણું લાગે છે પણ જ્ઞાનીને તેમાં ભેદ નથી. જે ફળ કર્મયોગનું, તે જ ફળ કર્મસંન્યાસનું છે. ગમે તે માર્ગે જાઓ છેવટે મારી જ પ્રાપ્તિ થવાની છે. અજ્ઞાનને લીધે આ કર્મયોગ, કર્મસંન્યાસ એમ ભેદ દેખાય છે. બાકી તો બંને એક જ છે કેમકે બંનેમાં જે ફળ છે તે એક જ છે.

કર્મો છોડીને જાય તેને આપણા લોકોએ ખોટી રીતે કર્મ-સંન્યાસ એવું નામ આપ્યું છે.

જ્યાં જશો ત્યાં તમારા કર્મો તમને સતાવશે. મનમાં પડેલી જડગ્રંથિઓ જ્યાં સુધી ન ઉકેલો ત્યાં સુધી બધું નકામું છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મનની ગૂંચો ઉકેલાય નહિ ત્યાં સુધી જ્ઞાન ક્યાંથી થાય? અનાસક્તિ-પૂર્વક કર્મનું આચરણ કરતાં કરતાં આપોઆપ તેના કર્મોનો ત્યાગ થઈ જશે. પછી તેને બાહ્યસંન્યાસ માટે દોડાદોડીની જરૂર નથી.

यत्सांख्यैः प्राप्यते स्थानं तद्योगैरपि गम्यते ।
एकं साख्यं च योगं च यः पश्यति स पश्यति ॥ ५ ॥

જે પદ જ્ઞાનયોગીઓ દ્વારા પ્રાપ્ત કરાય છે, તે જ પદ નિષ્કામ કર્મયોગીઓ દ્વારા પણ પ્રાપ્ત કરાય છે. એટલા માટે જ સાંખ્ય તથા યોગને ફળદૃષ્ટિએ જે એક જ સમજે છે તે જ ખરો જ્ઞાની છે. (૫)

જે પદ જ્ઞાનદ્વારા મળે છે તે યોગદ્વારા પણ મળે છે. સાંખ્ય તથા યોગને જે એક જ સમજે છે તે જ્ઞાની છે. કર્મયોગ સિવાય કર્મસંન્યાસ પ્રાપ્ત કરવો મુશ્કેલ છે. કર્મયોગ છોડીને સંન્યાસ કેવી રીતે લઈ શકાય? ફલાસક્તિરહિત કર્મો કરવાથી કર્મો રહેતાં જ નથી. કર્મો ભોગવાઈ ગયા એટલે એની મેળે જ સંન્યાસ થઈ ગયો. કર્મયોગની અંતિમ સ્થિતિ એ કર્મસંન્યાસ અને એ અંતિમ સ્થિતિ તે જ જ્ઞાન. કર્મ પૂર્ણ થયાં, ખલાસ થયાં, એટલે જ્ઞાન થયું.

જીવાત્માએ આ બધાં કર્મો તેની ઇચ્છાથી બાંધેલા છે. તે ભોગવી લેશે એટલે પ્રારબ્ધનો ક્ષય થઈ જશે પછી બાકી રહેશે પણ કોણ? "હું જ." કર્મોનું દેવાળું કાઢી નાખો એટલે બાકી "હું જ" રહીશ. કર્મોનુ દેવાળું કાઢવાનું છે, પણ તે કર્મો કરીને. પહેલાં અરજીઓ (ઇચ્છાઓ) કરી હતી તેના ફળરૂપે નિષ્કામભાવે કર્મો કરો અને પ્રારબ્ધને પુરું કરો. જે કર્મો છે તે પૂરાં કરવાનાં છે. આ દુકાન (શરીર) જગત હવે બંધ કરવી છે તો લેણુંદેણું પૂરું કરવું જોઈએ ને! આ જગતરૂપી દુકાનમાં લેણાદેણાનો વહેવાર એટલે કર્મ. કર્મ પૂરાં કર્યાં કે તમારું જગત બંધ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

થયું. આ રીતે કર્મોનું દેવાળું નીકળી ગયું. દેવાળાને અંતે તો હું જ રહીશ. કર્મ કરીને કર્મનું દેવાળું જે કાઢે તે જ સંન્યાસી છે. (૫)

संन्यासस्तु महाबाहो दुःखमाप्तुमयोगतः ।
योगयुक्तो मुनिर्ब्रह्म न चिरेणाधिगच्छति ॥ ६ ॥

હે મહાબાહો! કર્મયોગ સિવાય કર્મસંન્યાસ પ્રાપ્ત કરવો મહા દુર્ઘટ છે. કર્મયોગયુક્ત મુનિને સંન્યાસ ત્વરિત પ્રાપ્ત થાય છે. (૬)

કર્મયોગના આચરણ વગર કર્મસંન્યાસ થવાનો જ નથી; છતાં જો સંન્યાસ લે તો દુઃખી જ થાય. કર્મનું આચરણ કરવું જ જોઈએ, તેમાં પાછી પાની નહિ જ થાય. ઉપર ભાષાંતરમાં "મહાદુર્ઘટ" શબ્દ વાપર્યો છે, એટલે કે મુશ્કેલ છે; એને બદલે કર્મયોગ સિવાય કર્મસંન્યાસ થતો જ નથી એમ કહીએ તો જરાય ખોટું નથી. કર્મયોગનું આચરણ જે નથી કરતો અને જ્ઞાનની વાતો કરે છે તે તો શુષ્કજ્ઞાની છે. આવા શુષ્કજ્ઞાનીઓ જેમને મારા પર બિલકુલ પ્રેમ નથી તે તો ખાલી દોડાદોડી કરે છે; પોતાની ઇચ્છાઓને તૃપ્ત કરવા માટે કથાકીર્તનો કરે છે. આ કંઈ કર્મયોગ નથી.

હે અર્જુન! આ લડાઈ કરવાનું આવ્યું ત્યારે તને સંન્યાસ લેવાનું ક્યાંથી સૂઝ્યું? કર્મથી તું કેમ ડરે છે? કાયરને આત્મજ્ઞાન શેનું થાય? (**नायमात्मा बलहीनेन लभ्यः**) તને સંન્યાસ શું એ સમજ છે જ નહિ. બાહ્યવેશથી સંન્યાસી થવાતું નથી, એ વાત જરા સમજી જા. જેનું હૃદય ચોખ્ખું હોય તે મને પ્રિય છે, પછી તે સંન્યાસી હોય કે ગૃહસ્થી; બ્રાહ્મણ હોય કે કસાઈ.

સદનો કસાઈ માંસ કાપતો હતો તોપણ હું તેની સાથે બેઠો હતો. હું તેના હૃદયમાં વસતો હતો કારણ કે તેનું હૃદય સાફ હતું.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જેનું હૃદય ચોખ્ખું ચટ હોય તે જ મને પ્રિય છે. અરે! તે પોતે જ ભગવાન છે. ગોકુલમાં ઘણા શુષ્કજ્ઞાનીઓ હતા પણ હું તેમની સાથે નહોતો વસતો. હું તો ભોળા ભરવાડો અને ભોળી ભરવાડણો સાથે જ પડ્યો રહેતો. હું પોથીપંડિતો સાથે કાશીમાં નહોતો વસતો. પંડિત ઊંચા અને ભરવાડ નીચા એવો ભાવ અહીં નથી. જ્યાં પ્રેમ છે ત્યાં હું દોડ્યો જતો. સદનો ભલે કસાઈ હોય પણ તે સાચો કર્મયોગી હતો. કર્મ કરતી વખતે તેનું ચિત્ત તો મારામાં જ હતું. કર્મયોગના શુદ્ધ આચરણદ્વારા તેણે સાચા સંન્યાસીની સ્થિતિ પ્રાપ્ત કરી હતી.

योगयुक्तो विशुद्धात्मा विजितात्मा जितेन्द्रियः ।
सर्वभूतात्मभूतात्मा कुर्वन्नपि न लिप्यते ॥ ७ ॥

જેનું (કર્મયોગીનું) અંતઃકરણ કર્મયોગના આચરણથી શુદ્ધ થયું છે, જેણે દેહ અને ઇન્દ્રિયોને સ્વાધીન રાખ્યાં છે અને જેનો આત્મા સર્વ ભૂતોનો આત્મા બની રહ્યો છે, તે પુરુષ કર્મ કરે છે તોપણ તેથી બદ્ધ થતો નથી. (૭,

કર્મયોગના આચરણથી મન શુદ્ધ થઈ જાય છે અને સર્વત્ર આત્મા છે એવું જ્ઞાન થઈ જાય છે. વાત તો ભગવાન સંન્યાસની કરે છે પણ સંન્યાસની વાતની પાછળ કર્મયોગ જ દેખાડે છે. કર્માચરણદ્વારા સર્વાત્મભાવની પ્રાપ્તિ થઈ. સર્વાત્મભાવ આવે ત્યાં પછી કર્મનું બંધન ક્યાં રહ્યું? આ જમણો હાથ આ ડાબા હાથને માટે કંઈ કરે તેમાં પાપપુણ્યના બંધન ક્યાં રહ્યાં? સર્વત્ર આત્મ ભાવના તે આ જ.

ઉપરના શ્લોકોમાં ભગવાને જીવન્મુક્તનાં લક્ષણો બતાવ્યાં છે. શુધ્ધાચરણથી જે કર્મો કરે છે તેને કર્મોનું બંધન થતું નથી. અને આવો કર્મયોગ તે જ કર્મ સંન્યાસ. (૭)

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

नैव किंचित्करोमीति युक्तो मन्येत तत्त्ववित् ।
पश्यञ्शृण्वन्स्पृशञ्जिघ्रन्नश्नन्गच्छन्स्वपञ्श्वसन् ॥ ८ ॥

प्रलपन्विसृजन्गृह्णन्नुन्मिषन्निमिषन्नपि ।
इन्द्रियाणीन्द्रियार्थेषु वर्तन्त इति धारयन् ॥ ९ ॥

યોગયુક્ત થયેલો તત્ત્વવેત્તા પોતે જોતો, સાંભળતો, સ્પર્શ કરતો, ગંધ લેતો, ખાતો, ગમન કરતો, નિદ્રા લેતો, શ્વાસોચ્છ્વાસની ક્રિયા કરતો, બોલતો, મળત્યાગ કરતો, ગ્રહણ કરતો તથા આંખને ઉઘાડઢાંક કરતો હોવા છતાં 'ઇન્દ્રિયો પોતપોતાના વિષયમાં પ્રવૃત્ત થાય જ છે' એમ નિશ્ચયપૂર્વક સમજીને 'હું કંઇ જ કરતો નથી' એમ માને છે. (૮–૯)

કર્મયોગી બધું કરતો હોય છે; ઇન્દ્રિયોના બધા વ્યાપારો કરતો હોય છે છતાં પણ તેને 'હું' જ દેખાઉં છું. કેમકે તેને 'હું' પ્રાપ્ત થઈ ગયો છે. ઇન્દ્રિયો પોતપોતાનાં કાર્યમાં મગ્ન હોય પણ હું કશું કરતો નથી એવી જ્ઞાનીની સ્થિતિ હોય છે. આપણી આંખ ઉઘાડમીંચ થયા કરે છે તેનો શું આપણને ખ્યાલ હોય છે? જ્ઞાનીની ઇન્દ્રિયો આમ સહજ રીતે વર્તે છે. બાહ્ય વસ્તુઓ પરથી જ્ઞાનીનું મન ઊઠી ગયું હોય છે. બધી ઇંદ્રિયોના વેપારમાં તે ઉદાસીન હોય છે. શ્વાસોચ્છ્વાસ લેવો, આંખ ઉઘાડમીંચ કરવી ખાવું, પીવું, નિદ્રા લેવી—ઇત્યાદિ ક્રિયાઓ ઇન્દ્રિયો કરે છે. હું નહીં એમ તે જ્ઞાની જાણે છે. આ છે સહજસમાધિનું વર્ણન. જ્ઞાની બધું જાણતો હોય છે કે મારાથી બોલાય છે, મારાથી ખવાય છે, છતાં 'હું કશું કરતો નથી' એમ તે જાણે છે. ભોગ તો આ શરીર પ્રારબ્ધને એટલે કે કર્મોને ભોગવે છે. પોતે પોતામાં જ રમણ કરે છે. આત્મા આત્મામાં રમણ કરે છે. 'હું કંઈ જ કરતો નથી,' એવો અનુભવ એને થાય છે. સહજસમાધિ તે આ સ્થિતિ. આ છે જ્ઞાનીપુરુષનું વર્ણન.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

હે અર્જુન, આવી સ્થિતિ જે નિષ્કામી થાય છે તેને જરૂર મળે છે. નિષ્કામભાવ સહિત કર્મનું આચરણ ન થાય ત્યાં સુધી ગીતા ન સમજાય. જ્યારે આવું આચરણ થશે ત્યારે જ્ઞાન થશે અને ત્યારે જ ખાત્રી થઈ જાય છે કે હું કાંઈ કરતો નથી. તે કર્મ કરવા છતાં પણ અકર્મી છે. અરે, તે જ ભગવાન છે, આત્માનું નામ જ અકર્મી છે. આત્માને કોઈ ક્રિયા નથી. આત્માને કોઈ રૂપ નથી. રૂપો તો વાસનાઓએ ધારણ કર્યાં છે. વાસના મિથ્યાભાસ છે. વાસનાનું નામ જ જગત, વાસનાનું નામ જ માયા, તેનું જ નામ શરીર, તેનું જ નામ પ્રારબ્ધ. જ્ઞાની નવી વાસના ઊભી કરતો નથી અને પૂર્વની વાસના ભોગવે છે. શરીર પ્રારબ્ધને (પૂર્વના કર્મોને) ભોગવ્યા કરે અને પોતે પોતામાં રમણ કરે છે એમ જ જ્ઞાની સમજે છે. તેને દેહ હોવા છતાં દેહ નથી. દેહ નથી એવી જેને નિશ્ચયપૂર્વક ખાત્રી થઈ છે તે જ્ઞાની છે. વાસનાથી આ દેહ ઊભેલો છે. જગત વાસનાથી ઊભેલું દેખાય છે. જ્યારે વાસના હટી જાય છે ત્યારે જગતને બદલે તે ભગવાનને, આત્માને, પરમાત્માને જુએ છે. જ્યાં સુધી વાસના હોય ત્યાં સુધી પ્રકૃતિ બળાત્કારે પણ કર્મ કરાવે છે. કર્મયોગનું આચરણ કરે છતાં પણ કર્મોમાં મન રાખીને કરે તો તે અજ્ઞાની છે. મોહપૂર્વકનું કર્માચરણ બંધનકારક છે. આવું કર્માચરણ કરનાર અજ્ઞાનીને જન્મમરણના દુઃખો ભોગવવાં પડે છે.

ब्रह्मण्याधाय कर्माणी सङ्गंत्यक्त्वा करोति यः ।
लिप्यते न स पापेन पद्मपत्रमिवाम्भसा ॥ १० ॥

જે મનુષ્ય ફળેચ્છા ત્યાગી સર્વક્રિયા બ્રહ્માર્પણ બુદ્ધિથી કરે છે, તે કમળપત્ર જેમ પાણીમાં હોવા છતાં ભિંજાતું નથી, તેમ (કર્મ કરવા છતાં તજ્જન્ય) પાપોથી લિપ્ત થતો નથી. (૧૦)

જ્ઞાની પુરુષ બધાં કર્મો કરે છે પણ તે સાથે તેને સંબંધ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

નથી. કર્મો કરવાં છતાં કર્મોથી તે લેપાતો નથી. તેના કર્મો તો બહારનો આકાર જ છે. વસ્તુતઃ કંઈ છે તેમ જે સમજતો નથી તે જ જ્ઞાની છે. કર્મનું આ રીતે જે આચરણ કરે છે તે જ ખરો સંન્યાસી છે. તે પ્રારબ્ધના ભોગોથી કદી ભાગતો નથી. પ્રારબ્ધ તો ભોગવી જ લેવું જોઈએ.

પ્રારબ્ધમાં જે છે તે મળવાનું જ છે. જે થવાનું છે તે થશે જ. તેને માટે એક નાનું દૃષ્ટાન્ત છે.

મથુરાનો એક ચોબો હતો. સ્વભાવે ઘણો લોભી. પૈસા વાપરી ન શકે. કોઈનું બારમું સરાવવા માટે જાય, કોઈનું શ્રાદ્ધ કરાવવા જાય, કોઈની સમશરી કરાવે. કોઈને જનોઈ દેવા જાય, કોઈના લગન કરાવે—આમ તે ધાર્મિક ક્રિયાઓ કરાવે અને પૈસા એકઠા કર્યા કરે. ખાવાપીવાનું તો બહાર જ હોય, યજમાનને ઘેર; પછી એને ચિંતા શાની? પણ એને કંઈ થોડી ખબર હતી કે પ્રારબ્ધમાં જે મળવાનું છે તે જ એને મળે છે? દોડાદોડી કરવાથી તો ભૌતિક ફળો પણ નથી મળતાં અને માણસ બધી રીતે દુઃખી દુઃખી થઈ જાય છે. ચોબાને એક રાતે લક્ષ્મીદેવી સ્વપ્નમાં આવ્યાં. શું એમનું રૂપ! ચારે બાજુ ઝળાંહળાં થઈ રહ્યું. લક્ષ્મીએ ચોબાને કહ્યું, "હું તો તારે ત્યાંથી ચાલી જવાની છું તારા ગામમાં દારૂનું પીઠું ચલાવે છે તે મેરવાનજીને ત્યાં હું જઈશ, તેં તો મને બંધનમાં રાખી છે." લક્ષ્મીજીની વાત પણ સાચી હતી. આટલા બધા પૈસા કોઈ લઈ જાય તો? આ બીકે ચોબાએ ઘરની ઉપર છાપરાના પીઢિયામાં ધન સંતાડી દીધેલું હતું. એવામાં ચોમાસું આવ્યું. એક દિવસ સખત વરસાદ પડ્યો. ગામના પાદરમાં આવેલી નદીમાં મોટી રેલ આવી. આખા ગામમાં પાણી ઘુસી ગયું ચોબો તો બીજે ગામ કોઈનું શ્રાદ્ધ કરાવવા ગયેલો હતો અને અહીં ગામમાં પાણી ઘુસતાં એનું ઘર તણાયું. જેમાં ધન સંતાડેલું એ પીઢિયાં તણાઈ ગયાં.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જ્યારે આ પીઢિયાં નદીમાં તણાતાં જતાં હતાં ત્યારે ભીલોએ નદીમાંથી ખેંચી લીધાં. ભીલોને તો દારૂ પીવો હતો. તેઓએ મેરવાનજી દારૂવાલાને ત્યાં જઈને આ પીઢિયાં વેચી દીધાં અને ખૂબ દારૂ પીધો. ચોબાએ આવીને જોયું કે પીઢિયાં તણાઈ ગયેલાં. હવે તેને સમજ પડી ગઈ કે જે જવાનું છે તે તો જશે જ. પ્રારબ્ધમાં જે નથી તે તો હરિહર થઈ જશે. જે વસ્તુ પ્રારબ્ધમાં નહોતી તેને માટે કર્મો કર્યાં તે તો બંધનરૂપ થયાં. ચોબાને આ જ્ઞાન થયું. તેણે મેરવાનજીને જઈને કહ્યું. "આ પીઢિયાંમાં ધન છે અને હવે તે તારી જ માલિકીનું છે." મેરવાનજી તો ચોબાની આ ઉદારતા જોઈને ખૂબ ખુશ થઈ ગયો. તેણે ચોબાને કહ્યું, "આ ધન તમારું જ છે. તમે જ લઈ જાઓ." પણ હવે ચોબો માને ? હવે તો તેને સ્પષ્ટ થઈ ગયું હતું કે જે પ્રારબ્ધમાં છે તે મળશે અને જે પ્રારબ્ધમાં નથી તે રહેવાનું નથી, તો એને માટે કર્મો શું કરવાં ? ચોબો મેરવાનજીને 'સાહેબજી' કહીને ચાલી નીકળ્યો. મેરવાનજી તેને કહે છે કે થોડું ભાતું તો લઈ જાવ. પછી તે દસ–બાર લાડુ બનાવીને તેમાં ગુપ્ત રીતે સોનામહોરો મૂકીને તે લાડુ ચોબાને આપે છે. ચોબાને નદી પાર કરવી હતી. નદી પાર કરાવનાર ખારવાને તે બધા લાડુ આપી દે છે. ચોબાને કે ખારવાને કોઈને લાડુમાં સોનામહોરો હતી એ ખબર ક્યાંથી હોય ? ખારવો આ દસ લાડુ લઈને મેરવાનજીને ત્યાં દારૂ પીવા ગયો. મેરવાનજીએ તેને પૂછ્યું, "આ લાડુ તને કોણે આપ્યા ?" મેરવાનજી પોતે બનાવેલા લાડુ ઓળખી ગયો હતો. ખારવાએ તેને કહ્યું, "નદી પાર લઈ જવાના મહેનતાણા બદલ ચોબાએ મને આ લાડુ આપ્યા હતા." હવે તો મેરવાનજીને પણ ખાત્રી થઈ કે લક્ષ્મી ચોબાના નસીબની ન હતી. મેરવાનજી પોતે પણ સમજી ગયો કે હું મહેનત કરું કે ન કરું, પીઠું ચલાવું કે ન ચલાવું, તોપણ જે પ્રારબ્ધમાં હશે તે જરૂર મળશે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જે પ્રારબ્ધમાં મળવાનું હશે તે જરૂર મળશે એટલું સમજીને શુદ્ધ કર્માચરણ કરો. ગમે તેટલા પ્રયત્ન કરો પણ જેટલા મળવાના છે તેટલા જ પૈસા મળશે. પ્રયત્ન કરીને શા માટે બેહાલે મરો છો ? જેનું છે તે તેને મળવાનું જ છે. માટે આનંદથી સંતોષપૂર્વક જીવે તે જ ખરો જ્ઞાની, તે જ ખરો સંતોષી, તે જ સાચો સંન્યાસી છે. કર્મો કરીને જે મળ્યું તે ભોગવ્યું. હવે નવી દુકાન શરૂ કરવાની નથી પણ જે જૂનો માલ દુકાનમાં પડેલો છે તે માલ વેચવા માટે દુકાને તો બેસવું પડે. જૂનો માલ (કર્મો) વેચાઈ ગયા બાદ આ શરીર તો ખાલી હરતું ફરતું ખોખું જ રહ્યું. જૂનો માલ એટલે કે વિષયો. આ વિષયોરૂપી માલ ખલાસ થઈ ગયા બાદ કેવળ ' હું ' જ રહ્યો. આપણે તો માલ ભર્યા કરીએ છીએ, બીજાને માલ બતાવવો છે અને વેપાર કરવો છે. આ રીતે તો આપણે નવા કર્મો કર્યાં કરીએ છીએ. ત્યારે આ વિષયના વેપારનો ત્યાગ કરો ત્યારે ખબર પડે કે હું પોતે જ સચ્ચિદાનંદ રૂપ છું છતાં અત્યાર સુધી હું નોકર થઇને બેઠો હતો. આસક્તિ વગરનું કર્મ જે કરે તે કર્મસંન્યાસી. કર્મયોગમાં અને કર્મસંન્યાસમાં કે કર્મયોગમાં અને જ્ઞાનયોગમાં કશો ફરક નથી. કર્મયોગના શુદ્ધ આચરણને અંતે કર્મસંન્યાસ અને તેને અંતે જ્ઞાન છે. કર્મોને કાઢવા માટે કર્મ કરવું જ પડે છે. કર્મોની પાછળ ' હું ' છુપાયેલો છું. કહેવત છે કે ' પુરુષનું નસીબ પાંદડે, ' આ પાંદડું તે કર્મ. પાંદડું તે કર્મ. પાંદડું ખરે એટલે પુરુષ પ્રગટ થઈ જશે. બાલ-મુકુન્દ પાંદડા પર જ સૂતેલા છે. પાંદડું ફેરવી નાખો કે તરત જ દેખાય. આ પુરુષને જાણવા માટે સંશય વગરનું, નિશ્ચાત્મક બુદ્ધિ-વાળું કર્મ કર્યે જાઓ.

અર્જુનને જેવો સંન્યાસ લેવો હતો તેવા સંન્યાસની વાત હજી સુધી ક્યાંય આવી નથી અને આવશે પણ નહિ. (૧૦)

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

कायेन मनसा बुद्धया केवलैरिन्द्रियैरपि ।
योगिनः कर्मकुर्वन्ति सङ्गं त्यक्त्वात्मशुद्धये ॥ ११ ॥

યોગીઓ માત્ર શરીર, મન, બુદ્ધિ અને ઈન્દ્રિયોથી ફલાસક્તિ છોડી આત્મશુદ્ધિ માટે કર્મો કરતા હોય છે. (૧૧)

અહીં 'યોગીઓ' એ શબ્દ કર્મયોગીના અર્થમાં છે; હઠ-યોગીના અર્થમાં નહિ. કર્મયોગી તો દુકાન પણ ચલાવતો હોય, ઝરઝવેરાત પણ વેચતો હોય, નાટકકંપની કે ફિલ્મકંપની પણ ચલાવતો હોય. નિષ્કામભાવે કર્મનું આચરણ કરે તે યોગી. આસન લગાવીને આઠ આઠ દિવસ ભૂખ્યો રહેનાર જ કંઈ યોગી છે? વાસણ માંજીને પેટ ભરે, નોકરી કરીને પેટ ભરે પણ જેની પ્રસન્નતા ખંડિત થતી નથી તે યોગી. ભગવું કપડું પહેર્યું એટલે શું યોગી થઈ જવાય કે? ભગવું કપડું પહેરે છતાં પણ કામ, ક્રોધ, લોભ છૂટયા ન હોય એવા દંભી સંન્યાસીઓનું તો ભગવાને ઘણા ખરાબ શબ્દોમાં વર્ણન કર્યું છે. સંન્યાસના ધર્મોનું પાલન કરનાર વિવેકાનંદ કે રામતિર્થ કે રમણ મહર્ષિ જેવા કોઈક વિરલા જ હોય છે.

આસક્તિ વગરનું કર્મ એ જ કર્મ છે; બીજું કર્મ તો બંધન થાય છે. આસક્તિ વગરનો માણસ કોઈ દિવસ સિંહાસન પર બેઠો હોય કે કોઈ દિવસ તેને ખાવાનાં પણ ફાંફાં હોય. આજે તે શેઠ હોય અને કાલે તેને વાસણ પણ માંજવા બેસી જવું પડે તેવી સ્થિતિ આવે; ગમે તે થાય છતાં કોઈ પણ કાળે જેની પ્રસન્નતા ખંડિત થતી નથી તે યોગી છે, તે જ હું છું, તે ભગવાન છે.

હે અર્જુન! યોગી તો હું છું. મેં અનેક રીતે ભક્તોના કામ કર્યાં છે. હું એકનાથને ત્યાં શિખંડીયો બન્યો હતો. રાજસૂયયજ્ઞમાં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અતિથિઓના પગ ધોવાનું અને એઠાં પતરાળાં ઉપાડવાનું કામ મેં કર્યું હતું. ઘણાંને એમ થાય કે આવો જ્ઞાની પુરુષ અને આવાં કામ કરે! જો આજે હું તારો રથ હાંકવા બેઠો છું ને! મારે (Driver) ડ્રાઈવર થવું પડે છે. મેં આવા કર્મો કર્યાં તોય મને બધા યોગેશ્વર કહે છે. હું દ્વારિકાનો રાજા પણ થયો. સંબંધ રાખ્યા વિના અસંગ થઈને કોઈ પણ કામ કરે તે જ યોગી. તારે મારી જેમ યોગેશ્વર થવું હોય તો કર્મો કર. તારા સંકલ્પવિકલ્પોનો ત્યાગ થશે ત્યારે જ મારી પ્રાપ્તિ થશે. સંકલ્પવિકલ્પ એ જ મોટી બટેલિયન (ફોજ) છે. આ સંકલ્પવિકલ્પ શમી જાય ત્યારે જ જ્ઞાન થાય. સંકલ્પને લીધે અર્જુન છે બાકી તો તું છે જ ક્યાં?

અર્જુનને થાય છે કે હું તો છું જ ને! તે તો માથું પકડીને કહે છે, "મારે માથું છે", "હું છું." ભગવાન ભાવમાં આવી ગયા હશે એટલે આ વાત કહી હશે. જ્ઞાન ન થાય ત્યાં સુધી તો માથું દેખાવાનું જ; દેહભાવ રહેવાનો જ. હું એ પગ નથી, માથું નથી, વાસ્તવિક રીતે મારું કોઈ રૂપ નથી.

શુદ્ધ કર્માચરણને અંતે સંન્યાસ થાય, અને સંન્યાસને અંતે જ્ઞાન થાય. હે અર્જુન, તું આવી શૂન્ય સ્થિતિમાં આવી જઈશ. ત્યાં પછી કોઈ નહિ હોય. 'મૈં મૈં ન રહું તું તું ન રહે.'

યોગેશ્વર અનુભવના શબ્દો કહે છે છતાં અર્જુનને દેહમાં પ્રીતિ હોવાથી "હું અર્જુન છું" એવું અજ્ઞાન જ રહે છે.

* * *

લાઈનની બહાર જવાય તો આવી ઉઘાડી વાતો થાય. અહીં શ્લોકો તો બંધન છે. પૂર્વની ઇચ્છાઓને કારણે ગીતા તમારાથી સંભળાય છે અને મારાથી બોલાય છે, શુભ ઇચ્છાઓ પણ બંધનનું કારણ થાય છે. આપણે ગીતા સાંભળીએ છીએ અને હું બોલું છું એ બંધનનું કારણ છે. પૂર્વે આવી ઇચ્છા કરેલી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

હોવી જ જોઈએ. જે કોઈ વાસના છે તે પૂર્વના સંકલ્પથી ઉત્પન્ન થઇ છે. પૂર્વે કરેલી અરજીઓ પાસ થઈને આવી છે. નહિ તો વળી ગીતા સંભળાવવાની વાસના હોય? વાસના હતી એટલે જ ગીતા સંભળાવવાની છે. પૂર્વે Applications (અરજી–ઇચ્છા) તો કરી જ હશે. પૂર્વની ઇચ્છાથી આવેલ કર્મ કેમ છોડી દેવાય? જો તે નિષ્કામ ભાવે કરીએ તો યોગ થઈ જાય; જો નિષ્કામ ભાવે કરીએ તો કર્મસંન્યાસી થઈ જાય. આ કર્મ (ઉપદેશનું કર્મ) પણ ઉપાધિ છે, દુઃખનું કારણ છે. ઉપદેશ એ પણ એક કર્મ જ છે. એ કર્મની સમાપ્તિ નથી પણ નોકરી છે. પૂર્વ પ્રારબ્ધની કંઈ ઇચ્છા હશે તેથી આ ગીતા બોલાય છે.

હે અર્જુન! મારે વળી કયું કર્મ કરવાનું છે? છતાં મેં કેટલાં કર્મો કર્યાં છે? પૂર્વનાં જે કર્મો હશે તે આજે ભોગવું છું.

ભગવાને કર્મનું આચરણ કરી બતાવ્યું છે. મને ભજન સિવાય બીજી કોઈ વસ્તુ ગમતી નથી છતાં આ કરવું પડે છે. પૂર્વની વાસનાઓ છે માટે કર્મો કરવાં જ પડે! પહેલાંની અરજી પાસ થઈ છે પણ હવે અરજી (ઇચ્છાઓ) નથી કરવી. પહેલાંની અરજી તો ભોગવ્યે જ છૂટકો. આમ જે ભોગવી લે છે તે નિત્યસંન્યાસી.

ભજન કરવાની ઇચ્છા હતી; અને 'મહાત્મા છું' એમ કહેવરાવવું હતું—માટે આ કર્મ આવી પડ્યાં છે. હવે તે પણ દુઃખકારક થાય છે. છતાં આનંદપૂર્વક કર્મ કરવાનું છે. ભજન, સત્સંગ friend circle (આ મિત્રવર્ગ) બધાંયે પૂર્વના છે. હવે શુદ્ધાચરણ કરીને મુક્ત થવાનું છે. અન્યોન્ય વાસનાઓથી સંકળાયેલ જીવો ભેગા થઈ જાય છે પછી મુક્ત થઇ જાય. મન શુદ્ધ કરીને ઇશ્વરભજન કરવું. મનની પ્રસન્નતા અખંડિત રાખીને નિષ્કામ ભાવે કર્મ કરવું. આ રીતે સહુ નિત્યસંન્યાસ કરી શકે છે.

* * *

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આ રીતે દિગમ્બર થઈ જવાનું છે. દિગમ્બર એ તો આત્માનું લક્ષણ છે. જેનાં વાસનારૂપી વસ્ત્રો હટી ગયાં તે જ દિગમ્બર. જેની ઇચ્છા બંધ થઈ ગઈ તેનું નામ મહાવીર, તેનું નામ દિગમ્બર. ગોપીઓના વસ્ત્રાહરણમાં 'દિગમ્બર' શબ્દનો આ જ અર્થ છે. આવરણ એટલે અજ્ઞાન. આવરણ એટલે ઇચ્છાઓ. આ ઇચ્છાઓ લઈને કૃષ્ણ ઝાડની ટોચ પર બેસી ગયા. ગોપીઓના આવરણો તેમણે લઈ લીધા. ઝાડની ટોચ એટલે સહજ સમાધિ. આવરણો જતાં ગોપીઓ સહજ સમાધિમાં આવી ગઈ. ભગવાન ઇચ્છાઓને લઈને ઝાડની ટોચ પર એટલે સહસ્ત્રદલકમલમાં ગયા. વસ્ત્રો એટલે વાસનાઓ. ગોપીઓ દિગંબર થઈ ગઈ એટલે કે આત્મા બની ગઈ. અંતરમાં કંઈ નથી, ત્યાં ફક્ત હરિ જ છે. ગોપીઓ સંન્યાસીનીઓ હતી તેમને એક ઇચ્છા ન હતી. ભગવાન શું ઝાડ પર (સ્થૂળ ઝાડ પર) ઓછો બેઠો હતો? મહાવીરને એકેય વાસના ન હતી માટે તે દિગમ્બર.

જે કોઈ કર્મોનું શુદ્ધ આચરણ કરશે તે દિગમ્બર થઈ જશે; તે સંન્યાસી થઈ જશે. પ્રકૃતિ તો કાર્યો કરાવે જ છે. કર્મ ભોગવ્યા વગર કોઈને પણ ચાલતું નથી. બળજબરીથી પ્રકૃતિ તમારી પાસે કર્મ કરાવે છે તો તમે નકામી દોડધામ શા માટે કરો છો? નવાં કર્મ શા માટે ભેગાં કરવાં? જે કંઈ મળે તેમાં શા માટે આનંદ ન માનવો? રડશો તો કર્મબંધન થશે. આ શરીરને જો પચાસ મળવાના હશે તો પચાસ જ મળશે, જો લાખ મળવાના હશે તો લાખ પણ મળશે. જેને લાખ મળ્યા તેને અને જેને પાંચ મળ્યા તેને, બન્નેને અન્તે તો લાકડામાં જ સૂવાનું છે. **अन्तकाले महादु:खं तस्माज्जागृहि जागृहि**–અંતકાળે મહાદુઃખ પડશે માટે તું જાગ, જાગ. આ વિચારીને સંતોષપૂર્વક જીવો. કહી દો કે મારે કંઈ ન જોઈએ. કોઈ પૂછે કે કેમ! કેવું ચાલે છે? તમારું ગાડું કેમ ચાલે છે?–તો જવાબ દઈ દેવો, "આનંદ, બડા આનંદ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મસ્તીમાં છીએ. લહેરમાં છીએ. અમને કંઈ દુઃખ નથી. આનંદથી ખાઈએ છીએ, પીયે છીએ અને ભજન કરીએ છીએ." મોહવશ જીવને પૂછો કે 'કેમ ચાલે છે?' કે તરત જ શરૂ કરશે કે "હેરાન હેરાન થઈ ગયા છીએ. પૈસા નથી. ઘરનું ભાડું ચડી ગયું છે." સંતોષપૂર્વક જીવનાર તો કહેશે કે' તમારી કૃપાથી આનંદ, આનંદ." આવાને જેલમાં લઈ જાય તોય તેને આનંદ. મોહવશ જીવને વાતવાતમાં રોષ અને શોક થાય છે. શોક થાય તો ભગવાનને માટે થવો જોઈએ. રડવું હોય તો ભગવાનને માટે રડો. ભગવાનને કહી દો કે હવે હું અરજી પાછી ખેંચી લઉં છું, ભક્તો ભગવાન પાસે રડે છે કારણ કે તેમને કર્મો સતાવે છે.

ભગવાન જ ધીમે ધીમે ભકતો ના રાગદ્વેષને બહાર લાવે છે. અર્જુનને એમ થાય છે કે મારુ ચાલે તો ભગવાનનું માથું જ ફોડી નાખું. આમ રાગદ્વેષ બહાર નીકળે છે અને જ્યારે રાગદ્વેષ બહાર નીકળે ત્યારે સાધકે તરત જ તેની કતલ કરવાની છે. સાધક અવસ્થામાં માણસ જ્યારે ઈશ્વર પરાયણ થાય ત્યારે તેના રાગદ્વેષ બહાર ઉભરાય છે જ્યારે ખડરિપુઓ બહાર નીકળે ત્યારે જીવ વિશેષ ગભરાય છે. અંતરમાં ભગવાનને બેસાડવા છે પછી ત્યાં રાગદ્વેષ કેમ રહી શકે? રાગદ્વેષ બહાર આવે કે તરતજ તેમને મારી નાખો. ભજનમાં પણ આ સ્થિતિ થાય છે. આ અવસ્થામાં જ જ્ઞાન જોઈએ અને સદગુરુ હોય તો જ જ્ઞાન મળે ને! રાગદ્વેષ ઉભરાય ત્યારે જો તેને સમાવી લેવાની શક્તિ ન હોય, તેને જીરવવાનું જ્ઞાન ન હોય તો કામક્રોધની જીત થવાની. જીવમાં રાગદ્વેષાદિ શત્રુઓને જીતવાની તાકાત જ નથી. પાંડવોને કાપી નાખવામાં કર્ણ, ભીષ્મ આદિને શું વાર લાગત? પણ ભગવાન પાંડવોની સાથે છે, જરાય હટતા નથી. અર્જુન પાસે સદ્દગુરુ છે. જીવ અવસ્થા નિર્માલ્ય અવસ્થા છે. જીવ એટલે જ કાયરપણું;

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પુરુષપણાનું નામ આત્મા. અર્જુન તો રાગદ્વેષાદિનું પૂતળું છે. રાગદ્વેષાદિને બહાર કઢાવવા માટે ભગવાન તેને પાનો ચડાવે છે. અર્જુને શરણુ લીધેલું છે. વળી તેને કામક્રોધનો હજી ડર પણ છે; માટે તો જ્ઞાનની જરૂર છે. ભગવાને તેથી અહીં જ્ઞાનયોગ સંભળાવ્યો. જ્ઞાન થાય તો જ ટકી શકાય, કારણ કુંડલિની જાગૃત થાય ત્યારે કામક્રોધના આવેગો ઊભરાય અને તેમાં જો ટકી ન શકાય તો પતન થાય. પ્રેમયુકત ભક્તિમાં પતનનો ભય નથી. જે શત્રુઓ કેટલાય જન્મોથી અંદર ઘુસેલા છે તેને બહાર તો કાઢવા જ પડશે.

અહીં કોઈ શત્રુ જ નથી. અહીં તો આત્મા આત્માને જુએ છે. ભગવાન ભગવાનને જુએ છે. અહીં કોઈ અર્જુન નથી. સમજવા માટે જ આ અર્જુન છે, આ જીવ છે એ ભાવ બોલાય છે.

પ્રેમલક્ષણા ભકિતથી કામક્રોધાદિ શત્રુઓને બળજબરીથી બહાર કાઢવાના છે. આ સમયે જીવને ત્રાસ થાય છે પણ તે સારા માટે છે. તેના જ લાભ માટે છે. આ સમજીને અર્જુન સાંભળે છે. નહિ તો ગીતા બંધ થઈ ગઈ હોત ને? કામક્રોધાદિ શત્રુઓ ભજનથી જ નીકળી જાય છે. ભજનથી જ આત્મશુદ્ધિ થાય છે. આત્મશુદ્ધિ 'શ્રી રામ જય રામ જય જય રામ' ની ધૂન કરવાથી જ થાય છે. 'આત્મશુદ્ધિ' એવો શબ્દ આપણે વાપરીએ છીએ. બાકી આત્મા તો શુદ્ધ છે જ પણ તે આવરણોથી ઘેરાયેલો છે, માટે આત્માની શુદ્ધિ કરવાની છે. અર્જુન-અવસ્થા એટલે જીવ-અવસ્થા. અર્જુન-અવસ્થામાં જે અશુદ્ધ છે તે જ કૃષ્ણાવસ્થામાં શુદ્ધ છે. કૃષ્ણ-અવસ્થા એટલે તે આત્મા જ છે.

અર્જુન આમ જીવમાંથી શિવ, નરમાંથી નારાયણ થઈ જશે. (૧૧)

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

युक्तः कर्मफलं त्यक्त्वा शान्तिमाप्नोति नैष्टिकीम् ।
अयुक्तः कामकारेण फले सक्तो निबध्यते ॥१२॥

આત્મનિષ્ઠ પુરુષ કર્મફળનો ત્યાગ કરી પરમ શાંતિ મેળવે છે અને આત્મનિષ્ઠ ન હોય એવો પુરુષ વાસનાથી પ્રેરિત થઈ ફલાસક્ત થવાથી બદ્ધ થાય છે. (૧૨).

ભગવાન હવે અહીં આત્મનિષ્ઠ પુરુષનું કે બ્રહ્મનિષ્ઠનું વર્ણન કરે છે. ભગવાન અહીં બ્રહ્મનિષ્ઠનાં લક્ષણો વર્ણવે છે. ભગવાન સ્થિત-પ્રજ્ઞ, આત્મનિષ્ઠ, બ્રહ્મનિષ્ઠ, સંન્યાસી એવા જુદા જુદા શબ્દો દ્વારા અર્જુનના મનમાં દૃઢ આત્મભાવ કરાવી દેવા માગે છે. ટૂંકમાં કહીએ તો અર્જુનની ગાડીને પાટા પર ચડાવી દેવા માટે ભગવાન જુદી જુદી રીતે બ્રહ્મનિષ્ઠનું વર્ણન કરે છે.

કર્મના ફળમાં આસક્તિ એ તો બંધનનું કારણ છે. ફલમાં આસક્તિરહિત જે છે તે મુક્ત છે. બ્રહ્મનિષ્ઠ પુરુષ કંઈ પગમાં સપાટ પહેરે કે ત્રિપુંડ કરે? મોટી મોટી જટાઓ રાખે તો જ શું બ્રહ્મનિષ્ઠ કહેવાય? રૂદ્રાક્ષનાં બેરખા પહેરે અને ભસ્મ લગાડે તો શું બ્રહ્મનિષ્ઠ કહેવાય? બૈરાછોકરાનાં મોહમાં પડેલો હોય અને વિષયમાં રાચતો હોય તે જેમ બ્રહ્મનિષ્ઠના લક્ષણો નથી તેમ શિષ્યો કરવા. મઠો અને આશ્રમો બાંધવાં, ગળામાં માળાઓ લટકાવી ફરવું એ પણ બ્રહ્મનિષ્ઠના લક્ષણો નથી. જે ફલાસક્તિ વગરનો તે જ ખરો બ્રહ્મનિષ્ઠ; તે જ ખરો જ્ઞાની. આવા બ્રહ્મનિષ્ઠ સિંહાસન પર પણ બેસે અને રાજ્ય પણ ચલાવે. રામ અને જનકે ગૃહસ્થાશ્રમ પણ ચલાવ્યો અને રાજ્ય પણ ચલાવ્યું; પણ તેમને આસક્તિ બિલકુલ નહોતી. જે છોડવાનું છે તે છોડી દેવાનું છે તેમાં જ ખરી કર્તવ્ય-પરાયણતા છે. રાજ્યનો ત્યાગ કરતાં રામને શું વાંધો આવ્યો? સીતાને જંગલમાં મોકલી, પૃથ્વીમાં હરિહર કરાવી દીધી અને પછી પોતે સ્વધામ ગયા. સ્ત્રીપુત્રાદિનો ત્યાગ કરીને મઠ અને આશ્રમો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

બાંધે અને ચેલાચેલીઓ વધારે એ કંઇ બ્રહ્મનિષ્ઠ નથી. અંતરમાં જેને કામના નથી તે બ્રહ્મનિષ્ઠ. તેને કેવળ બ્રહ્મમાં જ નિષ્ઠા છે. તેને બ્રહ્મ સિવાય બીજી કોઈ પણ કામના નથી. રામે પ્રજાને સંભાળી, રાવણ સાથે યુદ્ધ કર્યું, સીતાનો ત્યાગ કર્યો.—આસક્તિ વગર બધું કામ કર્યે રાખ્યું. કર્મના આચરણમાંથી ભાગવાની વાત કરે તે જીવ છે. જીવ છે એટલે કે અજ્ઞાની છે, કાયર છે.

રામને પંદર સોળ વર્ષની ઉમરે એવો ત્યાગનો અભખરો થયો હતો. તેમને ત્યાગી થઈને ચાલી જવાનું મન થયું. તે પલાંઠી વાળીને બેસી ગયા. તેમને વૈરાગ્ય ઉત્પન્ન થયો પણ જ્ઞાન ન હતું. તેમનો આ વૈરાગ્ય ઊંચા પ્રકારનો હતો. અર્જુનને તો ખાલી ત્યાગની વાત, નાસી જવાની જ વાત હતી. રામનો અને તેમના ગુરુ વસિષ્ઠનો વાર્તાલાપ એ જ 'યોગવસિષ્ઠ રામાયણ.' રામ વસિષ્ઠ ઋષિને પૂછે છે કે, "તમે મને સંસારમાં કયા સુખ માટે રાખવા માગો છો? સંસારમાં તો સર્વત્ર દુઃખ જ છે," ધન, સ્ત્રી વગેરેના દુઃખોનું જ્યારે રામ વર્ણન કરે છે ત્યારે વસિષ્ઠ ઋષિ તેમને પૂછે છે કે, "આ સર્વનો ત્યાગ કરીને તું જઈશ ક્યાં? ભગવાન કયે સ્થળે નથી? તું છોડીને જવાનો પણ ક્યાં?"

હે અર્જુન, આ જ ઉપદેશ મને રામાવતારમાં મળ્યો હતો. તું તે સમજી જા. કર્મનું શુદ્ધતાપૂર્વક આચરણ કરો અને નિરંતર મારું જ ચિંતન કરો.

દોડાદોડની વાતો, ત્યાગની વાતો એ તો અજ્ઞાનની વાતો છે. જેઓ ફ્લાસક્ત પુરુષો છે. તેઓ જ જન્મમરણને ભોગવે છે. ફ્લાસક્તિ જ જન્મમરણનું કારણ છે. ફ્લાસક્તિના વળી કેટલાય પ્રકાર છે.

કથાકાર કથા વાંચે મહિનો બે મહિના કથા ચાલે. પણ કથાકારનું ધ્યાન ક્યાં હોય? ભેટ ઉપર. બીજે ક્યાં હોય? તેમનું

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ધ્યાન એ ફળ ઉપર છે. પછી કથામાં પણ પેંતરા ગોઠવાય. કથામાં તન્મયતા ન રહે અને ભેટ શું મળશે, કેવી રીતે વધારે ભેટ મળે તેમાં ધ્યાન રહી જાય. હોંશિયાર કથાકારો તો પોતે નિષ્કામ હોવાનો ઢોંગ કરીને બીજા પાસે પૈસાની વાત મૂકાવે. તેઓએ પ્રચારકો રાખ્યા હોય છે. આ પ્રચારકો કહેતા ફરે છે કે મહારાજ તો નિષ્કામી છે; આપણે ફંડફાળા કરવા જોઇએ. કત્તરમાં પચાસ રૂપિયા મૂકીને એકાદ માણસ શરૂઆત કરે અને આમ ભેટ બમણી થઈ જાય. આવી તો એ લોકોની હોંશિયારી હોય છે. આ લોકોનું વિષયો પર ધ્યાન છે, ભગવાન પર નહિ. ભગવાનની કથાઓમાં આવું જ થતું હોય છે.

અહીં તો ભગવાન કહે છે કે જે ફલની આસક્તિ છોડે તે જ બ્રહ્મનિષ્ઠ છે. કેટલાક કહેશે કે અમે ફલની આશા રાખતા નથી અને સેવા કરીએ છીએ. અરે, પણ તમે આ રીતે સેવાનું વર્ણન કરો છો એટલે તમારી તો આસક્તિ દેખાય છે. નહિ તો અમે આશા રાખતા નથી; એટલું બોલવાની પણ શી જરૂર? મંદિરમાં પૈસો નાખે તોય જોરથી ફેંકશે. એકાદ દિવસનું ભજન નહિ ચાલે. ભજન તો રોજ કરવું પડશે. ભલેને પોતાની જાતને પરિવ્રાજક કે મહામંડલેશ્વર કહેવરાવે પણ જીવ જો ફલાસક્તિમાં રહ્યો તો તે મૂઢ, અજ્ઞાની અને કાયર જ છે. જેટલું મળે તેટલામાં સંતોષ ન માને તે ફલાસક્ત છે. પાંચ રૂપિયા માટે પણ લોકો દોડાદોડી કરે છે. ઈશ્વરેચ્છા પર નિર્ભર રહે તે જ નિત્યસંન્યાસી, તે જ બ્રહ્મનિષ્ઠ, તે જ આત્મનિષ્ઠ, તે જ જ્ઞાની, તે જ સાચો પંડિત.

સાધુ થવું એટલે શું જંગલમાં ચાલી જવું? સાધુ થવું એટલે શું માલમલીદા ખાવાના? યુદ્ધના મેદાનમાં લડવું નહિ એટલે કે કર્મ ન કરવાં તે શું સાધુપણું છે? સાધુ થયા પછી લોકો પૂજે, આબરૂ વધે, ગળામાં ફૂલના હાર પહેરાવે, શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠના

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

લેબલો લાગે એ શું સાધુપણું છે? આ તો બધા બાહ્યવેશની વાત થઈ. શ્રુતિ, વેદ કે ગીતા વાંચે તે બ્રહ્મનિષ્ઠ જ હોય એવું છે કે? છાપાંઓમાં ફોટા સાથે જાહેર ખબર આવે કે અમુક મંદિરમાં ફલાણાભાઈ હરિકીર્તન માટે આવવાના છે તો અલભ્ય લાભ લેવા પધારવું.

આ છે તમારી ફલાસક્તિ અને આ છે તમારી દુકાનો. નિસ્પૃહીને દોડધામની શી જરૂર? અલભ્ય લાભ શા માટે આપવો છે? કોણ કોને ઉપદેશ આપે? સર્વત્ર તો હું જ છું. આ જગત મારો રાસ છે અને ત્યાં હું રમણ કરું છું. ઉપદેશ આપવાની ઈચ્છા એ પણ કામના જ છે. આવા કામનાવાળા ફલાસક્ત સાધુઓ તો રૌરવ નરકમાં પડે છે. કોઈ આશ્રમમાં રહેવું અને દૂધપાક ખાવો એવી તાગી ઈચ્છા હતી. કેમ ખરું ને?

આ તો ગાંધીયુગ છે. તેમાં આવા કહેવાતા સંન્યાસીઓનો કોઈ ભાવ પણ નહિ પૂછે. સાઠ વર્ષે પણ કામનાના કીડા ખદબદતા હોય તો તેને સંન્યાસી કેમ કહેવાય?

કોઇ બ્રહ્મચારી હોય તેથી શું તે આત્મનિષ્ઠ ગણાય કે? ના, ના, એક કરોડ વહુ અને પચ્ચીસ લાખ છોકરાઓ હોય તો પણ તે બ્રહ્મચારી ગણાય. બ્રહ્મચારી કોણ ગણાય? જે બ્રહ્મમાં ચરે તે બ્રહ્મચારી.

એક વાર કૃષ્ણ અને તેમની સોળહજાર રાણીઓ દ્વારિકામાં ગોમતી તીરે પોતાના મહેલમાં બેઠાં હતાં. ત્યાં સામે તીરે દુર્વાસાઋષિ આવ્યા છે એવા સમાચાર મળ્યા અને તેમને ભોજન કરાવવાની રાણીઓને ઇચ્છા થઈ. દુર્વાસા જેવા મહાન્ મુનિ આંગણે આવ્યા હોય અને ભોજન સિવાય કેમ જવા દેવાય? ભોજન તૈયાર કરીને દુર્વાસા મુનિને જમાડવા માટે રાણીઓ નીકળી. આ બાજુ નદી પુર જોસમાં વહેતી હતી તેથી રાણીઓ વિમાસણમાં પડી. રૂક્ષ્મણીજી કૃષ્ણની પાસે ગયાં અને મુશ્કેલી રજૂ કરી. ત્યારે કૃષ્ણે કહ્યું કે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

"તમારે નદી કિનારે જઈને કહેવું કે જો કૃષ્ણ નિત્ય-બ્રહ્મચારી હોય તો અમને રસ્તો આપો." કૃષ્ણની આ વાત સાંભળીને રાણીઓ તો વિચારમાં પડી ગઈ કે આપણી સાથે તો લગ્ન કર્યાં છે તો પણ તે નિત્યબ્રહ્મચારી કેમ? રાણીઓએ તો વિશ્વાસ રાખીને નદી તીરે જઈને કૃષ્ણના કહેવા મુજબ કહ્યું અને રસ્તો થયો. રાણીઓએ દુર્વાસાઋષિને સોળ હજાર થાળ ખવરાવી દીધા. દુર્વાસાએ તો બધું ખાઈ લીધું. હવે રાણીઓને વિચાર થયો કે આપણે આવ્યા ત્યારે નદીએ માર્ગ આપ્યો પણ હવે જવું કેવી રીતે? દુર્વાસા તો મહામુનિ. તેઓ રાણીઓની અકળામણ જાણી ગયા અને કહ્યું કે તમારે એમ કહેવું કે 'દુર્વાસા જો નિત્યઉપવાસી હોય તો હે નદી અમને માર્ગ આપ.' રાણીઓને નદીએ માર્ગ આપ્યો. હવે રાણીઓને તો આ કોયડો થઈ પડયો. રૂક્ષ્મણીએ અને સત્યભામાએ કૃષ્ણને કહ્યું કે આ બધું અમારે માનવું કેમ? કૃષ્ણે કહ્યું કે કોઈ તત્ત્વજ્ઞાનીને પૂછવું જોઈએ. વાદવિવાદનો તો કોઈ અર્થ નથી. બૈરાંઓની ઝીણી ઝીણી વાતો પુરુષોને હેરાન કરી નાખે. તે લોકો વાદવિવાદ કરે અને ઝઘડા વધે. અજ્ઞાની જીવોને આપણે બૈરાં કહીએ છીએ. આવી વાતમાં તો તત્ત્વવેત્તાને પૂછવું જોઈએ તો તરત જ નિકાલ થઈ જાય. આમ કહીને ભગવાને કથા શરૂ કરી દીધી. વહુઓ, છોકરાંઓ, ઉદ્ધવ આ બધાની પાસે ભગવાન કથા જ કરતા. રાણીઓની વતી રૂક્ષ્મણીજીએ પ્રશ્ન કર્યો કે તમે અમારા વર છતાંય બ્રહ્મચારી અને પેલા મુનિ આટલું ખાઈ ગયા તોપણ ઉપવાસી— આ વાતનું રહસ્ય અમને સમજાવો. ભગવાને જવાબ દીધો કે "બ્રહ્મમાં ચરે તે બ્રહ્મચારી. બ્રહ્મમાં, ભગવાનમાં જેની વૃત્તિ રમણ કરે તે બ્રહ્મચારી. બાહ્યઆચારની તો તેમાં વાત જ નથી." ભગવાને બાહ્ય આચારની વાત જ ન કરી. "બ્રહ્મ એટલે શું? એમાં અમને સમજ ન પડે" વળી રાણીઓએ પ્રશ્ન કર્યો. "શૂન્ય છે તેનું નામ બ્રહ્મ. સ્ત્રીની વૃત્તિ જેમ પતિમાં રમણ કરે તેમ મારી વૃત્તિ બ્રહ્મમાં, ભગ-

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વાનમાં, આત્મામાં, રમણ કરે છે તેથી વિષયો ભોગવતો હોવા છતાં હું બ્રહ્મચારી છું. रागद्वेषवियुक्तैस्तु विषयानिन्द्रियैश्चरन्। आत्मवश्यैर्विधेयात्मा प्रसादमधिगच्छति ॥ (પ્રીતિ અને દ્વેષનો પરિત્યાગ કરી જેણે પોતાની ઇન્દ્રિયો અંકુશમાં આણી છે, તે પુરુષ વિષયોનું સેવન કરે તોપણ તે અંતઃકરણની પ્રસન્નતા પ્રાપ્ત કરે છે. અ. ૨ શ્લોક. ૬૪)," આમ ભગવાને સમજાવ્યું. "અને પેલા સોળ હજાર થાળ ખાઈ ગયા તે ઉપવાસી કઈ રીતે?" ફરી વાર રૂક્ષ્મણીએ પ્રશ્ન કર્યો. ભગાવાને વધારે સ્પષ્ટીકરણ કર્યું. "ઉપ એટલે નજીક અને વાસ એટલે રહેઠાણ. જે ભગવાનની પાસે વાસ કરે તે ઉપવાસી છે. બાકીના ઉપવાસ કે એકાદશી બધું ફોગટ છે. ભગવાનની પાસે બેસવું, ભગવાનની નજીક રહેવું તે ઉપવાસ છે. જે બ્રહ્મચારી છે તે જ ઉપવાસી છે. બધી સ્ત્રીઓમાં તે જ છે. કોઈ વહુ નથી કે કોઈ વર નથી. કેવળ હું જ છું. તમે એક દિવસ તો ભગવાનને અંદર બેસાડો. જે કૃષ્ણ છે તે જ દુર્વાસા છે. તમેય નથી. હું જ છું. મારે સ્ત્રી જ નથી. બધામાં હું જ છું. આ બધા નામ માત્ર છે. તમારા બધામાં મારું જ રમણ છે. જે આત્મામાં નિત્ય રમણ કરે; ખાવાપીવામાં, વાર્તાચિત્તમાં લક્ષ્ય ભગવાનમાં જ રાખે એ નિત્યસંન્યાસી." ગોપીઓને પણ ભગવાને આમ જ સમજાવી દીધેલું.

હે અર્જુન, મારા સિવાય કોઈ નથી એ ભાવના જ્યારે તને થશે ત્યારે તને જ્ઞાન થશે. તું અને તારું, હું અને મારું એવા દ્વન્દ્વો ત્યાં ચાલ્યા જાય છે. આ નિત્યબ્રહ્મચારી, એ જ નિત્યઉપવાસી, એ જ નિત્યયોગી, એ જ બ્રહ્મનિષ્ઠ, એ જ આત્મનિષ્ઠ.*

બ્રહ્મનિષ્ઠ ક્યારે થવાય? ફલાસક્તિ છુટી જાય ત્યારે. અર્જુનને જંજાળમાંથી છુટીને સાધુ થવું હતું. તેને તો તુંબડી લઈને, દાઢી

* તા ૨. ૯. ૫૫. શુક્રવારનું સાતમું પ્રવચન અહીં પૂરું થાય છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વધારી, ભગવું પહેરી, જમનાને કાંઠે બેસી જવું હતું. સાધુ એટલે શું તે એને ખબર ન હતી. વેશ બદલવાથી બ્રહ્મનિષ્ઠ થવાતું નથી. કર્મથી ભાગવું એ તો બંધનનું કારણુ છે. ફલાસક્તિ છોડવા માટે વેશ બદલવાની જરૂર નથી. કર્મ છોડી દેવું એ બંધન છે કારણ કે તેમાં એક વસ્તુ પર રાગ છે અને બીજી વસ્તુ પર દ્વેષ છે.

વૈરાગ્ય તો રામચંદ્રજીને પણ થયો હતો પણ એ ઊંચા પ્રકારનો વૈરાગ્ય હતો. અર્જુનને થયેલ વૈરાગ્ય ઊંચા પ્રકારનો ન હતો. રામચંદ્રજીને આવેલી ઉદાસીનતા એ અજ્ઞાન હતું. તેમને વસિષ્ઠે સમજાવી દીધું કે કોને છોડીને જઈશ? રાજપાટ છોડીને ક્યાં જઈશ? રાજપાટ તારું છે જ ક્યાં? આ રાજ્ય પર, આ અયોધ્યાની ગાદી પર તો કેટલાયે રાજા આવી ગયા. પણ રાજ્ય કોઈનું યે નથી થયું. પુણ્યના ફળથી રાજ્ય મળે છે. પુણ્યપાપ તો થયા જ કરવાના. પુણ્યપાપ તો મનમાં સંકલ્પો છે. ત્યાં રાજ્યનો ત્યાગ શું કામનો? આ મહેલ, આ બંગલા, એમાં તારું તો કંઈ જ નથી. આ શરીર પણ તારું નથી. તેથી શું શરીરને ચિતામાં સળગાવી દેવું? શરીર છોડવાથી પણ શાંતિ નથી મળતી. અહીંથી છોડીને તું ક્યાં જઈશ? જે છોડવાનું છે તે તો 'મારું, તારું' છોડવાનું છે. અહંભાવ છોડી દે તો તો આ બધું છુટી જશે. દેહાધ્યાસ છોડવાનો છે. તે જ્યારે છૂટશે ત્યારે આપોઆપ ત્યાગ થઈ જશે.

મનથી માનેલા સુખદુઃખ, હર્ષશોક કે રાગદ્વેષના ઉભરા છૂટે ત્યારે બ્રહ્મનિષ્ઠ થવાય. વેદશાસ્ત્ર જાણે તે જ કંઈ સાધુ હોય એવું નથી. નદીકિનારા પર બેસી જવાથી શાંતિ નથી મળતી. હિમાલય કે બીજા કોઈ પહાડ પર બેસી જવાથી શાંતિ નથી મળવાની. સંન્યાસ એટલે શું ભગવાં પહેરવાનાં? રામાયણમાં કે ગીતામાં ક્યાંય આવો ઉપદેશ નથી. કર્મફલનો ત્યાગ કરીને જે કર્મયોગનું આચરણ કરે તે જ સાચો સંન્યાસી. કર્મયોગનું આચરણ કરતાં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કરતાં કર્મ કર્યાં હોય તો 'મારું, તારું' એ ભેદભાવ રહેતા નથી. ભિન્નતા જેવી વસ્તુ પછી રહેતી નથી. તે કર્મભોગવે છે પણ તેથી તેના મનની પ્રસન્નતાને બાધ આવતો નથી.

ઈશ્વરાર્થે જે કંઈ કર્મ કરે તે યજ્ઞ જ છે. મારી પ્રસન્નતાને માટે જે એક વખત પણ મારું નામ લે તે યજ્ઞ કરે છે. આમ નામસ્મરણ સાથે કર્મયોગનું આચરણ કરે તે સાધુ, જ્યારે બીજા અસાધુ. ઉપર કહ્યાં તેવાં જેનાં લક્ષણ હોય એ બધા મહાત્મા; અર્થાત્ તે હું જ છું. એ બધાં ભગવાન જ છે. નિષ્કામભાવથી આ સ્થિતિ પ્રાપ્ત કરી શકાય છે. ભક્તિની શરૂઆત નિષ્કામભક્તિથી જ કરો.

હે અર્જુન, સંસારનાટકમાં મળેલો પાઠ (Part) આનંદપૂર્વક ભજવવો જોઈએ. તેને જે સ્થિતિમાં મોકલે એ સ્થિતિમાં તું એને મેળવી લે. મારે મન તો બધા જીવ સરખા; બધા ય નરના નારાયણ થઈ શકે છે. જે ફલાસક્તિ સહિત ભજન કરે તે મનુષ્ય અલબત્ત મનુષ્ય જ રહે છે; બીજા જન્મે તે ગધેડો થતો નથી એટલે કે પશુયોનિમાં જતો નથી. પણ તેને શાંતિ મળતી નથી. કંઈ પણ મેળવવાની આશા છે ત્યાં સુધી શાંતિ નથી મળવાની; હું નથી મળવાનો. શાંતિ જોઈએ તો નિષ્કામપણે પ્રારબ્ધના ભોગ ભોગવવા અને નિષ્કામભક્તિ કરવી. દેહ ધારણ કરેલી ઇચ્છાઓ દેહે ભોગવવી જ જોઈએ. જીવ અકર્તા છે, શિવ જ છે પણ કર્તાનો ભાવ કર્યો એટલે શિવનો જીવ થયો. નરસિંહ મહેતાએ કહ્યું છે કે 'અનેક રચના કરી વિવિધ રસ લેવાને શિવ થકી જીવ થયો એ જ આશે;' જીવભાવ નીકળી જાય તો શિવભાવ આવે.

જડભરતની માફક કર્તાપણનો ભાવ કાઢી નાખો. જડભરતે રહુગણ રાજાની પાલખી પણ ઊંચકી અને તેને જ્ઞાન પણ આપ્યું. તેમને શરીરનો ભાવ ન હતો. તે શરીરને ગધેડું સમજતા. શરીર ગધેડાની જેમ આત્માનો બોજો વહન કરે છે. આ ગધેડાને-શરીરને

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

યોગ્ય રીતે ચલાવે તે બ્રહ્મનિષ્ઠ, તે જ મહદ્‌રૂપ છે. માનાપમાન, સુખદુઃખ, રાગદ્વેષ વગેરેમાં જે સાક્ષીભાવે જુએ તે બ્રહ્મનિષ્ઠ અને તેનાથી ઉલટું જુએ તે પશુ છે. બીલકુલ ભજન ભક્તિ ન કરે તે તો મનુષ્યના રૂપમાં ચાર પગવાળા જનાવર છે. એક સુભાષિતમાં કહ્યું છે કે **मनुष्यरूपेणमृगाश्चरन्ति.** જે સમજે છતાં રાગદ્વેષ ન છોડે તે પશુ છે. ખાવુંપીવું, હરવુંફરવું અને છોકરાં પેદા કરવાં તે વહેવારો તો પશુમાં ય છે. **आहारनिद्राभयमैथुनं च सामान्यमेतत् पशुभिर्नराणाम** । જેનામાં આવી પશુબુદ્ધિ નથી તે મહાત્મા છે. મહાત્માને વળી માન શું અને અપમાન શું. એને કોઇ પશુ કહે તો પણ એને શું થવાનું છે? આવા એક મહાત્માનું દષ્ટાન્ત અહીં કહું છું. એક ગામમાં એક મહાત્મા આવેલા. શેઠને તેની પરીક્ષા લેવાનું મન થયું. શેઠે જઈને મહાત્માને આમંત્રણ આપ્યું કે મહારાજ, મારે ત્યાં આજે ભિક્ષા માટે આવજો મહારાજે તો હા કહી. શેઠે પોતાની વહુને આગળથી સમજાવી દીધેલ કે જ્યારે મહારાજ જમવા આવે ત્યારે કહેવું કે થોડી વાર પછી આવો. મહારાજ ભિક્ષામાટે આવ્યા ત્યારે શેઠના સમજાવ્યા મુજબ વહુએ કહ્યું કે હજી રસોઈ તૈયાર થઈ નથી માટે થોડી વાર પછી આવજો. મહાત્મા 'નારાયણ, નારાયણ' બોલતા ચાલ્યા ગયા. આમને આમ મહાત્માને ત્રણ વખત ધક્કા ખવરાવ્યા. મહાત્મા હરવખત પાછા જાય છે. મહાત્મા ચોથી વાર આવ્યા ત્યારે ત્રણ વાગ્યા હતા છતાં વહુ બોલી કે ખાવા માટે કેટલો સમય સાચવે છે! ક્યાંથી આવા ભામટાઓ, જોગટાઓ, શરમ વગરના આવતા હશે! મહાત્માના મુખ પર આ સાંભળીને જરાયે ફેરફાર નથી, જરાયે ક્રોધ નથી. 'આમંત્રણ શા માટે આપ્યું હતું' એટલું પણ તે બોલ્યા નહિ. મહાત્માની આવી ઉત્તમ સ્થિતિ જોઈને શેઠને પસ્તાવો થયો અને દોડીને મહાત્માના પગમાં પડ્યા અને માફી માગી; 'મહારાજ, મારી ભૂલ થઈ. મેં આપને ન

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ઓળખ્યા.' મહાત્માએ કહ્યું, 'એમાં શું થઈ ગયું? હડે હડે કરીને કાઢી મુકો તોય કુતરો તો પાછો આવશે જ. અમે કૂતરા જેવા છીએ. અમારી માફી શી માગવાની? જો હું માનાપમાન-રહિત સ્થિતિમાં ન રહું તો પશુ જ ગણાઉં ને.' મહાત્માએ તેને આ રીતે જ્ઞાન પણ આપ્યું. બ્રહ્મનિષ્ઠ પુરુષ આવો હોય.

આપણે પશુવત્ જીવન ગાળીએ છીએ કેટલાક તો વળી ગીતા વાંચીને એમ સમજી બેસે છે કે અમે બ્રહ્મનિષ્ટ છીએ, આસક્તિ છે ત્યાં સુધી બ્રહ્મનિષ્ટ ક્યાંથી થવાય? પરદુઃખે ઉપકાર કરે તે જ સાચો સાધુ. તનમનધનથી બીજા પર ઉપકાર કરે તેજ સાચો સાધુ, સાધુ તો સેવાનું કામ કરતો ફરે છે. ગૃહસ્થાશ્રમમાં રહીને પણ જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે. જ્ઞાનને કોઇ પણ યોની, વર્ણ કે આશ્રમ સાથે સંબંધ નથી. જ્ઞાનીને કોઈ વેશ નથી. જટાયુ, હનુમાનજી, રોહિદાસ, શબરી વગેરે ભક્તોના દૃષ્ટાન્તો આપણને બધુ જ સ્પષ્ટ કરી દે છે.

ફલાસક્તિનો ત્યાગ કેમ થઈ શકે? વિષયો જાય નહિ અને મન કબજામાં આવે નહિ ત્યાં સુધી કંઈ વળવાનું નથી. ગીતાના અઢારે અધ્યાયને હું તો પ્રેમયોગ જ કહું છું, તે તમે સમજો. બાહ્ય ભજનની સાથે મનને પણ સમજાવો. મનની શુદ્ધિ ન થાય ત્યાં સુધી તો આ બાહ્યભજન એટલે કે મજૂરી જ રહી. કર્તાપણાના ભાવથી રહિત ઈશ્વરાર્પણ બુદ્ધિથી થયેલાં કર્મથી, ભજનથી, જ્ઞાન થશે, પછી જ સેવા થઈ શકે. પછી જ દેશસેવા, સમાજસેવા કે વિશ્વસેવા સાચી રીતે થઈ શકે.

હું યુદ્ધ નહિ કરું—અર્જુનના ભેજામાં ભરાયેલા આ ભૂંસાને કાઢવા માટે અર્જુનની સામે ભગવાન વારંવાર બે પ્રકારના વર્ણનો કરે છે; ભક્તનું અને અભક્તનું, પુરુષનું અને સ્ત્રીનું, ગોપાલનુ અને ગધેડાનું, જ્ઞાનીનું અને અજ્ઞાનીનું. તે છતાં અર્જુનના મનમાં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ઉતરતું નથી. અધિકાર વગર જ્ઞાન થતું નથી. તેને જ્ઞાનનો અધિકારી બનાવવા માટે સદ્દગુરુ વારંવાર સમજાવ્યા કરે છે. અર્જુન રથના પાછળના ભાગમાં માથું પકડીને બેસી ગયો છે. ભગવાને તેને કર્મયોગની દવા બતાવી. હે અર્જુન ! કર્મયોગનું આચરણ કરીશ તો તને રાજ્ય મળશે. કર્મયોગના આચરણમાંથી જે ભાગી જાય તે ખરો સંન્યાસી નહિ થાય. તેનું શ્રેય કદીએ નહિ થાય. કર્મ તેને છોડશે નહિ. કર્મ તો તેની સાથે જ વળગેલું છે. જ્યાં સુધી આસક્તિ ન છૂટે ત્યાં સુધી તો યુદ્ધ કરવું જ પડશે. યુદ્ધને અન્તે તને તારા રાજ્યની એટલે કે તારા સ્વરૂપની પ્રાપ્તિ થશે. જો યુધ્ધના મેદાનમાંથી ભાગી જઈશ તો તારી ગણના બૈરાંમાં, કાપુરુષમાં, બાયલામાં કે અજ્ઞાનીમાં થશે. પુરુષ તો એક જ છે, બાકી બધાં તો બૈરાં જ છે. તેં જીવ ગોસ્વામીજીનું દષ્ટાંત સાંભળ્યું છે ?

જીવ ગોસ્વામી વૃંદાવનમાં રહેતા હતા. તેઓ મહાન જ્ઞાની હતા. કોઈ સમજવાના નથી, પછી શું ઉપદેશ કરવો, શું કથા કરવી ? આવો તેમનો ભાવ હતો. તથી તેઓ એકલા જ રહેતા. કોઈ પણ સ્ત્રીનું મુખ તેઓ જોતા નહિ. તેઓ તો આત્મામાં જ રમણ કરતા. મીરાંએ જીવ ગોસ્વામીની હકીકત સાંભળી અને તેમને મળવા ગયાં. ગોસ્વામીજીએ કહેવડાવ્યું કે હું બૈરાનું મોઢું જોતો નથી. આ સાંભળીને મીરાં કહે છે; "વૃંદાવનમાં કૃષ્ણ સિવાય બીજો પુરુષ છે ખરો કે ?" (વૃંદાવન વસી હજી પુરુષ રહ્યા છો તેમાં ધન્ય તમારો વિવેક) આ સાંભળીને ગોસ્વામીજી મીરાંની ઉચ્ચ સ્થિતિ સમજી ગયા અને દોડીને તેના પગ પકડ્યા. જેનું અજ્ઞાન તરફનું વલણ છે તે સ્ત્રી છે. જે અભેદભાવે ભજે છે તે પુરુષ છે અને બાકીના બધા બૈરાં છે.

ફલાસક્તિના ત્યાગ માટે પહેલાં તો મનને વશ કરવું જોઇએ. તે માટે તો અશ્વમેધ યજ્ઞ કરવો પડશે. મન એ અશ્વ છે. મન રૂપી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અશ્વ કામક્રોધના નિવાસસ્થાનોમાં ફરવા માટે જાય છે. કામક્રોધ રૂપી રાજાઓ જો મન–અશ્વને બાંધી લે તો અશ્વમેધ યજ્ઞ અટકી જાય. માટે મન–અશ્વ સાથે વિવેક સેનાપતિ હોય છે. જ્યાં મન અટકે ત્યાં વિવેકરૂપી સેનાપતિ લડે છે અને કામક્રોધમોહરૂપી રાજાઓને જીતી લે છે. જ્યાં જ્યાં અશ્વ બંધાય ત્યાં ત્યાં યુદ્ધ થાય. જ્યાં મન જાય ત્યાં વિવેક કરવાનો. આત્મા–અનાત્માનો વિચાર તે વિવેક. વિવેકથી જ કામક્રોધને જીતી શકાય. એ પણ ન સમજાય તો નિષ્કામ-ભાવે ભગવાનનું ભજન કરો. વિવેક એટલે નિષ્કામભાવે ઇશ્વરની ભક્તિ. તેનાથી કામક્રોધાદિ ષડ્‌રિપુને જીતી મન–અશ્વને કાબૂમાં લેવો. આ રીતે દરેક દેશમાં જીતતાં જવું. બહારનું યુદ્ધ પૂરું થયા પછી મન અને વિવેક અંતર્મુખ થયા. હવે આ મનરૂપી અશ્વને કાપીને હોમી દેવાનો છે. એક એક અંગ કાપી તેનો હોમ કરવાનો છે. ભક્તિમાં મનને હોમી દીધું. હવે કોણ બાકી રહ્યું. આનું નામ મનોનાશ. આ અશ્વમેધ યજ્ઞ કરવો એટલે મનને અમન કરવાનું છે. હવે કેવળ હું જ રહ્યો. આનું નામ અશ્વમેધ યજ્ઞ. આ જ ખરો યજ્ઞ. સ્વર્ગાદિ મેળવવાના યજ્ઞો તો નકામા છે. આ યજ્ઞના વર્ણનનું નામ ગીતા.

વિવેક એટલે ભક્તિ. જ્યાં સુધી પ્રેમપૂર્વક ભક્તિ ન થાય ત્યાં સુધી મન વશ નહિ થાય. વિવેક એકદમ નહિ થાય. ઇશ્વરનો ડર થયા પછી જ વિવેક આવી શકે છે. જ્યાં સુધી પ્રેમ ન થાય ત્યાં સુધી ભક્તિ થતી નથી. વિવેકી પુરુષ એટલે આત્મા, એ જ ભગવાન. અવિવેકી એટલે બૈરાં. જે ભક્તિ નથી કરતો; નિત્યકર્મ, ધ્યાન, ભજન વગેરે જે નથી કરતો તે અવિવેકી છે. સત્કર્મના કાર્યો જે નિષ્કામભાવે કરે છે તે જ વિવેકી છે. વિવેકની મદદથી જે અશ્વમેધયજ્ઞ કરે છે તે બ્રહ્મનિષ્ઠ છે. સકામભક્તિ કરે તે મનુષ્ય અને વિકર્મ કરે તે પશુ. ઉપરથી ભલે મનુષ્યનું શરીર

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

હોય પણ અંદર તો ગધેડાં અને કૂતરાંની જેવી વૃત્તિઓ હોય છે. કોઈ કહે કે 'આ માણસ તો વાંદરા જેવો છે.' એનો અર્થ આપણે શું કરીએ છીએ? એ જ કે તેનું વર્તન વાંદરા જેવું છે. ભક્તિ કરતાં કરતાં પશુમાંથી મનુષ્ય અને નરમાંથી નારાયણ થવાય છે.

ભજનના અનેક પ્રકાર છે; સેવા કરવી, નિષ્કામભાવે ઈશ્વરાર્થે કર્મ કરવાં, ધ્યાન કરવું વગેરે. કેટલાક ભક્તિને ગૌણ ગણે છે અને કેટલાક આખો દિવસ ઈચ્છાઓ કર્યા કરે અને તેમાંથી જ્યારે સમય મળે ત્યારે મારું ભજન કરે છે. તેઓ ભજનના સમયમાં સાંસારિક કામ આવે તો તે કામ પહેલું કરે છે. સંસારના કાર્યો આવે ત્યારે ભજન બંધ કરે છે. 'આજ તો મારે ઘણું કામ છે.' એમ તેઓ કહે છે. જ્યાં કામ છે ત્યાં રામ નથી. પછી ભલે તેઓ વેદ, શ્રુતિ, સ્મૃતિ, ઉપનિષદ વગેરે શાસ્ત્રો વાંચ્યા કરે. જે લોકોને ગુરુ નથી તે કમભાગી છે. ભલેને પછી મહિનાઓ સુધી તેઓ સમાધિમાં પડી રહે કે દટાઈ રહે તો પણ આ મારું સહજ જ્ઞાન તેમને નથી થવાનું. છાશવારે જેના ગુરુ ફરે તેની તો વાત જ શી કરવી?

હે અર્જુન, તારું સદ્‌ભાગ્ય છે કે હું તને મળ્યો છું. તારામાં વિવેક જાગ્રત થયો અને તેં શરણ લીધું છે માટે તું સદ્‌ભાગી છે.

ભગવાને અવિવેક ઉપર પ્રહાર કરવા માટે અર્જુનને ઉશ્કેર્યો અને અવિવેકનું વર્ણન કર્યું. અર્જુનને જો અવિવેક ઉપર ગુસ્સો ચડે તો વિવેક થઈ જાય અને વિવેક થયા પછી તો આનંદ, આનંદ. તેને પછી ન રહે માન કે અપમાન, રાગ કે દ્વેષ.

તેં શરણ લીધું છે પણ મોટા મોટા ડોળા કાઢીને બેઠો છે. તારી બુદ્ધિ ભલે સતેજ થઈ ગઈ હોય, ઊંડા ઊંડા પ્રશ્નો કરીને તું ભલે ઊંડી ઊંડી વાતો કરે, છતાંય જો ગુરુશરણ ન હોય તો બુદ્ધિ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ખાડામાં નાખી દે. બુદ્ધિ કાં તો નીચે લઈ જાય અથવા તો ઉપર ચડાવે.

અર્જુનને લડાઈ ન જ કરવી હોત તો મહાત્માને પૂછવા શું કામ જાત? તેણે તો ગુરુને રથ પર ચડાવ્યા કેમકે તેનામાં વિવેક જાગ્રત થયો છે. ગુરુને રથ પર ચડાવવાથી જ કલ્યાણ થાય. ત્યારે વિવેક જાગ્રત થાય ક્યારે? વિવેક જાગ્રત કરવાને માટે દાન, સેવા, તપ એ બધા યજ્ઞો કરવાના છે દાન, સેવા, તપ, નામસ્મરણ એ બધાનું નામ જ ભક્તિ છે. ભગવાન અર્જુનને આ બધા યજ્ઞો કરતો બનાવી દે છે.

ભગવાન રથપર ન બેસે તો અર્જુનને બધાય મારી નાખત. ભીષ્મની તો આંખ ફરે, તે એક હુંકાર કરે ત્યાં પાંડવો ખલાસ થઈ જાય. રથ ઉપર કૃષ્ણ છે માટે અર્જુન છે. કૃષ્ણથી જ અર્જુન જીવતો રહ્યો છે. રથ ઉપર યોગેશ્વર કૃષ્ણ છે; યોગેશ્વર કૃષ્ણ એટલે આત્મશક્તિ. રથ એટલે શરીર. શરીરરૂપી રથ ઉપર ભગવાન બેસી ગયા છે.

કૃષ્ણને આવવાની કંઇ જરૂર છે અને એ પણ વળી સગુણ-રૂપે? કૃષ્ણના સગુણ શરીરથી તેના જીવન દરમિયાન જેટલા તરી ગયા તેનાથી ઘણા વધારે તેના નામ માત્રથી તરી ગયા છે. તેના સગુણ શરીર પછીના પાંચ હજાર વર્ષ દરમિયાન નરસિંહ, મીરાં, કબીર વગેરે ઘણા તો તેના નામથી જ તર્યા છે. નામ એ જ કૃષ્ણ. જેને જેને નામનું સ્મરણ થયું છે તે ભવાબ્ધિમાં તરશે. તેને કોઈ પ્રયત્ન નહિ કરવો પડે. માટે મનને ભક્તિમાં હોમી દેવું જોઈએ. જો નિષ્કામભક્તિ કરવી હોય તો મન અશ્વની પાછળ વિવેક-સેનાપતિને મોકલો. નિષ્કામભક્તિ એ જ ખરી ભક્તિ છે. નિષ્કામભાવ સિવાયની ભક્તિ એ ભક્તિ જ નથી. નિષ્કામભાવે જે કંઈ કરે તે જ ખરો યજ્ઞ છે. ફલાસક્તિથી યજ્ઞ કરનારને થોડી રિદ્ધિસિદ્ધિ, ધનધાન્ય કે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સ્વર્ગાદિ સુખો મળે છે પણ પછી તો દુઃખ જ રહે છે, કારણ કે એ બધું નાશવંત છે. ફલાસક્તિ છે તેનું કારણ તૃષ્ણા છે. જેની તૃષ્ણા વધારે હોય છે તેને ફટકા જ પડે છે.

એક શેઠ એક ગામથી બીજે ગામ જતા હતા. શેઠનો સ્વભાવ દયાળુ હતો. તેને રસ્તામાં એક ગરીબ બ્રાહ્મણ મળ્યો. બ્રાહ્મણના પગમાં ચંપલ ન હતાં. તેણે શેઠની સામે જોઈને ચંપલ માગ્યા. શેઠે ઉદારતા દર્શાવી અને માગતાની સાથે જ ચંપલ આપ્યાં. બ્રાહ્મણની તૃષ્ણા વધી. તેણે શેઠની પાસે થોડા પૈસા માગ્યા. શેઠે પૈસા પણ આપ્યા. પૈસા મળ્યા ત્યારે બ્રાહ્મણની તૃષ્ણા વધી. તેણે જોયું કે શેઠની પાઘડી ઘણી મૂલ્યવાન છે તેથી તેની માગણી કરી. શેઠને ગમ્યું તો નહિ છતાં કચવાતાં મને તેણે પાઘડી પણ આપી. હવે બ્રાહ્મણની તૃષ્ણાને સીમા ન રહી. તેણે હવે શેઠ બેઠા હતા તે ઘોડો જ માગ્યો. શેઠ કંઈ બોલ્યા નહિ પણ નીચે ઉતરીને બ્રાહ્મણને એક ચાબૂક ફટકાર્યો. આ બ્રાહ્મણની તૃષ્ણા જેમ વધતી જાય છે તેમ તમારી તૃષ્ણા પણ વધ્યા જ કરે છે. તમે પણ આ બ્રાહ્મણની જેમ માગમાગ જ કરો છો તેથી ભગવાનરૂપી શેઠ તમને ચાબૂક મારે છે. ફટકાઓ પડે છે તો પણ તમે સમજતા નથી.

તૃષ્ણા વધારીને ઇન્દ્રિયોને શા માટે બહેકાવો છો? દસે દસ ઇન્દ્રિયોને દસ દસ ફટકા મારો. હજારો રૂપિયા મળે કે લાખો રૂપિયા મળે તોપણ તૃષ્ણા શાંત થવાની નથી. ભગવાન કહે છે કે સંસારના આવરણો લઈ લેવા જ હું તો ફટકા મારું છું કે કેમેય ય કરીને તેઓ મારું ભજન કરે. સકામભક્તિ કરશે તો પણ આગળ વધશે; કેમ કે છેવટના ફટકાઓથી પણ જ્ઞાન થશે. મારા તરફ લઈ લેવાને માટે તો હું ફટકા મારું છું, એ શું ખરેખર દુઃખ છે? હું ઉપકાર કરું છું કે દુઃખ આપું છું?

તમે જ તમારી આજુબાજુ ધાબળા વીંટાળીને બેઠા છો.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ધાબળા એટલે કે ઉપાધિઓ. સંસારના ત્રિવિધ તાપમાં તમે તપી રહ્યા છો. પૈસા, ધન, મોહ ઇત્યાદિ માટે ઇન્દ્રિયો તમને ખેંચી રહી છે. દશેન્દ્રિયની દશ ઉપાધિઓ એ દશ ધાબળા તમે વીંટાળ્યા છે અને ઉપર તો તાપ તપી રહ્યો છો. ખૂબ તાપ લાગે છે એમ જ્યારે તમે કહો છો ત્યારે મહાત્મા તમારા ધાબળા ખેંચી લે છે. આ તમારાથી સહન થતું નથી અને તમે રાગદ્વેષના ઉભરા કાઢો છો. તમે કહો છો કે સંસારમાં બહુ દુઃખ છે. એ દુઃખ દૂર કરવા માટે જ્યારે હું આ ધાબળા ખેંચી રહ્યો છું ત્યારે તમે ના પાડો છો અને એ જ મોટું દુઃખ છે. ફલાસક્ત પુરુષની આવી સ્થિતિ છે. મારાથી આ તાપ સહન થતો નથી, એમ તમને નિશ્ચય થયો છે. વળી હે ગુરુ, તમે કહો છો તે પણ ખરું છે, એવું પણ તમે બોલો છો. પરન્તુ તમારે આ ધાબળા કાઢવા નથી. ધાબળા એટલે કે ઉપાધિઓ ખેંચી લેવાની વાતથી જ તમે ગરમ થઈ જાઓ છો. તમે ગાળો પણ આપશો. રામાવતારથી હું ગાળો ખાતો આવ્યો છું અને હજી ખાઈશ. હે અર્જુન, તારામાં તો વિવેક જાગ્રત થયો છે. હવે તો તને સમજ પડવાની છે.

ભગવાન બ્રહ્મનિષ્ઠથી માંડીને ધાબળા સુધીની વાતો કરે છે. કેટલા નીચે આવીને ભગવાન વાત કરે છે! શિષ્યોએ સમજવાની તો જરૂર છે જ. શિષ્ય કેવો હોવો જોઈએ તે માટે એક દૃષ્ટાંત કહું.

એક મહાત્મા હતા. તેમને એક શિષ્ય મળી ગયો. તેણે મહાત્માને કહ્યું કે મને તમારી સેવામાં રાખો. મહાત્માએ કહ્યું; અચ્છા બેટા, જો હું નદીએ સ્નાન જાઉં છું. તું આ ખીચડી અને દહીં પડયા છે તે સાચવજે. કાગડા આવે તો ઉડાડતો રહેજે. નાહીને આવીને પછી હું જ્ઞાનની વાત કરીશ. મારો ડંડો લઈને તું કાગડા ઉડાડજે. શિષ્ય હતો બુદ્ધિશાળી! હાથમાં ડંડો લઈ ને આમતેમ ફેરવ્યા કરે. તે ડંડો ઉછાળતો હતો તેવામાં એક કૂતરું આવ્યું.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ગુરુએ તો કાગડાને જ ઉડાડવાનું કહ્યું છે, કૂતરાને કાઢવાનું ક્યાં કહ્યું છે. માટે શિષ્યે તો 'હડ' પણ ન કહ્યું અને કૂતરું નિરાંતે તપેલાં ચાટી ગયું. શિષ્યે કાગડાને આવવા ન દીધો.

આપણી સ્થિતિ આ શિષ્ય જેવી છે. આપણે ભજન કરવા માંડીએ છીએ પણ કામના નથી છોડતા. રામનું નામ લઈ એ પણ રામના કર્મો સ્મરણમાં નથી રાખતા. કૃષ્ણે તો અર્જુનના ઘોડા પણ સાચવ્યા હતા. કૃષ્ણે કર્મો કર્યા છે, જ્યારે આપણે તો કર્મોનો ત્યાગ કરવો છે. સામે આવે તે કર્મો છોડી દેવા છે. આપણે તો કૃષ્ણ કરતાં પણ મહાન ખરા ને! આપણે કાગડા ઉડાડતા રહીએ છીએ અને કૂતરાં તપેલાં ચાટી જાય છે એવો આ ઘાટ છે.

ગુરુની વાત સમજવાની જરૂર છે. એક શેઠ જમવા બેઠા ત્યારે તેમણે નોકરને કહ્યું કે 'સૈંધવ લાવ.' નોકર હતો હોંશિયાર! તરત જ ઘોડો લઈને હાજર થયો. 'સૈંધવ' ના બે અર્થ થાય છે, મીઠું અને ઘોડો. અહીં તો મીઠું લાવવાની જરૂર હતી. આપણે જે કરવાનું છે તે નથી કરતા. તે શેઠને બહાર જવાનું હતું. તે વખતે તેમણે નોકરને કહ્યું કે 'સૈંધવ લાવ.' ઘોડાને બદલે હાથમાં મીઠું લઈને નોકર દોડતો દોડતો આવ્યો. કહો, આવી સ્થિતિ હોય ત્યાં જ્ઞાન ક્યાંથી થાય? મહાત્માએ કહ્યું તે સમજ્યા વગર આપણે ગુરુભક્તિની વાતો કરીએ છીએ. ખોટી ખોટી વાતો નહિ ચાલે. ખાલી વાતો છોડીને અભ્યાસ કરવો પડશે. ગુરુએ જે કહ્યું તે તમારે આચરણમાં મૂકવું પડશે. જે આચરણમાં નથી મૂકતો તે તો આસક્ત છે. આસક્તિવાળા માણસે તો કાગડાની સાથે કૂતરાને પણ કાઢવાના છે.

રાજા જનકના દરબારમાં ઘણા ઋષિઓ બેસતા. એકવાર જનકને થયું કે આમાં ખરા બ્રહ્મનિષ્ઠો કેટલા હશે તે જોવું તો જોઈએ. તેણે સોને મઢેલા શીંગડાવાળી અને શીંગડે શીંગડે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

હજાર સોનામહોરો લટકાવેલી એવી એક હજાર ગાયોને શણગારી. પછી ભરસભામાં જ્યાં ઋષિમુનિઓ બેઠા હતા ત્યાં આવીને કહ્યું કે જે બ્રહ્મનિષ્ઠ પુરુષ હોય તે આ ગાયો લઈ જાય. બધા ઋષિઓ એક બીજાની સામે જોઈ રહ્યા. કોઇ ઊભું થતું નથી. ત્યારે હસીને યાજ્ઞવલ્કયે પોતાના શિષ્યને કહ્યું કે તું આ ગાયોને આપણે ઘેર લઈ જા, આ સાંભળીને સભામાં બેઠેલા બધા મુનિઓ ઉખડી પડચા. બધા યાજ્ઞાવલ્કયને ગાળો દેવા લાગ્યા. બધા યાજ્ઞવલ્કય ઉપર તૂટી જ પડચા. આ બાજુ જનક અને યાજ્ઞવલ્કય બન્ને હસે છે ત્યારે ઋષિઓને તો દુઃખ જ થયું. જનક અને યાજ્ઞવલ્કય બન્ને સમદષ્ટિવાળા હતા. તેઓ તો પ્રકૃતિનો નાચ જોયા કરતા હતા. યાજ્ઞવલ્કયને સુખ છે ત્યારે આ મુનિઓને શોક છે બધા મુનિઓને ઈર્ષ્યા થઈ છે કે આ યાજ્ઞવલ્કય હજાર ગાય લઈ જાય છે અને પોતાને બ્રહ્મનિષ્ઠ કહેવરાવે છે. બૂમો પાડીને બધા ચૂપ થઈ ગયા. જેના ગુરુ અષ્ટાવક્ર છે એવા જનક તો જીવન્મુક્ત હતા. અષ્ટાવક્ર પાસેથી તેને જ્ઞાન મળ્યું હતું. યાજ્ઞવલ્કય પણ જીવન્મુક્ત હતા. તેમને જનક પર રાગ નથી, મુનિઓ પર દ્વેષ નથી. જ્ઞાનીને કોઈ આવીને મોઢા પર ગાળ દઈ જાય તો પણ દ્વેષ થતો નથી. આજે તો બ્રાહ્મણો એક બીજાની સામે કૂતરાની જેમ ઘુરકે છે. એક ધંધાવાળા હરિફોમાં પણ ઘુરઘુરાટ થાય છે. **ब्राह्मणो ब्राह्मणं दृष्ट्वा श्वानवत् घुर्घुरायते** એ વાત સાચી લાગે છે.

ચાર પાંચ મહાત્માઓ ગંગાકિનારે તપ કરતા હતા. તેઓ ધ્યાનમાં બેઠા હતા. સવારનો વખત હતો. ત્યાં એક શેઠ આવ્યા અને સુન્દર કેરીના ફળથી ભરેલો એક ટોપલો બધાની સામે મૂક્યો. શેઠની ઈચ્છા આ બધા કેવી તપસ્યા કરે છે તે જોવાની હતી. શેઠે ટોપલામાંથી થોડી થોડી કેરીઓ પાંચે મહાત્મા પાસે મૂકી. થોડી વારે બધા મહાત્માઓ નાહવા ગયા. લાગ જોઇને શેઠે બધી કેરીઓ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સંતાડી દીધી. પછી પોતે ઝાડની ઓથે છુપાઈને શું થાય તે જોવા લાગ્યા. ત્યાં એક મહાત્મા સ્નાન કરીને આવ્યા અને જુએ તો કેરી ન હતી. બીજા મહાત્મા સ્નાન કરીને આવ્યા અને કેરી ન જોઈ. એને થયું કે આ પહેલાં સ્નાન કરીને આવ્યો તે કેરીઓ ઉપાડી ગયો લાગે છે. ધીરે ધીરે કરતાં ઝઘડો વધ્યો. પાંચે મહાત્માઓ વચ્ચે ડંડાબાજી શરૂ થઈ. બધાનો જીવ કેરીમાં હતો. બ્રહ્મનિષ્ઠ હોય તો શાંતિથી બેસી જાય. શેઠે હવે આવીને કહ્યું કે કેરીઓ તો મારી હતી અને મેં લઈ લીધી છે. શેઠે બધાને ઠંડા પાડ્યા. આમાં જ્ઞાની કોણ ? શેઠ કે મહાત્મા ? સમજે તે જ્ઞાની. તેણે મહાત્માઓને જ્ઞાન આપ્યું કે ભગવાન જ આ રીતે કેરીઓ એટલે કે ભૌતિક પદાર્થો લઈ લેશે. જ્યાં સુધી ભૌતિક પદાર્થોમાં મન છે ત્યાં સુધી આત્મજ્ઞાન ન થાય. ભગવાન છોકરાને, બૈરાને ધનને બધાને હરી જાય છે. છતાં આપણને જ્ઞાન થતું નથી. જ્યાં સુધી મનમાં ભૌતિક પદાર્થો છે ત્યાં સુધી પચીસ વાર, સો વાર કે હજાર વાર પારાયણ કરો તો પણ આસક્તિ નહિ જાય.

આસક્તિ નથી ગઈ તેથી તો 'મારે લડવું નથી' એમ બોલીને અર્જુન બેઠો છે. તેની આંખોનાં પોપચાં ભરાઈ ગયાં છે. તે ગભરાઈ ગયો છે. અર્જુનની સ્થિતિ એ આપણી સ્થિતિ છે. તેને શરીરનો ભાવ છે. શરીર શું ખરેખર તારું છે ? આ શરીરને તું સાધુ બનાવવા માગે છે ? તારે દાઢી વધારવાની છે ? તારે માથે મુંડન કરાવવું છે ? આવી રીતે શું તું સાધુ થવાનો હતો ? શરીર કોનું છે એ વિચાર. શરીરપર આસક્તિ રાખીને બેઠો છે એ કાઢ.

આ શરીર માબાપથી ઉત્પન્ન થયું છે તેથી માબાપ કહે છે કે તારું આ શરીર મારું છે. માબાપનું ધ્યાન છોકરાના શરીર ઉપર છે, આત્મા પર નહિ. પૃથ્વી જળ તેજ વાયુ અને આકાશ એ પાંચે તત્ત્વો કહે છે કે આ શરીર અમારું છે, અમારું. સ્ત્રીનો ભાવ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પણ પતિના શરીર ઉપર છે. તે કહે છે કે આ શરીર મારું છે. આ મારો ધણી છે, એમ તે બોલશે. વળી માંકડો અને મચ્છરો પણ કહે છે કે આ શરીર અમારો ભોગ છે. ત્યારે કોનું છે આ શરીર? ટૂંકાણમાં જો ન કહીએ તો આ સમજાવતાં જ બસો પાનાં થાય. આ શરીર આપણું નથી. તે તો આ બધાનું છે.

જો આ શરીર તારું નથી તો ચિંતા શું કામ કરે છે? દેહભાવ ન જાય ત્યાં સુધી તો મારું જ્ઞાન નહિ થાય. દેહભાવ ન જાય ત્યાં સુધી બ્રહ્મનિષ્ઠ ન થવાય માટે તું પ્રથમ કર્મયોગનું આચરણ કર. આંખમાં આંસુ લાવીને પોપચાં સૂજાડી દે તેથી કંઈ નહિ વળે.

અર્જુનની સ્થિતિ દયાજનક હતી. રડી રડીને તેને શોક થયેલો. બ્રહ્મનિષ્ઠ પુરુષને શરીર પ્રત્યે દયા ન હોય. સાત્ત્વિક દયા પણ બંધન કરાવે. રાજા ભરતને મૃગમાં દયા થઈ અને તેમાંથી આસક્તિ થઈ. તને મૃગના શરીર પર આસક્તિ થઈ. તેને તો એમ થવું જોઈતું હતું કે પારધિ ભલે તેને મારે. ઉંદરને બિલાડી ભલે લઈ જાય. સૌ સૌના જેવા ખોરાક. જો ભરતને આત્મજ્ઞાન થયું હોત તો તેને આવો દયાનો વિચાર ન આવત. બ્રહ્મજ્ઞાની બચાવે પણ નહિ અને મારે પણ નહિ. જેને બચાવવા જાય છે તે તો મરી જ જવાનું છે. બચાવવા જતાં કર્મ આવીને ઊભું રહે છે. ખરો જ્ઞાની જરૂર પડયે ફૂટ્ ફૂટ્ કરતો બંદૂક પણ ચલાવે. તે યુદ્ધ કરે તો ય અહિંસક જ રહે. તેને નથી પાપ કે નથી પુણ્ય.

અર્જુનને આ સમજ નથી. 'આ બધા તો મારાં સગાં છે. આ દ્રોણગુરુ, આ ભીષ્મ, તેઓને કેમ મરાય?' આમ વિચારતો અર્જુન ઠંડો થઈ જાય છે. તેની આંખમાંથી ઊનાં ઊનાં આંસુ ટપકી પડે છે. પણ ભગવાનને દયા ક્યાંથી થાય? જે દયા કરવાની છે તે તો તેઓ કરી રહ્યા છે. બધા દુઃખનો છેડો જ્ઞાન છે અને જે જ્ઞાન આપે તે જ ખરી દયા કરે છે. ખરો રસ્તો જીવને ભક્તિ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

બતાવવાનો છે. જ્ઞાની મહાત્મા આવી દયા કરી શકે છે. કોઈને રૂપિયા આપવા તે શું દાન છે? તેનાથી તો દુઃખના ડુંગર વધશે, જન્મમરણ વધશે. જ્ઞાની તો ઉપરથી ક્રૂર દેખાય. તે ખોટાં આશ્વાસન ન આપે. તે તો જન્મમરણના કાંટા કાઢી નાખે. તે તો કહેશે કે ભાઈ, આમાં તારું કંઈ નથી. સ્ત્રીઓ અને બાળકો તો મરી જવાનાં. વારેવારે જન્મમરણ ઊભેલાં છે માટે તું તારી જાતને ઓળખી જા.

કૃષ્ણ અર્જુનને તે રાજ્ય (સ્વરૂપ) અપાવવા માગે છે. કાળે કરીને અર્જુન આ સમજશે. જેને આપણે આપણું માન્યું છે; તેને છોડવું પડે માટે દુઃખ લાગે છે. ઘણે ઠેકાણે આવું જોવામાં આવે છે. તેઓ કહે છે કે અમને દુઃખ થાય છે. તમે આવું આવું ન કહો. ભગવાન અર્જુનને ભીષ્મના (કામના) ખોળામાં રમવાનું નહિ પણ તેની સાથે યુદ્ધ કરીને તેને મારી નાખવાનું કહે છે. સૌથી વધારે લડનાર તો આ દાદો જ હતો. જ્યાં સુધી કામના ન જીતાય ત્યાં સુધી યુદ્ધ તો નકામું જ છે. મહાભારતના અઢાર દિવસના યુધ્ધમાં દસ દિવસ તો ભીષ્મ જ લડેલા.

સંતપુરુષ સાચું જ કહેશે. ઢોંગી સાધુ બાવાઓ ઉપદેશ કરે કે દાનપૂણ્ય કરો. ગૃહસ્થાશ્રમમાં રહો અને થોડી ભક્તિ કરો. આવા લોકોનું ધ્યાન બગલાની માફક માછલી ઉપર હોય છે. અહીં તો ભગવાન હસીને, કોઈ વાર વળી કઠોર થઈને ગધેડો, નરાધમ એવા શબ્દો વાપરે છે. ક્યારેક તો આંખ લાલ કરીને પણ વાત કરે છે. આંખ લાલ કરીને પણ ભગવાન તો અર્જુનને સમજાવીને જ છોડશે. અર્જુને શરણ લીધું છે માટે હવે જવાતું નથી. તેનાથી કૃષ્ણની ગાળો સંભળાતી નથી. રથને હવે છોડાય નહિ. સદ્‌ગુરૂની પકડમાં નહિ આવો ત્યાં સુધી છટકી જવાય. સદ્‌ગુરૂની આંખમાં એક વાર આવ્યો કે ખલાસ. તેની પકડમાં આવ્યા કે હરિહર, તેની દાઢમાં આવેલો શિકાર ન જ છટકે. જ્ઞાની પોતાના શિષ્યને

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પોતાના જેવો જ્ઞાની બનાવીને જ છોડે ગુરૂ આત્મજ્ઞાની છે. તમે તેનાથી પાંચ હજાર માઈલ દૂર હો તો પણ આત્મજ્ઞાનીની દાઢમાંથી આવેલો શિકાર કદી નહિ છટકે. દૂરથી Vibrationsથી (સ્પંદનોથી) તેને સમજાવી દેશે. સદ્‌ગુરુ તો સ્મરણમાત્રથી કલ્યાણ કરે છે. તે તો નિસ્પૃહી છે.

ભગવાન કહે છે કે હે અર્જુન, હું તારી સામે બેઠો છું. તું સંસારીનાં લક્ષણો દેખાડે છે. સંસારી અને અસંસારી, શિષ્ય અને જીવ, કૃષ્ણ અને અર્જુન, સદ્‌ગુરુ અને શિષ્યનો અહીં વાર્તાલાપ ચાલે છે.

યોગી હોય, હઠયોગી હોય કે ગૃહસ્થાશ્રમી હોય પણ ફલાસક્તિ જેણે છોડી દીધી છે તે બ્રહ્મનિષ્ઠ છે, તે જ આત્મજ્ઞાની છે. ફલાસક્તિવાળા ગમે ત્યાં રહે, હિમાલયમાં રહે કે ગંગાતીરે રહે પણ તેઓ અજ્ઞાની છે. માન અને અપમાનની વૃત્તિઓ પર ઘા કરવા માટે તો ભગવાન આવા લોકોને માટે ગધેડું, બૈરું, એવા શબ્દો વાપરે છે અને તેઓને પાનો ચડાવે છે. અહીં આ રીતે અજ્ઞાનની વૃત્તિઓનું વર્ણન થાય છે. કોઈ વાર કોઈ દૃષ્ટાન્ત પરથી તો કોઈ વાર એકાદ પ્રસંગ પરથી ભગવાન અજ્ઞાનની વૃત્તિઓનું દર્શન કરાવે છે.

અર્જુનને ભગવાને જે કહ્યું તે આ રેડિયોમાંથી બોલાય છે. પોતાના પર કોઈએ તે લેવું નહિ. બંધબેસતી પાઘડી ન પહેરવી. મારું પોતાનું પણ આવું વર્ણન હું કેમ ન કરું? હું મનથી પર ન પણ થયો હોઉં. મન તો સતાવે છે અને વારંવાર કૂદ્યા કરે છે. તેની શી સ્થિતિ થાય તે કોને ખબર? રાગદ્વેષ કે ફલાસક્તિ જોઈને નહિ. કેવળ મારા પર, ભગવાન પર જે ધ્યાન રાખે તે બ્રહ્મનિષ્ઠ, અર્જુન પર ભગવાને સામ, દામ, દંડ, ભેદ બધા પ્રયોગો અજમાવ્યા હશે. કદાચ અર્જુનને માર્યો પણ હોય. રથ ઉપરથી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

નીચે ઉતરીશ તો મારી નાખીશ એમ પણ કહ્યું હોય. શરીરને મહાત્માઓ ઘણીયે વાર જરાયે રાગદ્વેષ વગર મારે છે. કોઈનું અપમાન પણ તેઓ કરે. અહીં અજ્ઞાનની વૃત્તિઓને જ ભૅરુ, ગધેડું, એવા શબ્દો કહેલા છે.

એક મહાત્માએ પોતાના શિષ્યને દૂરબીન આપ્યું, આ દૂરબીન સામાન્ય ન હતું. તે તો જ્ઞાનનું દૂરબીન હતું. તે તેમાંથી જોવાથી સામા માણસો તેમની જેવી વૃત્તિ હોય તેવા દેખાય. શિષ્યે તો દૂરબીન લઈને જોવાનું શરૂ કર્યું. કોઈની સામે તે દૂરબીનમાંથી જુએ છે ત્યારે માણસને બદલે વાંદરો દેખાય છે. કોઈ વળી કૂતરો દેખાય છે. તેણે તેની સ્ત્રીને દૂરબીન આપ્યું. સ્ત્રીએ દૂરબીનમાંથી તેને જોયો ત્યારે વાંદરો દેખાયો. આપણે ગમે તેવા સારા પોશાક સજીને નીકળીએ પણ આપણામાં વાંદરા જેવી, કૂતરા જેવી અનેક પશુવૃત્તિ ભરાયેલી છે.

હે અર્જુન, તારી આવી વૃત્તિઓને કાઢ. ભગવાને અર્જુનને માર્યો પણ હશે. શિષ્યને કોઈ વખત સદ્‌ગુરુ મારે છે. અર્જુન બાર વરસથી ભજન કરતો હતો. બાર વરસ સુધી તેણે વનવાસ સેવ્યો હતો. આપણે તો એકાદ દિવસ ભજન કરીએ છીએ અને હાથમાં થેલા લઈને ભજનમાં જવાનો દેખાવ કરીએ છીએ. જાણે ભગવાન પર ઉપકાર કરવા ન નીકળ્યા હોય! અગિયાર વાગે ભજન બંધ કરાવવા આપણે ધમાધમી કરીએ છીએ. કઈ ઘડીએ કાળ ખાઈ જશે તેની શી ખબર? દુઃખનો કંઈ હિસાબ નથી, માટે નિષ્કામ થાઓ. જે થવાનું હોય તે થાય છે. આસક્તિ ક્યાં સુધી રાખશો? લોકોને તમે 'લોકો' તરીકે જુઓ છો ત્યાં સુધી તેઓ તમને ડંડા મારશે. તેઓમાં ભગવાનને જુઓ. જ્યાં સુધી આસક્તિ છે ત્યાં સુધી મેં ડંડા માર્યા છે. પછી તો હું જ તમને

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ખભે લઇને ફરવાનો છું. ભગવદ્વૃત્તિ થઈ ગયા પછી જે કંઈ કાર્ય હશે તે સહજ રીતે થશે.

તુકારામના પ્રવચનો સાંભળવા એક યુવાન દરરોજ તુકારામને ત્યાં આવવા લાગ્યો. શાન્તોબા તેનું નામ. તે સ્વરૂપવાન એવી નવી વહુ પરણેલો. તેની ઉંમર પણ નાની હતી. કોઈને ભજનમાં ધીરે ધીરે વૈરાગ્ય ઉત્પન્ન થઈ જાય છે, તેમ શાન્તોબાને પણ વૈરાગ્ય ઉત્પન્ન થયો. તુકારામ તો પ્રવચનમાં ગાળ પણ દેતા. આ બધું સાંભળીને શાન્તોબાને ઉદાસીનતા આવવા લાગી. માબાપને માટે કે બૈરીને માટે મારાથી કંઈ થઈ શકે તેમ નથી. એમ વિચારીને તે બાજુના ડુંગર પર ચાલી ગયો. જ્યાં સુધી ભગવાનના દર્શન ન થાય ત્યાં સુધી કંઈ નથી કરવું, એવો તેણે નિશ્ચય કર્યો. તુકારામને લીધે જ શાન્તોબાની આવી સ્થિતિ થઈ. લોકો તો તુકારામને ગાળો જ દેતા હશે. કૃષ્ણને પણ લોકોએ ઘણી ગાળો આપેલી પણ આખરે પૂજા તેની જ થઈ છે. કૃષ્ણે નીચામાં નીચા કામ કર્યા છતાં તે પૂજાયા. જે આસક્તિ વગર કર્મયોગનું આચરણ કરે તે પૂજાય. ભક્ત શાન્તોબા ડુંગર ઉપર જઈને બેસી ગયો. હવે તેને કોઈ પણ રીતે નીચે લાવવો જોઈએ. સગાંવહાલાંઓએ ભેગાં થઈને તેની બૈરીને ત્યાં મોકલી. સ્વરૂપવાન વહુએ ઉપર આવીને જોયું તો શાન્તોબા પદ્માસન વાળીને બેઠેલા. જ્ઞાનેશ્વર જેમ પદ્માસન વાળીને બેસે છે તેમ તે બેઠેલા. બૈરી ઝાડની ડાળી પકડીને ઊભી રહી. આવી અદ્‌ભુત અવસ્થા જોઈ તે બૈરીને વિચાર થયો કે આને નીચે લઈ જવા હું આવી છું તે ખોટું છે. જુઓ, સાચી ભક્તિમાં બૈરી નડે જ નહિ. ભક્તિમાં દંભ હોય તો તે આપણો દોષ છે, કચાશ છે અને તે કચાશ દૂર કરવા માટે સ્ત્રી અને સગાંવહાલાં તરફથી વિઘ્નો આવી પડે છે. ભગવાન જ તે રૂપે ભક્તને ઘડવા આવે છે. શાન્તોબાની સ્ત્રીનું હૃદય ચોખ્ખું હતું. તે ત્યાં જ બેસી ગઈ. કેવળ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પતિભક્તિયુક્ત હૃદયવાળી આ સ્ત્રીને ત્યાંજ સમાધિ થઈ ગઈ. શાન્તોબાનું ધ્યાન તૂટ્યું ત્યારે તેમણે સ્ત્રીને 'તું અહીં કેમ આવી છે' એટલું પણ પૂછ્યું નહિ. તુકારામના સત્સમાગમથી શાન્તોબાએ વાત નહિ પણ આચરણ શરૂ કર્યું હતું. સ્ત્રી તેની મૂકસેવા કર્યા કરે છે. શાન્તોબાએ તેને એક વખત કહ્યું કે 'તું નીચે જા. અહીં બહુ કષ્ટ છે.' તેની સ્ત્રીએ તેને જવાબ આપ્યો," તમે મને બહુ જ ગમો છો. જ્યાં તમે છો ત્યાં મને આનંદ છે. જો હું નીચે જઈશ તો મારી ઉપર કષ્ટ પડશે. અહીં ઉપર જરા પણ કષ્ટ નથી." આ ડુંગર પર ખાવાનું પણ શું હોય? આજુબાજુમાંથી પાંદડાં અને ફળ લાવીને બન્ને ખાય. આમને આમ કેટલાય દિવસ ચાલ્યા ગયા. પછી શાન્તોબાને સ્ત્રીની કસોટી કરવાનો વિચાર આવ્યો. સ્ત્રીની બુદ્ધિ નિશ્ચયાત્મક તો થઈ જ હતી.

વરસાદનો સમય હતો. આ જ માસ. શ્રાવણ ભાદરવાની હેલીઓ વરસે છે. શાન્તોબા તેની પત્નીને પ્રેમથી સંસારિક ભાવ દેખાડીને વાત કરે છે, મને ખાવાનું મન થયું છે. રોટલાના ટુકડા જ માગી લાવજે. આપણા મહોલ્લામાંથી જ માગી લાવવાના હો. "શાન્તોબા સારા ઘરની વહુને ભિક્ષા માટે મોકલે છે. આ સ્ત્રીનું ધ્યાન તો પતિમાં જ હતું. તે ગઈ પોતાના મહોલ્લામાં. પોતાની નણંદનું ઘર ત્યાં જ હતું. નણંદ જુએ છે કે ભાભીની આ દશા! રોટલાના ટુકડા માગવા આવે છે. તેણે કહ્યું, ભાભી, હું રોટલાના ટુકડા નહિ આપું. મારા ભાઈ માટે અને તમારા માટે સરસ જમણ બનાવી દઉં છું." શાન્તોબાની સ્ત્રીએ કહ્યું, "બેન મારે તો રોટલાના ટુકડા જ જોઈએ." નણંદ કહે છે, "ભાભી, હું મારા ભાઈને વધારે જાણું છું." નણંદ ભોજનનો આખો થાળ તૈયાર કરે છે અને તે લઈને તેની ભાભી ઘણી જ મુશ્કેલીએ નદી પાર કરીને ડુંગર પર આવે છે. શાન્તોબાના મનમાં એમ પણ હતું કે આમ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મુસ્કેલીઓ પાર કરી ન શકે અને કંટાળીને જાય તો સારું. શાન્તોબાએ તેની પત્નીએ લાવેલો થાળ જોયો અને કહ્યું કે 'તું આ શું લાવી છે? આ બધું ખાઇને મારે શું નીચે જવું છે? હું આ નહિ ખાઉં. રોટલાના ટુકડા હોય તો ખાઉં. આજે તો હું ઉપવાસ જ કરીશ." તે દિવસે બન્નેને ઉપવાસ થયા. શરીર સૂકું થઈ ગયું છે. આપણે તો સહેજ માથું દુઃખે ત્યાં ભક્તિ છોડી દઈએ. આ સ્ત્રીને પતિસેવામાં શરીરનું પણ ભાન નથી. પતિભક્તિમાં શરીરની એને કિંમત નથી. આ તો સત્ય ઘટના છે. ભક્તોને શરીરનો ભાવ નથી હોતો. આ પતિભક્તિનું દૃષ્ટાન્ત છે. શાન્તોબાના પત્નીએ બીજે દિવસે પોતાની નણંદને ઘેર જઈને ટાટ પાછો આપ્યો અને કહ્યું કે "તમારે જો તમારા ભાઇને ખવરાવવું હોય તો રોટલાના ટુકડા જ આપો." આંસુભરી આંખે નણંદે રોટલાના ટુકડા આપ્યા. શાન્તોબાની સ્ત્રીએ પાલવને છેડે સૂકા રોટલાના ટુકડા બાંધ્યા અને ડુંગર તરફ ચાલી નીકળી.

વરસાદ ધોધમાર પડતો હતો. રોટલાના સૂકા ટુકડા પલળતા હતા. ત્યાં કાંઈ રેઈનકોટ થોડો હોય! પતિસેવા તે આનું નામ. આ સૂકા રોટલાના ટુકડા તે અન્નકૂટ છે. પતિભક્તિ અને ઈશ્વર-ભક્તિમાં જરાય ફેર નથી. જે પતિભક્તિ બરાબર કરે છે તે હું—ભગવાન મળું છું. શાન્તોબાની પત્ની સૂકા રોટલાના ટુકડા પોતાના વસ્ત્રને છેડે બાંધીને નદીકાંઠે આવી. વરસાદ ધોધમાર તૂટી પડેલો અને નદી બે કાંઠામાં આવેલી. નદીમાં ભયંકર પૂર આવેલું પણ આ સ્ત્રી શાની અટકે? તે નિશ્ચયાત્મક બુદ્ધિથી નદીમાં પડવા તૈયાર થઈ. ધણીના કામમાં દેહ પડે તો વાંધો નહિ. ભગવાન જેમ રાખે તેમ રહે તે ભક્ત. આવો ભક્ત એ બ્રહ્મનિષ્ઠ. પતિ જેમ રાખે તેમ રહે એ સતિ સ્ત્રી. આત્મજ્ઞાની ઇશ્વર જેમ રાખે તેમ રહે છે. આ સ્ત્રી જેવી નદીમાં પડે છે કે તરત જ કોઈ તેને કહે છે, "બેટી,

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આમ કંઈ નદીમાં પડે જવાય?" શાન્તોબાની સ્ત્રી 'બેટી' એ શબ્દ સાંભળીને ઊભી રહી. આ પૂછનાર બીજું કોઈ નહિ પણ નાવિકના રૂપમાં ભગવાન જ હતા. "બેટી, આવા પૂરમાં ક્યાં જાય છે?" નાવિકે ફરી પૂછ્યું.

"મારા ધણીને ખવરાવવા માટે જાઉં છું." સ્ત્રીએ જવાબ આપ્યો.

"નદી ઉભરાય છે. જો, આ પૂર ભયંકર રીતે ઘુઘવે છે. તારો ધણી કાલે ખાશે તો નહિ ચાલે?"

"આ શરીર છે ત્યાં સુધી તો ખવરાવવું જ પડશે. મારે હવે અંતર પડતું જાય છે."

"ચાલ, હું તને સામે કાંઠે લઈ જાઉં છું. પણ તારે મારા ખભા ઉપર બેસવું પડશે." નાવિકે કહ્યું.

આ સ્ત્રીનું ધ્યાન તેના પતિમાં જ હતું. તે તેના ખભા પર બેસે છે. ભગવાન કહે છે કે મારા ભક્તોના બૈરાને મારે ખભે બેસારવા પડે છે. તેને ભગવાનનો સ્પર્શ થયો કે તેના સર્વ દુઃખ ચાલ્યાં ગયાં. શરીર અને મન પ્રફુલ્લિત થયાં. જેને બ્રહ્મનાં દર્શન થયાં તેની પ્રસન્નતામાં કોઈ બાધા આવતી નથી. તેનું વદન પ્રસન્ન થયું અને શોકની છાયા પણ ન રહી. ધણીને ખવરાવવું છે એ ભાન પણ ન રહ્યું. ખભા પર બેસતાં જ તેનાં સર્વ દુઃખ ચાલ્યાં ગયાં. પારકાના ખભા પર બેસતાં આપણને તો કેટલો સંકોચ થાય? આ તો ભગવાન પોતે જ છે. તેથી આટલી પ્રસન્નતા આવી ગઈ. પ્રસન્નતા એટલે પ્રસાદ **प्रसादे सर्वदुःखानां हानिरस्योपजायते.** બાઈને તો કંઈ ભાન જ નથી. નાવિક તેને નદી પાર કરાવીને ડુંગર સુધી મૂકી જાય છે. બાઈ વસ્ત્રને છેડે બાંધેલા રોટલાના ટુકડા કાઢીને તરત જ પોતાના પતિને આપે છે. શાન્તોબા તેની સામે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જ જોઈ રહે છે. રોટલાના ટુકડાની સામે પણ તે જોતો નથી. તે પૂછે છે કે "તું આવી કઈ રીતે? આવા ભયંકર પૂરમાં નદી તું કઈ રીતે ઓળંગી શકી?" સ્ત્રીનો ત્યાગ વધારે છે તેથી શાન્તોબાનું ધ્યાન તૂટયું અને સ્ત્રીમાં ધ્યાન ગયું. સ્ત્રી કર્મયોગનું આચરણ કરે છે, શાન્તોબાએ કર્મસંન્યાસ કર્યો છે. બન્ને યોગ એક સરખા છે, તે સમજવા માટે આ દૃષ્ટાન્ત છે. જ્યારે શાન્તોબા તેને પૂછે છે કે તું અહીં કઈ રીતે આવી; ત્યારે સ્ત્રી તેમને કહે છે કે, કોઈ કાળો એવો પુરુષ મને અહીં મૂકી ગયો. કાળો અને તેજસ્વી." સ્ત્રી તેનું વર્ણન પણ કરી શકતી નથી." તેનું વર્ણન કરવું અશક્ય છે. મને શબ્દો પણ સૂઝતા નથી. તે મને અહીં સુધી મૂકી ગયો," સ્ત્રીએ કહ્યું. શાન્તોબા સમજી ગયો કે આ તો પાંડુરંગની લીલા છે. હોડકાં પણ જેમાં તણાઈ જાય એવા ભયંકર પૂરમાં કોઈ પાર ઉતારી શકે? ભગવાન સિવાય તો બીજું કોણ હોય? તે પોતાની પત્નીને પૂછે છે 'શું તેં તે નાવિકને બરાબર જોયો?"

"મારે શું કામ જોવો જોઈએ? મારે તો પતિ જ ભગવાન," સ્ત્રી બોલી, કર્મયોગનું આવું ઉત્તમ આચરણ જે કરે તેને દર્શન તાત્કાલિક થાય છે. ભગવાન જ તેને ભયંકર નદી—ભવસાગર—ઉતારીને ઉપર વૈકુંઠમાં લઈ ગયા. જે કર્મયોગનું આચરણ કરે તેને હું પોતે જ લઈ જાઉં છું. "તેં પાંડુરંગને જવા કેમ દીધો?" શાન્તોબાએ સ્ત્રીને પૂછયું. સ્ત્રી કંઈ બોલતી નથી. શાન્તોબા સ્ત્રીની પ્રસન્ન સુખમુદ્રા જોયા કરે છે. તેણે તુકારામના પ્રવચનોમાં બ્રહ્મનિષ્ઠની પ્રસન્નતાનું વર્ણન સાંભળ્યું હતું, એ તેને યાદ આવે છે. શાન્તોબા તેને કહે છે, "મારે હવે ખાવું નથી. મને તું એ પાંડુરંગ દેખાડ," બંને જણા બેઠા રહે છે. બાઈનું ધ્યાન તો ભગવાનમાં જ હતું. તેના માનપમાન, રાગદ્વેષ બધું ચાલ્યું ગયું હતું. ભગવાનમાં મન હોય તો માનપમાન, રાગદ્વેષ આપોઆપ ચાલ્યા જાય છે, કાઢવા પડતા નથી. જ્યાં સુધી ભગવાન દર્શન ન આપે ત્યાં સુધી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ખાવું જ નથી એમ નક્કી કરીને શાન્તોબા બેઠા છે. થોડી થોડી વારે તે બૈરીની સામું જુએ છે. સ્ત્રી તો સ્થિર બેઠી છે તેથી તેને આકર્ષણ થાય છે. હવે તેને વિચાર આવે છે કે મારા પેટમાં પાપ હતું. ખરી રીતે તો મારે તને ખવરાવવું જોઈએ. મારે જવું જોઈએ ત્યાં મેં તને મોકલી. ચોરી કરીને પણ તારું પેટ ભરવાની મારી ફરજ હતી. તેને બદલે મેં તને મારા પેટ માટે આટલો ત્રાસ આપ્યો. હું નિષ્ઠુર છું. હું પાપી છું. આમ બોલી તે ખૂબ કલ્પાંત કરે છે. તે ખાતો પણ નથી. આમ ને આમ પાંચ દિવસ ચાલ્યા ગયા ત્યારે પાંડુરંગ પ્રસન્ન થયા અને કહ્યું કે, 'તમે નીચે જાઓ અને પંઢરપૂર રહો.' બંને જણ પંઢરપૂર ગયા. એમનું ઘર વૈકુંઠ બની ગયું પતિભક્તિથી સ્ત્રીને પહેલાં ભગવાનના દર્શન થાય છે. કર્મયોગીને પહેલાં સાક્ષાત્કાર થાય છે. ભક્તોના ભક્તને પ્રથમ દર્શન થાય છે. ભગવાન કહે છે કે ભક્તના ભક્તને માટે હું આટલું કરું છું તો ભક્ત માટે શું ન કરું. ભગવાનને પોતાને જ ચિંતા છે એવી શ્રધ્ધા ભક્તમાં હોવી જોઈએ. આવી જ્વલંત શ્રદ્ધા પેદા કરવા માટે અખંડ ભક્તિ થવી જોઈએ. ફલાસક્તિના ત્યાગ માટે જ્વલંત ભક્તિ અને નિર્ભય રીતે ભજન એ એ જ જરૂરી છે. જે થવાનું હોય તે થાય એવો ભાવ રાખો. પછી ભગવાનને પોતાને ફિકર થશે. જ્યાં સુધી તમે દેહને, ઇન્દ્રિયોને સાચવશો ત્યાં સુધી હું તમારાથી દૂર છું. 'બધા લોકો' એવા શબ્દો તમે બોલો છો તે પણ અજ્ઞાન છે. અમે ઘણા લોકો ભજન કરીએ છીએ,' એમ તમે બોલો છે પણ સાચી રીતે તો 'હું એકલો જ છું' એમ માનો. આત્મજ્ઞાનમાં તો હું જ—કેવળ હું જ છું, હું જ છું. ત્યાં માયા નથી, કશું નથી. કેવળ હું જ છું.

એક માણસ પોતાના બંગલામાં બાંકડા ઉપર પોતાની સ્ત્રીની સાથે આરામથી બેઠો હતો. ત્યાં એને સહેજ નિદ્રા આવવા લાગી. તે બાંકડા પર આરામથી સૂતો. ત્યાં એને સ્વપ્ન આવ્યું.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સ્વપ્નમાં તેને લાગ્યું કે પોતે કોઈ નદીકિનારે સૂતેલો છે અને બીજાં બધાં લોકો ખૂબ પ્રેમથી ભજન કિર્તન કરી રહેલ છે. નદીના ધ્વનિ સાથે ભજનના સૂરો ભળી જતા. એમાંથી એવો મધુર આહ્લાદક પ્રણવનો રણકાર ગુંજતો હોય તેમ આનંદ પ્રસરવા લાગ્યો. અહાહા ? આનંદ ! આનંદ !ૐ પાછી પેલા માણસની આંખ મીંચાવા માંડી અને ત્યાં તેને પ્રભુનાં દર્શન થવા લાગ્યાં. તે મનુષ્ય પાછો ભરનિદ્રામાં પડી ગયો. આ સ્વપ્નમાં સ્વપ્ન છે. વળી થોડી વારમાં તેમાંથી જાગી ઊઠ્યો તો પાછું નદી કિનારે તે જ ભજનકીર્તન અને સામે પ્રભુ જણાયા. એટલામાં એની સ્ત્રીએ એને જગાડ્યો. "કેટલી વાર સૂશો ? ઊઠો, જાગો. સહેજ આરામ કરવા હવામાં બેઠા ત્યારે તમે તો ઘોરો છો." પેલો જાગીને જુએ છે તો પોતાના બંગલાના બાંકડા ઉપર જ સૂતેલો જણાયો.

સ્વપ્ન વખતે તેના વિચારનું સમષ્ટિ સ્વરૂપ જે નદી, ભજન, કીર્તન ભગવાનના દર્શન એ કાયમ જ રહ્યું પરંતુ તેના વિચારનું વ્યષ્ટિ સ્વરૂપ જેને લીધે તે એક વ્યક્તિ બનેલો હતો તે લુપ્ત થઈ ગયું. સ્વપ્નમાંની નિદ્રામાંથી જાગ્રત થતાં વ્યષ્ટિ સ્વરૂપ ફરી પ્રગટ થયું એટલે સમષ્ટિ સ્વરૂપ નદી, ભજન, કીર્તન, ભગવાન એ બધું જેમનું તેમ જણાયું. જ્યારે સ્ત્રીએ જગાડ્યો ત્યારે સમષ્ટિ સ્વરૂપ અને તેમાંનું વ્યષ્ટિ સ્વરૂપ બન્ને સ્વપ્ન અને ભ્રમવત બની ગયા.

તેવી જ રીતે જાગ્રત અવસ્થામાં દેખાતી દુનિયા તમારા વિચારોનું સમષ્ટિ સ્વરૂપ છે અને હું મનુષ્ય એક જ વ્યષ્ટિ સ્વરૂપ છે. જયારે અજ્ઞાની માણસ મરણ પામે છે ત્યારે ત્યારે એના વિચારોનું સમષ્ટિ સ્વરૂપ કાયમ જ રહે છે, પરંતુ વ્યષ્ટિ સ્વરૂપ ગુમ થઈ જાય છે. તેથી જેવો તે ફરી જન્મ ધારણ કરે છે તેવો જ એ જ પંચભૂત, એ જ દુનિયા તે જુએ છે. આજ આવવું અને જવું,

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

એ જ જન્મમરણ. પણ જ્ઞાનીની સ્થિતિ જુદી છે. ગીતામાતા ઢંઢોળીને જગાડે છે કે ઊઠો ! જાગો ! બસ, આ સાંભળતાં જ તે જાગીને જુએ છે તો વ્યષ્ટિ અને સમષ્ટિ બન્ને સ્વપ્નવત્ બની ગયા. અર્થાત્ માયાનો નાશ થઈ ગયો. ૐ, ૐ, ૐ, પોતે જ આ બધું ઉત્પન્ન કર્યું અને પોતે જ આ બધાનો નાશ કર્યો. બ્રહ્મનિષ્ઠ પુરુષની વાત થાય ત્યારે આ બધું બોલાય છે.

જ્યાં સુધી ફલાસક્તિ છે ત્યાં સુધી મન દૃઢ થતું નથી. મનને પારાવાર દુઃખ થાય છે. રાગદ્વેષ કાઢો તો બ્રહ્મનિષ્ઠ થવાય. આ માટે, હે અર્જુન, તું યુદ્ધ કર અને તને ગયેલું રાજ્ય મળશે. રાજ્ય એટલે કે સ્વરૂપ, આત્મજ્ઞાન. સ્વરાજ્ય એટલે પોતાનું રાજ્ય, સ્વરૂપ કે આત્મજ્ઞાન. જ્યાં સુધી આત્મજ્ઞાન ન મળે ત્યાં સુધી, સ્વરાજ્ય શા કામનું? જે પોતે પોતાને નથી સમજતો તેને આ બધું ક્યાંથી સમજાય? 'મારું મારું' કરે છે. ત્યાં સુધી સ્વરાજ્યને લાયક ન થવાય. આ શરીર મારું નથી એમ સમજીને કાર્યો કરનાર ગાંધીજી મુક્ત હતા. આપણે ઘણીવાર લોકોને વાત કરતાં સાંભળીએ છીએ કે "હજી સ્વરાજ્ય નથી આવ્યું." આ શબ્દો કે જે આપણે અજ્ઞાનાવસ્થામાં બોલીએ છીએ તે સાચા છે. આપણે સ્વપ્નમાં જ રાચીએ છીએ. સાચું શું તે આપણે સમજતા નથી. જે દેહ શું તે સમજતો નથી તેને વળી સ્વરાજ્યની શી સમજણ પડે. આ મારા છોકરાં, આ મારી સ્ત્રી, આ મારો પતિ—આ મારું, મારું ન જાય; એ બધાંમાં ભગવાનના દર્શન ન થાય, ફલાસક્તિ ન જાય ત્યાં સુધી સાચી ભક્તિ થતી નથી. સાચા ભજન વિના જ્ઞાન એટલે કે સ્વરાજ્ય પણ મળતું નથી. ભગવાનના દર્શન ન થાય અને ફલાસક્તિ ન જાય ત્યાં સુધી જ્ઞાન ક્યાંથી થાય?

હે અર્જુન! તું ફલાસક્ત થવા માગે છે કે આસક્તિ છોડવા માગે છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

सर्वकर्माणि मनसा संन्यस्यास्ते सुखं वशी ।
नवद्वारे पुरे देही नैव कुर्वन्न कारयन् ॥ १३ ॥

પરમાર્થજ્ઞાનયુક્ત પુરુષ મનથી સર્વ કામોનો ત્યાગ કરી આ નવદ્વારવાળા દેહરૂપ નગરમાં કાંઈ પણ નહિ કરતાં તથા કોઈ પણ નહિ કરાવતાં આનંદથી રહે છે. (૧૩)

આ શ્લોકમાં પણ બ્રહ્મનિષ્ઠ પુરુષનું જ વર્ણન છે. કંઈ પણ ન કરવા છતાં આત્મનિષ્ઠ પુરુષો આનંદથી રહે છે. આ બધું સાંભળીને અર્જુનનું મોઢું પડી ગયું છે. ભગવાન આગળ ચાલે છે. હે અર્જુન, આત્મનિષ્ઠ પુરુષ આનંદમાં જ રહે છે. દેહરૂપી જગતમાં આત્મનિષ્ઠ પુરુષ કંઈ પણ કરતો નથી. કેમ કે તેને કર્તાપણાનો ભાવ નથી. આ બધા ભગવાનના જ શબ્દો છે. આ તો રેડિયો છે. એના જ શબ્દો વાપરવાના છે.

જ્ઞાનીને કર્તાપણાનો ભાવ જ નથી. તો જ તે આનંદમાં રહી શકે ને! "મેં આજે ભજન કર્યું. મેં આજે પાંચ રૂપિયાનું દાન કર્યું. મેં ફલાણાને પાટો બાંધ્યો ને સેવા કરી." આ બધા શબ્દોમાં કર્તાપણાનો ભાવ સ્પષ્ટ દેખાય છે ને! હું આ કામ કરું છું એવો ભાવ તો રહ્યો છે જ. "મેં બલ્લુભાઈને દાન આપ્યું." જ્યારે હું આમ બોલ્યો ત્યારે મારા પોતાનાથી બલ્લુભાઈને હું જુદો જ સમજ્યોને! 'મેં ભજન કર્યું'—આમ હું બોલું ત્યારે હું અને ભજન કરનાર બે જુદા થયા. શરીર અને હું જુદા—આમ ભેદભાવ આવીને ઊભો રહ્યો. ભેદભાવ સાથે જે ભજન કરે છે તે મારો ભક્ત નથી. ભેદભાવરહિત થઈને જે ભજન કરે તે મારો ભક્ત છે. તે કોઈને કહેતો નથી કે મેં આ કર્યું છે અને મેં તે કર્યું છે. ચરાચરમાં જે કંઈ જીવો છે તે બધા હું જ છું. તેમની સેવા તે ભગવાનની સેવા, પોતાની સેવા છે. જ્ઞાની પોતે પોતાની

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જ સેવા કરે છે. પોતે પોતાની સેવા નથી કરતો એ બીજાની સેવા શું કરશે?

"આ બધા લોકોને સુધારવા પડશે, કમર કસીને બહાર પડવું પડશે. સમાજને સુધારવો પડશે"—આવી આવી વૃત્તિઓ તો અજ્ઞાન દેખાડે છે, જ્ઞાની તો બીજાઓમાં પોતાને જુએ છે. તે સર્વને નારાયણસ્વરૂપ સમજે છે. અને તેમની સેવા કરે છે. આ સમજ્યા વિના પણ જે કંઈ પણ સેવા કરે છે તે જ્ઞાની નથી તો પણ માણસ તો ખરા. જે સેવા નથી કરતા તે તો પશુ જ છે. ચરાચરમાં, સ્ત્રીપુત્રાદિક સહિત બધાની જે સેવા કરે છે તે જ્ઞાની છે. ચરાચરમાં ગરીબ અને તવંગર બધા હું જ છું—એમ જ્ઞાની સમજે છે. પોતે જ પોતાની સેવા કરે છે એમ માની જે બધાની સેવા કરે તે જ્ઞાની છે. હું સર્વનો છું અને સર્વ મારા છે; આ સર્વનું છે અને સર્વ હું છું—આવા સર્વાત્મભાવથી જે ભક્તિ કરે તેને સર્વત્ર આનંદ રહે છે.

ઘણા સેવકો સેવા કરે છે પણ તેઓને શાંતિ અને પ્રસન્નતા પ્રાપ્ત થતી નથી કારણ કે તેઓ પોતે જ સમજ્યા નથી. બીજાને તેઓ કેમ સમજાવશે? તેઓ તો કહેશે કે લોકો જંગલી છે, ઓર્થોડોક્સ છે. ગાંધીજી દરિદ્રને નારાયણ કહેતા. તેઓ જનતાને જનાર્દન ગણતા. "બેતાલીસની લડાઈમાં અમને ડંડા પડ્યા. અમે જેલમાં ગયા પણ હવે અમારું કશું થયું નહિ. અમારો કોઇ ભાવ પૂછતું નથી. અમને કંઈ ફાયદો ન મળ્યો"—જે લોકો આવું આવું બોલે છે તેઓને પૂછો કે, 'તમે જેલમાં શું આ ભાવથી ગયેલા?' આપણને બે પાંચ માણસ ઓળખે, હારતોરા પહેરાવે, કે મિનિસ્ટર બનાવે'—આ તો સકામભાવના થઈ. આમાં સેવાનો આનંદ ક્યાંથી મળે? સાચો સમાજસેવક પોતાના દેહને મારો દેહ એમ ન ગણે. તે તો પોતાનો પાર્ટ ભજવે છે અને અખંડિત

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આનંદિત અવસ્થામાં રહે છે. બધી ઇન્દ્રિયોને તે મારી સેવામાં, લગાડી દે છે. સર્વમાં વ્યાપ્ત તે હું જ છું, એ વ્યાપ્ત પુરુષની આ દેહરૂપી ખોખાથી સેવા કરે તે જ સાચો સમાજસેવક. આવી ભાવનાથી જ સાચી સેવા થઈ શકે. સર્વમાં હું વ્યાપ્ત છું એ ભાવના રાખો અને પછી શરીરથી સેવા કરો. આ સેવા જ ભજન ગણાય. એ સેવા જનતા જનાર્દનની સેવા થઇ.

શ્રી રામ જય રામ જય જય રામ–કરવું એ જ માત્ર ભજન નથી. એ તો સેવાનું પ્રથમ પગથિયું છે. સર્વ ચરાચરમાં જે કંઈ વ્યાપ્ત છે તેમાં હું જ એટલે કે પરમેશ્વર રમણ કરી રહ્યો છું. પોતાના આત્મા માટે પોતાનું શરીર વાપરી નાખે તેમાં શું કોઈ પર ઉપકાર થાય છે?

સેવામાં ભેદભાવ ન હોવો જોઇએ. જે તાદાત્મ્યભાવથી સેવા કરે; જે જનતાને જનાર્દન ગણીને સેવા કરે; જે 'જગત તે જ જગદીશ' છે, એમ સમજીને સેવા કરે તે પોતે જ ભગવાન છે. એ ભક્ત નહિ પણ ભગવાન. ભક્ત અને ભગવાન ક્યાં જુદા છે? કર્તાપણાનો ભાવ જ્યાં સુધી ન જાય ત્યાં સુધી દુઃખ જ છે. હું—પણું એટલે કે અહંભાવ એ ભવરોગનું કારણ છે. તે ન જાય ત્યાં સુધી તો જ્ઞાન જ ન થાય.

હે અર્જુન, તું વિચાર તો કર. આ તારા હસ્તિનાપુરની પ્રજા દુષ્ટોને કારણે દુઃખી છે. દુષ્ટોને તો દંડ દેવો જ જોઇએ. હસ્તિનાપુરની પ્રજા એ તારી પ્રજા છે. 'પ્રજા' એ શબ્દનો શો અર્થ છે તે તું સમજ્યો કે? આપણે કોઇને પૂછીએ કે તમારે કેટલી પ્રજા છે તો તે જવાબ આપે કે બે છોકરા અને બે છોકરીઓ. પ્રજા એટલે પુત્ર પુત્રાદિ. રાજાને માટે તો પ્રજા પુત્ર પુત્રાદિ સમાન છે. તું તારી પ્રજાને દુઃખી થવા દઈશ? હે અર્જુન આવી રીતે તું બ્રહ્મનિષ્ઠ કેમ થઈ શકે? પોતાનાં છોકરાં માટે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પોતે કેવો ભાવ રાખવો જોઈએ તે પણ તું સમજતો નથી. આ સમગ્ર વિશ્વ તારી પ્રજા છે. પ્રજા એ તારુ પોતાનું જ સ્વરૂપ છે, એ તું પોતે જ છે. જે છોકરાંની સેવા નહીં કરી શકે તે બીજાની શું સેવા કરી શકે? તારાથી આટલી સેવા પણ નથી થતી?

અર્જુનની વૃત્તિને તેજીલી બનાવવા માટે ભગવાન કહે છે, "તારાથી આ નહિ થાય?" એમ ભગવાન વ્યંગમાં બોલી રહ્યા છે. કેટલીક વાર અપમાન કરીને, ઉતારી પાડીને પણ જ્ઞાન આપી શકાય છે. કહેવત છે ને કે તેજીને ટકોરો અને ગધેડાને ડફણાં. કેટલાકને થોડા શબ્દોમાં અસર થઈ જાય છે અને કેટલાક તો સમજવા માગતા જ નથી.

એક નાનકડું એવું ગામ હતું. ત્યાં એક મહાત્મા અવી ચઢ્યા. તેઓ રોજ ગામમાં કથા કરતા. ગામમાં એક મોટા શેઠ રહેતા. શેઠની પેઢી ગામમાં સૌથી મોટી ગણાય. આ શેઠને ચાર છોકરા હતા. શેઠ દરરોજ કથામાં જાય અને મહાત્માના વચનામૃત સાંભળે. પણ શેઠે પોતાના છોકરાઓને મનાઈ કરેલી કે તમારે કથામાં જવું નહિ. તમે જો કથામાં જશો તો હેરાન હેરાન થઈ જશો. વળી શેઠ એવી વાત પણ કર્યા કરે કે ભાઈ, કથામાં જવામાં મજા નથી.

તો પછી આ શેઠ પોતે કથામાં શું કામ જતા હશે. 'શોભામાં અભિવૃદ્ધિ કરવા'? શેઠ જતા તો દરરોજ. મહારાજે પ્રસાદ તરીકે આપેલાં હારતોરા પ્રસાદ તરીકે ઘરે લેતા આવે. કથા સાંભળીને ખેસ ખંખેરી નાંખે. બહુ તો થોડા પૈસા કથામાં મૂકે. શેઠના ચાર છોકરામાંથી બીજા કોઈને તો વિચાર ન આવ્યો પણ નાના છોકરાને મનમાં થયું કે પિતાજી કથામાં જવાની શું કામ ના પાડતા હશે? પોતે તો રોજ કથામાં જાય છે. તેણે વિચાર કર્યો કે ચાલને હું પણ આજ કથામાં જાઉં. એક દિવસ શેઠથી છાનોમાનો તે કથામાં આવીને બેસી ગયો. મહાત્મા કથામાં બોલી રહ્યા હતા કે 'આપણું આચરણ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આજકાલ ઉલટું થઈ રહ્યું છે. બધા અસત્ય બોલી રહ્યા છે પણ સત્યથી જે પ્રાપ્ત થાય છે તે અસત્યથી કદી થતું નથી.' છોકરાના મનમાં તો મહાત્માની આ વાત ઉતરી ગઈ. તેને મનમાં વિચાર થયો કે મહાત્મા કહે છે તે ખરું છે છતાં પણ જોવું જોઈએ કે મહાત્માની વાત સત્ય છે કે નહિ? સત્યથી સુખપ્રાપ્તિ થાય છે કે નહિ. તેનો અખતરો કરવો જ એમ તેણે નક્કી કર્યું. છોકરો તો આવો નિશ્ચય કરીને પોતાને ઘેર ગયો.

આ છોકરાના પિતાને ત્યાં થોડા દિવસ પહેલાં એક જાગીરદાર મહેમાન તરીકે આવેલા. શેઠને અને જાગીરદારને સબંધ ઘણો સારો હતો. જ્યારે જાગીરદાર મહેમાન બનેલા ત્યાંરે તેમને આ શેઠનો નાનો છોકરો ગમી ગયેલો. હવે આ છોકરાએ સત્યનો પ્રયોગ કરવા માટે જાગીરદારને ત્યાં જઈને કંઈક નવું કરવાનું નક્કી કર્યું. પોતાના પિતાની રજા લઈને-આ છોકરો જાગીરદારને ત્યાં મહેમાન તરીકે ગયો. જે દિવસે એ જાગીરદારને ત્યાં મહેમાન તરીકે ગયો તે જ દિવસે જાગીરદારે ઝવેરાત ખરીદવા ઝવેરીઓની પાસેથી નમૂનાઓ મંગાવેલા. બધા ઝવેરીઓ નમૂના લઈને આવ્યા. જાગીરદારે તેમાંથી અમુક ઘરેણાં પસંદ કરીને રાખી લીધાં. આ નમૂનાઓ પડયા હતા તેવામાં જ જાગીરદારને ત્યાં પેલો છોકરો મહેમાન બનીને આવ્યો. જાગીરદારે તેને પૂછ્યું કે ભાઈ, અચાનક કેમ આવ્યો? તેં ખબર પણ નહિ આપ્યા? છોકરાએ તો ઘરેણાં સામે જોઈને કહ્યું કે ચોરી કરવા. જાગીરદાર હસી પડયા. તેમને થયું કે નાનો છોકરો છે અને મોઢે ચડાવેલો છે તેથી આમ હસતો હશે. છોકરો તો સત્ય જ બોલેલો. મહાત્માની કથામાં સાંભળેલું તે પ્રમાણે તે સત્યનું જ આચરણ કરતો હતો. જુઓ સત્યનું આચરણ કર્યું તો તેને ચોરી કરવાનો મોકો મળ્યો. જાગીરદાર પોતાના કામમાં ગુંથાઈ ગયા અને છોકરો ત્યાં જ બેસી રહ્યો. ઝવેરીઓએ મૂકેલા દાબડા-

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માંથી છોકરાએ એક હીરાની વીંટી ઉપાડી લીધી અને લઈને પોતાને ઘેર ચાલી ગયો. જાગીરદારને ખબર પડી કે વીંટી ચોરાઈ ગઈ છે. તે વિચારમાં પડી ગયો કે કોણ ચોરી ગયું હશે. વિચાર કરતાં તેને યાદ આવ્યું કે શેઠનો નાનો પુત્ર જ તે દિવસે હાજર હતો. બીજું તો કોઈ હાજર ન હતું. જાગીરદાર સમજી ગયો કે એ ચોરીનું કામ તે છોકરાનું જ. જાગીરદારે તો વીંટીના પૈસા ચુકવી દીધા અને કશું બોલ્યો નહિ. છોકરો પોતાને ગામ આવીને દરરોજ કથામાં જવા લાગ્યો. પછી તેણે એક દિવસ જાગીરદારને પત્ર લખ્યો કે થોડા દિવસ અહીં આવો. જારગીદાર ત્યાં આવ્યો અને છોકરાએ તો બધી વાત કહી દીધી. જાગીરદાર છોકરા પર પ્રસન્ન થયા અને અમૂલ્ય વીંટી છોકરાને ભેટ આપી દીધી, જાગીરદાર જ્યાં સુધી શેઠને ત્યાં રહ્યા ત્યાં સુધી દરરોજ મહાત્માની કથામાં તે છોકરાની સાથે જવા લાગ્યા. છોકરાએ મહારાજને પણ વાત કરી કે મેં ખરેખર ચોરી કરેલી પણ સત્ય બોલ્યો તેથી કંઈ પણ સજા ન થઈ અને ઉપરથી ઈનામમાં વીંટી મળી. આ છે સત્યનો પ્રભાવ.

માણસનો સ્વભાવ એવો છે કે ના પાડો તે વસ્તુ તે કરી જુએ ત્યારે જ એને આનંદ થાય. જો તમે કોઈને કહો કે આ ઓરડો ખોલશો નહિ તો તે ખોલવાનો જ. છોકરાને કથામાં જવાની ના પાડી ત્યારે તે કથામાં ખાસ ગયો. સત્યનું સહેજ આચરણ કરવાથી તે છોકરો ભગત થયો. દેહભાવ છોડીને સત્યનું આચરણ કરો તો જરૂર ભક્તિ પ્રાપ્ત થશે.

આશરીર મારું નથી—આ સમજવાનો પ્રયત્ન કરો. માન અને અપમાનના ભાવ છોડી દેહથી પર થઈને વિશ્વની સેવા કરીશ તો તું જરૂર બ્રહ્મનિષ્ઠ થઈશ. જે પ્રજાની સેવા નથી કરતો તે બીજાનું શું કરે! રાજાનો ધર્મ તો પ્રજાની સેવા કરવાનો છે. દુષ્ટોને દંડ દેવો જ જોઈએ. જ્ઞાન પ્રાપ્ત થયાં પહેલાં સાધુ થઈ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જવું એ તો અજ્ઞાનનું શરણુ છે. આમ કરવાથી તો પ્રજા વર્ણ-સંકર થઈ જાય. તેનું પાપ કોને લાગે? તેનું પાપ તને જ લાગશે. હે અર્જુન! તારો તો ક્ષત્રિયનો ધર્મ છે. તને આ આતતાયીઓને મારવાનું પાપ નહિ જ લાગે. જેની પ્રજા સુખી એ રાજા સુખી.

ભગવાન ધર્મનું ઓઠું રાંખીને અર્જુનને ધમકી આપે છે કે જો તું યુદ્ધ નહિ કરે અને પ્રજાને સુખી નહી કરે તો નિર્માલ્ય થઈ જશે અને તેનું બધું પાપ તને જ લાગશે. ફરજ ન બજાવવા માટે તારે જન્મમરણના દુઃખો સહેવા પડશે. તું યુદ્ધ કર એટલે કે તું કર્મ કર. આ શરીરને કર્મયોગમાં લગાડી રાખવું. રોજનાં કર્મ સુધારવાં જ જોઈએ. આ માટે સરળ માર્ગ એ છે કે. આસક્તિ કાઢીને કર્મ કરો. જે નિષ્કામભાવે કર્મ કરશે તેને જરૂર ભગવાનની પ્રાપ્તિ થશે. રામ રામ બોલે તે રામ થઈ જાય. રામ તમારાથી બીજો કોઈ છે કે? તે શું ડુંગર પર બેઠો છે? રામ એટલે પોતે, સ્વયં, આત્મા જ. રામનું નામ એટલે પોતાનું જ નામ, આત્માનું જ નામ. પોતે પોતાનું જ નામ લે છે. રામનામ પોતાનું નામ છે માટે જ તેમાં આનંદ આવે છે. કવિ ટેનીસન હમેશાં પોતાના નામનો જપ કરતો. ટેનીસન, ટેનીસન—એવો જાપ કરતો અને પછી જ કવિતા લખતો, પોતાનું નામ પકડીને બેસી જાઓ તો એકાગ્રતા મળે, કોઈ પણ નામનું સ્મરણ કરો. નામથી એકાગ્રતા કેળવો અને એકાગ્રતાથી જ્ઞાન થશે. જ્ઞાન થાય એટલે બધું હરિહર થઈ જાય. બધાં દુઃખોનો નાશ જ્ઞાનથી થાય છે. આવી રીતે નામસ્મરણ કરનાર નામમાં જ રહે છે, ભગવાનમાં રહે છે, આત્મામાં રહે છે. દેહમાં નહિ. દેહમાં રહેવા છતાં જે અકર્તાપણાનો ભાવ રાખીને કર્મ કરે છે તેને અશાન્તિ થતી નથી. જો અશાન્તિ નહિ થવા દેવી હોય તો આવેલાં કર્મો ઉદાસીન ભાવથી, ચિત્તને ભગવાનમાં પરોવી કર્યે જાઓ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આપણે સુખ મેળવવા પ્રયત્ન કરીએ છીએ છતાં દુઃખ તરફ જ ધસી રહ્યા છીએ. કોઈ ને બૈરીનું સુખ જોઈએ, કોઈને છોકરાંનુ સુખ જોઈએ. છોકરો માગ્યો એને મળ્યો. પછી છોકરો માંદો પડ્યો. દવાદારૂ કરવા ને તેની સેવાચાકરી કરવી પડી. આમાં શું સુખ વધ્યું ? દુઃખ જ માગ્યાં ને ! કુંટુંબ વધે પછી પૈસાનું દુઃખ વધે. જેની પાસે પૈસા છે એવા લોકોને પૈસા કેમ સાચવવા એનું દુઃખ છે. તેનું ટ્રસ્ટ કરવું ? શું કરવું, શું ન કરવું, કેમ સાચવાય...વગેરે વિચારો એને સતાવ્યા કરે છે. બાલ્યાવસ્થામાં સુખ નહિ, યુવાન અવસ્થામાં પણ સુખ નથી. કોઈ પણ અવસ્થામાં સુખ નથી. આ નવ દરવાજાવાળા શરીર રૂપી શહેરમાં આપણે ગુંચાઈ ગયા છીએ. આપણે કહીએ છીએ કે હું છગનલાલ, હું મગનલાલ—આમ નામ રૂપમાં ગુંચાઈ ગયા તો જ્ઞાન ક્યાંથી થાય ? 'મારું; મારું—કહીને બેસી રહીએ છીએ. આ નવ કાણાવાળા હોડકાને (શરીરને) પોતાનું માની લીધું છે. નાનપણથી કોઈએ કહ્યું કે 'આ તારા કાકા' અને એ આપણે માની લીધું. છોકરાંને પોતાના માન્યા પણ તે ક્યારે મરી જશે તેની આપણને ખબર નથી. અરે, આ આપણાં હૃદય ક્યારે બંધ થઈ જશે તેની પણ આપણને ખબર નથી. લક્ષ્મી કોઈની સાથે ગઈ નથી. આ શરીર ચિતા સુધી સાથે આવશે. મિત્રો સ્મશાન સુધી આવશે. સગાંવહાલાં એટલા સુધી વળાવવા આવશે. આ બધું જાણવા છતાં પણ શરીરને કંઈ થાય તો મોટા ડૉક્ટરને બોલાવશે. એના કરતાં ભગવાનને બોલાવો ને ! સર્વથી મોટા ડૉક્ટર તો પ્રભુ જ છે. જો એમ નહિ કરશો તો યમરાજ પાડા પર બેસીને લઈ જશે. વિષ્ણુ ભગવાન આવા લોકોને ત્યાં નથી આવતા. તુકારામને માટે તો ભગવાન ગરુડ પર બેસીને આવ્યા હતા કારણ કે એણે આખી જિંદગી ભગવાનને પોકાર્યા હતા. આ નવદ્વારવાળા શરીર પરની આસક્તિ દુઃખકર્તા છે. શરીરનાં કર્મો આસક્તિ રહિત કરો.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ભક્તિ જ મુખ્ય છે, બીજું બધું ગૌણ છે. બધા જીવો મારા શરણમાં જ છે. આ બધા જીવો એટલે કે શરીરો ચૈતન્ય અથવા આત્માના શરણમાં જ છે. તું ભગવાનના શરણમાં નહિ તો કોના શરણમાં છે? તારાથી શેકયો પાપડ ભાંગે તેમ નથી. સ્મશાનમાં કે અહીં આ દેહને તો કોઈ પણ જગાએ સોંપી જ દેવો પડશે. બાબા, તમે જ જાણો એમ કહીને કોઈ મહાત્માના ચરણ પકડી લો. ગુરુના શરણમાં જાઓ. જે શરણમાં જશે તે બ્રહ્મનિષ્ઠ થઈ જશે. વિવેકી પુરુષો પોતાનું શરીર ભગવાનને જ સોંપી દે છે. આપણાથી કંઈ બનતું નથી. જો આપણાથી બનતું હોત તો આપણે આપણા માબાપ, દીકરાદીકરી વગેરેને મરતા અટકાવી શકચા હોત. ત્યાં આપણે કંઈ કરી શકતા નથી. આપણું શરીર બગડે છે, માથું દુઃખે છે, તાવ આવે છે ત્યારે આપણે કેવા લાચાર બની જઈએ છીએ? આ શરીર પણ આપણા કહેવા મુજબ ચાલતું નથી. તું આવા દેહના કહ્યામાં છો. શું તું જડ દેહના કહ્યા મુજબ ચાલીશ? દેહ તો જડ છે; તેનાથી તો પાંદડું પણ ન હલે. વિચાર કર કે આ શરીર કોના શરણમાં છે અને આ શરીર કોની શક્તિ વડે ચાલે છે? શરીર આત્માના શરણમાં છે. તું આત્મા પર પ્રેમ કર. શરીર પર દયા અને પ્રેમ કયાં સુધી કરીશ? બૈરા છોકરાં પણ તારા કહેવા મુજબ ન કરે, તેઓ પણ આપણા કહ્યામાં નથી. તેઓ ચૈતન્યના શરણમાં છે. બધા પૂછે છે કે શરીરને કેમ છે!' કોઈ એમ નથી. પૂછતું કે ભજન ભક્તિ કેવાં ચાલે છે? જ્ઞાનીને શરીરની દયા નથી હોતી. જ્ઞાનીને કોઈ પ્રેમપૂર્વક જમાડે તો તે આશીર્વાદ દેશે કે તારું સત્યાનાશ નીકળી જાય. સત્યાનાશ એટલે કે વૃત્તિઓનું સત્યાનાશ. શરીર-રૂપી જગતનાં દુઃખો નાશ પામે એનું નામ સત્યાનાશ. જ્ઞાનીઓએ એ દુઃખો પહેલાં ભોગવેલાં છે. તમારો એ ભાવ નીકળી જાય એવી જ આશિષ તેઓ આપે ને! તમે કહેશો કે ખવરાવ્યું ત્યારે ઉપરથી ગાળો દે એ કેવું વિચિત્ર! દેહાધ્યાસ એટલે કે પંચમહા-

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ભૂતમાં રહેલો તમારો ભાવ નીકળી જાય તો આનંદનો અનુભવ થાય.

એક મહાત્મા હતા. તેમને જે કોઈ પ્રણામ કરવા આવે તેને 'મર જાવ, મર જાવ' એમ કહ્યા કરે. તેઓ અજ્ઞાનાવસ્થાને, દેહાધ્યાસને 'મર જાવ' એમ કહે, પણ કોણ સમજે? દેહ અને ઇન્દ્રિયો પરથી ભાવ લઈ લેવાનું મહાત્મા સૂચવતા. દેહાદિક ભાવને 'મર જાવ' એમ તેઓ કહેતા. આ જ ખરો આશીર્વાદ છે. ખરું મરણ તો ત્યારે કે જ્યારે ફરીથી જન્મ લેવો ન પડે. 'મર જાવ' એવા શબ્દોથી કોઈને લાગી આવે તો તેનું કલ્યાણ થઈ જાય. આપણા શરીરો મરતાં જ નથી. આપણે એક સ્વપ્નમાંથી બીજા સ્વપ્નમાં રમણ કરીએ છીએ. છગનલાલ તરીકેનું સ્વપ્ન તૂટયું અને રમણલાલ તરીકેનું સ્વપ્ન શરૂ થાય. સમષ્ટિ એક જ છે, વ્યક્તિ ભાંગે છે. 'મર જાવ' એમ કહે તેથી કોઈને વળી ભાન થઈ જાય. પછી સર્વત્ર તું છે. એ ભાવ આવી જાય.

રાગદ્વેષ કાઢીને આનંદમાં રહો. મોઢું શા માટે ચડાવવું? પ્રસન્નમુખ કેમ રહેવું એ ભગવાન શીખવે છે. સતત્, સદોદિત આનંદમાં રહેવાનો પ્રયત્ન કરો એ જ ભક્તિ છે. હું કંઇ કરતો નથી એમ સમજે તે પુરુષ, તે ગોપાલ, બાકી બધાં બૈરાં, ગધેડાં. હે અર્જુન, તારે જે થવું હોય તે થા.

વાસ્તવિક રીતે જોતાં વર્તમાન, ભૂત કે ભવિષ્ય જેવા ત્રણ કાળ જ નથી. મૂળ તો વર્તમાનકાળ જ છે. આજનો વર્તમાન આવતી કાલે ભૂતકાળ થશે. આજનો વર્તમાન ગઇ કાલનો ભવિષ્યકાળ હતો. મુખ્યવસ્તુ વર્તમાન છે અને તે હું જ છું-એવું જે સમજે છે તે જ્ઞાની છે. વર્તમાન તો પહેલો પુરુષ છે અને જે પહેલો પુરુષ તે 'હું,' બાકી બીજા બધાં બૈરાં. વિભક્તિઓનું શું કામ છે? આ શરીર મારું વાહન છે. વાહન એટલે કે ગધેડો.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શરીરમાં ભાવ રાખીશ તો ગધેડો ગણાઇશ. શરીર એટલે ગધેડો અને હું-આત્મા તેનો પતિ; માટે તો મને પ્રજાપતિ કહ્યો છે. પ્રજાપતિએ તો જનતાજનાર્દનની બરાબર સેવા કરવી જોઇએ.

રાજ્યને બરાબર ચલાવે તેજ ખરો મહાત્મા છે. મહાત્મા થઇને કફની પહેરીને તારે તારી પધરામણી કરાવવી છે? માલપૂવા ખાવા છે? લીલી લીલી નોટો ભેગી કરવી છે? એ કંઇ જ્ઞાન નથી. વિષયોમાં જેનું રમણ છે તે દેહભાવી છે. જે અહંભાવી છે, જે દેહાધ્યાસી છે તે ગધેડો છે. જેનો એમાં ભાવ નથી 'તે હું—આત્મા છું' એમ જ માને છે. આવો માણસ જ જનતાજનાર્દનની સેવા કરી શકે. જે એમ સમજે કે હું આત્મા છું, સચ્ચિદાનંદ, નિરંજન, નિરાકાર તેજ બ્રહ્મ છે, તેજ પ્રજાપતિ છે, એ જ ખરી સેવા કરી શકે છે. આવી સેવા કરનાર બ્રહ્મનિષ્ઠ છે. આવી સેવા કરનાર આત્મજ્ઞાની છે.

આત્મજ્ઞાની થવા માટે પ્રથમ તો કામનાનો ત્યાગ કરવો પડશે. ભીષ્મને (કામનાને) મારવા જ પડશે. ભગવાન ભીષ્મની પ્રત્યેક આંગળી ચીંધીને અર્જુનને બતાવે છે. ભીષ્મ સમજી જાય છે કે મારો ઘડો લાડવો કરવાની વાત થાય છે. કાળિયો કંઈક મારા વિશે કહે છે. પણ તે કહે છે હું તમને, ભગવાનને પણ નહિ છોડું. ભગવાન માથું હલાવે છે, કહે છે કે 'હું એ પણ જાણું છું.'

ભીષ્મની સામે ભગવાનને લડવા ઊભા થવું જ પડયું હતું. કૃષ્ણ તો યોગેશ્વર હતા. યોગેશ્વર જેવાને, આત્મજ્ઞાનીને પણ કામના સતાવે છે અને કામના મરે પણ તેમના જ હાથે. જીવને હાથે કામના ન મરે, ભગવાનના હાથે જ તે મરે. અર્જુને કૃષ્ણનું શરણ ન લીધું હોત તો તે ભીષ્મને કેમ મારી શકત?

જે કામના વાળા છે તેને આનંદ ક્યાંથી હોય? નવદ્વારની આ પુરીમાં ફલાસક્ત પુરુષો આનંદથી રહી નહિ શકે. માળા પહેર-

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વાથી કે ચંદનના લેપથી કંઈ શાંતિ નહિ વળે. દૃઢ મનથી જ્ઞાન માટે, સ્વરાજ્ય માટે ભક્તિ કર. વિવેક જાગ્રત કરીને જ ભક્તિ થાય. જો આમ નહિ કર તો તું કાયર પુરુષ ગણાઈશ. (૧૩)

न कर्तृत्वं न कर्माणि लोकस्य सृजति प्रभुः ।
न कर्मफलसंयोगं स्वभावस्तु प्रवर्तते ॥ १४ ॥

ઈશ્વર જીવનાં કર્મો, તેનું કર્તાપણું અને ફળોના સંબંધને ઉત્પન્ન કરતો નથી; પરંતુ એ સર્વ માયાનો જ ખેલ છે. (૧૪)

કોઈને એવી શંકા થાય કે શુભ વૃત્તિઓ અને અશુભ વૃત્તિઓ ભગવાન જ ઉત્પન્ન કરે છે. શા માટે શુભાશુભ વૃત્તિઓ ભગવાન ઉત્પન્ન કરતા હશે? અહીં એનો ઉત્તર છે કે આ તો માયાનો ખેલ છે. ભગવાન કશું ઉત્પન્ન કરતા નથી; તે અકર્તા છે. આ બધું માયાથી જ ચાલે છે. જગત મિથ્યા છે. જગત જેવી કોઈ વસ્તુ નથી. જગતનો મિથ્યાભાસ અજ્ઞાનને લીધે છે.

હે અર્જુન, તારું જ્ઞાનનું ત્રીજું નેત્ર ખોલ પછી તને હું જગત દેખાડું. આ જ્ઞાનદૃષ્ટિ ક્યારે ખુલશે? એ જો ખુલે તો બધો ઝઘડો પતી જાય. કોઈને સાથે લડવાનું પણ ન રહે.

અર્જુનને ભગવાનની આ વાત ગમી. તેને લડવું તો નથી. તે વિચારે છે કે આ જ ખરી વાત છે, જો જગત જ નથી તો કોની સાથે લડવાનું.

અંતર્યામિ ભગવાન તેનો આ ભાવ જાણી ગયા છે. તે હસતાં હસતાં આગળ બોલે છે કે હે પરંતપ, જ્યારે જગત દેખાશે નહિ એ અનુભવ થશે ત્યારે સર્વત્ર પરમાત્મા જ દેખાશે. આ અનુભવની વાત છે. જીવભાવના દુઃખોનો અંત ક્યારે આવે? જ્યાં સુધી તું શિવભાવમાં ન આવે ત્યાં સુધી તો નહિ જ. હું તને શિવભાવમાં નારાયણભાવમાં લઈ જવા માગું છું પણ નરમાંથી નારાયણ થવામાં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વચ્ચે જે મજલ છે, વચ્ચે જે માર્ગ છે તે આ કર્મયોગ છે. કર્મયોગના આચરણ સિવાય આ કશું ન થાય. તારે કર્મયોગ આચરવો જ પડશે તારે લડવું જ પડશે.

પૂર્વની અરજીઓ ભોગવાઈ ન રહે ત્યાં સુધી તો કર્મયોગ આચરવો જ પડે. આપણે હમેશાં જે ઇચ્છાઓ કરીએ છીએ તે અંદર આત્મામાં નોંધાય છે. આ શરીર આપણે જ ઉત્પન્ન કર્યું છે, જો જ્ઞાન થઈ જાય તો આ નવદ્વારવાળી નગરી એટલે કે શરીરમાં રહેવા છતાં જ્ઞાની મુક્ત જ છે. તે લીલામાં પણ સુખ ભોગવે છે અને બધે ભગવાનને જ અનુભવ્યા કરે છે. જે સમજી જાય છે કે લીલામાં પણ હું જ છું, જગત પણ હું જ છું. ભગવાન પણ હું જ છું; તેને તો કબીરજી કહે છે તેમ 'આપ મુઆ પીછે ડૂબ ગઇ દુનિયા.' જ્યાં સુધી મારી માયા જે ન સમજે, હું કોણ છું તે ન સમજે ત્યાં સુધી તેને દુઃખનો પાર ન રહે. કર્તાપણાનો ભાવ કાઢીને આવી પડે તે કર્મ ભોગવો અને જૂનાં કર્મ કાપી નાખો. કથા કરવી, ભેટ લેવી, નજરાણાં સ્વીકારવા જવું... આવા કશા ભાવ રાખવાના નથી. નવા ભાવ ઉત્પન્ન ન કરવા અને જૂના ભાવ એટલે કે તમારી જૂની ઈચ્છાઓ—પ્રારબ્ધ—ભોગવી લેવું. હું છગનલાલ છું કે હું મગનલાલ છું-એ નામરૂપના ભાવો જ્યાં સુધી ન જાય ત્યાં સુધી જ્ઞાન થતું નથી.

હે અર્જુન, તારો ધર્મ લડાઈ કરવાનો છે. જો તું યુદ્ધ કરીશ તો જ તું તારી પ્રજાને સુખી કરી શકીશ અને પ્રજાપતિ થઈશ. તું નારાયણ થઈશ. તું જીવમાંથી શીવ થઈશ. જો માયાને સત્ય માંનીશ તો તે દુઃખનું કારણ છે. આ લોકો આવા છે, પેલા લોકો તેવા છે એવું જે સમજે છે તે અજ્ઞાની છે. આ સર્વમાં હું વ્યાપ્ત છું. નવદ્વારવાળી આ રાજધાનીમાં ચોવીસે કલાક જે આનંદપૂર્વક રહે તે રાજા. જ્ઞાની આ નગરીમાં આનંદથી રહે છે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અને પ્રજા (શરીર) પાસેથી યોગ્ય કામ લે છે. પ્રજાને સુખી કરવી હોય, દેહને સુખી કરવો હોય તો તેના ધર્મ જાણી લેવા જોઈએ. શરીર શું છે તે સમજીને ભજન કરવું. શરીરને સમજીને તેની પાસે ભજન કરાવવું. કોઈ માગણી કરવાની નથી. નરસિંહ કહે છે કે 'હરિના જન તો મુક્તિ ન માગે.' મોક્ષની પણ માગણી નહિ કરવાની. ભગવાનને આવા ભક્તોને પોતાના ખભે ચડાવવા પડે છે; એમ તુકારામ કહે છે.

તુકારામ દેહ ગામમાં રહેતા. પાસે ભંડારાનો પર્વત છે. તુકારામ ભંડારાના ડુંગર પર જઈને ભજન કર્યા કરે. તેના સ્ત્રી જીજાબાઈ સતી સ્ત્રી હતાં. જીજાબાઈ માથે ભાથું લઈને દરરોજ બપોરે તુકારામને શોધવા જાય. આ વખતે તુકારામને ત્રણ ચાર સંતાન હતાં. એક વખત ઉનાળામાં ખરે બપોરે જીજાબાઇ આ પ્રમાણે તુકારામને ખવરાવવા રોટલા માથે મૂકીને નીકળી પડચાં. ભયંકર ઉનાળો હતો. તેમાં ગરમી બહુ જ ત્રાસ આપે. તુકારામ ભંડારાના પર્વત ઉપર કયાંય પાંડુરંગ, પાંડુરંગ કરતા બેઠા હશે. ભંડારાનો પર્વત મેં જોયો છે. ત્યાં એક પણ ઝાડ નથી. જીજાબાઈ તુકારામને શોધે છે. જીજાબાઈને સખત ભૂખ લાગી હતી પણ તુકારામને ખવરાવ્યા વગર ખાય કેમ? તુકારામ પણ ભૂખ્યા જ હશે ને? તેમણે દેહાધ્યાસને કેટલો બાળ્યો હશે? જીજાબાઈ તુકારામને શોધતા શોધતા કંટાળી ગયા. તેણે તો ભગવાનને ગાળો દેવી શરૂ કરી. 'કાળીયા' કહીને જ બોલાવે, કૃષ્ણ તો બોલે જ શાની? ગાળો ન દેતો બીજું શું કરે? તુકારામની કાપડની દુકાન પર તો જપ્તી આવી ગઈ હતી. ઘરમાં તો કંઈ ન હોય એવી સ્થિતિ હતી. ભગવાન તેમના યોગનું વહન કરતા. જીજાબાઈએ તો વિઠ્ઠલને ખૂબ ગાળો દીધી. ભક્તિમાં શું સાર કાઢચો—એમ બોલીને તુકારામને પણ ગાળો દીધી. ગાળો દેતાં દેતાં રસ્તામાં જીજાબાઈને કાંટો વાગ્યો.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

હવે શું કરવું ? કોણ કાઢે આ કાંટો ? ત્યાં સોય પણ ક્યાંથી હોય ? તે તો ત્યાં જ બેસી ગઈ. વિઠ્ઠલને 'કાળિયો, કાળિયો,' કહીને ગાળો દેતી જાય. ત્યાં તો વિઠ્ઠલ ભગવાન પ્રગટ થયા. કાળું તેજસ્વી શરીર અને જીજાબાઈને પૂછ્યું 'કાય ઝાલા.' જીજાબાઈએ બે ચાર ગાળ વધારે દીધી. ત્યારે ભગવાને તેને કહ્યું કે હું પોતે ભગવાન છું. તું મારી સામે તો જો. ત્યારે જીજાબાઈ વધારે ગુસ્સે થઈ અને કાળિયાને પીટવા માટે ઊભી થઈ. પણ પગમાં કાંટો દુઃખે છે તેથી પગ પકડીને પાછી બેસી ગઈ. ભગવાન તેનો પગ પકડીને કાંટો કાઢવા લાગ્યા. જીજાબાઈએ પોતાનું મોઢું ફેરવી લીધું. મોઢું ફેરવ્યું તો તે દિશામાં પણ ભગવાન પ્રગટ થયા. જીજાબાઈએ આંખો બંધ કરી તો ભગવાન અંદર પ્રગટ્યા. જીજાબાઈએ તેને અંદર પણ ગાળો દીધી. ભગવાને તો પગ પકડીને કાંટો કાઢી નાખ્યો. ક્યાં સુધી બળજબરી થઈ શકે ? તુકારામની સ્ત્રીએ જેટલી ગાળો ભગવાનને આપી તેટલી બીજા કોઈએ નહિ આપી હોય. શાન્તોબાની સ્ત્રીને જેમ થયું તેમ જીજાબાઈને પણ થયું. પહેલાં સ્ત્રીને દર્શન અને પતિને પછી દર્શન થયા. ભક્તના ભક્તનું કામ ભગવાનને કરવું પડે છે. જીજાબાઈએ છેવટ સુધી તુકારામની સેવા કરી હતી. તે તો એમ કહે તેવી હતી કે મારે વૈકુંઠમાં નથી આવવું. એનો વાસ વળી બીજે ક્યાં હોય ? તેનું ઘર જ વૈકુંઠ હતું. સતી અને બ્રહ્મનિષ્ઠની વ્યાખ્યા સરખી છે. તુકારામની વહુ એ સાક્ષાત્ ભગવાનની જ મૂર્તિ હતી. તુકારામને ઘડનાર જીજાબાઈ જ હતા. જો જીજાબાઈએ તુકારામને પ્રેમ કર્યો હોત તો એ પ્રેમમાં ફસાઈ પડત. તેનાથી ભકિત ન થાત. જીજાબાઈએ ક્લેશ કરી કરીને તેનો મોહ કાઢી નાખ્યો. આ રીતે પતિપત્નીની વચ્ચે વિરોધ કરાવનાર પણ ભગવાન જ છે. ભગવાને જ જીજાબાઈમાં પ્રવેશ કરેલો. માણસો માયામાં ફસાઈ જાય છે. માયામાં જ્યારે ભગવાન બેસે છે ત્યારે તેમાં ભકતને ફસાવા ન દે. સ્ત્રીના નેત્રકટાક્ષમાં કોણ નથી ફસાયું ? મોટા મોટા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

બ્રહ્મનિષ્ઠો પણ તેમાં ફસાઈ જાય છે અને તેમના પતન થાય છે. ભક્તિ એટલે કે જ્ઞાનયોગનું આચરણ કરો તો પતન ન થાય.

હે અર્જુન, તું દંડો લઈને સાધુ થઈશ તો લોકો તને પૂજશે. આ બધું તું મનમાંથી કાઢી નાખ. આમાં તું બ્રહ્મનિષ્ટ નહિ થઈ શકે. કોઇ પણ વર્ણ કે આશ્રમમાં હોય પણ જો ભક્તિ કરે તો તે પુરુષ છે, બાકી બધાં બૈરાં જ છે; ગધેડાં જ છે. સ્ત્રીભાવ એટલે કે બોજો સહન કરવાનો.

ભગવાન અહીં આત્મદૃષ્ટિથી વાત કરે છે. જગતમાં એક જ પુરુષ છે અને તે હું જ છું. આ બધો પુરુષ અને પ્રકૃતિનો ખેલ છે. પ્રકૃતિનો ખેલ એટલે જગત. હું છું તો પ્રકૃતિ છે. પ્રકૃતિના ભાવમાં રહે તે બૈરાં છે. સંન્યાસી એટલે હાથમાં દંડ હોય તેવું ઓછું છે? ઉપર કહ્યા પ્રમાણે ભક્તિ કરે અને સર્વાત્મભાવ આવે તો ગૃહસ્થ હોય, છ છોકરાં હોય તો પણ તે સંન્યાસી છે. તુકારામને છ છોકરાં હતાં છતાં તેમને સદેહે મુક્તિ મળી. સાયુજ્ય મુક્તિ મળી. તુકારામ, મીરાં, ચૈતન્ય, મુક્તાબાઈ વગેરેને સાયુજ્યમુક્તિ મળી હતી. તુકારામ ભજન કરનારની વચ્ચેથી જ ગુમ થઈ ગયા. મુક્તાબાઈ તાપી નદીને કિનારે એહલ્લાબાદ ગામ પાસે અદૃશ્ય થઈ ગયા. ચૈતન્ય 'હરિ બોલ, હરિ બોલ,' કરતાં અને તુકારામ 'રામ-કૃષ્ણહરિ' બોલતાં અદૃશ્ય થઈ ગયા એટલે કે સદેહગમન કર્યું.

× × ×

મને પણ આવી સંન્યાસી થવાનો અભખરો થયેલો. એ વખત મને સંન્યાસી થઈ જવાનું મન થયેલું. મોહવશ થઈને નાસી જવાનો વિચાર થઈ આવેલો પણ ચમત્કારિક રીતે અટકી ગયો. ભગવાનની ભક્તિ કરતાં કરતાં આ સ્થિતિ આવે છે પણ સદ્‌ગુરુ મળી ગયા. તેમણે સમજાવી દીધું કે 'તું ક્યાં જઈશ. તું કોનાથી અતીત થઈશ?

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કોઈ પણ વસ્તુ તારી નથી તો તું કોનો ત્યાગ કરીશ? હું ત્યાગ કરું એમ કહેવું એ જ અજ્ઞાન છે. શું ચૈતન્યનો તું ત્યાગ કરીશ. સર્વત્ર ભગવાન વ્યાપ્ત છે પછી તું ક્યાં જઈશ?" અને મેં ત્યાગનો પણ ત્યાગ કરી દીધો. અર્થાત્ ત્યાગ કરવાનો જે ભાવ હતો તેનો પણ ત્યાગ કરી દીધો.

× × ×

હે અર્જુન, મારે સોળ હજાર બૈરીઓ તેથી શું મારે નાસી જવું કે? રામાવતારમાં મને આ અભખરો થયેલો અને મેં મોટાં મોટાં પ્રવચનો કરેલાં. નાસી જવા માટે જ પ્રવચનો કરેલાં. દરેક ભક્તને આવી સ્થિતિમાંથી પસાર થવું પડે છે. તને ખબર નથી કે તારા અને મારા કેટલાય જન્મ થઈ ગયા છે. આ અવતારમાં મેં અતીત થવાની વાત નથી કરી. આવો નિત્યસિદ્ધ. ગૃહસ્થાશ્રમી હોવા છતાં યોગેશ્વર એવો કૃષ્ણ તને મળ્યો છે. તને હું એ પૈસાના રંગવાળો સાધુ બનાવવા નથી ઇચ્છતો. એવું જ હોત તો હું જ સાધુ ન થઈ જાત? જરા વિચાર કર. તારો ગુરુ શું સાધુ છે?

તારા પગમાં ઝણઝણાટી થાય છે ને? અડધો કલાક પદ્માસન કરીને બેસે તોય યોગમાં, ભક્તિમાં તારાથી આગળ વધાતું નથી. ભક્તિ કરતી વખતે, ધ્યાન કરતી વખતે પદ્માસન કરવું વધારે સારું છે. આસનની જરૂર છે પણ થતું નથી. સંસારના કામો યાદ આવી જાય છે. મન જ કામ ઊભાં કરે છે. પછી પા કલાક કે અરધો કલાક માંડ ભજન થાય છે. ભજન કરતી વખતે શરીર જ નથી એમ માનો. ગમે તે થાય પણ શરીરને 'મર જાવ' એમ કહી દો. દેહાધ્યાસ નહિ મરે ત્યાં સુધી ભજન નહિ થાય. દેહને બરાબર સાચવીને ભજન કરવું છે? તો તેમાં મારી પ્રાપ્તી નહિ થાય. કુંભારે તો ગધેડા પાસેથી જેટલું બને તેટલું કામ લેવું જોઈએ. આપણે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શરીર પાસેથી સેવાનું જેટલું કામ લેવાય તેટલું લેવું જોઇએ. સૌએ પોતપોતાના ધર્મો પ્રમાણે તન્મયતાથી સેવા કરવી જોઈએ.

ભગવાનના નામ સિવાય તન્મયતા ન આવે. નામના નાવડા પર બેસીને બધાંય તરી શકે છે. ફલાસક્તિ ઘટાડવા માટે ભક્તિ જ શ્રેષ્ઠ છે. બધા ય રસ્તાનું મૂળ છે ભક્તિ. મૂળથી વંચિત થઇને ડાળ-શાખા પર ફરો તેથી શું વળે?

મને પામવા માટે મારું મૂળ ભક્તિ છે. ભક્તિ એ પ્રેમ જ છે. મારા પર પ્રેમ કર. પછી બીજું કંઈ કરવાનું નથી. આપણા જેવો પ્રેમ તો કોઈ કરી શકતુ નથી. બેબીને બાલમુકુન્દ બનાવો તો ય તરી જશો. આપણી વહાલામાં વહાલી ચીજોને ભગવાન બનાવી દો. હું ચેતનની જ વાત કરું છું. છોકરાને હાથમાં અંગુઠો આપીને બાલમુકુન્દ ગણો અને તેનું ભજન કરો તો ય ભગવાનની પ્રાપ્તિ થશે. ઘણાયે એવું આચરણ કર્યું છે. અજ્ઞાન અવસ્થાને લીધે વહુ પર પ્રેમ છે તો તેને નારાયણ ગણો. આ માગે નારાયણ. તે સગુણ સ્વરૂપે હાજર છે એમ માનો. નિર્ગુણ રૂપે પણ હું જ છું અને સગુણ રૂપે આ દેહમાં હું છું. બૈરાને માટે આ ભાવ સહજ છે. તેને અદ્ભુત એવી ભાવના થશે. હિન્દુસમાજમાં આવી ભાવના છે એ આ રીતે સમજવી જોઈએ. સગુણ રૂપે અને નિર્ગુણ રૂપે હું જ ફરું છું પણ સગુણનું તમને જ્ઞાન નથી. સગુણ સર્વ સ્થળે છે.

મને પણ શરૂઆતમાં સગુણનો ભાવ હતો. શંખ, ચક્ર સાથે ભગવાન પ્રગટ થયા છે એવો ભાવ હતો. ભજન કરતાં કરતાં આ ભાવમાંથી દર્શનો થતાં ગયાં અને આ ભાવ પલટાયો. અમુક હદ સુધી પહોંચ્યા પછી ગૂંચવાડા થાય છે અને તે પણ ભગવાન જ દૂર કરે છે. પછી તો સર્વત્ર ભગવાન છે એ ભાવ આવ્યો.

સગુણરૂપ એ જ આ જગત. જગત મારું સગુણરૂપ છે. મારા દર્શન માટે શું કામ દોડધામ કરે છે?—એવી મને પ્રેરણા થઈ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આ તો બધી જડ અને ચેતનની રમત છે. જડ તે આ શરીર અને તેમાં ચૈતન્ય, નિરાકાર, 'હું' જ છું. સગુણ હું જ છું. તારી દૃષ્ટિ ખોટી છે. તારી આ આંખો ફોડી નાખ અને ત્રીજું નેત્ર ખોલ ત્યારે તને જ્ઞાન થશે કે સર્વત્ર હું જ વસેલો છું અને જગત મારું સગુણ સ્વરૂપ છે. પડદો અને પડદા પરનું દૃશ્ય બન્ને સાચાં છે. પડદો પણ હું છું. આત્મરૂપી પડદા પરનું દૃશ્ય પણ હું છું.

ખાટલા પર પડ્યા પડ્યા હિમાલય જવાનો વિચાર કરતો હતો તે વખતે આ જ્ઞાન ન હતું. હું મથુરા સુધી જઈને પાછો આવ્યો. ભગવાન આવીને પ્રગટ થઈ જાય તો *નાના બિલ્ડીંગ એ હિમાલય.

તમે જ્યાં બેસો ત્યાં હું સુલભ છું. હું દુર્લભ હોઉં તો મળું કેવી રીતે? મારા દર્શન માટે વ્યાકુળતા રાખે તેને હું જરૂર મળું છું. માયામાં રમણ કરે તેથી સગુણ કે નિર્ગુણ કોઈ દર્શન નથી થતાં. તું માયાને સમજી જા. જે નથી તેનું નામ માયા. સુષુપ્તિ અવસ્થામાં મન નથી, માટે મન છે જ નહિ. મનને આપણે માન્યું છે માટે મન છે. માણસ રોજ ગાઢ નિદ્રામાં સમાધિમાં જાય છે પણ તે સત્સ્વરૂપને ભૂલી ગયો છે અને લીલાભાવમાં રહે છે.

* * * *

ભગવાન સદાય બ્રહ્મચારી હતા. સોળ હજાર સ્ત્રીઓ હોવા છતાં બ્રહ્મચારી. તુકારામ પણ બ્રહ્મચારી હતા. જે ભગવાનમાં રમણ કરે તે બ્રહ્મચારી. જે બ્રહ્મમાં ચરે છે તે બ્રહ્મચારી. આવા લોકોને તો લીલામાં ય આનંદ છે. આત્મા એટલે રાજા અને શરીરો એટલે પ્રજા. ભગવાન મોટા ગૃહસ્થાશ્રમી છે.

---

* પરમાનંદસ્વરૂપ શ્રી ચંપકભાઈ પહેલાં પરેલમાં જ્યાં રહેતા તે બિલ્ડીંગનું નામ 'નાના બિલ્ડીંગ' છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મારો ગૃહસ્થાશ્રમ અનંત છે. હું મારો ગૃહસ્થાશ્રમ છોડીને કદી જતો નથી. સૂર્યચંદ્ર હમેશાં પ્રકાશે છે. તે નિયમ મુજબ કર્મયોગનું આચરણુ કરે છે. મેં ઘણુંય કામ કર્યાં છે અને હજી કરું છું. મેં શિશુપાલનો વધ કર્યો, જરાસંધને ભીમની પાસે મરાવ્યો, કંસ અને ચાણુરને માર્યા, યાદવોને ઉન્નતિના પંથે લાવ્યો. આજે તારા રથ પર બેસીને ઘોડા હાંકું છું. આ બધાને માર્યા તેમાં પાપ વળી શેનું લાગે? હું તો અકર્તા છું, આ સ્થિતિએ પહોંચવા માટે નીડરતાથી ભજન કરો. દેહભાવને ફગાવી દો અને સાચા કર્મયોગનું આચરણુ કરો.

ગાંધીજીમાં કેવી અદ્‌ભુત નીડરતા હતી! તેઓ સાચા કર્મ-યોગી હતા. તેઓ દીર્ઘદષ્ટિવાળા હતા. ભગવાનને આ શરીર પાસેથી જેટલું કામ લેવું હોય એટલું લેશે. તેમણે પાછળથી એમ કહી દીધું હતું કે હવે મને એકસો પચીસ વર્ષ જીવવાની ઇચ્છા નથી. શરીરને ગોળાથી પાડી નાખે તો ભલે પાડી નાખે. પંચાગમાં મેં લીટા મારેલા તે જ દિવસે તેમના પર બોમ્બ ફેંકાણો પણ તે બચી ગયા, અને અઠવાડિયા પછી પોતે જ ગોડસેમાં પોતાને મારવા માટે પ્રેરણા કરી. આત્મઘાત કરે તો ખોટો દાખલો બેસે. કૃષ્ણે પણ પારધિમાં પ્રેરણા કરીને શરીરને મરાવ્યું. પ્રાર્થના-સભામાં પોલિસનું રક્ષણ મળે તેમ હતું પણ તેમણે એ ન સ્વીકાર્યું. આ શરીરને કોઈ ગોળાથી મારી નાખે તો તેને કંઈ પણ ન કરવું એમ તેમણે શરીર પડતાં પહેલાં સ્પષ્ટ કહ્યું હતું.

ઈસુ ખ્રિસ્તે કહ્યું છે કે કોઈ તારા એક ગાલ પર તમાચો મારે તો તારે બીજો ગાલ ધરવો. ત્યારે શું આપણને કોઈ તમાચા મારે તો મારવા દેવા. આપણે તો તરત જ કેસ કરીએ. હું શરીર છું એમ જે સમજતા નથી તે શું કરે? એ લોકો જ મારા સંન્યાસી છે. એ જ ખરું ભજન કરે છે. આપણે ભજન કરતા હોઈએ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અને કોઈ રીવોલ્વર લઈને આવે તો! ભજન બંધ જ થઈ જાય ને! ભજનમાં ડર ન રાખવો જોઈએ. પંચમહાભૂતમાંથી જે આપણને છોડાવે તે મહાન પુરુષ છે એમ જ માનવું. જો ભજન કરવું હશે તો તે કરાવશે. જેને ગોળીઓ મારવી છે તે ભલે મારે. જેને નોટિસો દેવી હોય તે ભલે દે, આપણે ગાંધીજીની જેમ નીડરતાનો ગુણ કેળવવો જોઈએ. કાકા, મામા, સગાવહાલાં, બધાં તમને કહેવાના કે "ભજન શા માટે કરો છો?" એ લોકો ભલે ગમે તેમ બોલે. તેઓને તેમનું પ્રારબ્ધ ભોગવવા દો. તેમને જરૂર પડે ત્યારે સ્પષ્ટ કહી દેવું કે "હું મારું કામ કરું છું. તમને તે ઠીક ન લાગે તો મારે ત્યાં ન આવશો." આપણે આપણો કર્મયોગ સાચવવો અને વૃત્તિઓની સામે લાલ આંખ રાખવી. હું આત્મા છું એમ માનવું. આપણે આપણી જાતને દૃષ્ટા તરીકે જોવી. સાધક અવસ્થામાં જે કોઈ આપણી આડે આવે તેનો ત્યાગ કરવો. સૂરદાસે કહ્યું છે કે.

"છાંડ મન હરિ વિમુખન કો સંગ."

નરસિંહ મહેતાએ પણ કહ્યું છે કે

"નારાયણનું નામ જ લેતાં વારે તેને તજીએ રે."

નારાયણનું નામ લેવા બેઠા, ભજન કરવા બેઠા અને કોઈ પણ સતાવે તો બહાર કાઢવા જ પડશે. પછી તે બૈરી હોય કે ગુરુ હોય. ભગવાન અટકાવે તો તેને પણ બહાર કાઢો. ભજનાનંદ ન અટકવો જોઈએ. ભગવાનને પણ કહી દેવું કે ભજન પૂર્ણ થાય પછી તું આવજે. ભજનમાં વિક્ષેપ નહિ જોઈએ. ભજનાનંદ એ જ બ્રહ્માનંદ છે. મને જેના પર પ્રેમ છે તેમાંથી મને કોણ છોડાવી શકે? જે સૂરદાસને એક વાર ચિંતામણિ ઉપર ખૂબ પ્રેમ હતો તેણે જ કહ્યું છે કે 'છોડ મન હરિવિમુખનકો સંગ.' શા માટે આમ કહ્યું હશે? ભજનાનંદની પ્રાપ્તિ માટે આવો સંગ છોડવો જરૂરી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

છે. નત્ય, શાશ્વત આનંદ પ્રાપ્ત કરવા માટે ખૂબ ભજન કરો અને ભજનની આડે આવનારનો ત્યાગ કરો. જ્યાં ભજન ઘુસ્યું કે આડે આવનારનો ત્યાગ થઈ જ જશે. પછી તેને વિષયો સતાવતા નથી.

હું જ્યાં ઘુસ્યો ત્યાં મારી માયા રુક્મિણી કે લક્ષ્મી ક્યાંથી સતાવે? મારી બધી સ્ત્રીઓએ ભક્ત સુદામાની સેવા કરેલી જ ને! સુદામાને મારા પર પ્રેમ હતો તેથી માયા પણ તેમને સાચવે. મારી સ્ત્રીઓએ પણ સુદામાના ચરણ ધોયા. ભક્તના ચરણ માયાને ધોવા પડે છે.

માટે રિદ્ધિસિદ્ધિની કામના છોડીને કેવળ નિષ્કામભાવે મારી ભક્તિ કરો. મારા શરણમાં આવો. શરણ થવાની ઇચ્છા એ ઇચ્છા નથી. તેમાં તો 'જૈસે રાખહુ વૈસે હી રહું' એ ભાવ છે. આવો ભક્ત તો ભગવાન બની જાય. આવા ભક્તમાં અને મારામાં કશો ફરક નથી. આવી ભક્તિ તે બ્રહ્મજ્ઞાન. નાનું છોકરું પણ સમજી શકે તેવી આ વાત છે. સાદી ને સીધી વાત છે. મોટાં મોટાં શાસ્ત્રો વેદાન્તગ્રંથો વાંચવાથી કે પ્રવચનો સાંભળવાથી ઊલટે માર્ગે જશો. ભગવાન તો સુલભ છે. ભક્તિ માટેના નિયમો સાચવો અને દૃઢતા કેળવો તો કામક્રોધમોહ વગેરે નાસી જવાના. નિયમો પાળશો તો ય ઘણું છે.

સંપત્તિ લેવા જશો તો નાશ થશે. દુર્યોધન સંપત્તિ લેવા જ ગયેલો. જ્યારે અર્જુને મને રથ પર બેસાડ્યો. મને રથ પર બેસાડશો તો તરી જશો.

માયા તો મારી સ્ત્રી છે. તેના ધણી થવાની ઇચ્છા પણ ભયંકર છે. ભક્ત થશો તો માયા તમારી મા બની આપોઆપ સંભાળ લેશે. ભક્તિ કરો. પરાભક્તિ કરો. પરાભક્તિ એ બ્રહ્મજ્ઞાનનું લક્ષણ છે. બ્રહ્મજ્ઞાનીના મુખ પર પ્રસન્નતાની ઝલક હોય છે. આવું

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

છે બ્રહ્મજ્ઞાનીનું હાસ્ય. આ શ્રીકૃષ્ણનો ફોટો જુઓ. તેના મુખ પર કેવું અદ્‌ભુત હાસ્ય છે. શંકરના ફોટાઓ તો સાધન અવસ્થાના છે. કૃષ્ણમાં આ અદ્‌ભુત હાસ્યવેરતી બ્રહ્માવસ્થા ચોવીસે કલાક વિલસતી. તે પરબ્રહ્મમાં વિલસતા યાદવોનો નાશ કરતી વખતે પણ એ જ પ્રસન્ન મુખમુદ્રા. ઉદ્ધવને જ્ઞાન આપતી વખતે પણ તે જ પ્રસન્ન હાસ્ય. તેમનું જીવન જ ઉપદેશરૂપ છે. તેમણે કંઈ પ્રવચનો નથી કર્યાં.

ભગવાન કૃષ્ણ પાસેથી ઉદ્ધવે ભાગવત જાણ્યું અને અર્જુને ગીતા જાણી. ત્રીજો કોણ તેમને જાણનાર હતો ? કૃષ્ણના જમાનામાં તેમને જાણનાર તો માંડ બે પાંચ જણ હશે. સાંદીપનીના મૃત પુત્રને જીવંત કરી લાવનારને પોતાના શરીરને જીવાડવાનું નહિ આવડતું હોય ? પારાધિને પ્રેરણા ન કરી શકે કે તીર ન માર ? તેમને લીલા કરવી હતી. કાળ પૂરો થયો. કૃષ્ણનું જીવન બતાવે છે કે ભક્તિ આ પ્રમાણે કરવાની છે. ભક્તિની સહેલામાં સહેલી રીત બતાવવા એ જન્મેલા. રામ અને કૃષ્ણના અવતારો વધુ પૂજાય છે કારણ કે તેઓએ ભક્તિની સહેલી રીત મૂકી છે. તેઓએ જીવનમાં આચરી બતાવ્યું છે. કૃષ્ણ અને રામનું અનુકરણ કરીને ભક્તિ કરો. ઇતિહાસના પૃષ્ઠ પર તમારા નામ ચળકશે. કૃષ્ણથી માંડીને મહાત્માજી સુધી બધા આવું જ જીવન ગાળી ગયા છે. વિનોબાજી હજી આવું જ જીવન ગાળી રહ્યા છે. આપણે આ નથી સમજતા માટે રખડી પડયા છીએ. આપણે તો ઉલટાના તેઓને ગાળો આપીએ છીએ.*

આ બધો માયાનો ખેલ છે. બધા જીવો માયામાં જ અટકી જાય છે. પ્રાણીમાત્રમાં હું રહેલો હોવા છતાં સર્વ મારામાં છે. માયા મારામાં છે. હું અને માયા એક જ છીએ પણ અજ્ઞાનીને બન્ને

* તા. ૪–૯ ૫૫ રવિવારનું આઠમું પ્રવચન અહીં પૂરું થાય છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જુદા લાગે છે. આપણે કામક્રોધમાં અટવાઈ ગયા છીએ. જ્ઞાનીને તો માયા અને ભગવાનમાં ફરક જ લાગતો નથી. જે સમજતો નથી તેને બંને જુદા લાગે છે, બાકી તો નિત્ય અને લીલા એક જ છે.

આ અધ્યાયમાં મેં સંન્યાસીના લક્ષણ વર્ણવ્યાં છે. તમે તમારી દષ્ટિથી માયા જુઓ છે. બાકી તો સર્વ આત્મા જ છે. જેને આત્મદષ્ટિ છે તેને માયા દેખાતી નથી. જે નથી તે માયા છે. જો છે એમ દેખાય તો તે મારામાં છે. સગુણમાં એ લીલારૂપે છે. સગુણની દષ્ટિએ જે છે તે એ જ છે. જે માયા છે તે મારી છે. નિર્ગુણ કેવળ હું જ છું. પાપપુણ્ય છે એમ તમે કહો છો માટે તમને પાપ પુણ્ય લાગે છે. જો માયા છે તો બંધન છે. જો માયા નથી તો બંધન નથી. માયા તો કલ્પના માત્ર છે. કલ્પનાનું નામ જ માયા. જે ભેદદષ્ટિએ જુએ તેને જ માયા સતાવે છે. મારું, તારું—એ ભેદવાળી સાંસારિક દષ્ટિમાં ફેરફાર કરો અને જ્ઞાનદષ્ટિએ જુઓ તો જડમાં અને ચેતનમાં સર્વત્ર નારાયણનો જ પથારો દેખાશે. નારાયણનો આ સાગરશાહી પથારો છે. તો માયા ક્યાં છે? બ્રહ્મમાં માયા છે? નથી જ. સગુણ ભક્તો બધે મને જુએ છે; સગુણ દષ્ટિમાં ભક્તો જગતને ભગવાન તરીકે જુએ છે. નિર્ગુણ ભક્તો જગત છે જ નહિ એ દષ્ટિ રાખે. એ છે શાંકર તત્ત્વજ્ઞાન. જગત મિથ્યાભાસ નહિ પણ છે જ નહિ એનું નિર્ગુણ, કેવળ હું જ.

અર્જુનને સાધુ થવાનો મોહ છે. માટે ભગવાન ટકોર કરે છે કે આ બધો માયાનો ખેલ છે. સગુણ કે નિર્ગુણ કોઈ દષ્ટિએ માયા નથી. સ્વામી રામતીર્થ કહે છે "અટક અટક તો અટક રહા." દર્શન થવા જ જોઈએ એમ માનો તો થઈ જ જવાના. ભગવાનના દર્શન નથી થતાં એમ તમે માનો ત્યાં સુધી દર્શન કેમ થાય? ભગવાન પોતે જ એમ બોલે છે કે દર્શન નથી થતા ત્યાં સુધી કેમ થાય? હું સ્વયં છું. મને કોણ દર્શન દેવા આવવાનું છે? કોણ કોના દર્શન

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કરે? મારે દર્શન નથી કરવા એ જ સાચું છે. હું આત્મા છું પછી દર્શન વળી શું? હું સર્વત્ર વ્યાપ્ત છું. એકે એક ક્ષણે હું તમને દર્શન દઈ રહ્યો છું. આ જે કંઈ દૃશ્ય છે તે સગુણ બ્રહ્મ. જો જ્ઞાનપૂર્વક વિચાર કરીએ તો ભગવાન બધે સ્થળે દૃશ્યમાન છે. કયે ઠેકાણે ભગવાન નથી?

એક મહાત્માને બે શિષ્યો હતા. મહાત્માએ બન્ને શિષ્યોને એક એક કબૂતર આપીને કહ્યું, "કોઈ ન હોય ત્યાં જઈને આ કબૂતરને મારીને અહીં લાવો." એક શિષ્ય બહાર ગયો. આજુ-બાજુ જોયું અને કોઈ ન હતું. એવે સ્થળે જઈ ડોકી મરડીને કબૂતર લાવીને ગુરુના હાથમાં આપ્યું. બીજો શિષ્ય તો કબૂતરને લઈને ચારે બાજુ ફરે છે. જ્યાં જાય ત્યાં કોઈ ને કોઈ તો જોનાર છે. ઝાડ, પાન, વેલા, નદી બધાં ય જોઈ રહ્યા છે. ભગવાન તો સર્વત્ર છે અને બધું જુએ છે. કોઈ જગ્યા એવી નથી કે જ્યાં ભગવાન નથી. શિષ્ય તો બધે ફર્યો અને કબૂતરને જીવતું પાછું લાવ્યો. ગુરુએ પૂછ્યું, "તેં આ કબૂતરને માર્યું કેમ નહિ?" ત્યારે શિષ્યે આ હકીકત કહી. ગુરુની કૃપાથી શિષ્યને પ્રત્યક્ષ જ્ઞાન થયું.

આ દૃશ્યમાન જગત તે સગુણ બ્રહ્મ છે. ભગવાન સર્વત્ર દેખાઈ રહ્યો છે. જેની આવી દૃષ્ટિ થાય તે સંન્યાસી છે. તું જો દંડ કમંડલું પકડીને ભાગવા માગતો હોય તો તે ખોટું છે. કર્મની ભાંજગડમાંથી તારે છૂટવું હોય તો તે અજ્ઞાનનું લક્ષણ છે.

બાહ્ય સંન્યાસમાંથી ભગવાન અર્જુનને આંતર સંન્યાસ તરફ દોરી જાય છે.

શું ભગવાન પોતે માયાને માને છે? માયાને માનનારની સાથે એવી રીતે વાત કરવી પડે છે. તને હજી સગુણ બ્રહ્મનાં દર્શન નથી થતાં? મેં આટલા પુણ્ય કર્યાં છે અને આટલા પાપ કર્યાં છે -- આવી તારી ભાવનાઓ જ આડે આવે છે. એવી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કોઈ જગ્યા નથી કે જ્યાં ભગવાન નથી. સર્વત્ર ભગવાન હોય તો તેના દર્શનને માટે કયું સાધન હોઈ શકે?

મારા દર્શન માટે કોઈ સાધન જ નથી. કશું કરવાનું નહિ અને મારા દર્શન થયા જ કરે. જેનું મન વિષયોમાંથી હટી ગયું છે તેને સાધન કેવી રીતે કરવાનું? તે તો નિત્યસિદ્ધ છે અને તેને જ આવાં દર્શન થાય છે. મારા દર્શન માટે શું આંખ બંધ કરવી પડે? આંખ ખુલ્લી રાખો તો હું શું ન દેખાઉં? મારું તો સગુણ કે નિર્ગુણ એકે સ્વરૂપ નથી. તમારી ભાવના પ્રમાણે તમને દેખાય છે. અહીં ફરતા આ વાંદામાં, આ ઝરમર ઝરમર વરસતા વરસાદમાં, સામે રહેલી મૂર્તિમાં બધે ય પંચભૂત છે. જળ, તેજ, વાયુ, પૃથ્વી અને આકાશ આ પાંચે પાંચ તત્ત્વો તે હું જ છું. પંચમહાભૂતનો દેહ એ પણ હું જ છું. દેહ એ મારું રહેવાનું સ્થાન છે. અંશ રૂપે એટલે કે જીવભાવમાં તેમાં હું રહું છું. આ મારો દુશ્મન, આ મારો મિત્ર એ તો ભેદદષ્ટિ છે અને ભેદદષ્ટિ છે માટે જ સંયોગ-વિયોગ થયા કરે છે. આ બધાને તું પંચમહાભૂત સમજ. પંચમહાભૂતનો નાશ થતો નથી પછી દુઃખ શાનું થાય છે?

ભગવાન રામચંદ્રે વાલીને છૂપી રીતે મારી નાખ્યો. ખરી રીતે દેહના નાશથી કોઈનો નાશ થતો નથી. દેહનો પણ નાશ નથી કારણ કે આ દેહ પંચમહાભૂતનો બનેલો છે અને પંચમહાભૂતનો કદી નાશ થતો નથી. વાલીની સ્ત્રી હૈયાફાટ રૂદન કરે છે. તે રામચંદ્રજીને કહે છે, "તેં ઝાડની પાછળ સંતાઈને મારા ધણીને માર્યો છે. કાયર, તને મારા ધણીને મારવાનો શો હક હતો?" તે ભગવાનને કાયર, લુચ્ચા, એવી ઘણી ઘણી ગાળો દે છે. તેનો વર મરી ગયો છે એટલે દે જ. શાણા માણસો સામાને પોતાનો ઉભરો ઠાલવી લેવા દે. જેટલો ઉભરો નીકળી જાય તેટલું વધારે સારું. રામચંદ્ર તો જરાય બોલતા નથી. તારા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પાસે આવીને રડે છે. રડતી રડતી તે કહે છે, "તું તો તારી સ્ત્રીને માટે દોડાદોડ કરે છે અને મારે તો મારા ધણીનો સદાને માટે વિયોગ થયો." રામચંદ્ર આ સાંભળીને વાંકી ડોક રાખીને હસે છે. તમને ક્રોધ ચડે તે વખતે જો હું હસું તો તમે મને મારો જ ને! વાલીની સ્ત્રીને વધારે ગુસ્સો ચડે છે. જ્ઞાની પુરુષોમાં ખોટો દયાભાવ નથી હોતો. જ્ઞાની પુરુષ નિષ્ઠુર જેવો લાગે, ક્રૂર જેવો લાગે. રામ હસ્યા જ કરે છે. તારા કલ્પાંત કરતાં કરતાં થાકી ગઈ. હવે શું કરવું? તે માથે ઓઢીને બેસી ગઈ. ભગવાન હવે તેને સમજાવે છે, તારો વર ક્યાં નથી? તને એના શરીર પર પ્રેમ હતો ને! આત્મારૂપે તો એ સર્વત્ર છે. શરીર તો સંયોગવિયોગ વાળું છે. હવે જ તારે અને તારા પતિને વિયોગ નથી. શરીર હતું ત્યારે જ વિયોગ હતો." સંત પુરૂષના શબ્દો સામા માણસનું કામ કરી જાય છે. તે અનુભવના શબ્દો હોય છે. "તારો વર મર્યો જ નથી. આ તો તને ભ્રમણા થઈ છે. પંચમહાભૂત સર્વત્ર છે અને એ જ પંચમહાભૂત તારા પતિના દેહમાં હતા. એ તત્ત્વો તારી પાસે અત્યારે પણ છે. તારા વરનું શરીર પંચમહાભૂતમાં મળી જવાનું. તેના શરીરના પાંચે તત્ત્વો આ પંચમહાભૂતમાં વહેંચાઈ જશે એટલે કે મળી જશે. એ પાંચે તત્ત્વો તને અથડાય છે. પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ વગેરે પાંચ તત્ત્વો તારા દેહમાં પણ છે. તું યે પંચમહાભૂત અને એ ય પંચમહાભૂત. પંચમહાભૂતનું ખોખું તારી પાસે પણ છે." ભગવાન રામચંદ્રજીએ આટલું કહીને તારાનો મોહ તોડી નાખ્યો.

શરીર પંચમહાભૂતમાં ચાલ્યું જાય અને આત્મતત્ત્વનો તો નાશ થતો નથી. ત્યાં જવા આવવાનું છે જ નહિ, ત્યાં જન્મમરણ નથી. નાશ થતો નથી, જન્મમરણનું દુઃખ ક્યાંથી થાય? આ બધો માયાનો ખેલ છે, એવી જેની દૃષ્ટિ છે તે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જ્ઞાની છે. માયાને સાચી માનીને જોયા કરો ત્યાં સુધી તમને ભગવાન નહિ દેખાય. આ વૃત્તિ હશે ત્યાં સુધી કંઈ પણ નહિ થઈ શકે. તમે તે પોતે જ છો પછી કોના આશીર્વાદથી કલ્યાણ થવાનું છે? આશીર્વાદ કોના અને કોણ આશીર્વાદ આપનાર? મહાત્માઓ કહે છે કે પોતાની જ આશિષથી આગળ જવાનું છે. મોટા સંતો અને મહાત્માઓ આ રીતે જ ભગવદ્-પ્રાપ્તિનો આશીર્વાદ આપે છે એમ અહીં ભગવાન કહે છે.

મેં બહુ પાપ કર્યું છે; મેં બહુ દાન કર્યું છે—આમ કહેનાર પાપ અને દાની બધાને જન્મમરણ છે, બધાને દેહ ધારણ કરવો જ પડે છે. તમે પુન્યશાળી છો એવું માનો છો એ જ બેડી છે. તમે જન્મમરણનાં અને સંયોગવિયોગનાં દુઃખો ભોગવશો. પુણ્ય સોનાની બેડી છે અને પાપ લોઢાની બેડી છે. બન્ને સુખ અને દુઃખના કારણ છે. વાલકેશ્વર પર કોઈ બંગલામાં જન્મે તે થઈ સોનાની બેડી. માયાને જે ભયંકર માને, મારાથી ભવસાગર તરાવાનો નથી,—આવું આવું જે માને છે તેને જન્મમરણના દુઃખો સહન કરવાં પડે છે. મારા ગુરુએ મને કહ્યું, 'તું સચ્ચિદાનંદ છો બીજું કંઈ નથી. તારા સ્વરૂપમાં કામક્રોધ કંઈ નથી.' એટલે માની જ લેવાનું. માયા જેવું તત્ત્વ જ નથી એ માની જ લેવું. કામક્રોધ વાસનાથી ઉત્પન્ન થાય છે. હું તો શેષનાગ પર ક્ષીરસાગરમાં સૂતેલો છું. આ તો ભગવાનનું સ્વપ્ન છે. જગત મિથ્યા છે અને બ્રહ્મ સત્ય છે એ મત સાચો છે તથા જગત છે અને ભગવાનરૂપ છે, એ મત પણ સાચો છે. ભગવાન છે તો જગત છે અને ભગવાન નથી તો જગત નથી.

જે આ માયાના ખેલને સમજે છે તે સાધુ છે. સાધુ કોને કહેવો તે માટે આ માયાના ખેલની વાત કહી. દંડકમંડલું લેવું, ગૃહસ્થાશ્રમીઓને ત્યાં માન મેળવવું, ચરણસ્પર્શ કરાવવો, પધરામણી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કરાવવી એ સાધુપણું નથી. સાચા સાધુમાં આવા કોઈ લક્ષણો હોતા નથી. જે સમજતો નથી કે આ માયા છે તે ભેદ બુદ્ધિવાળો છે. તે ભેદદૃષ્ટિથી વિચાર કરતો હોવાથી તેના સંકલ્પવિકલ્પ ચાલ્યા જ કરે છે. જ્યાં સુધી ભેદદૃષ્ટિ છે અને સંકલ્પવિકલ્પ ચાલ્યા કરે છે ત્યાં સુધી જ્ઞાનદૃષ્ટિ ન ખુલે. આત્મા, સાધુ, બ્રહ્મનિષ્ઠ, ભગવાન, રામ, કૃષ્ણ, મહંમદ, મહાવીર બધા શબ્દોનો અર્થ એક જ છે. આમાં હિન્દુ, મુસલમાન કે પારસી એવો કોઈ ભેદ નથી. સર્વત્ર હું પોતે જ છું. સર્વત્ર હું વ્યાપ્ત છું. સર્વત્ર મારા જ સ્વરૂપો છે એવી જેને દૃઢતા થઈ છે એ સાધુ. એના અંતરની સ્થિતિ જોવાની છે. એનું મન મારામાં છે કે માયામાં છે એ જોવાનું છે. સગુણ અને નિર્ગુણ એ જ ભગવાન છે એવી જેને પ્રતીતિ થઈ છે તે જ સાધુ છે. (૧૪)

नादत्ते कस्यचित्पापं न चैव सुकृतं विभुः ।
अज्ञानेनावृतं ज्ञानं तेन मुह्यन्ति जन्तवः ॥१५॥

ઇશ્વર કોઇનું પાપ અને પુણ્ય પોતાના શિર પર વહોરી લેતો નથી; પરંતુ જ્ઞાન એ અજ્ઞાનથી આવૃત થયેલું હોવાને લીધે સર્વ જીવો મોહ પામે છે. (૧૫)

આવરણને લીધે શુદ્ધ સોનું દેખાતું નથી. જડ ખોવાઈ ગઈ છે. જડ (નાકમાં પહેરવાનું ઘરેણું) જડતી નથી. ઘરમાં જ છે છતાં જડતી નથી. જડની ઉપર કપડાં વગેરેના આવરણો આવી ગયાં છે. જડ કપડાંમાં ઢંકાઈ ગઈ છે. કોઈના આશીર્વાદથી કંઈ જડ મળે? અંદર જુઓ. બહાર ક્યાંયે ગઈ નથી. લૂગડાં ખંખેરો ને! નકામું શું કલ્પાંત કરવું? તમે કલ્પાંત કરો છો કે હે ભગવાન, તારાં દર્શન ક્યારે થશે? છોડ આ દર્શન માટેનું કલ્પાંત. સદ્‌ગુરુએ કહ્યું કે કપડાં ખંખેર. જડ આ રહી. (જડ એટલે કે આત્મા). જડને શોધવાને ફાંફા શા માટે મારે છે? 'ઘટમેં વસ્તુ મર્મ ન જાણે.' આવરણ એટલે શું તે હવે સમજ્યા ને? હું

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અપ્રાપ્ત હોઉં તો જગત જ ન હોય. હું પ્રાપ્ત છું અને હું સર્વત્ર છું એ જ્યારે જાણ્યું ત્યારે વિષયોરૂપી અનેક કપડાંઓ પણ ક્યાંય ચાલ્યાં જાય છે. જડ (આત્મા) છે તો ખરી પણ વિષયોની પાછળ છૂપાઈ ગઈ છે. 'આશીર્વાદ આપો તો મને આત્મદર્શન થાય!' આવું બોલનારની સ્થિતિ કેવી વિચિત્ર છે? આશીર્વાદ આપો તો જડ મળે એમ કહેવાય કે? તે શોધવાને આશિષની શી જરૂર? મહાત્માઓ કહે છે કે ઘરમાં બેસીને શોધ. 'જલમેં મીન પિયાસી,' એવો આ ઘાટ છે. ભગવાન કહે છે કે વિષયોને લીધે હું ઢંકાઈ ગયો છું. જ્યાં સુધી આવરણો ન જાય ત્યાં સુધી આત્માને શોધવાનો પ્રયત્ન કરવો જ જોઈએ.

પ્રારબ્ધથી ભગવાન પ્રાપ્ત થતો નથી. પુરુષાર્થથી ભગવાન પ્રાપ્ત થાય છે. પ્રારબ્ધનો પુરુષાર્થથી જ નાશ કરવો જોઈએ. પહેલેથી જ જડને (આત્માને) સાચવી રાખી હોય તો તે નિત્યસિદ્ધ. શંકરાચાર્ય, ચૈતન્ય, રામકૃષ્ણ, ગાંધીજી, વિનોબાજી આ બધાએ પહેલેથી જ જડને (આત્માને) સાચવી છે. વિષયોના આવરણોને દૂર કરવાનો પ્રયત્ન કરવો એ જ ખરો પુરુષાર્થ છે. આ પ્રયત્ન જે કરી રહ્યો છે તે સાધુતાને માર્ગે છે. મહાભારતના કાળમાં પણ સમાજમાં ઘણો દંભ હતો. તે વખતે સમાજની સ્થિતિ ખરાબ હતી. ભરસભામાં દ્રૌપદીની લાજ લૂંટાય તે કેવી ખરાબ સ્થિતિ? અત્યારે પણ એવી ખરાબ સ્થિતિ તો ક્યાંય દેખાતી નથી. ભલે બધા લોકો આ યુગને કલિયુગ કહે પણ આ તો સારો કાળ છે.

અત્યારે ચારે બાજુ પુસ્તકો દ્વારા મહાત્માઓના ઉપદેશ ઘેર ઘેર પહોંચી ગયા છે. ઘેર ઘેર પુસ્તકોના રૂપમાં મહાત્માઓ વસી રહ્યા છે. પહેલાં તો સદ્‌ગુરુની પ્રાપ્તિ અર્થે જંગલમાં જવું પડતું. જ્યારે આ કલિયુગમાં તો મહાત્માઓ ઘેર બેઠાં મળે છે. કલિયુગમાં હું સુલભ છું. લોકો મને જલદી પ્રાપ્ત કરી શકે છે. આ યુગમાં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આત્મજ્ઞાન સહજ છે. જે પ્રયત્ન કરે તેને સુલભ છે. જે આત્મજ્ઞાનનો પ્રયત્ન કરે છે તે જ સાધુ છે. બીજા બધા તો પાપનો બોજો વહન કરે છે. તેઓ તો મારી લીલામાં રમણ કરે છે. જે મારામાં રમણ કરે છે તે સાધુ અને બીજો અસાધુ. અસાધુમાં પણ હું જ છું અને હું જ મારો તિરસ્કાર કરું છું. અસાધુને જગતમાં રાખવાનું કારણ શું? તે રૂપે મારે રહેવાનું કારણ એ છે કે તેઓને લીધે જ સાધુ ઓળખાય. લક્ષ્મી છે તો નારાયણ છે; સ્ત્રી છે તો પુરુષ છે. લક્ષ્મી એટલે કે મારી માયા. મારી માયાને લીધે હું છું. માયાને અહીં ભગવાન શ્રેષ્ઠ ગણાવે છે. જગતમાં લોકો મને પૂજે છે તેનું કારણ માયા છે. માયા છે તો જ બધાં મારું ભજન કરે છે, નહિ તો બધાં કહેશે કે હું જ નારાયણ.

વામદેવ વગેરે મુનિઓ દંડકારણ્યમાં તપ કરતા હતા. આ ઋષિઓ ચિરંજીવ ગણાય છે ને તેઓ ત્યાં ધ્યાન કરતા હશે. ત્યાં નારદ ઋષિ હાથમાં વીણા લઈને 'નારાયણ નારાયણ' કરતા આવ્યા. નારદને જોઈને મુનિઓ ખૂબ ગુસ્સે થયા. એક ઋષિએ તો કહ્યું કે 'નારાયણ નારાયણ' શું બોલ્યા કરે છે? નારદજીએ ઉત્તર આપ્યો કે નારાયણ ભગવાન છે અને તેમનું હું નામસ્મરણ કરું છું. 'અહીં કોઈ ભગવાન નથી. તારું 'નારાયણ' બંધ કર. મૌન થઈ જા." ઋષિએ નારદજીને ઉપદેશ આપ્યો.

નારદ આ કેમ સહન કરી શકે? નારદને સગુણ ભાવ હતો. તેમણે ભગવાન વિષ્ણુને પ્રાર્થના કરી. ઋષિઓ જુએ છે અને ભગવાન વિષ્ણુ ત્યાં પ્રત્યક્ષ થયા. શંખ, ચક્ર, ગદા, પદ્મ ધારણ કરેલા; પગ સુધી વનમાળા લટકે છે; કાને કુંડળ પહેરેલ છે. મોઢા પર તેજ તેજ......નારદજીને એમ કે હવે આ ઋષિઓ સમજી જશે. પણ ત્યાં તો વામદેવજી આવ્યા અને ભગવા વિષ્ણુને પૂછ્યું, "કૌન હૈ તું? જો હું તને નારાયણ કહું તો આ બધાને શું કહું?"

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ઋષિની ભાવના કેટલી ઉત્તમ છે! નારાયણ તો સર્વત્ર છે. કેટલો દૃઢ વિશ્વાસ! વામદેવની ભાવના એ હતી કે સર્વત્ર એક જ નારાયણ છે. તેમાં ભેદ નથી. આનું નામ પરાભક્તિ. આવી જેની દૃઢ ભાવના થઈ ગઈ છે તે જ સાધુ, બીજા અસાધુ. ભગવાન વળી અહીં ગધેડો શબ્દ નથી વાપરતા પણ અસાધુ જ કહે છે કારણ કે અસાધુ પણ તે જ છે. સગુણનિર્ગુણ પણ તે જ છે; જ્યાં સુધી સમજ ન પડે ત્યાં સુધી પૂછવું જ જોઈએ. સંશય રહે તો પૂછવું જ જોઈએ. અર્જુન વાતવાતમાં કૃષ્ણને બધું પૂછી લે છે.

આપણે પોતે પોતાને જ ભૂલી ગયા છીએ. આત્મા પર આવરણ છે બાકી આત્માને શોધવા માટે કોઈ પ્રયત્નની જરૂર નથી. એ માટે આ એક દૃષ્ટાન્ત છે.

મથુરામાં ચોબા બહુ ભાંગ પીએ. મથુરામાં ચારે બાજુ અખાડા છે. ચોબા લાલ ચાદર પહેરીને ફર્યા કરે. યજમાનો એ લોકોને ખૂબ ખવરાવે અને ચોબાઓ ખાઈપીને હૃષ્ટપુષ્ટ થઈને પડ્યા રહે. નારાયણ સ્વામીની સાથે અમે મથુરા ગયા ત્યારે એક ચોબો અમને મળ્યો હતો. તે કહે, "હું એકી સાથે દસ શેર લાડુ ખાઈ જાઉં છું." નારાયણ સ્વામી હસીને બોલ્યા, "મને જ ખાઈ જા. બીજું મારી પાસે કંઈ નથી." આવો એક ચોબો જમનાના તટ પર રહેતો હતો.

એક વાર શિવરાત્રીનો દિવસ હતો. તેથી ચોબાએ ખૂબ ભાંગ પીધેલી. તે ઘરમાંથી બહાર જતો હતો. ત્યારે તેની વહુએ કહ્યું, "તમે બહાર જાઓ છો ત્યારે આ છોકરાને ફેરવવા લઈ જાઓ." ચોબાજી છોકરાને લઈને ફરવા નીકળ્યા. છોકરાને સાફીથી ખભા પર બાંધીને ભાંગના નશામાં મસ્ત ચોબાજી ડોલતા ડોલતા ફરીને ઘેર આવે છે ત્યારે છોકરું તો ખભા પર ઊંઘે છે. ઘરે આવ્યો અને તેની વહુની દૃષ્ટિ એક થઈ કે છોકરું યાદ આવ્યું. અત્યાર સુધી તો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

છોકરું શું કરે છે એ ખબર જ ન હતી. છોકરું યાદ આવ્યું એટલે ચોબાજીએ એકદમ આજુબાજુ જોયું. પછી તેને વિચાર આવ્યો કે હું જમુનાતટે ફરવા ગયો હતો ત્યાં જ છોકરું રહી ગયું હશે. પોતાને ખભે છોકરું ઊંઘતું હતું છતાં ચોબાજી તેને ગોતવા યમુના-તટે દોડાદોડ કરવા લાગ્યા. આત્મા નજીક હોવા છતાં કોઈ જોતું નથી. કથા તો ચોબાએ બહુ સાંભળી છે, કીર્તન પણ કરેલા છે, યાત્રાઓ પણ કરી છે પણ મૂળ હજી પકડાયું નથી અને તેથી ચારે બાજુ દોડાદોડી કરે છે. ચોબા શરીરે જ મહાન બાકી તો સાવ પોલા. છોકરું ન જડયું તેથી ખૂબ ગભરાઈ ગયા. તે ખૂબ રડે છે, કલ્પાંત કરે છે. હવે શું કરવું ? છોકરું ગુમ થયું. હવે વહુને શું કહીશ ? વહુ હતી વાઘણ જેવી એટલે ઘરે પણ જઈ શકતો નથી. બધાને તે પૂછે છે કે મારો છોકરો કોઇએ જોયો છે ? લોકોને ટીખળ થયું. બધા હસે છે અને તાળી પાડે છે. જીવ જ્યારે વિષયના નશામાં હોય ત્યારે તેને આત્મા શું એ સમજ પડતી નથી. ચોબાજી ઘરે આવીને વહુને કહે છે, "છોકરો ગુમ થઈ ગયો છે.' વહુ કહે છે, "જા, છોકરાને લઇને જ ઘરે આવ. મારે મારો છોકરો જોઇએ." જીવાત્મા કહે છે કે મારે ભગવાનના સિવાય બીજું કંઈ કામ નથી. મારે મારો છોકરો જોઇએ એટલે કે મારે મારું આત્મસ્વરૂપ સમજવું જોઇએ. વિષયી પુરુષોની ઘરમાં કેવી સ્થિતિ હોય છે તે જુઓ.

વિષયી પુરુષો માયાના હાથે ડંડા ખાય. માયા તેમને સંઘરે નહિ છતાં તેઓ માયાની પાછળ દોડે. માયાની પાછળ દોડે તે બધા સ્ત્રીઓ જેવા જ છે એમ ભર્તૃહરિ કહે છે. યોગી ભર્તૃહરિ તો ગમે ત્યાં પડ્યા રહેતા. એક વાર તેઓ એક પથ્થર પર બેઠા હતા. રાતના બાર વાગ્યા હશે. બાજુમાં એક ઝૂંપડી હતી. ઝૂંપડીના બારણા આગળ એક પુરુષ ઊભો છે. તે પોતાની બૈરીને બારણું ઉઘાડવા માટે ધીમે ધીમે કહે છે ત્યાં તો બૈરી ગાળો દે છે ઘરનું બારણું તેને માટે ઉઘડતું

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

નથી છતાં આ દારૂડિયો પુરુષ ત્યાં જ પડ્યો રહે છે. સ્ત્રી ધપ્પા મારે છતાંય કાલાવાલા કરે છે. માયાના દુઃખ કેવાં છે? આ જાણવા છતાં ય લોકો દુઃખને જ શોધે છે, તેનું નામજ આવરણ.

વહુની પાસે ચોબાની આવી જ સ્થિતિ હતી, આ દારૂડિયાના જેવી. ચોબો ચારે બાજુ છોકરાને શોધવા નીકળ્યો. રખડી રખડીને જ્યારે તે ઘેર આવ્યો ત્યારે ખભા પર ઊંઘતું છોકરું જોરથી રડવા માંડ્યું. ત્યાં તો ચોબાજી બોલ્યા, "અરે તું અહીં જ છે. સાલા, તેં મને બહુ રખડાવ્યો."

હું નિરંજન નિરાકાર છું. એમ કેમ કહી શકું? હું આત્મા છું એમ પૂર્વના સંચયથી કૃપા થઈ જાય તો કામ થઈ જાય. તેને શોધવાની વાત તો બગલમાં છોકરું અને તેને શોધવા જવા જેવી વાત છે. તારી પાસે જ છે. ખોવાઈ ગયું નથી. આ તો આવરણને લીધે હું જણાતો નથી. જીવ મોહમાં પડે છે અને એમાં ને એમાં જ રાચ્યા કરે છે. જીવ માયામાં જ સુખ શોધે છે. પૈસા મેળવવા, છોકરાં, વહુ, લગ્ન—આ બધામાં સુખ શોધવું એ કલ્પના છે. એ દુઃખ જ છે. અંતરમાં સુખ શોધો. સત્સંગ કરો તો સાચું સુખ મળશે અને તો જ જન્મમરણના દુઃખ મટશે. ભગવાનને મેળવવા એ કેટલું સુલભ છે? એ સિવાયનું બીજું બધું દુર્લભ છે. અરે કષ્ટકારક છે. બધાને શાંતિ અને સુખ જોઈએ છે.

ભગવાન ગર્જના કરીને કહે છે કે મારી પાસે શાંતિ છે, મારી પાસે સુખ છે. શાંતિ જોઈએ તો હું સગુણરૂપે ફરી રહ્યો છું. સંતો એ મારું સગુણરૂપ છે. આ રમખાણમાં ક્યાં સુધી પડ્યા રહેશો. માયાના આવરણમાં વીંટાયા છો તેથી હું તમને જણાતો નથી.

ત્યારે આ આવરણો દૂર થાય કઈ રીતે?

મારામાં પ્રેમ થાય તો જ આ આવરણો દૂર થાય. મારા રૂપમાં કે મારા નામમાં પ્રેમ કરો. ઈસુ, મહમદ, રામ, કોઈપણ નામ-

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

રૂપમાં પ્રેમ કરો. કોઈ પણ મંત્ર બોલો. તે મારું જ નામ છે. મારો એક જ ધર્મ છે અને તે આત્માનો ધર્મ. હું આત્મા છું, હું બ્રહ્મ છું, અને આ સર્વ જગત મારી અંદર જ છે એમ જે સમજે છે તે ધર્મ સમજે છે. જે બધે પોતાને જ જુએ તે ધર્મી છે. મારામાં જે ભેદભાવ જુએ તે અધર્મી છે. ભેદભાવ કરવો એટલે મારા જ ટુકડા કરવા. બાપના ટુકડા કરે તે દીકરાઓને શું કહેવું? જો આ સમજી જાઓ તો તમારું આવરણ દૂર થાય અને પછી પાપપુણ્ય ન લાગે. જે માયામાંથી પાછો ફરે તે જ મનુષ્ય છે. જ્યાં સુધી માયાને પંપાળો છો ત્યાં સુધી તમે આવરણોમાં જ છો. મારામાં માયા જેવું કંઈ નથી. સગુણરૂપે સર્વત્ર હું જ છું. જે નથી તેનું નામ માયા. એક ઠોકર વાગતાં જ જેની દૃષ્ટિ ખુલી જાય તેને માયાની સમજ પડે છે. તે જ્ઞાની બને છે. હું તો એવા કેટલાય પ્રસંગો દરેકના જીવનમાં લાવું છું. કરોળિયાને જેમ પોતાની જાળમાં ફસાવવાનું ગમે છે તેમ જીવને આવરણમાં ફસાવું ગમે છે. જીવને સંકલ્પ થવો જોઈએ કે મારે ભગવાન થવું છે. બસ એટલું જ. જેને શિવ થવું છે તે થશે જ. તે મારામાં સમાઈ જશે અને હું જ તેને સાધુ બનાવીને છોડીશ. બધાં બ્રહ્મ છે. હું સર્વત્ર છું.

બધા ય અજ્ઞાનવશ દોડાદોડી કરે છે અને ખોટી ખોટી ભક્તિની વાતો કરે છે. નાની નાની ઓરડીઓમાં પણ હું જ છું. હું કાંઈ હિમાલયમાં જ છું? આ બધું ક્યારે સમજાશે? લોકો સ્વાર્થને વશ થઈને ભજન કરે છે. કોઈ છોકરાને નોકરી મળે તે માટે ભજન કરે છે. કોઈ સારી વહુ માટે, તો કોઈ હીરાની બંગડી માટે ચંડીનો પાઠ કે સત્યનારાયણની કથા કરાવે છે. આ બધી બાધોડિયા ભક્તિ છે. સર્વત્ર બ્રહ્મ છે, સર્વત્ર નારાયણ છે એમ જે સમજે છે તે જ સત્ય સમજ્યો છે. તમે સત્યનારાયણની કથા કરાવો છો તેમાં છે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આ જ્ઞાનદૃષ્ટિ? સો એ સો ટકા નથી. સાચી સત્યનારાયણની કથા કોણ કરી શકે? જેને ભેદભાવ નથી તેને તો ચોવીસે કલાક સત્ય-નારાયણની કથા થતી હોય છે. જે ચોવીસે કલાક આત્મામાં રમણ કરે છે તેને વળી કથા કેવી? કથા કરવાનું યાદ આવે તો તો ભેદદૃષ્ટિ થઈ. જે નથી સમજ્યો તેને માટે કથા છે. ધીમે ધીમે આગળ જવા માટે કથા છે. પણ જો નિષ્કામભાવે કથા થાય તો જ આગળ વધી શકાય છે અને એમ કરતાં કરતાં કોઈ વખત પુણ્યનો ઉદય થાય તો જ્ઞાન થઈ જાય છે. (૧૫)

ज्ञानेन तु तदज्ञानं येषां नाशितमात्मनः ।
तेषामादित्यवज्ज्ञानं प्रकाशयति तत्परम् ॥१६॥

જેમનામાંનું એ અજ્ઞાન આત્મસ્વરૂપના જ્ઞાન વડે નષ્ટ થયું છે, તેમનું તે સૂર્ય સમાન ઉજ્જવળ જ્ઞાન પરબ્રહ્મને પ્રકાશિત કરે છે. (૧૬)

અહીં આત્મજ્ઞાનનું જ વર્ણન છે. ભેદબુદ્ધિ નષ્ટ થાય ત્યારે આપોઆપ પ્રકાશ થાય છે. સૂર્યનો પ્રકાશ તો છે જ પરન્તુ વાદળાંરૂપી આવરણો તેને ઘેરી લે એટલે સૂર્ય જણાતો નથી. સૂર્યની ગરમી કાયમ છે, તે કંઈ વધતી ઘટતી નથી. આ વાદળાં નીકળી જાય ત્યારે સૂર્ય પ્રકાશે છે. તે નહોતો પ્રકાશતો, એવો કોઈ કાળ નહોતો. તેવી જ રીતે જીવનું આવરણ દૂર થયું કે આપોઆપ બ્રહ્મ બની ગયો.

ભગવાન બ્રહ્મની વાત કરે છે પણ અર્જુનને એની સમજ પડતી નથી. માયાના આવરણે માણસને ખદબદાવે છે. ભગવાનને તો એક જ શ્રોતા છે અને તે અર્જુન. અર્જુન મોઢું ફુલાવીને બેસી ગયો છે. ભગવાન બ્રહ્મની જ વાત કરે છે. બ્રહ્મની વાતથી તેનું મગજ ઘેરાઈ ગયું છે. તેને સમજ પડતી નથી, એટલે તે બેસી ગયો છે. તેનો ચહેરો રડવા જેવો થઈ ગયો છે. આંખમાં આંસુ આવશે કે શું?

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ભગવાને અર્જુનને સમજાવવા આ બધી વાત કરી. એ સમજ્યા પછી હાથ જોડીને બેસી રહેવાનું નથી. ભક્તિ કરવી જ પડશે. કર્મયોગ આચરવો જ પડશે પછી હું તને પ્રાપ્ત થઇશ. સંસારના ચિંતનથી પ્રારબ્ધ વધે છે અને જન્મમરણ ઊભાં થાય છે. અર્જુન, મારે તને આમાંથી કાઢવો છે...મારા પર સહેજ પ્રેમ થાય કે હું મારા ભક્તોને ઊંચકી લઉં છું.

નાનું છોકરું કરી પણ શું શકવાનું? તેની માએ જ બધું કરવું પડે છે ને? નાના છોકરાને તો મા ચીમટા પણ ભરે અને મારે પણ ખરી. મોટો થાય તો ય મારે. અર્જુન મોઢું ફુલાવીને બેઠો છે. ગુરુને બહુ દુઃખ ભોગવવું પડે છે ભયંકર દુઃખ. અર્જુન તે સમજતો નથી. ભગવાન જ્યારે બ્રહ્મનિષ્ઠ પુરુષની વ ત કરે છે ત્યારે તેના મનમાં કથાકીર્તનની વાત ચાલે છે. યુદ્ધ કરવાની વાત તે ભૂલી ગયો હતો. ભગવાનની બ્રહ્મની સરસ વાતમાં લીન થઇને તે કર્મ કરવાનું ભૂલી ગયો હતો. યુદ્ધ–કર્મ–ભૂલી ગયો હતો. ત્યાં ભગવાને તેને એ યાદ કરાવ્યું એટલે તેનું મોઢું પડી ગયું. તેને થયું કે સંશય ન કર્યો હોત તો સારું હતું. સર્વત્ર હું છું, એ ભાવમાં ભગવાન વાત કરતા હતા. સર્વત્ર હું છું એ ભાવમાં જો અર્જુન આવી જશે તો યુદ્ધ નહિ કરે, તો કર્મ નહિ કરે એમ માનીને ભગવાન ઝટ નીચે ઊતરે છે.

હે અર્જુન, તારે તો યુદ્ધ કરવાનું, કર્મ કરવાનાં, કથાકીર્તન બધું કરવાનું. જો કથાકીર્તન કરવાનું તો યુદ્ધ પણ કરવાનું.

અર્જુનના આનંદમાં વિઘ્ન પડ્યું. તેને દુઃખ થઈ ગયું. તેને તો આ વિક્ષેપ પડયો. ભગવાન તેને સમજાવે છે આ મારી પ્રકૃતિ બળાત્કારે કામ કરાવશે. ઇન્દ્રિયો કામ કર્યા જ કરવાની. સ્ત્રીઓ તો દરરોજ માથામાં ડફણાં માર્યા જ કરવાની. ભર્તૃહરિ આવા ડફણાં ખાનારાઓને હસતા. હે અર્જુન, તારે દાન કરવું, યુદ્ધ કરવું,

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

બધાં કર્મ કરવાં. તું જરૂર યુદ્ધમાં જીતીશ કારણ કે હું તારા રથ ઉપર બેઠો છું. હે અર્જુન, તને રાજ્યપ્રાપ્તિ થશે. તું સ્વરૂપમાં જઈશ.

પ્રેમવશ થઇને ભગવાનથી આ બધી વાતો થાય છે. કારણ અર્જુને શરણાગતિ લીધી છે. વળી તેના પર ભગવાનને પ્રેમ થયો છે. (૧૬)

તે પંરબ્રહ્મમાં જ જેમની બુદ્ધિ રમમાણ થઈ છે, તે જ તેમનો આત્મા છે; તેનામાં જ જેમની પૂર્ણ નિષ્ઠા છે, જે તત્પરાયણ—બ્રહ્મપરાયણ જ થયેલા છે અને આત્મજ્ઞાન વડે જેમનાં સર્વ પાપો ધોવાઈ ગયેલાં હોય છે, તેઓ જન્મમરણની ઘટમાળમાં પડતા નથી. (૧૭)

પ્રકાશ અને સૂર્યમાં ભેદ નથી. સૂર્ય જ પ્રકાશ છે. હું જ પ્રકાશું છું અને હું જ બ્રહ્મસ્વરૂપ છું એ તેને ખ્યાલ આવી જશે. જેને આવો ખ્યાલ આવી ગયો તેના સર્વ પાપ ધોવાઈ ગયાં. આત્માને કર્તા બનાવવો એ જ મોટું પાપ છે. દેહાત્મબુદ્ધિ એ મોટું પાપ છે. હું છગનલાલ, હું મગનલાલ અને હું મણિબેન—એ દેહાત્મબુદ્ધિ છે. હું મણિબેન છું એમ કહેવું એ તો મોટું પાપ છે. હજારો ખૂન કરો એ પાપ આ પાપથી ઓછું લાગે છે. એક વાર જેને દૃઢતા આવી ગઈ કે હું પરબ્રહ્મસ્વરૂપ છું તેને કોઈ પાપ નહિ લાગે. વહેવારમાં હું મણિબેન એમ ભલે બોલે પણ તેનું લક્ષ્ય આત્મામાં જ હોવું જોઈએ. જડ અને ચેતન બધા મારા જ નામો છે અને મારા રૂપો છે. અર્જુન, યુધિષ્ઠિર, કડછી, ગલાસ એ બધામાં હું જ છું. આ બધા મારા નામરૂપો છે. તને આ પછી સમજાશે. હમણાં તો તું દાદાને, કામનાને માર. ભેદબુદ્ધિ જ મોટામાં મોટું પાપ છે. એ કાઢી નાખ એટલે તું જ્ઞાની થઈ જઈશ અને જન્મમરણની ઘટમાળમાંથી છૂટી જઈશ. પહેલાં તો મનમાં માયા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

છે, કાકા, મામા, ગુરુ, સગાં-વહાલાં એ બધાં છે માટે એમને મારવા જોઈશે.

અર્જુન હા કહે છે. ગુરુ બોલે છે માટે કરવું જ પડશે ને! (૧૭)

विद्याविनयसंपन्ने ब्राह्मणे गवि हस्तिनि।
शुनि चैव श्वपाके च पण्डिताः समदर्शिनः ॥१८॥

જેઓ જ્ઞાતા-આત્મનિષ્ઠ પુરુષ છે, તેઓ વિદ્યા અને નમ્રતા આદિ ગુણોથી વિભૂષિત બ્રાહ્મણ, ગાય, હાથી, કૂતરાં અને ચાંડાલ આદિ સર્વમાં એક બ્રહ્મને જ જોયા કરે છે. (૧૮)

ભગવાન બેસી રહ્યા છે. પોતે બોલ્યા તેનો અર્જુન પર શું પ્રભાવ પડ્યો તે જુએ છે.

હે અર્જુન! જ્ઞાની પુરુષ સર્વત્ર બ્રહ્મને જ જુએ છે. જ્ઞાની, મૂઢ, ભંગ્યો, કીટ, પતંગ ગમે તે હોય પણ આત્મનિષ્ઠ એ સર્વમાં મને જ જુએ છે. આમ જે જુએ તે સમદર્શી પુરુષ.

"હે ભગવાન, તમને કીડામાં પણ કેવી રીતે જોવા?" અર્જુને ભગવાનને શંકા પૂછી.

જેવી રીતે તું તને જુએ તેવી રીતે હાથીમાં, ભંગીમાં, હરિજનમાં, કૂતરામાં બધે ય તારે મને જોવો પડશે. ચમારવાડામાં અને હરિજનવાસમાં કે ભંગીવાસમાં પણ તારે મને જોવો પડશે. આ હરિજન અને આ બ્રાહ્મણ એ બધી ભેદબુદ્ધિ છે. અત્યારે તો મંદિરમાં હરિજનોને લઈને પ્રવેશ કરવા માટે વિનોબાજીને પણ માર પડેલો. દરેક પંથમાં અત્યારે ગરબડો ચાલી રહી છે.

કહેવાતા બ્રાહ્મણો જ ગરબડ કરવાના હતા, તે ભગવાન જાણતા હતા માટે જ અહીં બ્રાહ્મણ શબ્દ વાપર્યો છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અર્જુન! મારે તને સમદર્શી બનાવવો છે. ભલે રથમાં બેઠા હોઈએ પણ આપણે સફર કરીએ.

ભગવાન યોગવિદ્યાથી અર્જુનને સફર કરાવે છે.

અર્જુન એક સુંદર વિશાળ સરોવર જુએ છે. લીલી હરિયાળી જગા છે. આવી જગાએ ઘર છોડીને માણસ જાય ત્યારે છુટકારાનો દમ ખેંચે. માયાને લીધે અર્જુનને એમ લાગી ગયું. અર્જુન ન માને પણ એવું જ કંઈક થયું હશે. વિશાળ સુન્દર સરોવરને તીરે નાની નાની ઝૂંપડીઓ છે. અર્જુન જુએ છે કે ઋષિઓ તપ કરે છે. પણ ભગવાન ક્યાંય અટકતા નથી. ભગવાન તો આગળ ને આગળ જ જાય છે. ત્યાંથી દૂર એક જર્જરિત ઝૂંપડી છે. ઝૂંપડીની નજીકમાં સાપવીંછી ફરતા હશે. ભગવાન અર્જુનને કહે છે કે તું બધું જોયા કરજે. આનંદથી જો. નાસાનાસી નહિ કરતો. એટલું બોલતાં તો ભગવાન ગૂમ થઈ ગયા. અર્જુન જુએ છે તો ઝૂંપડીમાં ભગવાન બેઠા હતા અને શબરી બોર ખવરાવતી હતી. ભગવાન કૃષ્ણ તે વખતે રામચંદ્રજીના રૂપમાં હતા. અર્જુન મનમાં ને મનમાં પૂછે છે કે આ શું છે? ત્યાં અર્જુનને કૃષ્ણનો અવાજ સંભળાય છે કે 'જો, પૂર્વે રામાવતારમાં મેં આ કરેલું. યોગદૃષ્ટિથી હું તને રામાવતારમાં લઈ ગયો.

અત્યારે આપણે લોકોને હડેહડે કરીએ છીએ. મંદિરમાં જવા દેતા નથી. આમાં તો દુઃખ જ ઊભું થવાનું છે. ભંગીને ખાવાનું આપીએ તે પણ ઊંચેથી ફેંકીએ છીએ. ગાંધીજીની દીર્ઘદૃષ્ટિથી આપણે થોડા બચી ગયા છીએ. 'સમદર્શી'નો પણ લોકો ઉલટો અર્થ કરે છે, અને ભાંગરા વાટે છે. તને આ શ્લોક સમજાય એ માટે આ દૃશ્ય બતાવું છું. જોયું આ પંપાસર! જો મેં અહીં રામાવતારમાં બેઠાં બોર ખાધેલાં.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

"હવે ક્યાં લઈ જાઓ છો? મારી પાસે યુદ્ધ કરાવવા માટે જ આ બધી તરકીબ કરો છો ને?" અર્જુન હસીને ભગવાનને પૂછે છે.

"ચાલ હવે આપણા જ યુગમાં." ભગવાને કહ્યું. ભગવાનની કૃપાથી અર્જુને રામ અને શબરીને જોયાં. હવે........

જો આ સુન્દર સભા, આ રાજસૂય યજ્ઞ થઈ રહ્યો છે. જો આ આપણો જ યુગ. યુધિષ્ઠિર, ભીમ, બધાય અહીં સભામાં છે. અર્જુન અને કૃષ્ણ બન્ને ત્યાં છે. જાતજાતના સાધુઓ, મુનિઓ, બ્રાહ્મણો, ઋષિઓ આ યજ્ઞમાં આવે છે. શ્રીકૃષ્ણ બધાનાં પગ ધુએ છે, અને બેસવાના આસનો આપે છે. આ બધા જમી રહ્યા પછી શ્રીકૃષ્ણ બધાના એઠાં પતરાળાં ઊંચકે છે. અર્જુન આ દૃશ્ય જોઈ રહ્યો છે, ત્યાં કૃષ્ણને તે બોલતા સાંભળે છે.

"હે અર્જુન! આ તો તેં તારી નજર સામે જોયું છે. આ બધું જોયેલું પણ તને ખ્યાલ હતો?" સમદર્શી પુરુષ પોતાનું જ વર્ણન કરી રહ્યા છે. ભગવાન પોતાનું જ વર્ણન કરે છે.

ભગવાનને ભેદ નહોતો. ભેદ તો આપણે પાડ્યો છે. ગાંધીજી શું મૂર્ખ હતા? વિનોબાજી શું મૂર્ખ છે? જ્ઞાનીને ભેદ ન હોય. ભગવાન અર્જુનને આચરણથી દેખાડે છે. સમબુદ્ધિ કેમ થવાય તે આચરણ દ્વારા સમજાવે છે. આ ચમાર, આ ભંગી, આ મુસલમાન, અને હું બ્રાહ્મણ...જેને આવી ભેદદૃષ્ટિ છે તે બ્રાહ્મણ નથી. જેને બધામાં સમદૃષ્ટિ છે તે જ બ્રાહ્મણ છે.

અર્જુન ભગવાનને પૂછે છે કે "હવે આપણે કયા યુગમાં જવાનું છે?"

"ભૂતકાળમાં રામાવતારમાં જઈ આવ્યા; હવે ભવિષ્યકાળમાં જઈએ" ભગવાને જવાબ આપ્યો.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જો આ પંઢરપુર. હવે આપણે ભવિષ્યમાં આવ્યા. એક જૂનું માટીનું મકાન છે, નાની એવી ઝૂંપડી જ કહોને, તોપણ ચાલશે. તેમાં ભક્ત નામદેવ રહેતા, ત્યાં નામદેવ બેઠા બેઠા રોટલી બનાવતા હતા. અને ભગવાને કૂતરાનું રૂપ લીધું અને ડાંફેળિયું માર્યું અને મોઢામાં રોટલી લઈને નાઠા. ત્યાં તો નામદેવ પાછળ પડ્યા. 'અરે, રોટલી લઈને આમ ન જાવ.' કૂતરાને પકડી પાડે છે અને હાથમાં વાટકી હતી તેમાંથી ઘી લઈને રોટલી ઉપર ચોપડે છે. રોટલી બનાવવામાં રહે તો કૂતરો ઘી વગરની રોટલી ખાય. ક્ષણ ચૂકે તો ભગવાન છટકી જાય; ભગવાનના ભક્તો પાકા છે. નામદેવ કૂતરાને ગળે વળગીને રડવા માંડે છે. ભક્તે ભગવાનને પકડી જ લેવા જોઈએ. કેવું અનુપમ દૃશ્ય! રામાવતારમાંથી, કૃષ્ણાવતારમાં અને ત્યાંથી સીધા પંઢરપૂરમાં. નામદેવ કૂતરાને પકડીને રડે છે, 'હે ભગવાન, મારી પાસે બીજું કંઈ નથી. તમને શું ખવરાવું? ઘી તો ચોપડવા દો.'

અર્જુન તો જોઈ જ રહે છે. ભગવાન આ બધું નાટક શું કામ કરતા હશે? ત્યાં ભગવાને પૂછ્યું કે 'જોયું આ? તું શું સમજ્યો?'

'ભેદબુદ્ધિ ન રાખવી તે, અર્જુને ટૂંકમાં જવાબ આપ્યો.

અર્જુનને હજી પણ સહેજ શંકા રહી ગઈ હશે. ત્યાં ભગવાને કહ્યું કે આપણે હજી કલિયુગમાં જ ફરીએ.

અર્જુન અને કૃષ્ણ આવ્યા કાશીમાં. કાશીમાં ભજન થઈ રહ્યા છે. આપણે બધા ત્યાં જ છીએ એમ જ સમજવાનું છે. મુંબઈ વગેરે કંઈ નથી. ભજન જોરમાં ચાલે છે. ધૂન જામી છે. મહાત્મા બેઠા છે ત્યાં એક ભક્ત આવે છે. ભજન પૂરા થયા ત્યારે ભક્ત મહાત્માની પાસે બેસીને કકળાટ કરે છે.

"મને કોઈપણ રીતે ભગવાનના દર્શન કરાવો." ભક્તે વિનંતિ કરી.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

"તને દર્શન જરૂર થશે. કાલે જરૂર આવજે." મહાત્માએ કહ્યું.

બીજે દિવસે ભક્ત વહેલો આવીને બેઠો. તેને તો આનંદ સમાતો નહોતો. આજે તેને મહાત્મા ભગવાનના દર્શન કરાવવાના હતા. ચારને બદલે બે વાગે આવીને બેઠો હતો.

હવે ભગવાન અર્જુનને કહે છે, "તું હવે જોયા કર."

કૃષ્ણે પોતાનું રૂપ બદલ્યું અને પાડો બની ગયા. મહાત્માની પાસે આવીને પાડો ઊભો રહ્યો. મહાત્મા પાડાને જોઈને રડે છે, અને ભેટે છે. પેલો ભગવાનના દર્શનની ઇચ્છાવાળો ભક્ત કંઈ સમજતો નથી. તે તો અજ્ઞાની છે. તે મહાત્માની પાસે આવી પહોંચ્યો, ઊભો રહ્યો અને ચાલ્યો ગયો. પાડો ચાલી ગયો; પાછો કૃષ્ણ બની ગયો. આ બાજુ મહાત્મા ભક્તને પૂછે છે કે "કેમ દર્શન થયા?" ભક્ત કહે છે કે "ના, મને તો દર્શન નથી થયા." મહાત્માએ તેને બીજો રસ્તો બતાવ્યો. "તારે દર્શન કરવા હોય તો તારે એક કામ કરવું પડશે."

"તમે જે કહેશો તે કામ કરીશ."

"તો પછી તારી તમામ મિલ્કત વેચી નાખ. એક જમણવાર બનાવ, ભંડારો કર. સાધુસંતો જમશે અને તું પૂજામાં બેસજે. તને તે વખતે ભગવાનના દર્શન થશે."

તેણે તમામ મિલ્કત વેચી નાખી. ઘરના માણસોનું કહેવું પણ સાંભળ્યું નહિ. બધાંને કહી દીધું કે મને ભગવાનના દર્શન થવાના છે; જેને દર્શન કરવા હોય તે આવે. કેટલીય મંડળીઓ ત્યાં આવી પહોંચી. આ આપણી (પન્નાલાલ ટેરેસવાળી) મંડળી પણ ત્યાં પહોંચી ગયેલી. કેટલાક તો ભોજન માટે જ આવેલા હતા. જયસુખલાલ, તમે, આપણે બધા તે વખતે કાશીમાં જ હતા.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પાંચ-સો વર્ષ ઉપરની આ વાત છે. લાડુ, દૂધપાક, પૂરી વગેરે ભોજન તૈયાર હતું. દર્શન થયા પછી રસોઈ જમવાની હતી. તે વખતે આવી રીત હતી. પાંચ-સો વર્ષ પહેલાંનો સમય એ એક કલ્પના જ છે. ભગવાન દર્શન દે તો જમવાનું થાય ને? ભજન ચાલુ જ હતું. ભજન પૂરું થતું નથી. ક્યારે પૂરું થાય? પોલિસ આવે ત્યારે ને? કેટલીક મંડળીઓ ભજન બંધ કરીને 'હમ લોગ ભૂખે મર રહા હૈ' એમ કકળતી હતી. કેટલીક મંડળીઓ ધૂનમાં લાગી ગઈ છે. કોઈ આવે તો ઊઠે ને? ભગવાનના દર્શન ન થયા. ભાવિક ભક્તો ભજનમાં પડ્યા છે. અર્જુન આ બધું જુએ છે ને કૃષ્ણ ત્યાંથી ગુમ થયા અને પાડો બનીને સીધા ગયા રસોડામાં અને ધમપછાડ અને તોફાન કરીને રસોઈનું સત્યાનાશ વાળી દીધું. તપેલા ઊંધા પાડી દીધા. દાળ, ભાત, દૂધપાકનું બધું ય ચારેબાજુ લીંપણ કરી નાખ્યું. અર્જુનને આ જોઈને બહુ દુઃખ થયું. જીવ-દૃષ્ટિમાં હોય ત્યાંસુધી એમ જ થાય. બધા ભૂખાળવા ભક્તો દોડી આવ્યા. પાડાને ઘેરી લીધો અને મંડ્યા ટીપવા. અર્જુનને થયું કે એ જ લાગનો છે. ગુરુ પર શિષ્યોને ઘણી વખત ચીડ ચડે છે. ગુરુ જ્યારે એક વખત ખાવાનું કહે, જપ કરવાનું કહે, જાતજાતની વિધિ દેખાડે, આસનો કરાવે; આવું કોને ગમે? નાના છોકરાને મા ઉપર ઘણી યે વાર ચીડ ચડે છે. નાનું છોકરું માને ગાળો પણ દઈ દે. એને જે જોઈએ તે મા આપતી નથી. આ બાજુ બધાએ પાડાને ઘેર્યો છે. અને દર્શનની ઇચ્છાવાળા ભક્ત પોતાની પૂજા બાજુ પર મૂકીને હાથમાં ડંડો લઇને દોડતા આવ્યા. બધાએ ભેગા થઇને પાડાને ખૂબ માર્યો. પાડો લોહીલુહાણ થઈ ગયો. અર્જુનને આ જોઇને ભગવાનને માટે ચિંતા થઈ ગઈ. અર્જુન ભગવાનની આ ચાલ ભૂલી ગયો. હું રાજસૂય યજ્ઞમાં, રથમાં, પાડામાં, શબરીની ઝૂંપડીમાં બધે ય છું. હું અમર છું એ ભાવ અર્જુન ભૂલી ગયો. અર્જુન જીવભાવમાં છે. પાડો દોડે છે. ભજનમંડળીઓ મારો મારો કરતી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તેની પાછળ દોડે છે. ત્યાં તો પેલા મહાત્મા આવી પહોંચ્યા અને જઈને પાડાને ભેટી પડચા. રાક્ષસોને મારતા પણ તમને આટલો ત્રાસ નહિ થયો હોય, હે ભગવાન! તમને કોઈ અવતારમાં આટલો માર નહીં પડચો હોય. બધા સ્તબ્ધ થઈ ગયા. પેલી પન્નાલાલ ડ્રેસવાળી મંડળી પણ આવી પહોંચી. મહાત્મા ખૂબ રડચા એટલે એક પછી એક બધા લોકો વિખરાઈ ગયા. પેલો ભક્ત જે કહેતો હતો કે પાડાએ તો ધાણ વાળી નાંખ્યો પણ જ્યારે તેને ખ્યાલ આવ્યો ત્યારે તે કહે છે "મેરેકુ ઐસા માલુમ ન થા કિ વહ ભગવાન હૈ." ભગવાને લીલા કરી. ભેદબુદ્ધિ છે ત્યાંસુધી તો દર્શન થતાં નથી. 'સબમેં મૈં હૂં' એવું સમજે તો જ્ઞાન થાય અને પછી જ દર્શન થાય. શિષ્યને જ્ઞાન આપવા માટે ગુરુને માર પડચો. પૂર્વે ભગવાનને ક્યારે ય આટલું કષ્ટ નહિ પડેલ. પૂર્વે શિશુપાલને, પૂતનાને, કંસને...બધા ય રાક્ષસોને ભગવાને વાતવાતમાં મારી નાખ્યા હતા. હવે ભક્તને જ્ઞાન થયું અને દર્શન પણ થયું. જ્યાં જુએ ત્યાં તેને ભગવાન દેખાવા લાગ્યા. આ પાડો, આ કૂતરો, આ ભક્ત, આ જ્ઞાની–એ ભેદદષ્ટિ દૂર કરવા માટે ભગવાન અર્જુનને કલિયુગમાં લઈ ગયા.

હજી અર્જુન વિચાર કરે છે ત્યાં તો પાડો અને મહાત્મા અને એ આખું ય દૃશ્ય અલોપ થઈ ગયું. તેના કાન પર ઝાંઝ અને કરતાલના અવાજો સંભળાવા લાગ્યા. 'શામળા ગિરધારી'ની ધૂન સંભળાણી. એક ભક્ત ખૂબ તન્મયતાપૂર્વક પ્રેમથી ધૂન ગાતા ગાતા નાચતા હતા. બીજાં ભક્તો આગળ પાછળ ખૂબ જોર જોરથી ધૂન ઝીલતા હતા. વાતાવરણ ખૂબ રંગમાં દેખાતું હતું. બધાં જ ભાવમાં હતાં. અર્જુને શ્રી કૃષ્ણને પૂછ્યું કે "આ બધા કોણ છે અને આપણે ક્યાં છીએ?" ભગવાને જવાબ આપ્યો કે "અત્યારે આપણે પંદરમી સદીમાં જુનાગઢ નામના શહેરના ઢેઢ-વાડામાં છીએ. આ બધા આગળ પાછળ નાચે છે તે ઢેડાઓ છે. વચ્ચે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

નાચે છે નાગર બ્રાહ્મણ ગૃહસ્થ છે. એનું નામ નરસિંહ મહેતા છે અને તે મારો પરમભક્ત છે. જો એની કેવી અભેદ દષ્ટિ છે? એ સર્વમાં મને જ જુએ છે. એને કોઈ ભેદ નથી. ભંગી, બ્રાહ્મણ, ઊંચ, નીચ–બધુંય એને સરખું છે.”

એટલામાં તો ભજન સંભળાયું. નરસિંહ મહેતા ખૂબ ભાવથી ગાતા હતા.

“અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ, જૂજવે રૂપે અનંત ભાસે;
દેહમાં દેવ તું, તેજમાં તત્ત્વ તું, શૂન્યમાં શબ્દ થઈ વેદ વાસે.
પવન તું, પાણી તું, ભૂમિ તું ભૂધરા, વૃક્ષ થઈ ફૂલી રહ્યો આકાશે;
વિવિધ રચના કરી અનેક રસ લેવાને, શિવ થકી જીવ થયો એ જ આશે.
વેદ તો એમ વદે, શ્રુતિ–સ્મૃતિ સાખ દે કનક કુંડલ વિષે ભેદ ન્હોયે;
ઘાટ ઘડિયા પછી નામરૂપ જૂજવાં અન્તે તો હેમનું હેમ હોયે.
વૃક્ષમાં બીજ તું, બીજમાં વૃક્ષ તું, જોઉં પટંતરો એ જ પાસે;
ભણે નરસૈંયો એ મન તણી શોધના, પ્રીત કરું પ્રેમથી પ્રગટ થાશે.

અર્જુન કલિયુગની આ ભક્તિ જોઈ ચકિત થઈ ગયો. ભગવાને તેને સમજાવ્યું કે જોયા, આ મારા પરમભક્તો? છે કંઈ ભેદ? ભેદ એટલે જ અજ્ઞાન. માટે હે અર્જુન, તારે ભક્ત થવું હોય તો તું આ ભેદબુદ્ધિને દૂર કર. જો એમ કરીશ તો જ તું મારો પરમભક્ત થઈશ. ચાલ, હવે આપણે પૈઠણમાં જઈએ. અર્જુનની ભેદબુદ્ધિ કઢાવવા માટે ભગવાન તેને પૈઠણમાં લઈ જાય છે.

નાનકડું એવું ગામ છે. ગામની બહાર એક ટેકરા પર આતુર આંખે એક ભક્ત ઊભો છે.

હે અર્જુન, તું જો. આ છે એકનાથ. તેના ગુરુએ તેને કહ્યું છે કે તને ભગવાન દત્તના દર્શન થશે. એકનાથ અહીં દત્ત ભગવાનની રાહ જોઈને ઊભા છે. આટલું બોલતામાં તો ભગવાને

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

રૂપ ફેરવ્યું. પઠાણના રૂપમાં ઘોડા ઉપર બેસીને ભગવાન એકનાથની પાસે આવ્યા. અર્જુન જોયા કરે છે. પઠાણે એકનાથની સાથે થોડી વાતચીત કરી. એકનાથ કંઈ ભગવાનને ઓળખી શક્યા નહિ. સાંજે એકનાથે ગુરુને જઈ વાત કરી કે મને તો ભગવાનના દર્શન ન થયા. તેના ગુરુ જનાર્દન ગૃહસ્થાશ્રમી હતા. નાના એવા રાજ્યના દિવાન હતા. તેમણે એકનાથને પૂછ્યું કે ત્યાં કોઈ આવેલું કે? એકનાથે કહ્યું કે હા, એક પઠાણ આવેલો અને તે મારી સાથે આડીઅવળી વાત કરીને ચાલ્યો ગયો. જનાર્દને કહ્યું કે મૂર્ખ, તે પઠાણ જ દત્ત ભગવાન હતા. કાલે ફરીને ત્યાં જજે. મેં ભગવાનને કહ્યું છે કે ભૂલ તો થાય. છોકરું છે.

બીજે દિવસે પણ અર્જુન અને ભગવાન ત્યાં જ ઊભા હતા. અર્જુન જુએ છે કે એકનાથ તો ઊભા જ છે. એક બળદનું રૂપ લીધું અને એકનાથની પાસે આવીને ચરવા લાગ્યા. લાંબી ડોક કરીને એકનાથની પાસે જઈને ઊભા રહ્યા, પણ એકનાથ ઓળખે તો ને?

આ સત્ય હકીકત છે, કલ્પના નથી. એકનાથની ભેદબુદ્ધિ કઢાવવા માટે આમ બનેલું. બીજે દિવસે રાત્રે ગુરુએ પૂછ્યું કે 'કેમ, તને આજે પણ દર્શન ન થયા ને? મને ભગવાને કહ્યું કે હું ત્યાં બળદના રૂપે એક કલાક ફર્યો પણ એકનાથે મારી સામે પણ ન જોયું! ભેદદષ્ટિ દૂર ન થાય ત્યાંસુધી ભગવાનને ઓળખવા કેવી રીતે? જ્ઞાનદષ્ટિ ખોલીને ન જુએ ત્યાં સુધી દર્શન ન થાય. બળદના રૂપમાં શું ભગવાન ન હોય? ભગવાનને શું અમુક હદ છે? ભગવાનને તો સર્વત્ર જોવા જોઈએ. નાકમાં લીંટવાળો કૂતરો બેઠો હોય કે ઘાસ વાગોળતો બળદ બેઠો હોય પણ પ્રાણીમાત્રમાં હું–ભગવાન–જ છું.

ત્રીજે દિવસે પાછા અર્જુન અને ભગવાન ત્યાં આવી પહોંચ્યા. એકનાથ નક્કી કરીને આવેલા કે આજે જે આવે તેને પકડી જ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

લઉં. એકનાથનું મુખ જોઈને ભગવાન પણ આનંદિત થઈ ગયા. અર્જુને જોયું કે ભગવાને નાગનું રૂપ લીધું અને ગયા એકનાથની પાસે. એકનાથ દોડીને નાગને નમસ્કાર કર્યા. ભગવાનને તેણે ઓળખી લીધા. બધેય દત્ત ભગવાન છે એવી એકનાથની ભાવના કેળવાઈ ગઈ. સમજ્યા વિના કેવળ નામસ્મરણથી શું વળે? ચરાચરમાં સર્વત્ર ભગવાન જ છે એ સમજીને ભજન કરવું જોઈએ. આ રીતે ભેદબુદ્ધિ દૂર થાય. આવી રીતે ભજન કરનારને સમદર્શી કહો કે સમવર્તી કહો.

હે અર્જુન! કલિયુગના આ ભક્તોને તેં જોયા ને?

અર્જુન ભગવાનને પૂછે છે, કે હવે આપણે ક્યાં જવું છે. ભગવાન કહે છે કે ચાલ, જો આ દિલ્હી શહેર. આનું નવી દિલ્હી એવું નામ પડશે. આ બધો ચિદ્‌વિલાસ છે. ક્યાંય દિલ્હી નથી કે હસ્તિનાપુર નથી. આ બધાં તો આત્માના સંકલ્પો છે. જ્યાં જવું હોય ત્યાં તમે જઈ શકો છો. સંકલ્પ પ્રમાણે જ બધું થાય છે. આ શ્લોક સમજવા માટે ઘણો ઊંડો છે.

હે અર્જુન, તું જો. ભગવાન ત્યાંથી અદશ્ય થયા અને અર્જુન જોયા જ કરે છે. નાક ઉપર ચશ્મા, કાળો અને સૂકો એવો દેહ, એક નાની લંગોટી જેવું ધોતિયું, હાથમાં એક લાકડી—આવા સ્વરૂપે ભગવાન હરિજનવાસ તરફ જાય છે.—

ત્યાં અર્જુન ભગવાનની વાણી સાંભળે છે. હે અર્જુન! તું જો, આ મારું સ્વરૂપ. અહીં મારો કેટલો બધો વિરોધ થાય છે! મને બધામાં સમાનભાવ છે. મસ્જિદ અને મંદિર બધે હું જાઉં છું. મુસલમાનોમાં પણ હું જ છું. ગાંધીજીને રૂપે ભગવાન મસ્જિદમાં પણ જાય છે, હરિજનો સાથે બેસીને ખાય છે. વીસમીસદીમાં હું આવી રીતે વર્તું છું. મારે કોઈની સાથે ભેદ નથી છતાં મને કોઈ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સમજતું નથી પણ તારી સાથે મને પ્રેમ થયો છે તેથી તને સમજાવું છું.

અને પછી તો ભગવાન હરિજન વાસમાં ગાંધીજીને રૂપે જવા લાગ્યા. અર્જુન સ્થિર દૃષ્ટિએ એક બાજુ ઊભો રહી જોયા કરે છે. એટલામાં તો ધડાધડ ગોળીઓ છૂટી અને ગાંધીજી પડી ગયા. તેમનું શરીર પડી ગયું. અર્જુન ગભરાટમાં પડી ગયો. એટલામાં તો ભગવાન અર્જુનની સામે આવીને હસતા હસતા ઊભા રહ્યા અને કહ્યું કે ગભરા નહીં. મારે જન્મમરણ નથી.

શિષ્યની જ્ઞાનદૃષ્ટિ સતેજ કરવા ગુરુ આ દૃષ્ટાન્ત કહી રહ્યા છે. અર્જુન કહે છે કે હે ભગવાન! તમારી વાત સાચી છે. જ્યાં સુધી ભેદબુદ્ધિ દૂર નહિ થાય ત્યાંસુધી જ્ઞાન કેમ થાય! અર્જુન આગળ વિચારે છે કે ક્યાં ગયો પેલો પાડો, ક્યાં ગયો પેલો રામાવતાર અને રાજસૂય યજ્ઞ, ક્યાં ગઈ કાશીની ભજનમંડળીઓ, અને નવી દિલ્હી, ક્યાં ગયું પંઢરપુર અને પેલું જુનાગઢ? આ બધું ક્યાંથી ઉત્પન્ન થયું અને ક્યાં ગયું? ભગવાન તેને સમજ પાડે છે કે બધું તારામાં સમાઈ ગયું. હું જ તારામાં સમાઈ ગયો. સર્વત્ર હું જ વ્યાપ્ત છું. જે કંઈ છે તે તારી અંદર જ છે. રામાવતાર, કૃષ્ણાવતાર—બધા અવતારોને જોઈ લીધા. ભેદદૃષ્ટિ છે ત્યાંસુધી જ્ઞાન ન થાય. જે આ સમજી જાય છે તે સમદર્શી છે. જે કંઈ દેખાય છે તે ચર અને અચર બધુંયે હું જ છું. કીડીથી માંડીને હાથી સુધી, સ્ત્રીઓ, પુરુષો, ભંગી, હરિજન આ બધું તારાસહિત કેવળ હું જ છું.—આટલું સમજી જા તો તું સમદર્શી થઈશ. આ તો તદ્દન સહેલું છે. નાનું છોકરું પણ સમજી શકે તેવું છે. કાશી, રામેશ્વર, પ્રયાગ. હરદ્વાર બધાં તીર્થોના મોહ ખોટા છે. આંખ બંધ કરો તો કાશી. સત્સંગ થાય તે ગંગા, પ્રયાગક્ષેત્ર તો હૃદયમાં છે. ભ્રકુટિના મધ્યમાં જે આજ્ઞાચક્ર એ કાશી. સત્સંગરૂપી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જ્ઞાનગંગામાં નહાવું અને આ કાશીમાં રહેવું. તેં આ બધું પંપાસરથી દિલ્હી સુધીનું બધું ક્યાં જોયું? તારામાં જ. આજ્ઞાચક્ર જે ભ્રકુટિની મધ્યમાં છે તેની ઉપર સંયમ કરે તો તેને બધાં દિવ્યદર્શન થાય. પૂર્વના બધાં જન્મો તે જોઈ શકે. ઈંગ્લેંડ, અમેરીકા બધુંય જોઈ શકે. છઠ્ઠા અધ્યાયમાં હું તને આજ્ઞાચક્ર વિશે કહીશ.

ભગવાન બહુ સરસ વક્તા છે. આ વાક્યોથી અર્જુનને લલચાવે છે. અર્જુને શરણ લીધેલું છે માટે તો તેને સંભળાવવું ગમે છે.

આ મારા શત્રુ, આ મારા મિત્ર એવું બ્રહ્મનિષ્ઠને ન હોય. બ્રહ્મનિષ્ઠ કૂતરા સાથે બેસીને પણ ખાય. મેં જોયેલું એક દૃશ્ય. પહેલાં કહ્યું છે તો પણ ફરીને કહું છું. જ્ઞાનની ઉપાધિ જ્યારે રાખી ત્યારે જેને લેવું હોય તેને લેવા દેવું જોઈએ. જ્ઞાન પણ બહાર કાઢી નાખવું જોઈએ. ઉભરો કાઢી જ નાખવાનો. ન કાઢીએ તો ડૂમો આવ્યા કરે. કોઈનો વર મરી ગયો હોય અને સ્ત્રી પોતાનો ઉભરો ન ઠાલવે તો રોગ થઈ જાય; દુઃખનું કારણ થાય. જ્યારે બધું કહેવા બેઠા છીએ ત્યારે કહી જ નાખવું પડશે. બધા સ્વાનુભવ કહેવા જ પડશે.

દેહુ ગામની આ વાત છે. છ સાડા છની આસપાસનો સમય હશે. જરા જરા અંધારું થવા લાગ્યું હતું. નદીનો તટ અને સંધ્યાનો સમય, દૃશ્ય ખરેખર રમણીય હતું. નદીનાં પાણી ખૂબ જ ઠંડા હતા. નહાવું તો જોઈએ જ ને! નહાશું તો દેહાધ્યાસ ઓછો થશે. નદીમાં નહાતા નહાતા સામે તીર ઉપર જોયું તો ફાટલતૂટલ કપડાં પહેરેલા અને ચિંથરીયા જેવા બાલવાળા એક મહાત્માને જોયા. એની આંખ ઉપર દૃષ્ટિ પડતાં જ તેમાં અજબ ચમત્કાર જોયો. વિષયીની આંખ જેમ છૂપી ન રહે તેમ ભક્તની આંખ પણ છૂપી ન રહે. ચૈતન્યનો અજબ ચમત્કાર તેમાં દેખાય. મહાત્મા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

રોટલાના ટુકડા લઈને બેઠા છે, સાવ સૂકા રોટલાના પાંચ દસ ટુકડા. તેવામાં એક બે કૂતરાં આવે છે અને મહાત્મા હડહડ કરે છે. એકાદ કૂતરું ચાલ્યું જાય છે પણ બીજું હટતું નથી. મહાત્મા તો તન્મયતાથી ડોલતા ડોલતા રોટલાના ટુકડા ખાતા જાય છે અને આ કૂતરાને પ્રેમથી ખવરાવે છે. હું ત્યાં ગયો અને બોલ્યો 'સીતારામ.' મહારાજે પણ કહ્યું 'સીતારામ.' મેં મહાત્માને પૂછ્યું કે "તમારી પાસે જ જ્યારે ચારપાંચ ટૂકડા છે તેમાંથી કૂતરાને વળી શું કામ ખવરાવો છો?" મહાત્માએ મને કહ્યું "તુમારા દિયા હુઆ ઉસકો ખિલાતા હું. તુમ લોગ ઉસકો નહિ દેતે. ઈસી લિયે તો વહ ઈધર આતે હૈ." એમ કહેતા કહેતા બે ત્રણ ટુકડા પાછા કૂતરાને આપ્યા. પછી 'સીતારામ, સીતારામ' બોલતા મહાત્મા ઊભા થયા. મહાત્મા બ્રહ્મસ્વરૂપ જ હતા. ભગવાન પોતે જ લીલા કરે છે અને કહે છે કે ભેદબુધ્ધિ કાઢી નાખો. ભેદબુધ્ધિ કઢાવવા માટે જ આ વાત કરી છે.

નર્મદા તટે હું, ત્રીકમભાઇ, બાબુભાઈ વગેરે ગયા હતા. મિયાંગામથી મીટરગેજમાં જવાય છે. ત્યાં એક મહાત્મા રહે છે. ત્યાં રોજ સવારમાં વહેલો ઊઠીને હું નદી ઉપર ચાલ્યો જાઉં. રેતીમાં જઈને બેસું. નદીનો ભૂરો રંગ, કૃષ્ણનો જ રંગ. રેતીમાં હું બેસું ત્યારે દરરોજ ત્રણ કૂતરા આગળ પાછળ બેસતા. બ્રાહ્મણોને કૂતરા સામે બહુ વિરોધ હોય છે. વળી આ તો બ્રાહ્મણ મહાત્માનો આશ્રમ. ત્યાં તો ખૂબ પવિત્રતા જાળવવી જોઈએ. ત્રીકમભાઈના મનમાં પણ એવો જ ભાવ હતો. પણ ઊંચી દૃષ્ટિમાં શિષ્ટાચાર રહેતો નથી. કૂતરું વળી શું! આપણે પણ કૂતરા જ છીએ ને! મારા ખાવામાંથી જે હાથે હું ખાતો હતો તે જ હાથે મેં કૂતરાને ખવરાવ્યું પછી જ્યારે અમે મહારાજ પાસે બેઠા ત્યારે મહારાજે અમને ખૂબ ગાળો આપી. કોઈએ એમને મેં કૂતરાને ખવરાવ્યું એ વાત કરી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

હશે. મેં તો પહેલેથી જ નક્કી કરેલું કે મહારાજ કાઢે નહિ ત્યાં સુધી નથી જવું. મહારાજે અમને ગાળો દઈ ને કાઢ્યા. અમને સ્ટેશન સુધી વળાવવા લગભગ બે માઈલ સુધી પેલા ત્રણ કૂતરા આવેલા.

ભેદબુદ્ધિ ન કાઢો ત્યાંસુધી દર્શન થવાના નથી. માટીના વાસણમાં કેમ ખવાય? કાચના વાસણમાં કેમ ખવાય? જે માટીમાંથી આ શરીર થાય છે તેમાંથી જ કાચ પણ બને છે. તો કાચમાં કેમ ન ખવાય? ભેદબુદ્ધિથી અંતર વધે છે માટે આ મસ્જિદ છે અને આ મંદિર છે. એ ભેદબુદ્ધિ કાઢવી જ પડે. ભેદબુદ્ધિ જાય તો આત્મદર્શન થાય.

કૂતરામાં જે ગરબડ છે, જે લાભ ઈત્યાદિ છે તે સર્વ આપણા શરીરમાં પણ છે. જે સર્વત્ર મને જુએ તે જ બ્રહ્મનિષ્ઠ પુરુષ છે. પછી ભલે સ્ત્રીની યોનિ હોય તોપણ તે પુરુષ જ છે. બીજા બધાં તો પ્રકૃતિના દાસ છે. જે પ્રકૃતિના ગુલામ છે તે બૈરાં છે. પાડો, ભેંસ, કૂતરો, બળદ બધે ય હું જ છું એમ ભગવાન કહે છે. જેને વિશ્વાસ છે, જેને દૃઢ ભાવના છે તેને તો પંઢરપુર, દિલ્હી, પૈઠણ બધીય યાત્રા આ શ્લોકમાં થઈ ગઈ. આ બધા તો સંકલ્પ જ છે એમ માયાને જે સમજી જાય તે જ્ઞાની છે. આ બધી માયા જ છે એવી જેને પ્રતીતિ થઈ જાય છે તે બધુંય સમજી ગયો છે. કલિ-યુગ કે સત્યયુગ તો તમે કહો છો પણ ખરી રીતે કોઈ યુગ જ નથી; કોઈ વર્ણ નથી; કોઈ આશ્રમ નથી; કૂતરાં, બિલાડાં, બળદ...કોઈ યોનિ નથી; કેવળ હું આત્મા જ સર્વત્ર વ્યાપ્ત છું. આમ જે માને છે તે સમદર્શી છે. તે જ બ્રહ્મનિષ્ઠ છે. તેની બધી જાત્રા થઈ ગઈ. ભગવાન ઢોલ વગાડીને કહે છે.

આ શ્લોકમાં બધાં દર્શન થઈ ગયા. હવે કોઈ યુગ નથી. કોઈ કાળ નથી. ત્યારે કોણ છે? એક માત્ર સચ્ચિદાનંદ સ્વરૂપ જ. પણ એ કહેશે કોણ? ત્યાં તો મૌન થઈ જવાય છે. હું બોલું

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

છું છતાં મૌની છું એમ ભગવાન કહે છે. જે આ સમજે છે તે જ્ઞાની છે.

ભગવાનના દર્શન માટે કરતાલ પકડશો તો વાંધો નથી. તેનાથી એકાગ્રતા આવશે જ. સમદર્શી તો થવાશે જ. ભગવાને જ લીલા કરવા માટે પાડો, બળદ, જ્યોત્સ્ના, બાબુભાઇ શિવલક્ષ્મી વગેરે સ્વરૂપો લીધા છે. ભક્ત ક્યારેક હસે, ક્યારેક રડે. જડવત્ અને પિશાચવત આચરણ પણ કરે. કૂતરા સાથે પણ ખાય. કોઈ વાર પક્વાન્ન પણ ખાય. કોઈ વાર કશું નહિ. બ્રહ્મનિષ્ઠો આવા હોય છે. બ્રહ્મનિષ્ઠને મન મસાણ અને રાજમહેલ બધુંય સરખું છે. બ્રહ્મનિષ્ઠ થયા એટલે શેઠ થયા. શેઠ થયા પછી ગાદીતકિયે બેસવાનું. (પોતે ગાદીતકીયે નિરાંતે બેસીને તકીયો દેખાડે છે. (૧૮)

इहैव तैर्जितः सर्गो येषां साम्ये स्थितं मनः ।
निर्दोषं हि समं ब्रह्म तस्माद् ब्रह्मणि ते स्थिताः ॥१९॥

જેમનું મન સમત્વમાં (બ્રહ્મમાં) સ્થિર થયું છે, તેમણે આ જન્મમાં જ જન્મ અને મરણને જીતી લીધા હોય છેઃ કારણ કે બ્રહ્મ દોષરહિત અને સમાન હોવાથી ઉક્ત પુરુષ બ્રહ્મમાં સ્થિત થાય છે. (૧૯)

સમત્વને ને આપણે સાક્ષાત્કાર કહીએ છીએ. સમત્વ એટલે સમ્યગ્જ્ઞાન કે કેવળજ્ઞાન. જેનું મન સમત્વમાં સ્થિર થયું છે, જેનું મન કેવળ જ્ઞાન આપ્યું, અંગ્રેજીમાં કહો તો જેને રીએલાઇઝેશન (Realization) થયું તે જ જન્મમરણને જીતી લે છે. જેનું મન સ્થિર થયું હોય તે સમદર્શી કે સમવર્તી. જે દિવસે મનમાં આવું સમત્વ થશે ત્યારે પોતાનું જ જ્ઞાન થઈ જાય. તે પોતાની મેળે આત્મામાં રમણ કરતો થઈ જાય અને તેના આનંદનો પાર ન રહે. આપણી મનની સ્થિતિ કેવી છે? કૂતરું રસોડામાં ઘૂસી જાય તો આપણે લાકડી મારશું. ઘરઆંગણે કોઈ ભીખ માગતો આવે તો 'મુઓ, લફંગો, ખાઈપીને તગડો થયો છે. તને ભીખ માગવાને

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માટે આ જ ટાઈમ મળ્યો." આવા આવા વાક્યો બોલશું. ભગવાન તો રોજ તમારે બારણે આવે છે પણ તમે તેને કંઈ આપતા નથી.

તમે તમારા ભાવમાં રહો. હું દરરોજ તમારે ત્યાં આવું છું. હું પાડો બનીને બધાયનો નાશ પણ કરી નાખું. તમે રાગબુદ્ધિ—રહિત થાઓ તો જ સમદર્શી બુદ્ધિ થાય. જે ખાય નહિ તેને શું ખવરાવ્યા કરો છો? મૂર્તિને થાળ ધરાવો છો, ભોગ ધરાવો છો. જ્યાં ધરાવવાનું છે ત્યાં તો ધરાવતા નથી. તમે ખાઈ લીધું એટલે શું મેંય ખાઈ લીધું? ફોટાને ધરાવીએ તો પેલા ભૂખ્યાઓને, પશુઓને બધાંને ધરાવવું પડશે. થાળીની ફરતી................ લીટી કરીને અનાજના કોળિયા મૂકવાની જરૂર નથી. તે તો તમે ફેંકી દો છો, આપતાં નથી. ખરી રીતે તો ગાય, કૂતરા વગેરે પશુઓને માટે થોડું કાઢીએ, તેને પ્રસાદ ધરીએ તો જ મને ખવરાવ્યું કહેવાય. આ જ ધરાવ્યું કહેવાય. આપણે સમજીએ છીએ છતાં આચરણ ન કરીએ એ મોટું આશ્ચર્ય છે. હું તો દર વખતે દરેક સ્થળે આંટા મારું છું, ક્યારેક પઠાણ થઈને કે ક્યારેક પાડો થઈને. બધાં નારાયણ છે એવી દૃષ્ટિ થાય તો તમે મને ઓળખો.

આ બધા સાક્ષાત્ નારાયણ છે એવી દૃષ્ટિ વિનોબાજીનાં માતાની હતી. એક વખત એક સાધુ ભીખ માગવા આવેલ. વિનોબાજીની માતા તેને કંઈક આપવા જાય છે ત્યારે વિનાયક કહે છે કે દાન તો સત્પાત્રને જ આપવું જોઈએ. અપાત્રને દાન આપવાથી તો દેશ આળસુના ભંડાર જેવો થઇ જશે. તે વખત વિનાયક ગીતાના અભ્યાસી હતા તેથી સત્તરમા અધ્યાયનો વીસમો શ્લોક તેમણે માતાજીને સંભળાવ્યો. **दातव्यमिति यद्दानं दीयतेऽनुपकारिणे । देशे काले च पात्रे च तद् दानं सात्त्विकं स्मृतम् ॥** (દાન કરવું એ આપણું કર્તવ્ય છે એવા હેતુથી જે દાન પ્રત્યુપકાર નહિ કરી શકનાર સત્પાત્રને પુણ્યક્ષેત્રમાં અને પર્વકાળે આપવામાં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આવે છે તેને સાત્વિક દાન કહ્યું છે! આ શ્લોક સાંભળીને માતાએ વિનોબાને કહ્યું, "આળસુ વધતા હોય તો ભલે વધે. તું શું કરવાનો છે? તું કોણ જોનારો? ભગવાન જોવાવાળો છે. જે કોઈ આવે તેને નારાયણ સમજીને આપવાનું છે." વિનોબાજીને 'જગદેવ હરિ'ની દષ્ટિ માતાજીએ આપી.

કૂતરો, વાંદરો, બિલાડો, ભિખારી જે કોઈ આવે તેને આપવાનું. તમારૂં બારણું બંધ કેમ કરાય? બારણું બંધ થયું એટલે જ અભડાઈ ગયું. તમે કહેશો કે ભિખારીઓને શા માંટે આપ્યા કરીએ? ભિખારીઓ તો અનાજ વેચે છે. હું કહું છું કે ભગવાનની લીલામાં માથું શું કામ મારો છો? તમે સર્વત્ર નારાયણની ભાવના કરો અને બધું કૃષ્ણાર્પણ કરો તો તમને દુઃખ નહિ થાય. દાન કોને કરવું? પાત્રને! આ તો અહંબુદ્ધિ થઈ. એક પાત્ર અને બીજું અપાત્ર એમ કેમ કહેવાય? સર્વત્રમાં પાત્ર કોણ? તમે પોતે પાત્ર છો ઍમ તમે શા પરથી માની લીધું છે? એ કહો જોઈએ. ક્યાં સુધી પાત્ર અને અપાત્રની સાધારણ વાતો કરશો? આ તો ભેદબુદ્ધિ છે. પાઈ, પૈસા, કપડાં, રોટલા, રોટલાના ટુકડા જે કંઈ તમારી પાસે હોય તે વિનયપૂર્વક આપો. તમે કહેશો કે માગનાર હઠાગ્રહ કરે તો શું કરવું? જેટલું બને એટલું દો, પણ તેનો તિરસ્કાર ન કરો, તેને ગાળો ન આપો. અજ્ઞાનને લીધે તેઓ ભલે ગાળો દે. "તારા છોકરાને શીતળા નીકળશે, મને પાંચ રૂપિયા આપ."—આવા શબ્દો પણ તેઓ બોલે. તે વખતે આપણે શું કરવું? હું તો કહું છું કે ભગવાન જ એ રૂપમાં છે. "ભીખ માગવાની આદત પડી ગઈ છે" એમ તમે બોલો છો પણ આપણા પેટને રોજ બાર વાગે માગવાની આદત પડી છે તેનું શું? રોજ ખાવાનું મળે છે તેથી તો આપણે નોકરી પર જઈએ છીએ. 'આમાં તો દુર્વ્યય થાય છે'—એવી ખોટી દલીલ પણ તમે કરશો. દુર્વ્યય વળી શાનો? સર્વત્ર હું છું પછી ખરાબ શું કે દુર્વ્યય

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શું? બીજા અધ્યાયમાં આ બધી વાતો સમજાવી દીધી છે. ભીખારી ગાળો દઈ જાય તો પણ તમારે વિવેક ન ગુમાવવો. ભગવાન કહે છે કે હૂં તો હજાર નખરાં કરીશ અને તમારે બારણે આવીશ. સારી સ્થિતિમાં હોય છતાં શ્રીમંતો પૈસા ભેગા કરે છે. એ લોકો શું ભીખારીઓ નથી? જેની તૃષ્ણા ટળી નથી એ ભીખારી જ છે. પૈસા કમાવાની હાયહાય ઓછી નથી થઈ તે ભીખારી જ છે. માટે તો હું કહું છું કે અપાય તેટલું આપો. જેની પાસે વિવેક હશે તે વિવેક આપશે. જેની પાસે ગાળો હશે તે ગાળો આપશે. આપણી પાસે પ્રેમ હશે તો આપણે પ્રેમ આપશું. પ્રેમમાં તો બધુંય આપી દેવાય. સમદૃષ્ટિ આવે તો નમ્રતા આવે. સમદૃષ્ટિ નહિ હોય તો અહંભાવ આવવાનો. પ્રેમમાં લેવાદેવાનો વહેવાર હોતો નથી. માટે જે કંઈ તમારી પાસે હોય તે આપીને વિવેકપૂર્વક મર્યાદામાં રહીને હાથ જોડો. તમારા બાલબચ્ચાનું પોષણ કરતાં વધતું હોય તો જ મને આપજો. ધનને પેટીમાં પૂરવું, બેન્કમાં જમા કરાવવું, એની સામે જ મને વાંધો છે

મારે ઘેર કોઈ બ્રહ્મસ્વરૂપ મહાત્મા આવેલ. હું અને નાની બેબી બે ઘરે હતાં. મારી પત્ની ઈન્જેકશન લેવા બહાર ગયેલ. આપણી પાસે શું હોય? બેબીએ બે પૈસા લાવીને તેના હાથમાં આપ્યા. તે મહાત્માના ચહેરા પર અદ્‌ભુત પ્રસન્નતા હતી. રોટલા તૈયાર હોત તો જમાડી દેત. મહાત્માના મુખ પર અદ્‌ભુત હાસ્ય હતું. અમુકમાં જ એવું અદ્‌ભુત હાસ્ય હોય છે. તેમના હોઠ પરનું વિલક્ષણ હાસ્ય બેબી પારખી ગઈ હતી એટલે જ તેણે કહ્યું, "કાકા નારાયણ છે એ તો." કયે રૂપે ભગવાન આવે એ શી ખબર. કોઈ પણ રૂપ ભગવાનના જ છે. આ શરીર આપણું નથી. જળ, અગ્નિ બધાંય તત્ત્વો રાખ થઈને માટીમાં મળી જશે. પાંચ પાંચ તત્ત્વો માટીમાં મળી જશે. માબાપ, છોકરાં, સાહેબ, ભીખારી,

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માંકડ, મચ્છર બધા આ શરીરને તેમનું જ માને છે. બધાં કહે છે કે આ મારું શરીર. જ્યારે આ શરીર જ તમારું નથી તો સંપત્તિ તમારી કઈ રીતે થાય? સંપત્તિને આપણી માની છે માટે આપણને દુ:ખ થાય છે. એ દુ:ખ જ અજ્ઞાન છે. અહંબુદ્ધિથી એમ થાય છે કે આ મારું છે તે કેમ અપાય? કોઈ ચીજ આપણી નથી. બીજા દુર્વ્યય કરશે તો તમે તેમને સુધારી નહિ શકો. હસતા હસતા આપશો તો તમે દુ:ખી નહિ થાઓ. તમારામાં ભેદ છે; તમારામાં કુદૃષ્ટિ છે; બાકી બધા સારા છે. ભગવાન ગાઈ વગાડીને કહે છે કે મારા સિવાય બીજું એકે તત્ત્વ નથી. ભેદબુદ્ધિ જ્યાં છે ત્યાં દુ:ખ છે.

બ્રહ્મ દોષરહિત છે, નિરાકાર છે, પાપરહિત છે; આ છે બ્રહ્મજ્ઞાન અથવા સમ્યગ્‌જ્ઞાન અથવા રીએલાઈઝેશન. જેને આ જ્ઞાન થયું છે તે બ્રહ્મનિષ્ઠ છે. આવી દૃષ્ટિવાળો શરીર હોવા છતાં પરબ્રહ્મ જ છે અથવા જીવનમુક્ત છે. શરીરમાં રહેવા છતાં તે નિરંજન, નિરાકાર છે.

न प्रहृष्येत्प्रियं प्राप्य नोद्विजेत्प्राप्य चाप्रियम् ।
स्थिरबुद्धिरसंमूढो ब्रह्मविद् ब्रह्मणि स्थितः ॥२०॥

જેની બુદ્ધિ સ્થિર થયેલી છે, જેનું સર્વ અજ્ઞાન નષ્ટ થયું છે અને જે બ્રહ્મમાં સ્થિર થયો છે, એવો બ્રહ્મવેત્તા પુરુષ ઈષ્ટ વિષય પ્રાપ્ત થયા છતાં સુખ માનતો નથી અને અપ્રિય વિષયની પ્રાપ્તિ થતાં તેના ચિત્તમાં દુ:ખ થતું નથી. (૨૦)

આવો સમદૃષ્ટિવાળો પુરુષ હમેશાં આનંદમાં જ હોય છે. એ પૈસા મળે તોપણ તે આનંદમાં હોય. ઉપર એક દૃષ્ટાન્તમાં આવ્યું છે તેમ એ પૈસા આપ્યા તોય તે સાધુ આનંદમાં હતો. ભગવાનની ઇચ્છા તેને એ જ પૈસા આપવાની હશે. ખાવાનું ન અપાયું એવો વિચાર હોય તો દુ:ખ થાય? અહીં તો એ દુ:ખ પણ ન હતું.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તે બ્રહ્મનિષ્ઠ સાધુ પ્રત્યે જ મારું ધ્યાન હતું. ભગવાન બધે ય ફરે છે. પૈસા મળ્યા પછી કે પહેલાં તેની સ્થિતિમાં જરાયે ફેર ન હતો. પ્રિય વસ્તુ મળવાથી તેને સુખ નથા. ન આપો તો તેને દુઃખ નથી. સમદષ્ટિવાળાની આવી સ્થિતિ હોય છે. આનું નામ બ્રહ્મનિષ્ઠ. આનું નામ સાધુ.

અર્જુનનો સાધુ થવાનો અભખરો હવે નીકળી ગયો છે.

રૂપો બદલવાથી હું મળી જતો નથી. બ્રહ્મનિષ્ઠ તો જાતજાતનાં ચામડાં ઓઢીને ફરે છે. ભગવું પહેરવું તે ખરાબ તો નથી જ. ભગવામાં પણ હું જ છું. જો મારા ગળામાં મોતીની માળા છે. મેં પીતાંબર પહેર્યું છે. મેં જરકશી જામા પહેર્યા છે. ભક્તો મને સુન્દર વેશ સજાવે છે. જેવા મારા ભક્તો તેવો મને બનાવે છે. મારો પોતાનો આ ભાવ નથી. જાતજાતના વાઘા પહેરવા, અન્નકૂટના ઢગલા ખાવા, હજારો રૂપિયાનું ઝવેરાત પહેરવું એ મારો ભાવ નથી.

રૂપ અને સનાતન બે ભાઇઓ હતા. વૃંદાવનમાં રહેતા. ભગવાન મદનમોહનના સ્વરૂપની તેઓ ભક્તિ કરતા. ગામમાંથી જે મળે તે માગી લાવી ને ખાય. રોટલાના સૂકા ટુકડા મળે તે પાણીમાં બોળીને ખાય. મીઠા વગર જ ખાય. દિવાનાની જેવી તેમની સ્થિતિ હતી. ચૈતન્ય મહાપ્રભુએ કેટલો ત્યાગ શીખવ્યો છે એ જુઓ. રૂપસનાતન ચૈતન્ય મહાપ્રભુના શિષ્યો હતા. જે રોટલાના ટુકડા મળે એ જ તેઓ ભગવાનને ધરાવે અને પછી પોતે ખાય.

જ્યાં ખવરાવવાનું છે ત્યાં ખવરાવતા નથી અને મને ભોગ ધરાવો છો? આથી શું વળશે? વળી એ અન્નકૂટના તો વેચાણ થાય છે. ભગવાનના પરસાદ-ઠોર-વેચાય છે મને ધરાવીને પૂજારીઓ પૈસા એકઠા કરે છે. હું જ્યાં ખાવા તૈયાર થાઉં તો મને કોઈ ખવરાવતું નથી. ભેદદષ્ટિ છે એટલે હું દેખાતો નથી. જેની ભેદદષ્ટિ દૂર થઈ અને સમદષ્ટિ થઈ ગઈ તે મહાત્મા થઈ ગયો.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

એક મંદિરમાં એક મહાત્માએ અન્નકૂટ ધરાવેલો. લક્ષ્મી-નારાયણનું મંદિર હતું. અન્નકૂટમાં છપ્પન જાતના ભોજન, બત્રીસ જાતના શાક, પાંચસો જાતની કઢી બધુંય ધરાવેલું. ત્યાં ભંગીના નાના નાના ચીંથરે હાલ અર્ધા નાગા છોકરાઓ માને કહે કે 'મા, સરસ સરસ વાસ આવે છે. ખાવાનું મન થાય છે.' પણ કોણ અપાવે? માની પાસે પૈસા હોય તોને! ભગવાન મા સ્વરૂપે નાના નાના છોકરાને લઈને ફરી રહ્યા છે. કહેવાતા વૈષ્ણવો ટીલાં કરીને નીકળી પડ્યા છે, કપાળે ટીલા, હાથે ટીલા, પેટ પર ટીલા, હાથમાં માળા, ફાંદવાળા અને લાંબા ડગલાવાળા વૈષ્ણવો ફરી રહ્યા છે. મા વિનંતિ કરે છે કે મારે ખાવું નથી. આ છોકરાઓને કંઈક આપો. છોકરાને દેખાડે છે પણ કોઈને દયા ઉત્પન્ન થતી નથી. કોઈ કહેશે કે જા, જા, કંઈ નથી. કોઈ આપતું નથી. આ બાજુ બાળકની હઠ છે. પૈસા હોય તો મા દુકાનમાંથી લઈને ખવરાવેને?

હવે તો સમજો. નહિ તો પછી મારે ભંગીઓને તમારો વડો બનાવવો પડશે.

ગોકુલેશની જે,' 'દ્વારકાધીશની જે' બોલતાં ફાંદવાળાઓ પસાર થાય છે. દુંદ હલાવતા ચાલ્યા જાય છે પણ કોઈ કાંઈ આપતા નથી, એવામાં આ ભંગડીને કોઈ શેઠનો પગ અડકી ગયો. કહેવાતા વૈષ્ણવોનું ટોળું એકઠું થયું. 'મારો, 'મારો' અવાજ આવવા લાગ્યા. પૂજારીઓ બહાર આવ્યા. મેં આ દૃશ્ય નજરો-નજર જોયું છે. પૂજારીઓ અને લોકો બોલે છે કે શા માટે આવા લોકોને ગામમાં પણ આવવા દે છે. એને ખાવા જોઈએ છે! જાણે એના બાપને માટે જ ન રાખ્યું હોય!" પૂજારીઓ ઘાંટા પાડતા પાડતા દોડે છે. 'ચંડાલ' તેં આ શું કર્યું? ખરી રીતે જોતાં આ લોકો જ ચંડાલ છે. આવી સ્થિતિ હોય ત્યાં મંદિરમાં ક્યાં ભગવાનને જોવો? મંદિરમાં તો ઉલટાનો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પ્રેમ નાશ પામે છે. એવો જમાનો આવશે કે જ્યારે મંદિરોની આ સ્થિતિનું રૂપાંતર થઈ જશે. તેની જગાએ બીજું બધું થશે. આ કમળના દર્શનો અને શીતળા પર લોટા, એ બધુંય ચાલ્યું જશે. આત્મધર્મ જ રહેશે. આ વૈષ્ણવો શું ભગવાનના દર્શન માટે જાય છે? તેઓ તો પોતાના ઘરને, કુટુંબને, દુકાનને આબાદ રાખવા માટે મંદિરમાં જાય છે. હરિજનોમાં હરિને જ જોતા. આજે મંદિરોમાં ભક્તિને બદલે ભ્રષ્ટાચાર વધી રહ્યા છે. પૂજારીઓ તો ભક્તિમાં કંઈ સમજતા નથી. તેઓ પેટની જ પૂજા કરી જાણે છે. ખરો પૂજારી તો શ્રી રામકૃષ્ણ પરમહંસ. જ્યાં પેટની પૂજા થાય એવા મંદિરોમાં જવાને બદલે આપણે ઘરમાં જ મંદિર બનાવો. મંદિરમાં તો સત્તર લફરાં હોય છે. આ શરીરને ભગવાનનું મંદિર બનાવીને રામ રામ જપ્યા કરો. નહિ તેમાં ઉથાપન કે નહિ બેસણા. કમળના દર્શનની વાત ગીતામાં ક્યાંય ન આવી? શાંત ચિત્તથી, મનને સ્થિર કરીને સર્વમાં દયાભાવ કેળવો અને મને ભજો; આત્માને ભજો.

પંડિતાઈની વાતો કરો છો પણ વેદના પારાયણથી હું મળવાનો નથી. ભેદબુદ્ધિ દૂર કરો અને મારું ભગવાનનું ધ્યાન ધરો. ગીતાને જ ગુરુ બનાવી દો. જેને સમજવું નથી તેને જ નથી સમજાતું. જેને સમજવું છે તેને માટે તો હું જ ગુરુ બની જાઉં છું. મને તારા પર પ્રેમ થયો છે એટલે તું ના કહીશ તો પણ તને સંભળાવીશ જો આનું નામ બ્રહ્મસ્વરૂપ.

ભગવાન અહીં અર્જુનને ભેટી પડે છે.

આત્મીય છે માટે બ્રહ્મસ્વરૂપ દુર્લભ નથી. સાદી અને સીધી વસ્તુ છે. તારે તો ફક્ત ધનુષ્યબાણ જ ચલાવવાનું છે!

ભગવાન અર્જુનને પંપાળીને ફરી પાછું તેનું તે જ કહે છે. મા જેમ છોકરાને કહે રડ નહીં, રોટલાનું કામ છે ને? તૈયાર થશે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

એટલે આપીશ. શિષ્યને શાંતિમાં રાખવા માટે પ્રેમથી ભગવાન તેને ભેટે છે, હર્ષમાં ને હર્ષમાં તેને દબાવી પણ દે. યોગેશ્વરને દબાવવાનો જો અર્જુન જ પ્રયાસ કરે તો શું થાય? આપણું ચાલે તો આપણે ગુરુને ત્રાસ પણ આપીએ; પણ શું ગુરુ આપણને જ્ઞાન આપતાં અચકાશે? ગુરુની ફરજ છે કે તે જે જાણતો હોય તે બધું શિષ્યને આપવું જ પડે. તે તો સ્વયં ગોપાલ છે. કૃષ્ણ પોતે પોતાનાં જ લક્ષણો વર્ણવે છે કેમકે પોતાના જેવો અર્જુનને બનાવવો છે. (૨૦)

बाह्यस्पर्शेष्वसक्तात्मा विन्दत्यात्मनि यत्सुखम् ।
स ब्रह्मयोगयुक्तात्मा सुखमक्षय्यमश्नुते ॥ २१ ॥

જે પુરુષનું મન બાહ્ય વિષયમાં આસક્ત હોતું નથી, તેને જ આત્મામાં રહેલા સુખની પ્રાપ્તિ થાય છે અને એવો બ્રહ્મસ્વરૂપને પ્રાપ્ત થયેલો મનુષ્ય અક્ષય સૂખ મેળવે છે. (૨૧)

પાછી આ બાહ્યવિષયોની વાત આવી. આંતરવિષય વળી શુંયે હશે? બાહ્યવૃત્તિ હોય ત્યાંસુધી અંતર્મુખ ન થવાય વિષયોરૂપી વાદળોના આવરણથી આત્મારૂપી સૂર્ય ઢંકાઈ ગયો છે તેથી આત્મસાક્ષાત્કાર થતો નથી. સૂર્ય છે ખરો પણ વાદળ ખસે તો દેખાય. વિષય છે ત્યાંસુધી આત્મસાક્ષાત્કાર ન થાય.

મોટા મંદિરોની આસપાસની દુકાનો જુઓ. ત્યાં માયા જ નાચતી હોય છે. જરીવાલાની દુકાન, સાડીવાલાની દુકાન, જતાં જતાં જરા એ પોત લેતા જઈએ. ઓટલા પાસે બેસીને મેં જોયું છે કે માણસો શા માટે ત્યાં આવે છે. કેટલાક બૈરાઓનાં મોઢાં જોવા આવે છે. ભગવાનના દર્શન કરે પણ મોઢું બીજી બાજુ હોય. મોટરવાળા શેઠો ઠાઠમાઠથી અંદર આવે, પાઘડી ઉતારીને નમન કરે. નમન કરતી વખતે પણ એવો અહંભાવ દેખાય કે વાત ન પૂછો. ભગવાનને જોતો હશે કે કેમ? આવા મંદિરમાં જવાથી મનની

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વૃત્તિઓ વીંખાઈ જાય. આ છે બાહ્યવિષયો. ગાળ દેવી હોય તો દેજો પણ આ વર્તુલમાં (સર્કલમાં) આવશો ત્યારે કહેવું પડશે. ભજનના સમયે તમે કમળના દર્શન કરવા જાઓ છો. જેની જ્ઞાનદષ્ટિ ખૂલે તે શું કમળના દર્શન માટે ફરતો હોય! કમળનું દર્શન એ તો રૂપક તરીકે કરેલું વર્ણન છે. સત્સંગ કરો. ઘરમાં ઘીનો દીવો કરીને બેસીને સમજી લ્યો. શ્રી રામ જય રામ–ધૂન કરો એ જ ખરી પૂજા છે. દોડાદોડ એ પૂજા નથી. કમળ જોવા માટે આઠ બાર આના ખર્ચો તેમાં કંઈ જ્ઞાન નહિ થાય. તેના કરતાં બે ત્રણ અભ્યાગતને ખવરાવો. જેને આગળ વધવું છે તેને આ બધું કહેવુ પડે છે. બાકી તો જ્યાં દોડવુ હોય ત્યાં દોડો પણ તેમાં તમને જ્ઞાન નહિં મળે. મને તમે નોકરીએ બેસાડ્યો છે, મને તેમ શેઠે બનાવ્યો છે, તો મારે સત્ય છે તે કહેવું જ પડે. મારે મારી ફરજ બજાવવી જોઈએ. સત્યને સત્ય વસ્તુ તરીકે રજૂ કરી દેવી જોઈએ.

બાહ્યવિષયો મારા તારાની ભાવનાથી અને તૃષ્ણાથી, વધે છે. સોના દોઢસો કેમ મળે એ તૃષ્ણા છે. ખીચડી ખાવાની મળે છે પછી દોડાદોડ શા માટે કરો છો? આ આખા જગતની સમૃદ્ધિ બધાએ વહેંચી ખાવાની છે. ખાવાને બદલે જે પરિગ્રહ કરે છે તે પાપી છે. માણસને જેટલો જોઈએ તેટલો જ પરિગ્રહ જો તે કરે તો દુકાળ ન પડે. પરિગ્રહવૃત્તિને કારણે આજે એક શેઠ છે અને બીજા ભીખારી છે. જ્યારે એક વ્યક્તિ શેઠ થાય ત્યારે બીજા પાંચસો ભીખારી થાય છે. જેને આપણે ભીખારીઓ બનાવ્યા છે તેઓ આપણને જ લૂંટશે, ડંડા મારશે, હુલ્લડ મચાવશે. ભૂખમરાનું આ જ પરિણામ આવે. ભૂખમરાના મૂળમાં છે પરિગ્રહવૃત્તિ. આ માટે તો વિનોબાજી અત્યારથી ત્યાગ કરાવે છે. તમે ખાઓ અને હું ભૂખ્યો રહું–આવું ક્યાં સુધી ચાલે? દરિદ્રનારાયણો ભૂખ-

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મરાને પરિણામે લૂંટફાટ કરે, મારફાડ કરે ત્યારે આપણે કહીશું કે સમાજમાં બળવાખોર વધી પડચા છે. ચોરી, ખૂન, લૂંટફાટ આ બધાનું મૂળ શું? પડોશમાં એક માણસ પાસે ખૂબ સમૃદ્ધિ હોય અને એની જ પડોશમાં બીજો ભૂખ્યો સૂએ પછી શું પરિણામ આવે. આમાં પાપ કોણ કરે છે તે વિચારો. જે પરિગ્રહી તે જ પાપી. વર્ષો સુધી ચાલે તેટલું ધન હોવા છતાં જે વધાર ને વધારે ભેગું કરે છે તે જ ચોર છે, તે જ પાપી છે. મારી પાસે જોઇએ તેના કરતાં હું વધારે રાખું તે શું ચોરી નથી. ભૂખ્યાના પેટમાં વૈશ્વાનર સ્વરૂપે હું જ છું. **अहं वैश्वानरो भूत्वा** હું જ વૈશ્વાનર તેની જઠરમાં અગ્નિરૂપે વિરાજું છું.

મને તો બંગલાવાળા શેઠો, પરિગ્રહીઓ જ ચોર દેખાય છે. જેમને ખાવા મળે છે છતાંય ભેગુ કર્યે જ જાય છે એ બધા ચોર છે. બાઈબલ, કુરાન, ગીતા બધાય શાસ્ત્રો આમ જ કહે છે એમ હું ખાત્રીથી કહું છું. બારણે આવનાર ભીખારી તમને ઉપદેશ આપે છે કે અમે પૂર્વે હતા. અમે કોઈ દાન આપેલું નહિ તેથી અમારી આ સ્થિતિ થઈ છે. તમારી આ જ સ્થિતિ થશે. પૈસા ભેગા કરનાર મોટા મોટા શેઠો ભીખારીઓ જ થવાના છે. ભેગું કરવાની આસક્તિ વધારે છે, પરિગ્રહવૃત્તિ વધારે છે માટે કહું છું કે સમદૃષ્ટિ કરો.

મારું છે તે મને સોંપો. નહિ સોંપો તો તેનું હું હરણ કરવાનો જ છું. તમારું શરીર પણ લઈ જવાનો છું. યમ તરીકે પાડા પર બેસીને આવીશ. ફરીવાર પાછા ભીખારી તરીકે જન્મશો. અહીં મુડીવાદ કે એવી કોઈ વાત નથી. અહીં તો સમ્યગ્દૃષ્ટિની વાત છે. ગીતામાં ઉકેલ છે કે પરિગ્રહ ન કરવો. પોતાની જરૂરિયાત પ્રમાણે જે મળે તે ખાઈ લેવું. હું બધાની ફિકર રાખનાર બેઠો છું. આ કરોડમાંથી એકાદ લાખની આવી સ્થિતિ થાય તો દેશ ઊંચે આવે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

બાહ્યવિષયોમાં જેને આસક્તિ નથી તેને આત્મજ્ઞાન થાય છે. આજે તો બધાંને ખાવાપીવામાં આસક્તિ છે. જાત જાતની ફેશનો વધી પડી છે. **विषया विनिवर्तन्ते** અ. ૨. શ્લોક ૫૯માં ભગવાને ઘણું વર્ણન કર્યું છે. સીનેમાઓની ફેશન વધી છે. બાહ્ય-આસક્તિ કાઢવાની છે માટે આ વર્ણન ધ્યાનમાં લઈએ તો નીકળી જાય. જ્યાં જઈએ ત્યાં જોશો તો ખબર પડશે કે વાસના બાહ્ય-આસક્તિથી વધે છે. આજની કૉલેજ ગર્લ તો વાસનાનું પોટલું છે. તેનું બાહ્ય આચરણ અને ટાપટીપ જ વાસના ઉત્પન્ન કરે છે. જેને સ્વરૂપમાં જવું છે તેને કેવી રીતે રહેવું તેનું વર્ણન અહીં થાય છે. તું જીતીશ તે ચોક્કસ છે પણ પછી રાજ્ય કેમ કરીશ, પ્રજાને કેમ સાચવીશ તેનું તેમાં વર્ણન છે. નહેરૂજી અને બીજા પાર્લામેન્ટમાં બીલો ઘડે છે તેમ આ યુગપુરુષોએ પણ કાયદા ઘડ્યા છે. લીલાઓ કેવી થશે તેની યુગપુરુષને ખબર હોય છે. નટનટીઓ કેવાં નખરાં કરશે તેની ભગવાનને ખબર છે કારણ કે નટનટીઓ પણ એ જ છે. અડધી ચોળી પહેરીને સાસુ નીકળશે તો વહુ પણ એ જ પહેરશે. બધાંયને સાદા વસ્ત્રો પહેરાવો. પુરુષોમાં પણ ટૂંકા પેન્ટ ને વળી આવારા ફેશનનો કોટ. આવારા એટલે તો રખડુ જ ને! આ બધું છોડીને સાદા પોશાક પહેરો. ચોખ્ખું અને સાદું કપડું પહેરેલું હોય તો તેમાં ખોટું શું? આ બધા ફેશનવાળા પોશાકો બાહ્યઆસક્તિ વધારે છે. આપણે એવા પોશાક પહેરીએ, બીજા આપણું અનુકરણ કરે, અને આમ ટાપટીપ વધે અને દિશાભૂલને કારણે પાપાચાર વધે. આ બધાં વર્ણસંકરતાનાં અને ભ્રષ્ટતાનાં કારણો છે. છોકરાઓને આપણે જ શીખવ્યું છે, નહિ તો શું આ દેશ સીનેમાઓનો દેશ હતો? શું આ દેશની સ્ત્રીઓ અડધી ચોળીઓ પહેરીને ફરતી હતી?

આ બાહ્યવિષયોની આસક્તિનું વર્ણન ગીતામાં જરૂરી છે. ગાંધીજી સાદાઈની જ વાત કરતા; આડંબરથી આસક્તિ વધે છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ચારિત્ર્યભ્રષ્ટતાના કારણો આકર્ષણ અને તે આસક્તિમાંથી જન્મે અને પછી પતન થાય. વીસ પચીસ વર્ષ સુધી પશુવત્ જીવન ગાળ્યું હોય પછી સમ્યગ્દૃષ્ટિની, સમ્યગ્જીવનની, કે સમ્યગ્જ્ઞાનની વાત જ કયાં કરવી? આત્મસ્વરૂપમાં ગયા પછી પણ કોઈવાર આ બાહ્યવિષયો હેરાન કરે છે. સ્વરૂપનાં જ્ઞાન પછી પણ આવી વૃત્તિ તૂટતી નથી. તને રાજ્ય મળશે એટલે કે તને સ્વરૂપ જ્ઞાન થશે પછી તારે લોકોને બ્રહ્મજ્ઞાની બનાવવાના છે. આજે આ મૂળ વસ્તુ ભૂલાઈ ગઈ છે. સાચા સિદ્ધાન્તો ભૂલીને આપણે પશ્ચિમનું અનુકરણ કરી રહ્યા છીએ. આપણે સાચો હીરો ગુમાવી બેઠા છીએ અને નકલી કથીરની પાછળ પડયા છીએ.

આજે બધા વાત કરે છે કે ‘આ તો કલિયુગ છે.’ જેની પાસે સત્ય છે તેને આ કલિયુગ છે એવું લાગતું નથી. બીજાને, અજ્ઞાનમાં રમમાણ કરનારને તો કોઈ ઠેકાણે સુખ નથી લાગતું. તેને પોતાના ખોળામાં રમતા પુત્રમાં પણ સુખ નથી, સંસારમાં તેમને કયાંય સુખ જ નથી મળતું. કૌટુંબિક સુખ પણ તેમને નથી મળતું. આપણે પશુ જેવું જીવન ગાળીએ છીએ. જેની બાહ્યઆસક્તિ વિશેષ તો બધાં પશુઓ જ છે. આ ગુપ્ત ગંગા કહો કે ગુપ્ત અર્થ કહો. લોકો ન સમજે તો કહેવું જ પડે ને! પશુ પણ પોતાનું સમજે છે. કૂતરો પણ જે મળે તે ખાઈ લે છે. કૂતરાને પણ રોટલો મળે તે લઈને ચાલ્યો જશે. કૂતરાને પણ આટલી બાહ્યઆસક્તિ નથી. ભવિષ્યની પ્રજાને બોધપાઠ મળે તે માટે કહી દેવું પડે છે કે સાદા બનવું. સાદાઇમાં રહેનારનું મન ચંચળ નથી થતું. વિષયો તરફ મન દોડે તો ચંચળતા વધે. કોઈની પાસે કંઈ માગવું નહિ. આ વૃત્તિ નાનપણથી કેળવાય તો માણસો સુખી થાય. સાદાઈથી રહેનાર લોકો પાંચ વર્ષમાં તો બ્રહ્મજ્ઞાનની વાત કરતા થઈ જાય. તેઓ ભક્તિ કરી શકે. ગાંધીજીએ આ માટે જ સાદાઈથી રહેવાનું કહ્યું હતું.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અર્જુનને ભગવાન બધી જગ્યાએ ઘુમાવે છે. રામાવતારથી શરૂ કરીને ગાંધીયુગ સુધી સમદૃષ્ટિનું દર્શન કરાવ્યું. ગુરુને કેટલી મહેનત પડતી હશે!

હે અર્જુન! કંસને મારવો સહેલો હતો. પૂતનાને મારવી એ મને રમત લાગેલી. સત્યભામાનું મેં હરણ કર્યું, રૂક્ષ્મણીનું મેં હરણ કર્યું. કોઈના હરણમાં મને તકલીફ નહિ પડેલી. પણ તને સમજાવતાં મારે નાકે દમ આવી ગયો. હું તારો ગુરુ બનીને કાં બેઠો? સખો પણ છું, ગુરુ પણ છું.

આમ કહેવાનું કારણ શું? અર્જુનને કોઈ પણ રીતે મન થઈ જાય કે હવે હું લડું. ભગવાન લીલા કરે છે.

જે લોકો અંતરસુખમાં જ રમણ કરતા હોય, બાહ્યસુખો હોય છતાં આત્મામાં જ રમણ કરે તેની પ્રસન્નતા તે અક્ષય સુખ. આવા લોકોને ચોવીસે કલાક પરમાનંદ રહે. આવા લોકોની મનની પ્રસન્નતા હટતી નથી. બહારના જે કંઈ વિષયો પ્રાપ્ત થાય તેને તેઓ ગૌણ ગણે છે. શરીર છે તેથી માનાપમાન, નિંદા, પ્રસન્નતા વગેરે પ્રાપ્ત થાય એવા પ્રસંગો તો આવે છે છતાં તેને કોઈ એવા ભાવ થતા જ નથી. તેઓની આંખમાં આનંદનો જ ભાવ હોય. તેમના આંસુ પણ આનંદદાયક હોય છે. તેમના આંસુમાં પણ ઝલક હોય છે. બ્રહ્મસ્વરૂપ પ્રાપ્ત કરેલ પુરુષ જ્યાં જાય ત્યાં વૈકુંઠ કરતો જાય છે. તેનું જે દર્શન કરે તેને ય આનંદ થાય. કૃષ્ણ પોતાનું જ વર્ણન કરી રહ્યા છે.

હું જ્યાં જાઉં ત્યાં વૈકુંઠ, ત્યાં આનંદસ્વરૂપ. તમને કદાચ શંકા થાય કે અર્જુનની સામે ડોળા કાઢીને ઊભો ત્યાંયે વૈકુંઠ? વાત એમ જ છે. મરી ગયા પછી જ વૈકુંઠ મળે એવું નથી. વૈકુંઠ જેવો કોઈ લોક નથી. ચોવીસે કલાક મનની પ્રસન્નતા રહે પછી તો આ શરીર જ ગોલોક, વૈકુંઠ, કાશી જે કહો તે. યાત્રાનું ધામ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

એ જ બની ગયું. હું જ્યાં જાઉં ત્યાં વૈકુંઠ. આવા બ્રહ્મસ્વરૂપ પ્રાપ્ત કરેલ પુરુષના દર્શનથી અડસઠ તીર્થનું જાત્રાનું ફળ મળે છે, જો જાત્રાનું કંઈ પણ ફળ હોય તો.

અર્જુન તો હજી મોઢું ફુલાવીને બેઠો છે. ત્યાં તો ભગવાન કહે છે જો બ્રહ્મસ્વરૂપની પ્રાપ્તિ કરવી હોય તો તું યુદ્ધ કર, કર્મ કર. *

ये हि संस्पर्शजा भोगा दुःखयोनय एव ते ।
आद्यन्तवन्तः कौन्तेय न तेषु रमते बुधः ॥ २२ ॥

કેમકે હે અર્જુન! ઈન્દ્રિયો અને વિષયોના સંબંધથી થનારા જે ભોગ (સુખાનુભવ) તે સર્વ ઉત્પત્તિ અને નાશને આધીન હોવાથી દુઃખનાં જ કારણ છે એટલા માટે જ્ઞાની પુરુષો તેમાં રમમાણ થતા નથી.

બધાં વિષયસુખો ઈન્દ્રિજન્ય સુખો છે. સંસાર સુખાનુભવ એ બ્રહ્મસુખ નથી. બધાય ભોગ દુઃખના કારણ છે. ભોગ એટલે શું? મીઠાઈ, દહીંવડા, કાંદાવડા વગેરે ખાવાના પદાર્થો તે જીભના ભોગ, તેમાં તાત્કાલિક સુખ મળે પણ વાસ્તવિક સુખના કારણ તે નથી. તે તો દુઃખનાં કારણરૂપ છે. આ દુઃખના કારણો સ્પષ્ટ થાય એ માટે તો ભગવાન કાળભેદ બાજુએ મૂકે છે. ખરે તો કાળભેદ ત્યાં છે જ નહિ. એથી તો પહેલાં સીનેમાની ફેશનોની, બાહ્ય આકર્ષણોની, જીભના ખોટા સ્વાદોની વાત પણ કરી. ઇન્દ્રિયજન્ય સુખોનું વર્ણન તો કોઈ પણ કાળને લાગુ પડે છે. માટે તત્ત્વજ્ઞ ભગવાને ભેળવાળો ભેળ વેચવાનો અને ઇન્દ્રિયજન્ય સુખો આપવાનો તે વર્ણન પણ કર્યું. કોઈ પણ કાળમાં આ વાત લાગુ પડે છે. આત્મજ્ઞાનને કોઈ કાળ નથી; ભૂત ભવિષ્ય કે વર્તમાન, ગુરુ એટલે આત્મજ્ઞાની. દરેક ઇન્દ્રિયને પોત પોતાનું સુખ છે. જીભને જેમ સ્વાદનું સુખ છે, આંખને સુંદર વસ્તુ જોવાનું સુખ છે. આ બધા સુખાનુભવો ટેમ્પરરી

* તા. ૭-૯-૫૫ બુધવારનું નવમું પ્રવચન અહીં પૂરું થાય છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

છે, પરમેનન્ટ નથી એટલે કે અશાશ્વત છે, શાશ્વત નથી. કપડાં સહેજ ફાટ્યાં કે નકામાં? સાંધીને શું ન પહેરાય? ઇન્દ્રિયજન્ય સુખો શાશ્વત નથી જ. સુંઘવા માટે અત્તર જોઈએ પણ એ સુખાનુભવ થોડોક વખત મળે છે પછી તેમાં ધ્યાન રહેતુ નથી. શું તે સુખ ચોવીસે કલાક રહે છે કે? ચોવીસે કલાક તે સુખ રહેતું હોય તો સારું લાગે. દાગીનાને એકવાર પાલીસ કરાવો તોપણ ફરીવાર કરાવવો જ પડે છે. નવાં કપડાં, નવા દાગીના જૂના થઈ જાય એટલે તેના કરતાં વધારે સારી ચીજ જોઈએ. સારી ચીજ ન મળે તેથી મનમાં કકળાટ થાય, તૃષ્ણા વધે, તેથી જન્મમરણ વધે. આ બધાં દુઃખનાં કારણ છે. તું દાળરોટલી કે બાફેલું ખાજે. ભેળવાળાના ભેળ ન ખાતો. જો એ ખાઈશ તો તારાથી પ્રાણાયમ કેમ થશે, યોગ કેમ થઈ શકશે?

અર્જુનના મનમાં અષ્ટાંગ યોગની વાત ખડી થઈ છે. ભગવાનને પણ અષ્ટાંગયોગ સંભળાવવાનું મન છે.

અષ્ટાંગયોગની વાત શરૂ થાય તે પહેલાં તો તારે ભેળ, તળેલી પુરી, ચમચમતાં વડાં એ બધું છોડવું પડશે. ત્યારે જ યોગને માટે તૈયારી થાય.

યોગ સમજવા માટે વાતાવરણ તૈયાર કરવું જોઇએ. ભગવાન યોગની background—બેકગ્રાઉન્ડ—પશ્ચાદ્‌ભૂમિકા તૈયાર કરે છે. દરેક ઇન્દ્રિયના બધા ભોગ બંધ કરવા પડશે એમ ભગવાન ગર્ભિત સૂચન કરે છે, આડકતરી રીતે કહે છે. જ્ઞાની પુરુષ ઇન્દ્રિયોના ભોગમાં રમણ કરતા નથી પૂર્વના ભોગ ભોગવી લે છે.

એક રાજાએ બીજા રાજા ઉપર ચડાઈ કરી. યુદ્ધ થયું અને બીજો રાજા હારી ગયો. તે પકડાયો. હવે શું સજા કરવી કે જેથી તેની સ્થિતિ ખરાબ થાય! આઠ દિવસ સુધી ગુમૂતરના ટોપલા માથે ઉપાડવાના અને જાજરૂ સાફ કરવાના—આ સજા હારેલા રાજાને

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

થઈ. ડાહ્યા માણસો આવા કામ કરતા દેખાય છે પણ પોતાની ઇચ્છાથી નહિ. રાજા સપડાયો છે એટલે કરવું પડ્યું છે, છતાંય તે રાજા છે. જ્ઞાની આમ જ સ્ત્રીપુત્રાદિક વગેરે પ્રારબ્ધના ભોગ આસક્તિરહિત ભોગવે છે. સજા ભોગવે જ છૂટકો.

અજ્ઞાની અને જ્ઞાનીમાં ફરક એ છે કે અજ્ઞાની આસક્તિપૂર્વક ભેળવાળા પાસે દોડે અને જ્ઞાનીને સંયોગવશાત જવું પડે છે માટે લે છે, તેને આસક્તિ નથી. કાનના રસથી સાંભળેલું શાસ્ત્રશ્રવણ પણ બંધનકારક છે. આસક્તિજન્ય કામો બંધનના કારણો છે. અજ્ઞાનીપુરુષો તેમાં રમે છે. તારે યોગ સાંભળવા તૈયાર થવાનું છે. હવે તો સમજવું છે એટલી તૈયારી હોવી જોઈએ. બ્રહ્મરંધ્રમાં પ્રકાશ, ભ્રકુટિમધ્યમાં આજ્ઞાચક્રમાં દર્શન...આ બધું સમજવું હોય તો વાચિક, કાયિક અને માનસિક તપશ્ચર્યા કરવાની છે. સંભળાવનારે અને સાંભળનારે વર્તન કરવું જોઈએ.

સુખાનુભવ એટલે શું? પલંગ હોય, રેડિયો હોય, બંગલા હોય તો સુખી ગણાય કે? તેઓ પણ જોષી આગળ જઈને કહે છે કે અમારા હાથ જુઓ, અમને ક્યારે સુખ મળશે? આ સુખ તો કાંટા જેવું છે, ગલીચ છે. મૂળને જાણતા નથી તે પુરુષો બદ્ધ છે. બુદ્ધ પુરુષો આવા સુખોમાં રમણ કરતા નથી. હે અર્જુન! તારે સત તરફ જવું. જ્ઞાની પુરુષો સત્ તરફ જાય છે. વિષયોનું કોઈપણ સુખ ખરેખર સુખ નથી. આપણે એના પર વિચાર કરવો જોઈએ. (૨૨)

शक्नोतीहैव यः सोढुं प्राक् शरीरविमोक्षणात् ।
कामक्रोधोद्भवं वेगं स युक्तः स सुखी नरः ॥२३॥

દેહ પતન પૂર્વે આ લોકમાં જે પુરુષ કામક્રોધથી ઉત્પન્ન થયેલા વેગને સહન કરવા સમર્થ છે, તે જ યોગી છે અને ખરો સુખી પણ તે જ છે. (૨૩)

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ઇન્દ્રિયોના આવેગો એટલે કે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર વગેરે ષડ્રિપુઓના હલ્લા. જ્ઞાનીને તે હલ્લા લાગતા નથી. જેના ઉપર આ હલ્લો થાય છે તેઓને આ ઉત્તમ લાગે છે. ઇન્દ્રિયસુખો તેઓના દોસ્તદાર બનીને બેઠા છે. આ મિત્રોમાંથી છટકી જવું એટલે કે કામક્રોધમાંથી છટકી જવું. કામનાના હલ્લામાંથી છટકી જવું એ જ મુશ્કેલ છે. કંઇક કામનાઓ સળવળાટ કરી રહી છે. આજે રવિવાર છે, રજાનો દિવસ છે. મિષ્ટાન્ન બનાવો, પાતરા બનાવો—આ જીભને સળવળાટ ઉપડ્યો. જ્ઞાની પુરુષોને રજા કે રવિવાર આવતો નથી. ચારથી સાતના શોમાં ચાલો મેટ્રોમાં કે ઈરોસમાં, પાથેમાં કે નવી દુલ્હનમાં—આ બધા કામક્રોધના આવેગો છે. તમારે તો કહી દેવું કે અમે તો હવે ગીતાનો વિચાર કરીએ છીએ. હવે વેપાર બંધ કર્યો છે. દુકાન બંધ કરવાની છે. હવે અમે કચોરી અને વડાંપાતરાં નથી બનાવતા પણ યોગ શીખવા માંડ્યો છે. દેહપતન પૂર્વે જે આવા આવેગો સહન કરે તે બુદ્ધિમાન છે. પીળાં પીળાં પીતાંબરો અને મોટા મોટા ત્રિપુંડોવાળા કહેવાતા ધર્મીઓના નખરાઓની વાત હું નથી કરતો. તેઓ તો પોતાની પધરામણી કરાવીને શીખંડ પૂરી આરોગશે, તેઓ તો મહાત્માના વેશમાં ૧૦૦ રૂા. ની રુદ્રાક્ષની માળા પહેરીને રવિવારને બદલે આઠે દિવસ મિષ્ટાન્ન ખાશે. આવા લોકો તો ભોગો જ ભોગવવાના. આવેગને વશ થાય તે અજ્ઞાની છે. જે આવેગોને વશ થતો નથી તે જ્ઞાની છે.

આ આવેગો કંઈ સાધારણ આવેગો નથી : કામનો આવેગ, ક્રોધનો આવેગ, રાગદ્વેષનો આવેગ—આ બધા આવેગો મનમાં જ ઉત્પન્ન થાય છે. મનમાં પરણવું અને મનમાં રાંડવું એના જેવી વાત છે. કામક્રોધ એ મનના જ સંકલ્પો છે. સંકલ્પવિકલ્પના ગોટાળાઓ છે. કામક્રોધ મનના સંકલ્પ છે. મનમાં વિચાર કર્યો કે કામના ઉત્પન્ન થઈ. સંકલ્પમાં જ કામ છે, સંકલ્પ બંધ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

થાય તો જ્ઞાની; સંકલ્પ ચાલુ રહે તો અજ્ઞાની. જગત જ કલ્પના છે. તેમાં હું ક્યાં રમું છું એમ માને તે યોગી છે.

ભગવાન અહીં યોગી શબ્દ વાપરે છે. અર્જુનને જાણવાની પ્રેરણા થાય કે વળી યોગ શું છે? કર્મયોગ, કર્મસંન્યાસયોગ વગેરે તો શીખી ગયા. યોગ જાણવા માટે અર્જુનની કુતુહલવૃત્તિ જાગૃત થાય છે. યોગની ભૂમિકા તૈયાર કરે છે. (૨૩)

योऽन्तःसुखोऽन्तरारामस्तथान्तर्ज्योतिरेव यः ।
स योगी ब्रह्मनिर्वाणं ब्रह्मभूतोऽधिगच्छति ॥ २४ ॥

लभन्ते ब्रह्मनिर्वाणमृषयः क्षीणकल्मषाः ।
छिन्नद्वैधा यतात्मानः सर्वभूतहिते रताः ॥ २५ ॥

જે યોગી અંતરમાં સુખી છે, કૃતકૃત્ય બની આત્મસ્વરૂપમાં સ્થિત થયો છે અને જેના હૃદયમાં બ્રહ્મનો પ્રકાશ થયો છે, તે બ્રહ્મસ્વરૂપ બની શાંત બ્રહ્મમાં જ નિર્વાણ પામે છે. જેમનાં પાપો નષ્ટ થયાં છે, જેમનો દ્વૈતભાવ નિર્મૂળ થયો છે, જેમણે પોતાનું અંતઃકરણ જીત્યું છે, અને જેઓ સર્વપ્રાણીમાત્રના હિત માટે તત્પર હોય છે, એવા ઋષિઓ શાંત બ્રહ્મને પામે છે. (૨૪–૨૫)

ભગવાનને પણ યોગ કહેવાની ઉતાવળ છે. સાથે જ શ્લોક કહી દીધા છે.

બ્રહ્મનિષ્ઠ પુરુષ ઇન્દ્રિયોને વશ કરી લે છે. એને આવેગો સતાવતા નથી. આવેગો આવે તો ખરા પણ જેના પર તેની અસર જ થતી નથી તે યોગી છે, તે જ્ઞાની છે. આવેગો આવે એટલે યુદ્ધ કરવાનું છે એવું તેને નથી. બ્રહ્મનિષ્ઠને કોઈ સાથે યુદ્ધ કરવાનું નથી પણ બ્રહ્મનિષ્ઠ થયાં પહેલાં તો યુદ્ધ કરવું જ પડશે. તારી બુદ્ધિ હજી ખાવાપીવામાં છે. આઠ દિવસે એક રવિવારની રજા આવે તેમાં મોજમજાહ ન કરીએ તો મુંબઈમાં રહ્યું શું

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કામનું? એ ભાવ હજી તારા મનમાં છે. જીવનમાં કંઈક મોજ તો જોઈએ ને? આ બધા કામનાના કીડા તારામાં સળવળે છે. તારામાં આ રાગદ્વેષ, હર્ષ અને શોક, માન અને અપમાન આ બધું છે ત્યાંસુધી તો યુદ્ધ કરવાની જરૂર છે. જ્યાં સુધી ભોગો સતાવે છે ત્યાંસુધી જ સાધુ થવાની વાત થાય છે. ભોગોમાં રહીને ભોગ પર કાબુ મેળવ્યો હોય તો માન અને અપમાન, કોઈ આમ બોલ્યું, તેમ બોલ્યું, રાગ અને દ્વેષ એ બધું નીકળી જાય ને? એમાં વળી કપડાં બદલવાની શી જરૂર છે? આ બધાં સાધુના લક્ષણ નથી. જે કંટાળીને સાધુ થવા માગે છે તે ખોટું જ છે. તે કહેશે કે 'મૈં તો સાધુ હો ગયા—સાધુ! સાધુ શાનો? લક્ષણ સાધુના છે તો સાધુ. સંસારમાં રહીને વાસનાને કાપો અને સંસારમાં રહીને સાધુ થાય. જો મુક્ત થવું હોય તો અંતરમાં સતત પ્રસન્નતા રાખો. કોઈપણ જાતના આવેગોથી દુઃખ થવું ન જોઈએ. કોઈનું મરણ થાય તેનું તેને દુઃખ ન થાય. જે મળે તે ખાઈ લે. રવિવારનો દિવસ અને સારું ખાવાનું ન મળ્યું તો દુઃખ ન થાય. કોઈએ ગાળ આપી, કોઈએ ધપ્પો માર્યો, કોઈએ હાર પહેરાવ્યો...જ્ઞાનીને હર્ષ-શોક થતા નથી. તેને કોઈ બહુમાન આપે કે કોઈ સાષ્ટાંગ પ્રણામ કરે તો હર્ષનો ઉભરો ન આવે; ગાળ આપે તો શોક ન થાય. બધી સ્થિતિમાં તેની સમાનતા છે. જ્ઞાની નથી માનતો કે આ બધા અજ્ઞાની અને હું જ્ઞાની. હું મહાનપુરુષ છું, મને લોકો હાર પહેરાવે એમ ઈચ્છવું એ તો અજ્ઞાનીનાં લક્ષણ છે, અસાધુના લક્ષણ છે. સાધુને હારની શી પડી છે? 'તમે હાડકાના માળા પર હાર પહેરાવો છો' જ્ઞાની તો એમ બોલશે. મડદાને હાર પહેરાવો તો શી અસર થાય? પ્રાણ વગરના ખોળિયાને હાર પહેરાવો જોઈએ! વાસ્તવિક રીતે જોતાં આ પંચભૂતો જ છે. આ પાંચભૂતો આત્માથી જ સારા દેખાય છે, એમ સમજે એ જ્ઞાની. આ શરીર સુન્દર શેનાથી લાગે છે? સુન્દર વાયલ પહેરવાથી કે? સોનાના દાગીના પહેરવાથી કે?

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જ્ઞાની સમજે છે કે હું ચૈતન્યતત્ત્વથી સુંદર લાગું છું. બહારની વસ્તુઓ કપડાં લત્તા, દાગીના, રૂપ, પર જે મોહી પડયા છે તે દુઃખનું કારણ છે. કોઈ અવસ્થા સરખી નથી રહેતી. રૂપ રહેતું નથી. ટાઈફોઈડ આવે અને રૂપ ચાલ્યું જાય. કેવો ભયંકર દેખાવ લાગે છે?

'હું' એ શબ્દ તો બધા કહે છે પણ 'હું' સમજે છે કોણ? બધાય આ 'હું' શબ્દ વાપરે છે. 'હું' એક જ છું. અનેક જે છે તે અજ્ઞાન છે. 'હું' એટલે આત્મા. તેને દેહ સમજે તે અજ્ઞાની છે. 'હું' તો પરમપુરુષ છે. બૈરાં, ગધેડાં, કાગડા, મોટર... બધા 'હું,' 'હું' એવો જ અવાજ કરે છે. ચારે તરફ હું-કાર છે. આ 'હું'ને જે સમજી ગયો તેને યુદ્ધની જરૂર નથી. 'હું'ને મૃદુલા કહીએ છીએ, 'હું'ને મગનલાલ કહીએ છીએ. જો તું 'હું'ને સમજી ગયો હોત તો તેં લડી જ નાખ્યું હોત. તારાથી કામક્રોધના આવેગો સહન થતા નથી માટે મારું શરણ લીધું છે. માટે તને હું આ તત્ત્વ સમજાવું છું. બધા જ પ્રાણીઓ હું હું કરે છે. હું જ સર્વત્રવ્યાપ્ત છું. તે હું તે "હું" જ છું, એમ સમજે તે બ્રહ્મજ્ઞાની. હું ગધેડો, કૂતરો, પાપી, મહાવીર...બધુંય "હુ". દેહાધ્યાસમાં 'હું' ને લગાડયું છે, પરમતત્ત્વને નાશવંતમાં લગાડયું છે; કાલાતીતને કાળમાં લગાડયું છે, કોઈ પણ કાળમાં 'હું' નથી. 'હું' માં કાળ નથી. 'હું' સર્વત્રવ્યાપ્ત છે. 'હું' કોઈ દિવસ મરતું નથી. કોઈએ પોતાનો જન્મ જોયો છે? કોઇએ પોતાનું મૃત્યુ જોયું છે? કોઈએ પોતાનું નામ પડાતું જોયું છે? 'હું'નું નામ કોણ પાડે? 'હું'નું સ્વરૂપ શું, નામ શું, રૂપ શું, આકાર શું?...આવા 'હું'ને જે સમજી જાય તે ભગવાન. 'હું' ને નથી સમજતો તેને યુદ્ધ કરવા પડે. સંકલ્પની સૃષ્ટિ તોડી નાખવી ગમતી નથી; એટલે હથિયારો છોડીને બેસી ગયો છે. એ હથિયારો લઈશ અને લડીશ એટલે 'હું' જ છે એ સમજીશ. (૨૪-૨૫).

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

कामक्रोधवियुक्तानां यतीनां यतचेतसाम् ।
अभितो ब्रह्मनिर्वाणं वर्तते विदितात्मनाम् ॥२६॥

જેઓ કામક્રોધ રહિત છે, જેમણે ચિત્તને સ્વાધીન કરેલું છે અને જેમણે આત્મસ્વરૂપને જાણેલું છે એવા યોગીઓ જીવન કાળમાં અને દેહાંત પછી પણ શાંત બ્રહ્મસ્વરૂપ જ હોય છે. (૨૬)

શરીર હોય તોપણ જ્ઞાની બ્રહ્મસ્વરૂપ જ છે. જ્ઞાની બ્રહ્મમય જ છે. તેની મુક્તતામાં બાધ આવતો નથી. એ આ શરીર પડશે ત્યારે પણ મુક્ત છે. શરીર છે માટે ભોગ ભોગવવા પડે છે એમ કહીને જ્ઞાનનો દાવો કરીને ઘણા ખોટી વાતો કરે છે. આ બધા દેહાધ્યાસી જ્ઞાનીના સ્વાંગમાં છે, ભગવાને જ આ સ્વાંગ ધારણ કર્યો છે ને! દેહાધ્યાસની વિરુદ્ધની વાત ભગવાન જ સારી રીતે જાણે છે. અજ્ઞાની પણ એ જ છે ને. આ હું જ્ઞાની, આ હું અજ્ઞાની, એવા એ વિભાગ મેં જ પાડ્યા છે. જ્ઞાની અને અજ્ઞાની એવા એ નામ મારા જ છે. નામ પાડનાર પણ એ જ છે ને! એક ટકા જ્ઞાની અને નવાણું ટકા અજ્ઞાની. પોતે જ જ્ઞાની છે અને પોતે જ અજ્ઞાની છે. આનંદને માટે મેં જ આ જગત બનાવ્યું છે. જગત શા માટે બન્યું છે? આનંદ ભોગવવા માટે જે આ સમજી જાય તે ભોગ ભોગવવા છતાં ભોગવતો નથી. આ લીલા છે એમ તે સમજી જાય છે. ભગવાને એક જાતની ઉત્પત્તિ કરી હોત તો! અજ્ઞાની બનાવવાની શી જરૂર હતી?

અજ્ઞાની થવાની કંઈ જરૂર! શા માટે નવાણું ટકા અજ્ઞાની બનાવ્યા? એ બાજુ બારી રાખી છે. દૂધમાં અને દહીમાં પગ રાખ્યા છે. બે બાજુ સુખ ભોગવવાના છે. જ્ઞાનીને વિષયોમાં પણ આનંદ છે. જેને બે બાજુ સુખ ભોગવવાના હોય તે જ્ઞાની થાય છે.

યોગીને જીવનમરણનો સવાલ જ નથી. તે તો જીવતાં જ મરી ગયો છે. તેને જીવતો બીજા માને છે. જીવતાં પછી મુક્ત થવાનો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કે મરી ગયા પછી મુક્ત થશે એ તો લોકોને લાગે છે. આવેગોથી પર થઈ ગયો માટે મુક્ત થયો. તેના હૃદયમાં દૃઢ ગોઠવણ ગઈ છે કે હું બંધનમાં ન હતો. આવો માણુસ જ્ઞાની છે, બ્રહ્મજ્ઞાની છે. એ જ્ઞાની છે, એ બ્રહ્મજ્ઞાની છે–એવી લોકો વાતો કરે છે. પોતે શું છે એ તો પોતે જ જાણે છે. degree–ઉપાધિ તો લોકોને આપવી છે ને! જેને મનમાં ખાત્રી થઈ છે કે આવેગો સતાવતા નથી તે મુક્ત છે. બંધન હોય તો મુક્તિની વાત કરવાની હોય, ત્યાં તો બંધન જ નથી. તે તો શાંત થઈ ગયો છે. બ્રહ્મસ્વરૂપ થઈ ગયો છે. (૨૬)

स्पर्शान्कृत्वा बहिर्बाह्यांश्चक्षुश्चैवान्तरे भ्रुवोः ।
प्राणापानौ समौ कृत्वा नासाभ्यन्तरचारिणौ ॥ २७ ॥

यतेन्द्रियमनोबुद्धिर्मुनिर्मोक्षपरायणः ।
विगतेच्छाभयक्रोधो यः सदा मुक्त एव सः ॥ २८ ॥

શબ્દાદિક બાહ્ય વિષયોને બહાર કાઢી નાખી (હૃદયમાંથી દૂર કરી) ભ્રકુટિમાં દૃષ્ટિ સ્થાપન કરી, નાસિકામાં સંચરનાર પ્રાણાપાન વાયુને સમ કરી, ઇન્દ્રિયો, મન તથા બુદ્ધિને પોતાને સ્વાધીન કરી; ઈચ્છા, ભય તથા ક્રોધનો નાશ કરી, જે યોગી મોક્ષપરાયણ હોય છે, તે સદા મુક્ત જ છે. (૨૭–૨૮)

આ બધી યોગની વાત શરૂ થઈ ગઈ. અર્જુનને જ્યાં ઉતાવળ આવી ત્યાં આપણે શું કરીએ? ભગવાને અહીંથી જ યોગના લક્ષણો વર્ણવવાની શરૂઆત કરી દીધી છે. છઠ્ઠો અધ્યાય શરૂ થાય તે પહેલાં જ પ્રાણાયામની વાત શરૂ કરી દીધી. જુઓ, જ્ઞાનના પણ આવેગ હોય છે ને!

ભગવાન ભ્રકુટિમાં દૃષ્ટિ સ્થાપન કરવાનું સમજાવે છે, અને પ્રાણાપાન વાયુને સમ કરવાનું કહે છે. જો પ્રાણાપાન વાયુને આ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પ્રમાણે સમ ન કરવામાં આવે તો મન, બુદ્ધિ, ઇન્દ્રિયો વગેરે કેમ વશ થઈ શકે? ઇચ્છા, ક્રોધ, ભય વગેરેના હુમલા કેમ ખાળી શકાય? અને જ્યાં સુધી આ ષડ્રિપુઓને જીતાય નહિ ત્યાંસુધી મોક્ષ કેમ પ્રાપ્ત થઈ શકે? ત્યાંસુધી શાંતિ કેમ મળી શકે? માટે અહીં ભગવાન અર્જુનને આ બધા ષડ્રિપુઓ વશ થઈ જાય એવો રસ્તો બતાવે છે.

હે અર્જુન! જ્યાં સુધી બાહ્યવિષયોમાં મન રમણ કરતું હશે ત્યાંસુધી આ બધા ષડ્રિપુઓ સતાવશે જ, અને તેથી પ્રાણાપાન કદી યે સમસ્થિતિમાં આવવાના નથી. જ્યાં સુધી પ્રાણાપાન સમ ન થાય ત્યાંસુધી સુખની, શાંતિની કે મુક્તિની વાત જ સંભવિત નથી. ચિત્તવૃત્તિનો નિરોધ ક્યારે થાય? જ્યારે વાસનાક્ષય થાય ત્યારે જ. એ વાસનાક્ષય ક્યારે થાય? મન જ્યારે ભગવાનમાં રંગાય, પ્રભુ પર પ્રેમ થાય ત્યારે જ મન પ્રભુમય થાય, અર્થાત્ મનોનાશ થાય.

પ્રભુ પર પ્રેમ થવા માંડે એટલે જીવ યોગાભ્યાસ તરફ આપોઆપ ધસશે. માટે સર્વથી પ્રથમ ઇશ્વર પર પ્રેમ થવો આવશ્યક છે. આમ થાય તો જ જીવ યોગાભ્યાસ કરી શકશે. ભગવાને આ રીતે યોગની પૂર્વભૂમિકા અર્જુન સમક્ષ મૂકી.

હે અર્જુન, જો તારે પ્રાણાપાન સ્થિર કરીને ભ્રૂકુટિમાં દૃષ્ટિ સ્થાપન કરવી હોય તો તે પૂર્વે મારા પર પ્રેમ થવો જોઈએ. સદ્દગુરૂ પર પૂર્ણવિશ્વાસ હોવો જોઈએ. તેના પર જરાય શંકા ન હોવી જોઈએ. આટલું થશે ત્યારે જ તું ભ્રૂકુટિમાં ધ્યાન રાખી શકીશ.

શ્રી રામકૃષ્ણ પરમહંસને આ સ્થિતિ સહજમાં પ્રાપ્ત થઈ ગઈ હતી. તોતાપુરીએ જ્યારે રામકૃષ્ણને ભ્રૂકુટિમાં ધ્યાન કરવા કહ્યું ત્યારે પૂર્ણ વિશ્વાસ અને શ્રદ્ધા સહિત રામકૃષ્ણ ગુરૂ સમક્ષ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

બેઠા અને તોતાપુરી મહારાજે કાચની અણી ભ્રુકુટિમાં ઘોંચી, તેની સાથે જ રામકૃષ્ણના પ્રાણાપાનની સ્થિતિ સમ થઈ ગઈ અને એ ઊંડી સમાધિમાં ચાલી ગયા. ત્રણ દિવસ સુધી તેમની એ નિર્વિકલ્પ સ્થિતિ રહી હતી. તોતાપુરી મહારાજ કહેતા કે જે સ્થિતિ પ્રાપ્ત કરતા મને ચાળીશ વર્ષ લાગ્યા તે સ્થિતિ આને તત્કાળ પ્રાપ્ત થઈ ગઈ. એનું કારણ એ કે શ્રી રામકૃષ્ણની પૂર્વભૂમિકા તૈયાર હતી. તેમનામાં સંશયનો સંપૂર્ણ-પણે અભાવ હતો. તેમના હૃદયમાં છલોછલ શ્રદ્ધા ભરી હતી. તેમને સદ્‌ગુરૂ પર પૂર્ણ ભરોસો હતો. આટલું હતું ત્યારે રામકૃષ્ણની સ્થિતિ તુરત જ નિર્વિકલ્પ બની. તેઓ ભ્રુકુટિમાં સ્થિર થયા.

હે તાત, આ માટે મેં તને આ યોગાભ્યાસની પૂર્વભૂમિકા કહી. તું વિશ્વાસ અને શ્રધ્ધા કેળવ અને તું આત્મા પર પ્રેમ કર. બાહ્ય વિષયોનો ત્યાગ કર. તેથી બધા જ ષડ્‌રિપુઓ નાશ થશે, અર્થાત્ વાસનાક્ષય થશે. વાસના ક્ષયથી મનોનાશ થશે. મનોનાશ થયે જીવ શિવ બની જશે. અર્થાત્ તને નિર્વિકલ્પ સ્થિતિ પ્રાપ્ત થઈ જશે. સદ્‌ગુરુ પર પૂર્ણ વિશ્વાસ કરનાર શિષ્યને આ સ્થિતિ સહજ પ્રાપ્ત થઈ જશે. હે અર્જુન, આ મારો મત છે. માટે તું પૂર્વ-ભૂમિકા તૈયાર કર અને યોગ માટે કટિબધ્ધ થા.

भोक्तारं यज्ञतपसां सर्वलोकमहेश्वरम् ।
सुहृदं सर्वभूतानां ज्ञात्वा मां शान्तिमृच्छति ॥ २९ ॥

સર્વ યજ્ઞ અને તપનો ભોક્તા, સર્વ લોકોનો મહેશ્વર અને સર્વ ભૂતોનો હિતકર્તા એવો જે પ્રભુ તે હું જ છું, એમ જે જાણે છે તે શાંતિ-સુખને પ્રાપ્ત થાય છે. (૨૯)

બધાનું સુખદુ:ખ, હિત-અહિત કરવાવાળો પ્રભુ હું જ છું: આ બધા યજ્ઞ, તપ, આદિ ક્રિયાઓનો કરનાર હું જ છું—એમ જે સમજી જાય છે તે શાંતિ મેળવે છે. હું જ પ્રભુ છું એમ બધા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કહી શકે છે. જે એધડક રીતે કહી શકે તે જ જ્ઞાની છે. આ બધી મારી જ લીલા છે. આ બધી મોટરો, બિલ્ડીંગો, શરીરો મારા જ છે. સર્વત્ર હું જ વ્યાપ્ત છું. જે કંઈ છે તે મારું જ છે એમ સમજે તે બ્રહ્મજ્ઞાની છે. આમ છાતી ઠોકીને ક્યારે કહી શકાય? જે નિડર અને નિષ્પાપ પુરુષ હોય તે જ આમ કહી શકે. વિધુર, વિધવા, ડોસી, બિલાડી, કીડી-મંકોડી, રાજા, વેશ્યા, ગધેડા, કૂતરા, રૂપાળા, કદરૂપ બધું હું જ છું. કીડીમંકોડી, ચોરલૂંટારા ધૃષ્ટ-અધૃષ્ટ, જ્ઞાની-અજ્ઞાની બધુંયે દશ્યમાન હું છું. મારે લઈને આ બધું છે, એમ સમજે તે બ્રહ્મનિષ્ઠ, સૂર્ય, ચંદ્ર, તારા, પૃથ્વી, ગ્રહો એવી કંઈક રચનાઓ, કાળઅકાળ લીલા, નિત્ય, પર્વત, સમુદ્ર, નદી, દિવસ, રાત-બધુંયે હું જ છું. બધાં રૂપો મારા છે. અનેક જાતના સંકલ્પવિકલ્પો આ બધા મારામાંથી ઉત્પન્ન થયા છે. દિવસ અને રાત—કાળ હોય તો તે યે હું જ છું. સગુણ એટલે બાહ્યરૂપ અને નિર્ગુણ એટલે કે આંતરરૂપ બધામાં હું જ છું. આ શબ્દોનો જેને અનુભવ થયો છે; જેને ચિદાકાશમાં ધારણા થઈ છે, અને દઢ જ્ઞાન થઈ ગયું છે તેને જ શાંતિ પ્રાપ્ત થઈ છે. સર્વભૂતોનો હિતકર્તા હું છું. વેશ્યા યે હું જ છું. લંગડો, લૂલો, રક્તપીત્તિયો, યોદ્ધો, કાયર, બાયલો બધું હું જ છું. આ જેને ખબર પડી છે તેના જ રાગદ્વેષ મરી જાય છે. હર્ષશોકના ઉછાળામાં જેની સમદૃષ્ટિ છે તેને જ શાંતિ મળે છે. હર્ષનો ઉછાળો પણ શોકના ઉછાળા જેટલો જ ખરાબ છે. તેમાં શાંતિ નથી મળતી. મેં તો બધું નાનપણથી જ જોયું છે, આ સિવાય ક્યાંય શાંતિ મળતી નથી.

આ ત્રણ અધ્યાયો, ત્રીજો, ચોથો અને પાંચમો, કર્મયોગ, કર્મબ્રહ્માર્પણયોગ અને જ્ઞાનયોગ **એ ત્રણેનો એક જ અધ્યાય બની શકે.** પાંચમા અધ્યાયમાં આવીને આ કહી શકાય છે. અઢારમા અધ્યાયમાં આવીને તો કોઈ યોગ નથી. આ આત્મા જ છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કર્મયોગી કહો, કર્મસંન્યાસી કહો, કર્મબ્રહ્માર્પણ કરનાર કહો –ત્રણે દ્વારા ભગવાને જ્ઞાનીના જ લક્ષણો વર્ણવ્યા છે. ત્રણે બ્રહ્મનિષ્ઠો જ છે. ભગવાન ભક્તોના જ વર્ણનો કરી ગયા છે.

ત્રણે ત્રણ અધ્યાયમાં જુઓ. કર્મયોગનું, જ્ઞાનયોગનું કે કર્મસંન્યાસનું ગમે તેનું આચરણ કરે તે જ્ઞાની છે. કર્મયોગ કરે તે પણ સંન્યાસી. કર્મબ્રહ્માર્પણ કરે એટલે કર્મ કરે અને હરિહર કરી નાખે તે પણ સંન્યાસી છે. આસક્તિ રહિત થઈ કર્મ કરો. પ્રારબ્ધના જે કંઈ સુખદુઃખો હોય તે ભોગવી લ્યો. દુકાન બંધ કરતાં પહેલાં જૂનો માલ તો વેચી નાખવો પડે ને! તે પૂરતું તો દુકાનમાં બેસવું જ પડે ને! કર્મ કરવું જ પડે ને! તે નવો માલ ભરતો નથી અને જૂનો માલ વેચવાનું કર્મ કરે છે. આ માલ વેચાઈ જાય એટલે હરિહર. નવા માલને તો પહેલેથી જ રામરામ કરી દેવાના. આમ પ્રારબ્ધનો નાશ થઈ ગયો. હવે દુકાન ક્યાં થાય? એટલે કે હવે જન્મમરણ ન રહ્યા. નવાં કર્મો, મોહજન્ય કર્મો તે કરતો નથી અને જૂનો માલ, જૂનાં કર્મો ખપાવી નાખે છે; આ માલ ખપી ગયો એટલે કે કર્મો પૂરા થયાં કે સંન્યાસી (માલ વેચતી વખતે) કર્મ કરતી વખતે પ્રારબ્ધનાં સુખદુઃખ છે એમ ગણી કાઢીને પૂરા કરે ત્યારે સંન્યાસ. નવો માલ ન લેવાનો નિશ્ચય કર્યો ત્યારથી જ સંન્યાસ. કર્મનું આચરણ કરતો દેખાય તોપણ સંન્યાસી અને અકર્મી–કર્મયોગી એ જ બ્રહ્મનિષ્ઠ પુરુષ. નવો માલ લાવીને બ્રહ્માર્પણ થાય જ નહિ. કામનાઓનો એ વિચાર છે અને તેમાં મોહ છે. જૂનો માલ વેચતો હોય–જૂનાં કર્મો કાઢતો હોય તોપણ સંન્યાસી. પહેલાં એ કર્મ કરતો દેખાતો હતો, હવે નવું કર્મ કરવું નથી એ નિશ્ચય થયો છે, અને પછી ભોગવે છે તે સંન્યાસી. જૂનો માલ વેચે છે એ ગાળામાં તે કર્મયોગી દેખાતો હતો પણ સંન્યાસી જ છે. **ત્રણે અધ્યાયની આ છે સમાલોચના.**

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પચ્ચીસ હજારનો માલ રહ્યો છે. નવો લાવવો નથી. માલ વેચે છે એ ગાળામાં, અને નવું નહિ ખરીદતાં; બન્ને વચ્ચેનો ગાળો તે કર્મયોગ પણ સંન્યાસનો માર્ગ છે. માલ વેચે છે છતાં મુક્ત છે, વેચ્યા પછી મુક્ત છે, ત્રણે એક જ છે. ભગવાન આત્માનું જ વર્ણન કરે છે. હું સિવાય બીજું નથી એમ કહી દીધું. વાતો તો બધા કરે છે પણ અર્જુનનું ધ્યાન યોગમાં રમે છે. આજ્ઞાચક્ર, બ્રહ્મરંધ્રમાં પ્રકાશ, આ તો બહુ ઉત્તમ રીત છે. આંખો બંધ કરીએ ને કંઈક પ્રકાશ જેવું દેખાય—એ યોગ. એ અર્જુનને જાણવાનું કુતૂહલ છે.

હે અર્જુન! તું ઉતાવળો ન થા. મને પણ ઉતાવળ છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્રી પરમાનંદ પ્રકાશન મંદિર.

પૂજ્ય શ્રી ચંપકભાઇના ભક્તિપ્રેરક પ્રવચનો અને વિચારોને પુસ્તક-આકારે પ્રગટ કરવાની યોજના હાથ ધરાય એ હેતુથી એક સંસ્થા ઊભી કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

૧. **સંસ્થાનું નામ:**–સદરહુ સંસ્થા "શ્રી પરમાનંદ પ્રકાશન મંદિર" તરીકે ઓળખાશે.

૨. **ઉદ્દેશ:**–જન સમુદાય તેમજ ભક્તોના હૃદયમાં પ્રેમમય પ્રભુ માટેનો અહૈતુક પ્રેમ જાગૃત કરવા માટે પ્રેમસ્વરૂપ શ્રી ચંપકભાઇના લખાણો, પ્રવચનો તેમજ ભજનોનો સંગ્રહ પ્રગટ કરવાનો નમ્ર પ્રયાસ કરવો. આ યોજના પ્રમાણે અત્યાર સુધીમાં નીચેનાં પુસ્તકો બહાર પડયાં છે:

(૧) પ્રેમયોગ. (ગીતા અધ્યાય ૧૫) (૨) સ્થિતપ્રજ્ઞદર્શન ઔર ભજન (૩) પરમાનંદ પત્રો આવૃત્તિ ૧–૨ (૪) પરમાનંદ વાર્તાલાપ (૫) પ્રેમયોગ (ગીતા અધ્યાય ૧–૨) (૬)પરમાનંદ-વાણી.

૩. **સભ્ય પદ:**–આ સંસ્થાના સભ્યપદ માટે ન્યાત, જાત કે વાડાના કોઈપણ ભેદ અંતરાય રૂપ ગણાશે નહિ.

નીચે પ્રમાણે સભ્યોની વર્ગણી કરવામાં આવી છે.

(૧) **આશ્રયદાતા:**–એકી સાથે રૂા. ૧૦૦૧) અથવા એથી વધારે રકમ આપનાર સંસ્થાના આશ્રયદાતા ગણાશે. તેમને સંસ્થા દ્વારા પ્રગટ થતા દરેક પ્રકાશનની એક પ્રત વિના મૂલ્યે મોકલી આપવામાં આવશે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

(૨) **ઉપ-આશ્રયદાતા:**-એકી સાથે રૂા. ૫૦૧) અથવા એથી વધારે રકમ આપનાર સંસ્થાના ઉપ-આશ્રયદાતા ગણાશે. તેમને સંસ્થા દ્વારા પ્રગટ થતા દરેક પ્રકાશનની એક પ્રત વિના મૂલ્યે મોકલી આપવામાં આવશે.

(૩) **આજીવન સભ્ય:**-એકી સાથે રૂા. ૧૦૧) અથવા વધારે આપનાર સંસ્થાના આજીવન સભ્ય ગણાશે તેમને સંસ્થા દ્વારા પ્રગટ થતા દરેક પ્રકાશનની એક પ્રત વિના મૂલ્યે મોકલી આપવામાં આવશે.

(૪) **સામાન્ય સભ્ય:**-વાર્ષિક રૂા. ૧૧) કે વધારે આપનાર સંસ્થાના સામાન્ય સભ્ય ગણાશે. તેમને સંસ્થા દ્વારા તે વર્ષ દરમ્યાન પ્રગટ થતા દરેક પ્રકાશનની એક પ્રત મોકલી આપવામાં આવશે.

૪. **નાણાં ભંડોળ:**-સંસ્થા નીચે પ્રમાણે નાણાં ઊભાં કરશે.

(૧) જનતામાંથી ભેટ-બક્ષિસ દ્વારા.

(૨) સભ્યોના લવાજમદ્વારા.

(૩) કોઈપણ પ્રસંગે કોઈપણ વ્યક્તિની સ્મૃતિમાં શ્રીયુત ચંપકભાઈના પ્રવચનો કે લખાણો પ્રસિદ્ધ કરવા ઈચ્છનાર વ્યક્તિએ આપેલા નાણાંદ્વારા.

શ્રી પરમાનંદ પ્રકાશન મંદિર.
૭૬, શાન્તિનિકેતન, વીન્સેંટ રોડ,
માટુંગા, મુંબઈ ૧૯.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ગીતાનો ધર્મ તો જીવનના મહાન ધ્યેયો અને મહત્વાકાંક્ષાઓની સાથે સંકળાયેલો છે....ગીતા તો જીવનની આંતરિક નબળાઈઓ પર ઘા કરી જીવનની મલિનતામાંથી પણ જીવનનું સૌન્દર્ય શોધવામાં હૃદયને અખૂટ બળ આપે છે.

—નારાયણ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્રી પરમાનંદ પ્રકાશન મંદિરના
અન્ય પ્રકાશનો

* પ્રેમયોગ (ગીતા અધ્યાય : ૧૫ પરતું પ્રવચન) સિલકમાં નથી
* સ્થિતપ્રજ્ઞદર્શન ઔર ભજન (હિંદીમાં) કિં. ૧–૫૦
* પરમાનંદ પત્રો (બીજી આવૃત્તિ) કિં. ૩–૫૦
* પરમાનંદ વાર્તાલાપ કિં. ૧–૭૫
* પ્રેમયોગ (ગીતા અ. : ૧–૨ પરનાં પ્રવચનો) કિં. ૨–૦૦
* પરમાનંદ-વાણી કિં. ૦–૬૦

: પ્રાપ્તિસ્થાન :

એન એમ. ઠક્કરની કંપની
૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ–૨

લક્ષ્મી પુસ્તક ભંડાર
ગાંધી માર્ગ, અમદાવાદ.

ગુજરાત પુસ્તકાલય સ. સ. મંડળ લિ.
રાવપુરા, વડોદરા.

મુદ્રક : ધી યશવંત પ્રિન્ટિંગ પ્રેસ–પ્રાંતિજ. (સાબરકાંઠા : ગુજરાત)

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi